# ગુજરાતના હરિજનો – ૪

(૧૯૮૪-૮૫ના વર્ષમાં સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ આવરી લીધેલા
૬ મહાનગરપાલિકા વિસ્તારોના સામાજિક-આર્થિક અભ્યાસ)


લેખક

શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

શ્રી દિલીપ પરમાર

સંકલન

ડૉ. ઠાકોરભાઈ નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૮૫

157

# ગુજરાતના હરિજનો – ૪

(૧૯૮૪-૮૫ના વર્ષમાં સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ આવરી લીધેલા
૬ મહાનગરપાલિકા વિસ્તારોના સામાજિક-આર્થિક અભ્યાસ)

લેખક

શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

શ્રી દિલીપ પરમાર

સંકલન

ડૉ. ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૮૫

157

પ્રકાશક
વિનોદ રેવાશંકર ત્રિપાઠી
મંત્રી, ગુજરાત વિદ્યાપીઠ મંડળ
ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૮૫

## અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | કોઠાની અનુક્રમણિકા | |
| | આભાર-દર્શન | ૧ થી ૫ |
| ૧ | સંશોધનનો પ્રબંધ | ૧ થી ૧૩ |
| ૨ | પૃષ્ઠભૂમિ અને ગત વર્ષોની સર્વેક્ષણ સમીક્ષા | ૧૪ થી ૭૧ |
| ૩ | વસતિ અને શિક્ષણ | ૭૨ થી ૯૫ |
| ૪ | આર્થિક સ્થિતિ | ૯૬ થી ૧૨૦ |
| ૫ | રહેઠાણ અને આરોગ્ય | ૧૨૧ થી ૧૩૪ |
| ૬ | અનુસૂચિત જાતિના મહોલ્લામાં પાયાની સુવિધા | ૧૩૫ થી ૧૪૪ |
| ૭ | આર્થિક-સામાજિક, શિક્ષણ અને આરોગ્ય વિષયક જરૂરિયાતો | ૧૪૫ થી ૧૫૨ |
| ૮ | છ શહેરોના હરિજનોની સ્થિતિ વિશેનો ચિતાર | ૧૫૩ થી ૧૭૫ |
| ૯ | સારાંશ અને ભલામણો | ૧૭૬ થી ૧૯૫ |
| પરિશિષ્ટ : | | |
| ૧ | અનુસૂચિત જાતિ અંગભૂત યોજનાના સર્વેક્ષણનું કુટુંબપત્રક | ૧૯૬ થી ૨૧૪ |
| ૨ | અનુસૂચિત જાતિના કુટુંબોની મોજણી મહોલ્લા પત્રક | ૨૧૫ થી ૨૧૮ |
| ૩ | અનુસૂચિત જાતિ અંગભૂત યોજના હેઠળના કુટુંબોની સામાજિક-આર્થિક મોજણી ૧૯૮૪-૮૫ પત્રક ભરનાર માટે વિગતવાર સૂચનાઓ | ૨૧૯ થી ૨૨૦ |

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| પરિશિષ્ટ : | | |
| ૪ | અગભૂત સર્વેક્ષણ યોજના (૧૯૮૪-૮૫) નિરીક્ષકની કાર્યસૂચિ | ૨૨૧ થી ૨૨૨ |
| ૫ | શહેરવાર બુકલેટ વિતરણ કર્યા અને કેન્દ્રમા પરત આવ્યા નોંધ | ૨૨૩ |
| ૬ | શહેરવાર વસ્તી | ૨૨૪ |
| ૭ | શહેરવાર અને જ્ઞાતિવાર કુટુબ સખ્યા | ૨૨૫ થી ૨૨૬ |
| ૮ | શહેરવાર કુટુબના સભ્યોનુ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૨૨૭ થી ૨૨૮ |
| ૯ | શહેરવાર સર્વેક્ષણ થયેલ કુટુબોમા લિંગવાર શિક્ષણનુ પ્રમાણ | ૨૨૯ થી ૨૩૦ |
| ૧૦ | શહેરવાર સર્વેક્ષણ થયેલ કુટુબમા જુદી જુદી કક્ષાએ લિંગવાર અભ્યાસ કરતા બાળકોની સખ્યા | ૨૩૧ થી ૨૩૨ |
| ૧૧ | શિક્ષિત બેકાર અંગેની વિગત | ૨૩૩ |
| ૧૨ | શહેરવાર સર્વેક્ષણ થયેલ કુટુબોમા ન ભણતા બાળકોની સખ્યા | ૨૩૪ થી ૨૩૫ |
| ૧૩ | શહેરવાર સર્વેક્ષણ થયેલા કુટુબોનુ મુખ્ય ધંધાવાર વર્ગીકરણ | ૨૩૬ થી ૨૩૭ |
| ૧૪ | શહેરવાર સર્વેક્ષણ કરેલ ખેતી ધરાવતા કુટુબોનુ જમીનના કદ પ્રમાણે વર્ગીકરણ | ૨૩૮ થી |
| ૧૫ | શહેરવાર નોકરી કરતા સભ્યોની વિગત | ૨૩૯ થી ૨૪૦ |





| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| પરિશિષ્ટ : | | |
| ૧૬ | શહેરવાર મીલ/ફેક્ટરી/કારખાનામા કામ કરતા સભ્યો અને નવો ધંધો અપનાવેલ કુટુબોની વિગત | ૨૪૧ થી ૨૪૨ |
| ૧૭ | શહેરવાર સર્વેક્ષણ થયેલ કુટુબોમા કમાનાર તેમજ શિક્ષિત બેકારોની સખ્યા | ૨૪૩ થી ૨૪૪ |
| ૧૮ | શહેરવાર કુટુબમા પતિ-પત્ની કામ કરતા હોય તેની વિગત | ૨૪૫ |
| ૧૯ | શહેર અને જ્ઞાતિ પ્રમાણે શહેરવાર આવક જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુબોનુ વર્ગીકરણ | ૨૪૬ થી ૨૪૭ |
| ૨૦ | શહેરવાર અને જ્ઞાતિ પ્રમાણે ખર્ચ જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુબોનુ વર્ગીકરણ | ૨૪૮ થી ૨૪૯ |
| ૨૧ | શહેરવાર સર્વેક્ષણ થયેલ કુટુબોનુ દેવાજૂથ પ્રમાણે વર્ગીકરણ(સખ્યા) | ૨૫૦ થી ૨૫૧ |
| ૨૨ | શહેરવાર સ્થળાંતર કરેલ કુટુબોની વિગત | ૨૫૨ થી ૨૫૩ |
| ૨૨:૧ | શહેરવાર હાઉસીંગ સોસાયટીના મકાનની વિગત | ૨૫૪ |
| ૨૩ | શહેરવાર રહેઠાણ અંગેની વિગત | ૨૫૫ |
| ૨૪ | શહેરવાર ઘરથાળના પ્લોટ તેમજ નવા મકાનની જરૂરિયાત હોય તેવા કુટુબોની સખ્યા | ૨૫૬ |

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| પરિશિષ્ટ : | | |
| ૨૫ | શહેરવાર માંદગીથી પીડાતા સભ્યોની સંખ્યા | ૨૫૭ થી ૨૫૮ |
| ૨૬ | શહેરવાર સર્વેક્ષણ થયેલ કુટુંબમાં ખોડ ખાંપણવાળા સભ્યોની સંખ્યા તેની જરૂરિયાત | ૨૫૯ થી ૨૬૦ |
| ૨૭ | શહેરવાર વંશ પરંપરાગત ધંધા અંગેની જરૂરિયાત | ૨૬૧ |
| ૨૮ | શહેરવાર ખેતી વિષયક જરૂરિયાત | ૨૬૨ થી ૨૬૩ |
| ૨૯ | શહેરવાર ખેતીના સાધનોની જરૂરિયાત | ૨૬૪ થી ૨૬૫ |
| ૩૦ | શહેરવાર ખેતી માટે પિયતના સાધનોની જરૂરિયાત | ૨૬૬ |
| ૩૧ | શહેરવાર શાકભાજી અને ફળાઉ ઝાડનો ઉછેર કરવા માંગતા કુટુંબોની સંખ્યા | ૨૬૭ |
| ૩૨ | શહેરવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોમાં પશુપાલન અંગેની જરૂરિયાત | ૨૬૮ |
| ૩૩ | શહેરવાર નવા ધંધા અંગેની જરૂરિયાત | ૨૬૯ |
| ૩૪ | શહેરવાર નવા ધંધા રોજગાર માટે તાલીમ | ૨૭૦ થી ૨૭૨ |
| ૩૫ | શહેરવાર રહેઠાણ અંગેની જરૂરિયાત | ૨૭૩ |
| ૩૬ | શહેરવાર અનુસૂચિત જાતિ મહોલ્લાવાર રસ્તા અને પાણીના નિકાલ અંગેની માહિતી | ૨૭૪ |





| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| પરિશિષ્ટ : | | |
| ૩૬:૧ | અંગભૂત સર્વેક્ષણ યોજના : ૧૯૮૪-૮૫ | ૨૭૫ |
| ૩૬:૨ | | ૨૭૬ |
| ૩૬:૩ | શહેરવાર અનુસૂચિત જાતિના મહોલ્લાવાર શૈક્ષણિક સવલત અને પ્રાથમિક શાળા જતાં નડતી મુશ્કેલીઓની માહિતી | ૨૭૭ થી ૨૭૮ |
| ૩૬:૪ | | ૨૭૯ થી ૨૮૦ |
| ૩૬:૫ | અનુસૂચિત જાતિના મહોલ્લામાં પાણી અંગેની માહિતી | ૨૮૧ થી ૨૮૨ |
| ૩૬:૬ | | ૨૮૩ |
| ૩૬:૭ | | ૨૮૪ થી ૨૮૫ |
| ૩૬:૮ | શહેરવાર અનુસૂચિત જાતિના મહોલ્લામાં વીજળીની સગવડ અંગેની માહિતી | ૨૮૬ થી ૨૮૭ |
| ૩૬:૯ | શહેરવાર અનુસૂચિત જાતિના મહોલ્લાવાર તબીબી કર્મચારીની મુલાકાત/જાજરૂની વ્યવસ્થા અંગેની વિગત | ૨૮૮ |
| ૩૬:૧૦ | | ૨૮૯ |
| ૩૬:૧૧ | શહેરવાર અનુસૂચિત જાતિના મહોલ્લામાં મ્યુનિસિપાલિટીના સભ્ય/બસની સુવિધા અને હોસ્પિટલની વિગત | ૨૯૦ |
| ૩૭ | રાજકોટ દલિત વિકાસ સમિતિ | ૨૯૧ થી ૨૯૯ |
| | હરિજન સાહિત્યની સૂચિ | ૩૦૧ થી ૩૦૩ |

કોઠાની અનુક્રમણિકા


| ક્રમ | શિર્ષક | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| પ્રકરણ-૨ | | |
| ૨:૧ | જિલ્લાવાર અનુસૂચિત જાતિની વસતિ(૧૯૮૧) | ૨૦ |
| ૨:૨ | અનુસૂચિત જાતિ (હરિજનો) ની પેટા જાતિવાર થાદી, વસતી અને શિક્ષણનુ પ્રમાણ-૧૯૭૧ પ્રમાણે | ૨૧ અને ૨૨ |
| ૨:૩ | પસંદ થયેલ શહેર અને તેની અનુસૂચિત જાતિની વસતિ (૧૯૭૧) | ૨૩ |
| પ્રકરણ-૩ | | |
| ૩:૧ | ગુજરાત રાજ્યમાં અને અનુસૂચિત જાતિમાં છેલ્લા ત્રણ દાયકામાં થઇ રહેલા વસતિમાં ફેરફારના આંકડા | ૭૨ |
| ૩:૧:૧ | શહેરવાર સર્વેક્ષણ કુટુંબ સંખ્યા | ૭૫ |
| ૩:૨ | જ્ઞાતિવાર સર્વેક્ષણ કરેલ કુટુંબ સંખ્યા | ૭૭ |
| ૩:૩ | શહેરવાર કુલ સભ્ય સંખ્યા, કુટુંબ સંખ્યા અને કુટુંબ કદ | ૭૮ |
| ૩:૪ | કુટુંબના સભ્યોનુ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૭૯ |
| ૩:૫ | વયજૂથ પ્રમાણે કુલ સરેરાશ વસતિ કરતા વધુ સરેરાશ ધરાવતા શહેરો | ૮૦ |
| ૩:૬ | છેલ્લા ત્રણ દાયકાનુ ગુજરાત રાજ્ય અને અનુસૂચિત જાતિનુ ગ્રામ્ય અને શહેરી પ્રમાણે શૈક્ષણિક પરિસ્થિતિ | ૮૩ |
| ૩:૭ | ગુજરાત રાજ્ય, અનુસૂચિત જાતિ અને સર્વેક્ષણમાં આવરી લીધેલા કુટુંબોમાં શૈક્ષણિક તુલનાત્મક આંકડા (૧૯૮૦-૮૧) | ૮૫ અને ૮૬ |
| ૩:૮ | સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાં સાક્ષરતાની માત્રા | ૮૮ |
| ૩:૯ | શહેરવાર શિક્ષણની માત્રા | ૮૯ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| **પ્રકરણ-૩ ચાલુ..:** | | |
| ૩:૧૦ | સર્વેક્ષણ કરેલ કુટુંબમાં શિક્ષણ પુરું કરેલાનું વર્ગીકરણ | ૯૦ |
| ૩:૧૧ | જુદી જુદી કક્ષાએ લિંગવાર અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા | ૯૧ |
| ૩:૧૨ | શહેરવાર ૭ થી ૧૪ વર્ષની ઉંમરના ન ભણતાં બાળકોની સંખ્યા | ૯૩ |
| **પ્રકરણ-૪** | | |
| ૪:૧ | સર્વેક્ષણ થયેલ કુટુંબોનું વ્યવસાયિક વર્ગીકરણ | ૯૮ |
| ૪:૨ | વાર્ષિક આવક જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ | ૧૦૬ |
| ૪:૩ | જ્ઞાતિવાર અને આવક જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનું વર્ગીકરણ | ૧૦૮ અને ૧૦૯ |
| ૪:૪ | વાર્ષિક ખર્ચ જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ | ૧૧૦ |
| ૪:૫ | જ્ઞાતિ પ્રમાણે ખર્ચ જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનું વર્ગીકરણ | ૧૧૨ અને ૧૧૩ |
| ૪:૬ | જ્ઞાતિવાર કુટુંબદીઠ વાર્ષિક આવક, ખર્ચ અને દેવું | ૧૧૫ |
| ૪:૭ | શહેરવાર દેવાદાર કુટુંબની સંખ્યા | ૧૧૭ |
| ૪:૮ | જ્ઞાતિવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનું દેવા જૂથ પ્રમાણે વર્ગીકરણ | ૧૧૯ અને ૧૨૦ |
| **પ્રકરણ-૫** | | |
| ૫:૧ | હાઉસીંગ સોસાયટીમાં જોડાયેલા સભ્યોની વિગત | ૧૨૫ |
| ૫:૨ | (આંકડા ૧૯૮૧ પ્રમાણે) ભારત, ગુજરાત અને સર્વેક્ષણમાં આવરી લીધેલ વ્યક્તિઓમાં ખોડ-ખાંપણ અંગેની વિગત | ૧૩૩ |



## આભાર દર્શન

ભારત દેશમાં અનુસૂચિત જાતિની વસતિ ૧૪ ટકા જેટલી છે એટલે કે ભારતમાં અનુસૂચિત જાતિ એક મહત્વનો સમુદાય છે. આમ છતાં આ જાતિ ઘણાં લાંબા સમયથી બીજા જૂથોથી સામાજિક-આર્થિક રીતે પાછળ છે, તે એક નિર્વિવાદ અને સત્ય વાત છે. ભારત દેશ સમાનતાને, ભાતૃત્વને વરેલો છે. આથી આવી પછાત જાતિના ઉત્કર્ષ માટેના કાર્યને મહાત્મા ગાંધીજીએ પ્રથમથી જ પોતાના જીવનમાં પાયાનું કામ ગણ્યું હતું. અને તેમના ઉત્કર્ષ માટેના સંખ્યાબંધ વિચારો અને કામ કર્યાં હતાં અને જીવનનાં અંત સુધી તેને વળગી રહયાં હતાં. ૧૯૪૭ માં ભારતને સ્વતંત્રતા મળી અને બંધારણનું ઘડતર થયું. બંધારણમાં પણ પછાત જાતિના ઉત્કર્ષને માટે વિવિધ કાયદાકીય જોગવાઇઓ કરવામાં આવી અને તેમાં બંધારણની કલમ-૪૬ માં કેન્દ્ર અને રાજય સરકારને નબળા વર્ગોની શૈક્ષણિક તથા આર્થિક ઉત્કર્ષની ખાસ જવાબદારી સોંપવામાં આવી. તદાનુસાર પ્રજાના નબળા વર્ગોમાંના અનુસૂચિત જાતિના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે રાજયે ખાસ પ્રબંધ કરવાનો રહે છે. રાજયમાંની અનુસૂચિત જાતિઓને આર્થિક શોષણથી તો વેઠવું પડે છે, પરંતુ તેઓ સામાજિક ભેદભાવના ભોગ બને છે. મોટેભાગે તેઓ મજૂરી પર નિર્ભર છે. આથી બીજા જૂથોની સરખામણીએ તેઓ વધુ પાછળ છે, અને ગરીબાઇમાં રહે છે. તેમની ગરીબીને લક્ષમાં લઇ માનનીય પ્રધાનમંત્રીશ્રીએ છઠ્ઠી પંચવર્ષીય યોજનાને અંતે અર્ધોઅર્ધ વસ્તીને ગરીબી રેખાની ઉપર લાવવાનો આદેશ આપેલો છે. આમ હોવાથી છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાન સઘન વિકાસ કાર્યક્રમ હેઠળ ગુજરાત રાજયમાંના ૧૮૨૭૫ ગામો પૈકી અનુસૂચિત જાતિના ૫૦ ટકા વસ્તીને આવરી લેતા ૨૫૦ અને તેથી વધુ અનુસૂચિત જાતિની વસતિ ધરાવતાં ૧૪૧૧ ગામો મુકરર કરવામાં આવ્યાં છે.

શરૂઆતમાં અનુસૂચિત જાતિના વિકાસ કાર્યક્રમો માત્ર પછાત વર્ગ કલ્યાણને લગતી યોજનાઓ ચલાવનાર ખાતા દ્વારા અમલમાં મૂકવામાં આવતા હતા. પરંતુ વખત જતાં એ નક્કી થયું કે અનુસૂચિત જાતિના ઉત્કર્ષની જવાબદારી દરેક વિકાસ વિભાગને સોંપવી જોઇએ. આથી આ દિશામાં નક્કર કાર્યક્રમ હાથ ધરવાના પગલારૂપે દેશની નીતિને અનુરૂપ અંગભૂત યોજના ( સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન) નું આયોજન કરવામાં આવ્યું. સમાજ કલ્યાણ ખાતા દ્વારા અંગભૂત યોજનાના વિકાસ કાર્યક્રમોના અમલીકરણ પહેલાં અનુસૂચિત જાતિની વસતિ ધરાવતા ગામોમાં અનુસૂચિત જાતિના લોકોની સ્થિતિ જાણવી જરૂરી બની. આ ગામોમાં કુટુંબલક્ષી, વ્યક્તિગતલક્ષી અને જૂથલક્ષી કાર્યક્રમો માટે લોકોની જરૂરિયાતો જાણવા માટે ૧૯૮૦-૮૧ માં ૨૮૫ ગામો, ૧૯૮૧-૮૨ માં ૩૧૬ ગામો, ૧૯૮૨-૮૩ માં ૪૩૮ ગામો અને ૧૯૮૩-૮૪ માં ૩૬૧ ગામોની આર્થિક-સામાજિક મોજણી કરવામાં આવી હતી.

અંગભૂત યોજના હેઠળના ૧૯૮૦-૮૧ ના ૨૮૫ ગામોની મોજણી સમાજ કલ્યાણ ખાતા દ્વારા કરવામાં આવી હતી. ૧૯૮૧-૮૨, ૧૯૮૨-૮૩ અને ૧૯૮૩-૮૪ માં અંગભૂત યોજના અંતર્ગત સર્વેક્ષણનું કાર્ય ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવ્યું હતું. જેને પરિણામે અનુક્રમે ગુજરાતના હરિજનો - ૧, ૨, ૩, એમ અહેવાલો તે જ વર્ષમાં બહાર પડેલા છે, આ ચોથો અહેવાલ છે.

૧૯૮૪-૮૫ ના ચાલુ સાલના છ મહાનગરપાલિકાના અનુસૂચિત જાતિના સર્વેક્ષણનો આ (ક્રમમાં ૪ થા) અહેવાલ ઘણી વ્યક્તિઓની સુસંકલિત મહેનતની ફલશ્રુતિ છે. સૌ પ્રથમ ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ ખાતું કે જેમણે આ કાર્ય અમને સોંપ્યું અને જેમણે આ કામ માટે નાણાંકીય સહાય આપી તે બદલ અમે તેમના આભારી છીએ. ગુજરાત રાજ્ય સરકાર પ્રજાના પ્રાણ પ્રશ્નો પ્રત્યે ખૂબજ જાગૃત છે અને તેને માટે ખૂબજ કામ કરે છે એનું આ નક્કર ઉદાહરણ છે. સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ



વિભાગ, ગુજરાત રાજ્યના મંત્રીશ્રીઓ, ૨૦ મુદ્દા કાર્યક્રમના પ્રમુખશ્રીએ તેમની આવી જાગૃતિને લીધે અમને (તથા સર્વને) ઋણી બનાવ્યા છે. સમાજ કલ્યાણ વિભાગના સચિવશ્રી નિરંજનસીંગ, સમાજ કલ્યાણ ખાતાના નિયામકશ્રી હરિશ પાત્રા, ભૂતપૂર્વ નિયામકશ્રી જી. એલ. ભગત, શ્રી એસ. કે. નંદા તેમજ સહનિયામકશ્રી કે. એસ. સોલંકી અને શ્રી દી. ન. કટારિયા સાહેબોએ એમની સાથેની ચર્ચા દરમિયાન અમને રાહબરી દેખાડી ખૂબજ પ્રોત્સાહન આપ્યું અને કેટલીકવાર નવા મુદ્દાઓ દર્શાવ્યા હતા. આ સર્વ અધિકારીઓનો બહોળો વહીવટી અનુભવ અમને માર્ગદર્શક બન્યો હતો. આ સર્વ મહાનુભાવોના અમે ચિરઋણી છીએ. અંતત: તો આ કામ એમના દિશાદર્શનથી અને નીતિ ઘડતરથી જ થાય છે. અમે એમના અત્યંત આભારી છીએ.

આજીવન સુધી જેમણે આ જાતિનું કપરૂં સેવા કાર્ય ચાલુ રાખ્યું છે અને જેમણે સમાજના નબળા વર્ગોને શોષણ મુક્ત કરવામાં પોતાનું જીવન અર્પણ કર્યું છે તેવા ગુજરાતના પ્રતિનિધિ એવા અમારા ભૂતપૂર્વ કુલનાયકશ્રી ડાહ્યાભાઇ નાયકે અમારા કાર્યમાં ઊંડો રસ લીધો છે, એટલું જ નહિ પરંતુ વખતોવખત અમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે તે બદલ અમે તેમના આભારી છીએ. આ અભ્યાસની શરૂઆતથી જ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી રામલાલભાઇ પરીખ તરફથી પ્રેરણા, માર્ગદર્શન અને પ્રોત્સાહન મળ્યું છે. અમે એમના અત્યંત આભારી છીએ. અભ્યાસની શરૂઆતથી ક્ષેત્રકાર્યથી માંડીને અહેવાલ લેખન સુધીના નાના-મોટા વ્યવસ્થાના કાર્યમાં વિદ્યાપીઠના કુલસચિવશ્રી વિનોદભાઇ ત્રિપાઠીએ મદદ કરી છે અને સમસ્યાઓને આવતાં પહેલાં ઉકેલી આપી છે. તે બદલ તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ અભ્યાસનું ક્ષેત્રકાર્ય વ્યવસ્થિત રીતે ગોઠવવામાં બધા શહેરનાં પછાત વર્ગ કલ્યાણ અધિકારીઓએ જહેમત ઉપાડી હતી, અને ક્ષેત્રકાર્ય સારી રીતે અને ટૂંકા ગાળામાં પુરૂં કરાવી આપ્યું. આ ઉપરાંત અમદાવાદ અને સુરત શહેરમાં સર્વેક્ષણની ગોઠવણ માટે આઇ.સી.ડી.એસ.ના અધિકારી શ્રી ઉષાબેન શેઠ અને

શ્રી પદ્મનીબેન શાસ્ત્રીએ તેમના વિભાગની બહેનોને આ કામગીરીમાં જોડયાં અને કામને સરળ બનાવ્યુ. વડોદરા શહેરના સર્વેક્ષણ માટે વડોદરા મ્યુ. કોર્પોરેશન તરફથી સર્વેક્ષણની ગોઠવણ કરી આપી હતી. તે બદલ કમિશ્નરશ્રી જેસોલ સાહેબ, મેયરશ્રી જયંતિભાઇ અને આ કામગીરીમાં મદદરૂપ થનાર શ્રી કાંતિભાઇ સોલંકી આ સૌ કાર્યકરોનો આભાર માનીએ છીએ. અમદાવાદ શહેરના સર્વેક્ષણના ગોઠવણીમાં સહાયભૂત થનાર યુ.સી.ડી. વિભાગના કોમ્યુનીટી ઓર્ગેનાઇઝર શ્રી રામાનુજભાઇ, શ્રી ઇલાબેન દાઢિયા, શ્રી રમેશભાઇ પરમારનો આભાર તો કેમ ભૂલી શકાય ? આ અભ્યાસનુ ક્ષેત્રકાર્ય કરનાર શિક્ષિત બેરોજગાર ભાઇ-બહેનો, હરિજન શિક્ષિત ભાઇ-બહેનો, આંગણવાડી વિભાગની બહેનો તેમજ બક્ષીપંચ અને ભંગી કષ્ટમુકિતના માનદ્ પ્રચારક ભાઇ-બહેનો તેમજ આ કાર્યના નિરીક્ષણ માટેના નિરીક્ષક ભાઇ-બહેનોના પણ ખાસ આભારી છીએ.

છેલ્લા ચાર વર્ષથી આ પ્રોજેકટમાં કામ કરનાર શ્રી મુસ્તાઅલી મસવીએ પણ વખતો-વખત મદદ કરી છે. શ્રી અરૂણભાઇ પટેલે આંકડાકીય કામમાં મદદ કરી, માનદ્ પ્રચારકોને નાણાં ચૂકવવા માટે કેન્દ્રના ઓફિસ સુપ્રિન્ટેનડન્ટ શ્રી રામભાઇ પટેલે જે જહેમત ઉઠાવી આ સૌની મદદ અત્યારે યાદ આવે છે. કેન્દ્રના ટાઇપીસ્ટો શ્રી છોટુભાઇ પટેલ અને શ્રી પ્રકાશ મહેતા તેમજ શ્રી કાંતિભાઇ મકવાણા પણ વખતો-વખત ટાઇપ કામમાં મદદરૂપ થયા હતાં. કેન્દ્રના પટાવાળા શ્રી સોમાભાઇ પટેલ, શ્રી રતનભાઇ દેસાઇ અને શ્રી શુકરભાઇએ સાઇકલોના કાર્યમાં જે મદદ કરી તેમને તો ન જ ભૂલી શકાય. આ સિવાય પસંદ થયેલ શહેરોના અનુસૂચિત જાતિના ભાઇઓ અને બહેનોએ નિષ્ઠાપૂર્વક માહિતી આપી સર્વેક્ષણ કાર્યમાં જે સહકાર આપ્યો તે હમેશ યાદ રહેશે. તેમના સહકાર વિના આ કામ પુરૂ થયુ ન હોત આ સૌનો આભાર માનવા માટે અમારા શબ્દો વામણા પડે છે.



અને છેલ્લે, આ અભ્યાસની શરૂઆત કરનાર અને તેને પૂર્ણ કરવા સતત મહેનત કરનાર અને માર્ગદર્શન આપનાર કેન્દ્રના નિયામક ડો. ઠાકોરભાઇ નાયકે સર્વેક્ષણ માટેનાં એક એક સોપાનને ઝીણવટથી તપાસ્યુ છે, ક્ષેત્રકાર્યની મુલાકાત લીધી છે અને શરૂઆતથી અંત સુધી સર્વેક્ષણ અને અહેવાલ લેખન સંબંધી વૈજ્ઞાનિક બનાવવા માટે દિશાદર્શન પુરૂ પાડયુ છે. તેમણે અમારી હસ્તપ્રત ઉંડાણપૂર્વક જોઇ અહેવાલ મુદ્દાઓ વિશે ઉપયોગી સૂચનો કર્યાં છે. વાસ્તવમાં આ અહેવાલ એમનો છે. અમને તો એમના વિદ્યાર્થીઓ સહકાર્યકરો તરીકે આગળ લાવવા માટે પ્રોત્સાહિત કરતા રહયાં છે જેના ફળ સ્વરૂપે આ અહેવાલ અમે બનાવ્યો છે. એનો આભાર જેટલો મનાય એટલો ઓછો. એ કહેવુ જોશે કે આ અહેવાલમાં જે સારુ છે તે એમનુ છે, નબળાઇ અમારી છે.

આ અહેવાલને બને તેટલો સારો અને અર્થપૂર્ણ કરવાનો પ્રયાસ થયો છે, છતાં ત્રુટિઓ રહી ગઇ હોય તો તે માટે અમો ક્ષમાયાચના કરીએ છીએ.

આદિવાસી સંશોધન અને
તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ
તા. ૩-૧-૧૯૮૫

ચંદ્રકાન્ત ઉપાધ્યાય
દિલીપભાઇ પરમાર

## પ્રકરણ - :૧:

### સંશોધનનો પ્રબંધ

ભારત દેશ પ્રવર્તમાન સમયમાં વિજ્ઞાન અને યંત્રીકરણમાં દિન-પ્રતિદિન પ્રગતિ કરી રહયો છે, સાથોસાથ સામાજિક વિજ્ઞાન અને સંશોધનમાં પણ આગળ વધી રહયો છે. સંશોધનના ક્ષેત્રને વિકસાવવા માટે તેને આનુષંગિક સંસ્થાઓ પણ વિકાસ પામી રહી છે અને આ સંસ્થાઓમાં સંશોધનના નવા - નવા પાસાંઓ વિષે કામ થવા માંડયુ છે. નવું કામ કરવામાં ગુજરાતનુ સ્થાન સારૂ છે. એમ સંશોધન સંસ્થા અને કામમાં ગુજરાતમાં ઘણી ઘણી સંસ્થાઓ આવેલી છે, અને તેમાં સમાજ, સંસ્કૃતિ વગેરેને કેન્દ્રમાં રાખી અધ્યયનો થાય છે. સાથોસાથ પછાત વિસ્તાર અને સમુદાયને ધ્યાનમાં રાખી તેમના નવોત્થાન માટે પણ કામ કરવામાં આવે છે.

ગુજરાતમાં સંશોધનના કામમાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર એ એક મોખરાની સંસ્થા છે કે જેમાં પછાત જાતિઓ, પછાત વિસ્તારો અને તેમના પ્રશ્નો વિષે સંશોધનનુ કામ થાય છે. છેલ્લા ચારેક વર્ષથી આ સંસ્થા દ્વારા અનુસૂચિત જાતિ માટેની અંગભૂત યોજના સર્વેક્ષણનુ કામ પણ થઇ રહયુ છે, કે જે લગભગ આખા ગુજરાતને આવરી અને હરિજનોની બહુ મોટી વસતિને સ્પર્શે છે. એમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતના એક લાખ ત્રીસ હજાર હરિજન કુટુંબોને આવરી લીધા અને ચાલુ સાલે એકસઠ હજાર હરિજન કુટુંબોનો કુટુંબલક્ષી અને જરૂરિયાતલક્ષી અભ્યાસ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં સંશોધન કાર્ય કરતી આદિવાસી સંશોધન કેન્દ્ર સંસ્થા ઉપરાંત સરદાર પટેલ ઇન્સ્ટીટયુટ (અમદાવાદ), આઇ. આઇ. એમ. (અમદાવાદ), સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ (સુરત), ઇન્સ્ટીટયુટ ઓફ એરિયા પ્લાનીંગ (અમદાવાદ), ગાંધીશ્રમ સંસ્થાન (અમદાવાદ), ઇન્સ્ટીટયુટ ઓફ એગ્રો - ઇકોનોમી (વલ્લભવિદ્યાનગર), ડેમોગ્રાફીક રીસર્ચ સેન્ટર (વડોદરા) તેમજ જુદી જુદી વિશ્વ વિદ્યાલયના સમાજશાસ્ત્ર અને

અર્થશાસ્ત્રના વિભાગો વગેરે અગ્રણી સંશોધન કાર્ય કરતી સંસ્થાઓ છે. જેમાં વિવિધ પાસાઓના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવે છે. પરંતુ આ બધામાં થતાં કામ જોતાં એવુ જોવા મળ્યુ કે કોમ્પોનન્ટ પ્લાનમાં જે વિશાળ ક્ષેત્ર અને કુટુંબોને આવરી લઇને કામ કરવામાં આવ્યુ છે તે ઘણુ જ મોટુ છે. આટલુ મોટુ કામ બીજે ક્યાંય થયુ નથી એમ કહેવામાં પણ અતિશયોકિત નથી.

**મોજણીનુ આયોજન :**

સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન્ટ હેઠળ પસંદ થયેલ શહેરોમાં વસતાં કુટુંબોની સામાજિક આર્થિક માહિતી એકત્ર કરવા માટે એક કુટુંબ પત્રક તૈયાર કર્યુ હતુ. અગાઉના વર્ષના મોજણી સમયે જે કુટુંબ પત્રક તૈયાર કરવામાં આવ્યુ હતુ તે પત્રકના આધાર પર ખાતાના અધિકારીઓ સાથે ચર્ચા કરી નવેસરથી થોડા ઘણા સુધારા સાથે કુટુંબ પત્રક તૈયાર કરવામાં આવ્યુ હતુ. આ મોજણીનુ ફલક વિશાળ હોઇ સર્વેક્ષણના પરિણામો જે તે ખાતાને ઝડપથી મોકલવાનો ખ્યાલ હતો અને મોજણી ટૂંકાગાળામાં પૂરી કરવાની હતી. તેમજ સમાજ કલ્યાણ ખાતાને સર્વેક્ષણ થયેલ દરેક કુટુંબની વ્યકિતગત માહિતી અને જરૂરિયાતો જે તે સંબંધિત ખાતાને મોકલવાની હતી. આ બધી હકીકતોને ધ્યાનમાં રાખી સામાન્ય પધ્ધતિથી ભિન્ન એવી રીતે ગયા વર્ષની જેમ એકી સાથે કાર્બન મૂકી દરેક કુટુંબની માહિતી ત્રણ નકલમાં મેળવી શકાય એ રીતે બુક-ફોર્મમાં સમગ્ર કુટુંબનુ માહિતી પત્રક તૈયાર કરવામાં આવ્યુ હતુ. બુકલેટનુ ૧ લુ પાનુ સફેદ અને અનુક્રમે બીજુ અને ત્રીજુ પીળા અને લીલા રંગનુ રાખવામાં આવ્યુ હતુ. એક બુકમાં ૧૫ કુટુંબોની માહિતી એકત્ર કરવાની હતી. આ નવીન તરહથી બુક-ફોર્મમાં માહિતી લેવાનો નિર્ણય નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાની સાથે ચર્ચા વિચારણા કર્યા પછી લેવામાં આવ્યો હતો અને તેમને આ રીતે માહિતી એકત્ર કરવાની સંમતિ દર્શાવી હતી. આ કુટુંબ પત્રકમાં દરેક કુટુંબની પેટાજાતિ, શિક્ષણ, વ્યવસાય, આવક, ખર્ચ, દેવુ, રહેઠાણની સ્થિતિ, આરોગ્યની સ્થિતિ અને ખેતી વિષયક, ઉધોગ ધંધાના જરૂરિયાતો, શિક્ષિત બેકારોની



માહિતી, નોકરી કરતા સભ્યોની વિગત સ્થળાંતર કરતાં કુટુંબો વિષે માહિતી એકત્ર કરવામાં આવી હતી. કુટુંબની વ્યાખ્યામાં માતા-પિતા અને અપરિણિત બાળકોનુ બનેલુ એક કુટુંબ ગણવામાં આવ્યુ હતુ. એકજ કુટુંબમાં મોટી ઉંમરના પરિણિત ભાઇઓ, તેમની પત્નીઓ અને બાળકો સાથે રહેતા હોય અને જુદા રસોડે જમતાં હોય તેમને અલગ કુટુંબ ગણી માહિતી લેવામાં આવી હતી. કુટુંબ પત્રકનો નમૂનો કોડની યાદી સાથે પરિશિષ્ટ-૧ માં આપ્યો છે. કુટુંબ પત્રકની સાથોસાથ દરેક શહેરના હરિજન મહોલ્લાઓમાં કયા પ્રકારની સવલતો અને સુવિધાઓ આવેલી છે તેની માહિતી એકત્ર કરવા માટે એક મહોલ્લા પત્રક તૈયાર કરવામાં આવ્યુ હતુ. મહોલ્લા પત્રકનો નમૂનો પરિશિષ્ટ-૨ માં આપવામાં આવ્યો છે.

**સર્વેક્ષણ માટેનુ આયોજન :**

સર્વેક્ષણ કામ કઇ રીતે ગોઠવવુ તેની ચર્ચા માટે જાન્યુઆરી ૧૯૮૪ ના બીજા અઠવાડિયામાં આદિવાસી કેન્દ્રમાં ડો. ઠાકોરભાઇ નાયકના અધ્યક્ષ પદે એક બેઠક રાખવામાં આવી હતી. જેમાં સંયુકત નિયામકશ્રી ડો. એન. કટારિયા તેમજ અમદાવાદ, રાજકોટ અને વડોદરા શહેરના જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અને સંબંધિત પ્રોજેકટ અધિકારી મુસ્તાઅલી મસવી અને ચંદ્રકાન્ત ઉપાધ્યાય હાજર હતા. તેમાં નીચે મુજબની કાર્યવાહી કરી.

**(૧) દરેક હરિજન કુટુંબને ઓળખવુ - નક્કી કરવુ :**

અનુસૂચિત જાતિના કુટુંબોનુ સર્વેક્ષણ ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં ગોઠવવુ મુશ્કેલ છે, કારણ કે શહેરોમાં હરિજનો છૂટાછવાયા પણ રહેતા હોય છે. આ કામગીરી સારી રીતે ગોઠવી શકાય તે માટે નીચેના સ્ત્રોત, સાધનો અને કાર્યકરોનો ઉપયોગ કરી હરિજનોના બધા કુટુંબોને સુનિશ્ચિત કરી લઇ તેમને સર્વેક્ષણમાં આવરી લેવા.

(૧) ૧૯૮૧ ની વસતિ ગણતરી

(૨) મતદાર યાદી

(૩) સંબંધિત મ્યુનિસિપલ કાઉન્સીલર

(૪) જે તે કોર્પોરેશનના સમાજ કલ્યાણ અધિકારી

(૫) સંબંધિત હરિજન અને અન્ય સામાજિક કાર્યકરો

(૬) સંબંધિત શહેરી સામુદાયિક યોજનાના કાર્યકરો

(૭) જે તે શહેરના રેવન્યુ ખાતાના સંબંધિત સર્કલ ઇન્સ્પેકટરો અને તલાટીઓ

(૮) જે તે શહેરની શાળા મંડળો અને શિક્ષકો

ઉપરોકત સાધનોનો સર્વેક્ષણ માટે ઉપયોગ કરવો તેવો નિર્ણય થયો પછી જાન્યુઆરી ૧૯૮૪ ના અંતમાં અને ફેબ્રુઆરીની શરૂઆતમાં દરેક શહેરમાં સર્વેક્ષણ ગોઠવવા માટે શહેરના મુખ્ય મથક ઉપર બેઠક રાખી હતી. આ બેઠકમાં નીચે મુજબની સંસ્થાના માણસો હાજર રહયાં.

(૧) સંબંધિત મ્યુનિસિપલ કાઉન્સીલર

(૨) સંબંધિત હરિજન અને અન્ય સામાજિક કાર્યકરો

(૩) જે તે શહેરના સમાજ કલ્યાણ અધિકારી

(૪) સંબંધિત શહેરી સામુદાયિક યોજનાના કાર્યકરો

(૫) જે તે શહેરના હરિજન શિક્ષકો

ઉપરોકત હાજર રહેલ અધિકારી અને કાર્યકરો સાથે અગભૂત યોજના શું છે, તે કઇ રીતે અમલમાં આવી, સરકારશ્રીનો આવું કામ કરાવવાનો ઉદ્દેશ શું છે તેની પ્રથમ ચર્ચા કરી. કુટુંબ પત્રક કેવું છે તેમાં કઇ કઇ વિગતો છે, કુટુંબ પત્રક સાથે મહોલ્લા પત્રકની પણ ચર્ચા કરી. ત્યાર પછી શહેરમાં વિસ્તાર પ્રમાણે અનુસૂચિત જાતિનાં મહોલ્લા કેટલા, તેમાં કેટલા કુટુંબો છે અને આ કામગીરી શહેરના સ્થાનિક સંજોગો પ્રમાણે કોણ કોણ કરશે વગેરે મુદ્દાની ચર્ચા કરી હતી.



**ક્ષેત્રકાર્ય અને સમય :**

જાન્યુઆરી - ફેબ્રુઆરી ૧૯૮૪ માં શહેર પ્રમાણે ગોઠવેલ બેઠકના આધારે પસંદ થયેલ શહેરની મોજણીનું કામ દરેક શહેરમાં જુદી જુદી રીતે ગોઠવવામાં આવ્યું હતું. આ કામમાં શિક્ષિત યુવાનો, શિક્ષિત હરિજન યુવાનો, આઇ. સી. ડી. એસ. વિભાગની બહેનો અને સમાજ કલ્યાણ ખાતાના માનદ્ પ્રચારકો પાસેથી કરાવવાનું નકકી કરવામાં આવ્યું હતું.

આથી ઉપરોકત કામ કરનાર સર્વેક્ષકોના અધિકારીઓ અને હરિજન સામાજિક કાર્યકરો, રોજગાર વિનિમય કચેરી વગેરેનો સંપર્ક સાધી સર્વેક્ષણ કામ કરનાર મોજણીકારોની નિયુકત કરી.

**તાલીમ :**

શહેરવાર કુટુંબ સંખ્યા કેટલી છે તેને આધારે કેટલા સર્વેક્ષકો જોઇશે તે નકકી કરી શહેરવાર નીચે દર્શાવેલ સર્વેક્ષકોની પસંદગી કરી અને તેમને તાલીમ આપવાનું નકકી કર્યું.

| ક્રમ | શહેરનું નામ | સર્વેક્ષકો | અંદાજીત સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ (કેન્ટોનમેન્ટ) | (૧) શિક્ષિત યુવાનો | ૨ |
| ૨ | અમદાવાદ | (૧) શિક્ષિત યુવાન | ૧૦૦ |
| | | (૨) શિક્ષિત હરિજન યુવાન | ૩૩ |
| | | (૩) આઇ.સી.ડી.એસ. વિભાગની બહેનો | ૨૫ |
| ૩ | જામનગર | (૧) શિક્ષિત યુવાનો | ૨ |
| | | (૨) સમાજ કલ્યાણ વિભાગના માનદ્ પ્રચારકો | ૮ |
| ૪ | રાજકોટ | (૧) શિક્ષિત યુવાનો | ૩ |
| | | (૨) શિક્ષિત હરિજન યુવાનો | ૫ |
| | | (૩) સમાજ કલ્યાણ વિભાગના માનદ્ પ્રચારકો | ૨ |

| ક્રમ | શહેરનું નામ | સર્વેક્ષકો | અંદાજીત સંખ્યા |
|---|---|---|---|
| ૫ | વડોદરા | (૧) શિક્ષિત યુવાનો | ૭૫ |
| | | (૨) શિક્ષિત હરિજન યુવાનો | ૫૭ |
| (૬) | સુરત | (૧) આઇ.સી.ડી.એસ. વિભાગની બહેનો | ૩૫ |
| | | (૨) શિક્ષિત હરિજન યુવાનો | ૧૦ |

પસંદ થયેલ શહેરમાં નીચે દર્શાવેલ તારીખ મુજબ તાલીમ આપવામાં આવી હતી.

| ક્રમ | શહેરનું નામ | તાલીમ આપ્યા તારીખ | તાલીમ લેનાર સભ્યો |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૭-૫-૮૪ | ૧૦ |
| ૨ | અમદાવાદ (કેન્ટોનમેન્ટ) | ૨૧-૫-૮૪ | |
| | | ૫-૬-૮૪ | ૧૬૦ |
| ૩ | અમદાવાદ | ૬-૬-૮૪ | |
| | | ૭-૬-૮૪ | |
| ૪ | વડોદરા | ૨૩-૫-૮૪ | ૧૩૨ |
| ૫ | સુરત | ૨૩-૫-૮૪ | ૪૫ |
| ૬ | જામનગર | ૨૫-૫-૮૪ | ૧૦ |

આમ બધા શહેરોમાં કુલ ૩૫૭ તાલીમાર્થીઓને સર્વેક્ષણ સંબંધી તાલીમ આપી.

તાલીમમાં અગભૂત યોજના શું છે, તે કઇ રીતે અમલમાં આવી, હરિજનોના સામાજિક - આર્થિક પ્રશ્નો કેવા સ્વરૂપના છે, તેને કઇ રીતે તપાસવા, સર્વેક્ષણ ફોર્મમાં દર્શાવેલ માહિતી કઇ રીતે લેવી વગેરે બાબતો વિષે સમજ આપી. ત્યાર પછી સર્વેક્ષણ પત્રક વિગતથી અને મુદ્દાસર સમજાવ્યું.



મોજણી પત્રક ઘણું મોટું હોઇ, તેમાં વિવિધ બાબતોને લગતી માહિતી મેળવવાની હોઇ તેમાં કોઇપણ જાતની અડચણ ન આવે, દરેક કુટુંબને સર્વેક્ષણ અંગે સમજણ આપી શકાય અને કોઇપણ જાતની મુશ્કેલી સિવાય વ્યવસ્થિત રીતે દરેક કુટુંબ પાસેથી માહિતી મેળવી શકાય. તાલીમ દરમિયાન મોજણીકારોને કુટુંબ પત્રક ભરવામાં કયા પ્રકારની મુશ્કેલી આવે છે તેમજ કયા પ્રકારની ભૂલો થઇ શકે તેની સમજ આપી હતી અને કુટુંબની માહિતી લેતી વખતે કઇ કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ તેની સમજ આપી હતી. અગાઉના વર્ષોમાં જોવામાં આવ્યું હતું કે પ્રચારકો સામાન્ય જે ભૂલો વધારે કરતાં હતાં તે વિષે કુટુંબ પત્રકમાં દર્શાવેલ નીચેની બાબતો તરફ વધારે ધ્યાન ખેંચવામાં આવ્યું હતું.

(૧) કુટુંબની કુલ સભ્ય સંખ્યા અને કુટુંબના સભ્યોના વયજૂથ પ્રમાણેનું વર્ગીકરણ મળવું જોઇએ.

(૨) કુટુંબના કુલ સભ્યોની સંખ્યા અને અભણ, શિક્ષિત અને ચાલુ શિક્ષણના આંકડા વચ્ચેનો મેળ બેસવો જોઇએ.

(૩) સામાન્ય રીતે ચાલુ અભ્યાસ કરતાં બાળકોનો જેમણે શિક્ષણ પુરૂ કરી લીધું હોય તેમાં ગણતરી થતી હતી, તેને ચાલુ શિક્ષણમાં ગણાવું જોઇએ.

(૪) રહેઠાણ સંબંધી માહિતીમાં કુટુંબને માલિકીનું મકાન અને ભાડાનું મકાન એમ બન્નેમાં ગણતરી થતી એને અલગ ગણવા.

(૫) જુદા જુદા ધંધામાંથી થતી આવક જુદી લખવાની હતી.

(૬) ઘણાં પ્રશ્નોની માહિતી "હા" અથવા "ના" માં લખવાની હતી, તેમાં "હા" હોય ત્યાં "હા" અને "ના" હોય ત્યાં "ના" સ્પષ્ટ લખવાનું કહેવામાં આવ્યું હતું.

(૭) માંદગીથી પીડાતા સભ્યોની સંખ્યા ઓછી હોય અને તેની સામે દવાની માંગણી કરનારની સંખ્યા વધે નહિ તેની કાળજી લેવા જણાવ્યું.

(૮) સ્થળાંતર કરીને જે કુટુંબો આવ્યાં હોય તે ગુજરાત કે ગુજરાત બહારના છે તે સ્પષ્ટ લખવું.

(૯) નોકરી કરતાં સભ્યો કયા કયા વિભાગમાં કામ કરે છે તે સ્પષ્ટ જણાવવું.

ઉપરોકત મુદ્દાઓને ધ્યાનમાં લઇ તાલીમ આપવામાં આવી હતી. કુટુંબ પત્રક ભરનારે કઇ કઇ બાબતો ધ્યાનમાં રાખવાની છે તેની લેખિત સૂચનાઓ દરેક સર્વેક્ષણ કરનાર ભાઇ-બહેનને આપવામાં આવી હતી. કુટુંબ પત્રક ભરનારની વિગતવાર સૂચનાઓ પરિશિષ્ટ - ૩ માં આપવામાં આવી છે.

અમોને છેલ્લા ત્રણ વર્ષોના અનુભવો ઉપરથી એવું જરૂર લાગે છે કે આવી તાલીમથી સર્વેક્ષણમાં ઘણી ચોકસાઇ અને સમૃધ્ધિ આવે છે. કારણ કે સર્વેક્ષણનું કામ એક એવા પ્રકારનું છે કે જેમાં જે કુટુંબ કે સમાજની આંતરિક બાબતોને જાણતા નથી, જેના નજીકના સંપર્કમાં આવ્યા નથી તેવા પાસેથી તેની અંગત જીવનની બાબતો મેળવવાની હોય છે અને આ માહિતી લેતાં પહેલા તેમાં જરૂરી તાલીમ જોઇએ જ. એવું અમારું દૃઢ મંતવ્ય છે અને અમે એ વસ્તુ પણ જોઇ શકીઆ છીએ કે આ તાલીમને લીધે સર્વેક્ષકમાં કામ કરવાની શ્રધ્ધા, જોમ અને તાકાત વધે છે. તેમનામાં એક વિશ્વસનીયતા વધાય જાય છે. અને આ બધાથી પાયાનું કામ તો એ થાય છે કે તાલીમથી જે કામ થવું જોઇએ, જે માહિતી જોઇએ તે સારી રીતે મળે છે. અમારા છેલ્લા ત્રણ અભ્યાસોમાં અમોને આનું સારું ફળ મળ્યું છે. જે તારણો આવ્યા, જે પ્રશ્નો રજૂ થયા વગેરેને તપાસતા અમે ભારપૂર્વક એવું કહેવા સમર્થ થયા છીએ કે આવી સઘન તાલીમ આપવાથી તારણો ખરાં અને યથાર્થ આવે છે.

ઉપરોકત જણાવ્યા પ્રમાણે તાલીમનું કામ પુરૂ થયા પછી મે ૧૯૮૪ માં દરેક શહેરમાં સર્વેક્ષણની સામગ્રી પહોંચાડવામાં આવી. આ રીતે મે માસમાં દરેક શહેરમાં સર્વેક્ષણ કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું.



**ક્ષેત્રકાર્ય, સમય અને નિરીક્ષણ :**

આગળ જોયું તેમ સર્વેક્ષણનું કામ જુદી જુદી એજન્સી દ્વારા મળેલ સર્વેક્ષકો પાસેથી કરાવવામાં આવ્યું હતું. સર્વેક્ષકો દ્વારા ભરાયેલ પત્રકોના નિરીક્ષણ કાર્ય માટે દરેક શહેરમાં નિરીક્ષકોની નિમણૂક કેન્દ્ર દ્વારા કરવામાં આવી હતી. નિરીક્ષકોની નિમણૂક મે ના બીજા અઠવાડિયાથી કરવામાં આવી હતી. નિરીક્ષકોએ ક્ષેત્રકાર્ય દરમિયાન કઇ રીતે માહિતી એકઠી કરવી તેમજ સર્વેક્ષકો દ્વારા એકઠી કરવામાં આવેલી માહિતીની ચકાસણી કરવા માટે સઘન રીતે તાલીમ આપવામાં આવી હતી. દરેક પસંદ થયેલ શહેરની અવલોકન નોંધ તૈયાર કરવાનું તેમજ મહોલ્લા પત્રક ભરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તદ્ ઉપરાંત સર્વેક્ષકો દ્વારા સર્વેક્ષણ થયેલ કુટુંબોની માહિતીનું ૧૦ ટકા દૈવ પધ્ધતિથી ચકાસણી કરવાનું કહેવામાં આવ્યું હતું. નિરીક્ષકો માટે જે કાર્યસૂચિ તૈયાર કરી હતી તેનો નમૂનો પરિશિષ્ટ-૪ માં સામેલ છે.

ક્ષેત્રકાર્ય પુરૂ થયા પછી કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઇ નાયક તેમજ પ્રોજેકટ અધિકારી શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય અને સંશોધન મદદનીશ શ્રી દિલીપભાઇ પરમારે પસંદ થયેલ શહેરના જુદા જુદા વિસ્તારોની મુલાકાત લઇ જે માહિતી એકઠી કરવામાં આવી છે તેની ચકાસણી કરી હતી અને જે તે વિસ્તારના આગેવાનો સાથે તેમના પ્રશ્નોની ચર્ચા કરી માહિતી એકઠી કરી હતી. કુટુંબ પત્રકમાં નિરીક્ષકો જે જે ભૂલ જણાવતા તેને સર્વેક્ષકો ફરીથી સુધારતા હતાં. આમ સર્વેક્ષકો દ્વારા એકઠી કરવામાં આવેલ માહિતીની ચકાસણી વિવિધ તબકકે અને ઝીણવટ-પૂર્વક કરવામાં આવી હતી. આટલી બધી ચોકસાઇ અને કાળજી રાખવાથી જ આવડા મોટા સર્વેક્ષણના પરિણામો સાચા અને વિશ્વસનીય બની રહે છે.

મે માસમાં સર્વેક્ષણ કામ શરૂ કરાવ્યા બાદ જે તે પસંદ થયેલ શહેરોમાં સર્વેક્ષણની જવાબદારી લેનાર સંસ્થાને બે સ્મૃતિ પત્રો,

કોઇને ત્રણ અને બાકીનાને ચાર નિમંત્રણપત્રો પાઠવ્યાં હતાં. આ ઉપરાંત રાજકોટમાં બે વખત, જામનગરમાં એક વખત, વડોદરામાં બે વખત અને સુરત શહેરની ત્રણ વખત રૂબરૂ મુલાકાત લઇને સર્વેક્ષણ જલદીથી પુરૂ કરાવવા જણાવેલ. આમ છતાં સુરત શહેરમાં ઓકટોબરના અંત સુધીમાં માત્ર બે હજાર કુટુબોનુ સર્વેક્ષણ થતાં અને સ્થાનિક રીતે સર્વેક્ષણ પુરૂ ન કરાવી શકશે તેવુ લાગતા નવેમ્બરના બીજા અઠવાડિયામાં અમદાવાદમાંથી એક ટુકડીને સર્વેક્ષણ કરવા માટે મોકલવામાં આવી હતી અને ટુકડીએ પદર દિવસમાં બધુ કામ કરી લીધુ હતુ. આ ઉપરાંત અમદાવાદ શહેરનાં સર્વેક્ષણના કામની દેખરેખ, માણસોની ગોઠવણ, બુકલેટનુ વિતરણ અને સંકલન પણ આ કેન્દ્ર દ્વારા જ કરવામાં આવ્યુ હતુ.

પસંદ થયેલ શહેરના સર્વેક્ષણ પત્રકો અનુક્રમે જામનગર (૩-૭-૮૪) વડોદરા (૬-૭-૮૪) રાજકોટ (૧૮-૮-૮૪) અને અમદાવાદ (૩૦ મી ઓકટોબર) માં પુરૂ થઇ ગયુ હતુ. આમ સુરત શહેરમાં સ્થાનિક રીતે જિલ્લા પછાત વર્ગ દ્વારા સર્વેક્ષણ માટે વધુ પ્રયત્નો કરાયા હોત તો અહેવાલ ઘણો વહેલો આપી શકાત. આમ સંબંધિત અધિકારીની કામની ગોઠવણી પ્રત્યેની અકર્મણીયતા અથવા અકાર્યકુશળતાના કારણે ક્ષેત્રકાર્ય ઝડપથી પુરૂ થઇ શક્યુ નથી.

આ ઉપરથી જોઇ શકાશે કે કેટલાક સંશોધનો માત્ર વહીવટી શિથિલતાને કારણે સમયસર પૂરાં થઇ શકતાં નથી.

જે તે શહેરમાં કેન્દ્ર દ્વારા મોકલાવેલ બુકલેટો અને સર્વેક્ષણ કરી પરત આવેલ બુકલેટોની વિગતવાર માહિતી પરિશિષ્ટ-૫ માં આપવામાં આવી છે.

મોજણી દરમિયાન એકત્ર કરવામાં આવેલી માહિતીનુ કોષ્ટીકરણનુ કામ જેમ જેમ બુકલેટો આવવા લાગી તેમ શરૂ કરી દેવામાં આવ્યુ હતુ. આ કામગીરી બે તબક્કામાં કરવામાં આવી હતી. પ્રથમ તબક્કા દરમિયાન સર્વેક્ષણ કરેલ કુટુબોની બધી જ વિગતોનુ એકી સાથે સરવાળાનુ કામ કરવામાં આવ્યુ હતુ. સરવાળાની કામગીરી બાદ બીજા તબક્કામાં ઉપરોકત પત્રક



પરથી આવરી લેવાયેલા કુટુબોની શહેરવાર, વિષયવાર વિવિધ જરૂરિયાતો દર્શાવતા પત્રકોમાં કોષ્ટીકરણ કરી પરિણામો તૈયાર કરવામાં આવ્યાં હતાં.

**મુશ્કેલી :**

સર્વેક્ષણ કાર્યમાં અથવા તો આ કામ કરવામાં કોઇને કોઇ મુશ્કેલી આવે છે. કોઇ મુશ્કેલીનુ સ્વરૂપ મોટુ હોય, કોઇ ગભીર હોય આ બધાનો ખ્યાલ કરી, તેને નજર સમક્ષ રાખી સર્વેક્ષણ આયોજન કરવુ પડે છે. અંગભૂત યોજના સર્વેક્ષણનુ કામ ઘણુ જ મોટુ છે તેમાં ઘણી ઘણી મુશ્કેલીઓ આવે છે. ચાલુ સર્વેક્ષણ દરમિયાન જે મુશ્કેલીઓ જોવા મળી હતી તેમાં :

(૧) હરિજન વિસ્તાર અને કુટુબ શોધવુ ઘણુ જ મુશ્કેલ હતુ. સામાન્ય રીતે શહેરી વિસ્તાર ઘણા વિશાળ ક્ષેત્રમાં પથરાયેલ છે. તેમાં હરિજન વિસ્તાર અને કુટુબ કયા છે, તેમજ સરકારી વસાહતોમાં હરિજન કુટુબનુ ઘર કયુ વગેરે શોધવામાં સારો એવો પરિશ્રમ કરવો પડયો હતો.

(૨) હરિજન વિસ્તાર અને કુટુબ શોધ્યા પછી આ કામ કરનાર સર્વેક્ષકોની ગોઠવણ કરવી એટલી જ મુશ્કેલ હતી. આપણી પાસે સારા સર્વેક્ષકોનો અભાવ છે. વળી, આ તપાસ ઓછા સમયમાં અને તેના તારણો જલ્દીથી તૈયાર કરવાના હોઇ કામ ઝડપથી કરવુ પડે. આ માટે જરૂરી માણસો મળતા નથી.

(૩) શહેરી વિસ્તારમાં પણ એવા ઘણાં કુટુબો છે કે જેઓ સર્વેક્ષણ કામમાં સહકાર આપતા નથી. આપણે ત્યાં સર્વેક્ષણની ઉપયોગિતા વિષે બહુ સમજ ન હોવાથી લોકો તરફથી પૂરતો સહકાર મળતો નથી. ઘણી જગ્યાએ તો સરકારી વસાહતોમાં રહેતા અધિકારીઓ પણ પત્રક ભરાવવા સંમતિ આપતા ન હતાં. આમ લોકોમાં સર્વેક્ષણના મહત્વ વિષે જાણ નથી એવુ ઘણી જગ્યાએ જોવા મળ્યુ.

(૪) સર્વેક્ષણનુ સચાલન સ્થાનિક શહેર પ્રમાણે ગોઠવવામાં આવ્યુ હતુ. જે તે શહેરના અધિકારી સર્વેક્ષણમાં જેટલો રસ વધુ લે તેટલુ કામ જલ્દીથી અને સારી રીતે પતે. આમાં ફકત કામકાજના સમય, મર્યાદા વગેરેને ન લેતાં વિશાળ દૃષ્ટિથી જો કામમાં સહકાર આપે તો કામ ઘણુ સારૂ થઇ શકે અને સર્વેક્ષણના તારણો જે તે વિભાગને જલ્દીથી આપી શકવામાં સરળતા રહે.

આમ ઉપરોકત જુદી જુદી મુખ્ય મુશ્કેલી જોવા મળી હતી, પરતુ આ બધાને સ્થળ અને સજોગો પ્રમાણે પહોચી વળી કામ પુરૂ કરાવવામાં આવ્યુ હતુ.

સર્વેક્ષણમાં આવરી લીધેલ વિગતોનુ વર્ગીકરણ થઇ ગયા પછી તેના તારણો તૈયાર કર્યા પછી આ વિગતો જે ત્રણ નકલમાં લેવામાં આવી છે આગળ દર્શાવ્યુ છે તે મુજબ સફેદ, પીળા અને લીલા રગના પાનામાં આ વિગતો છે. આમાંથી સફેદ પાન કે-દ્રમાં જ રાખવામાં આવે છે. જયારે પીળા રગના પાનની વિગતો સમાજ કલ્યાણ વિભાગની વડી કચેરીને અને લીલા પાનની વિગતો જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીને પહોચાડવામાં આવતી હોવાથી આ પત્રકના પીળા અને લીલા પાન ફાડી તેની વ્યવસ્થિત કોથળી બનાવી કોથળી ઉપર અંદરનાં પત્રકો કયા વિસ્તારના તેમાં કેટલા કુટુબની વિગત છે, વિગત ભરનારનુ નામ વગેરે માહિતી લખેલ હોય છે. જે કોથળી તૈયાર થયા પછી સમાજ કલ્યાણ અધિકારી અને જે તે જિલ્લાના પછાત વર્ગ કલ્યાણ અધિકારીને પહોચતી કરવામાં આવે છે.

ઉપરોકત વિગતો મોકલાવ્યાં પછી સફેદ પાનમાં રહેલ કુટુબની બધી વિગતોની બુકલેટોને જિલ્લા - શહેર પ્રમાણે તૈયાર કરી તેના બડલો બનાવવામાં આવે છે. જેને કાપડમાં બાંધી વર્ષવાર, જિલ્લાવાર તૈયાર કરવામાં આવે છે.

આમ કરવાથી સરકારશ્રી સમાજ સશોધકો, સમાજ વિજ્ઞાનીઓ અને રસ ધરાવતી વ્યકિતઓને ભવિષ્યમાં હરિજનો



અગે કઇ પણ માહિતી જોઇએ તો મળી શકે છે. આમ સમાજ વિજ્ઞાનીઓ માટે આ ઘણી મોટી સામગ્રી છે. વિગતોનો ઉપયોગી - અનિવાર્ય જથ્થો છે.

.......

## પ્રકરણ - :૨:

### પૃષ્ઠભૂમિ અને ગત વર્ષોની સર્વેક્ષણ સમીક્ષા

આપણા દેશમાં પરાપૂર્વથી કેટલાક જૂથો સામાજિક - આર્થિક, શૈક્ષણિક અને રાજકીય રીતે બાકીની પ્રજાની સરખામણીમાં ઘણાં પછાત હતાં. આથી આવા લોકોની પ્રગતિ ઝડપી બનાવી શકાય અને બીજા બૃહદ સમાજ સમોવડીયા થઇ શકે તે માટે આપણા બંધારણમાં તેમને માટે ખાસ જોગવાઇઓ કરવામાં આવી છે. આમાંના એક વર્ગને બંધારણમાં અનુસૂચિત જાતિઓ (શિડયુલ્ડ કાસ્ટસ) તરીકે ઓળખવામાં આવે છે. આ જાતિમાં ઢેડ, ભંગી, વણકર, ચમાર જેવી અસ્પૃશ્ય ગણાતી બધી જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ભારતમાં અનુસૂચિત જાતિની વસતિ ૭,૯૯,૯૫,૮૯૬ (લગભગ ૮ કરોડ) જેટલી હતી. જે કુલ વસતિના ૧૪.૬૦ ટકા જેટલી થાય છે. આવી અસ્પૃશ્ય જાતિઓ ભારતમાં ૪૨૯ છે. આમ સરેરાશ દર સાત ભારતવાસીમાં એક અનુસૂચિત જાતિની વ્યકિત છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસતિ ૧૮,૨૫,૪૩૨ હતી. તે વધીને ૧૯૮૧ માં ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસતિ ૨૪,૩૮,૨૯૭ થઇ. આ રાજયની કુલ વસતિના ૭.૧૫ ટકા છે. ગુજરાતમાં અસ્પૃશ્યોની ૪૨ જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ છે. આમ ૧૯૭૧ થી ૧૯૮૧ ના દાયકા દરમિયાન અનુસૂચિત જાતિની વસતિમાં ૩૩.૫૭ ટકાનો વધારો થયો હતો. અનુસૂચિત જાતિની વસતિમાં ગુજરાતનો તેરમો નંબર છે.

આપણા બંધારણમાં ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃત્વને ખૂબજ મહત્વ આપવામાં આવ્યુ છે. એક રીતે કહીએ તો આ ચાર બાબત ઉપર બંધારણની ઇમારત ઉભી છે. આ ચાર બાબતોને ધ્યાનમાં લઇ અનુસૂચિત જાતિઓના આર્થિક, શૈક્ષણિક, રાજકીય અને સામાજિક ઉત્થાન માટે કાયદામાં જુદી જુદી જોગવાઇ થઇ છે. આ રીતે સ્વાતંત્ર્ય બાદ અનુસૂચિત જાતિના

ઉત્કર્ષ માટે કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવ્યાં છે. તેઓના સર્વાંગી વિકાસ માટે અનેક વિકાસ કાર્યક્રમો પણ અમલમાં મૂકવામાં આવ્યાં છે, પરંતુ આ બધાનું જોઇએ તેવું નક્કર પરિણામ આવ્યું નથી. આથી આ કાર્યક્રમો સુદૃઢ બને અને અનુસૂચિત જાતિના કુટુંબોને વ્યક્તિગત, કુટુંબલક્ષી, જૂથલક્ષી અને જાહેર સુવિધાઓ પૂરતી મળી રહે તે માટે સરકારશ્રી તરફથી સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન ખાસ અંગભૂત યોજનાનું અમલીકરણ થયું. તેમની શૈક્ષણિક સ્થિતિમાં જરૂર સુધારો થયો છે. પરંતુ આર્થિક કે સામાજિક સ્થિતિમાં બહુ ફેર પડયો નથી. ગુજરાતમાં ૧૯૭૧ માં અનુસૂચિત જાતિમાં શિક્ષણનું પ્રમાણ ૨૭.૭૪ ટકા હતું. જે વધીને ૧૯૮૧ માં ૩૯.૭૮ ટકા થયું. આમ દાયકા દરમિયાન ૧૨.૦૪ ટકાનો શિક્ષણમાં વધારો થયો.

આપણા દેશના બંધારણની કલમ-૪૬ માં પછાતવર્ગોના ખાસ કરીને અનુસૂચિત જાતિઓના તથા આદિવાસીઓના આર્થિક તેમજ શૈક્ષણિક વિકાસની જવાબદારી તથા તેમને કોઇપણ જાતના સામાજિક અન્યાયમાંથી તથા શોષણમાંથી બચાવવાની જવાબદારી રાજ્ય સરકારોને માથે નાંખી છે અને તે અંગે ઘટતા પગલાં લેવાનું સૂચવવામાં આવ્યું છે.

શરૂઆતમાં અનુસૂચિત જાતિ કલ્યાણ કાર્યક્રમો અને પછાતવર્ગ કલ્યાણને લગતી યોજનાઓ રાજ્ય દ્વારા અમલમાં મૂકવામાં આવતી હતી. હાલમાં તેને વધારે સુદૃઢ બનાવવા માટે પુન: વિચાર થયો. અનુસૂચિત જાતિના લોકોના ઉત્કર્ષની જવાબદારી પ્રત્યેક રાજ્યના પ્રત્યેક વિકાસ વિભાગને સોંપવી જોઇએ, અને તે બાબત એપ્રિલ ૧૯૭૫ માં વડાપ્રધાનશ્રી દ્વારા રાજ્યોના પછાત વર્ગ કલ્યાણ ખાતાના મંત્રીશ્રીઓની બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવી હતી. જેની ગૃહમંત્રાલય અને આયોજન કમિશને સ્વીકૃતિ આપી ડિસેમ્બર ૧૯૭૬ માં દરેક ખાતાની વિકાસ યોજનાઓના વિકાસ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિના વ્યક્તિઓ માટે ઓછામાં ઓછા ૭ ટકા ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું, અને આ દિશામાં નક્કર કાર્યક્રમ હાથ ધરવાના પગલાં રૂપે દેશની



નીતિને અનુરૂપ " સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન " નું આયોજન કરવામાં આવ્યું હતું. તદઉપરાંત તા. ૧૯-૪-૮૦ ના રોજ મળેલ આયોજન કમિશનની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે છઠ્ઠી પંચવર્ષીય યોજનાના પાંચ વર્ષ દરમ્યાન દરેક રાજ્યમાંથી ૫૦ ટકા અનુસૂચિત જાતિની વસતિને વિકાસ કાર્યક્રમોમાં આવરી લેવા તેમને ગરીબી રેખાથી ઉપર લાવવા પ્રયત્નો કરવા અને પોતાના બજેટની ૭ ટકા રકમ આ લોકો માટે અલગ કાઢીને ખર્ચવી.

અનુસૂચિત જાતિઓ મુખ્યત્વે ખાસ કરીને બે મુશ્કેલીના ભોગ બનેલ છે. (૧) આર્થિક શોષણ અને (૨) સામાજિક નિર્યોગ્યતા અગર સામાજિક અસમાનતા. આમ અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે વ્યક્તિલક્ષી, કુટુંબલક્ષી અને જૂથલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવાની જરૂરિયાત લક્ષમાં લઇ જરૂરિયાતલક્ષી કાર્યક્રમ ઘડી કાઢવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો. અનુસૂચિત જાતિઓની વિકાસલક્ષી જરૂરિયાતો તથા તેમજ વિવિધ ધંધાકીય જૂથોની મુશ્કેલીઓ ધ્યાનમાં લઇને ચાલુ વિકાસ કાર્યક્રમોનું તેને અનુરૂપ પુન: ઘડતર કરવા તેમજ ગુણવત્તા અને સાંખ્યિક રીતે પણ તેમાં સુધારો કરી અસરકારક અને સંતોષકારક તેનો અમલ થાય તે જોવા માટે પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

અનુસૂચિત જાતિ માટેની " ખાસ અંગભૂત યોજના " રાજ્ય સરકારની જનરલ સેકટરની યોજનામાંથી બનેલ છે. જે પંચવર્ષીય યોજનાના ભાગરૂપે વાર્ષિક કાર્યક્રમ તરીકે ઘડી કાઢીને અમલમાં મૂકવામાં આવે છે.

ખાસ અંગભૂત યોજનાના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

(૧) અનુસૂચિત જાતિની વસતિનું વધુ પ્રમાણ ધરાવતાં વિસ્તારો નક્કી કરવા.

(૨) છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાન ઓછામાં ઓછા ૫૦ ટકા અનુસૂચિત જાતિના કુટુંબોને ગરીબીની રેખા પાર કરાવવા મદદરૂપ થાય અને ૧૦ વર્ષમાં અનુસૂચિત જાતિના તમામ કુટુંબો કુટુંબલક્ષી કાર્યક્રમો દ્વારા આર્થિક વિકાસ સાધી શકે તેમ કરવું.

(૩) છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાન અનુસૂચિત જાતિનું શૈક્ષણિક રીતે પછાતપણું દૂર કરવું.

(૪) છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાન અનુસૂચિત જાતિઓના કુટુંબોની કામની પરિસ્થિતિમાં અને જીવન જીવતરની પરિસ્થિતિમાં નોંધપાત્ર અને ગણનાપાત્ર સુધારો લાવી શકાય તે સારૂ કુટુંબોની વાસ્તવલક્ષી સામાજિક પરિસ્થિતિ, તેમના વસવાટ, રહેઠાણના સ્થળો અને વસતિઓમાં સામાન્ય સેવાઓ ઉપલબ્ધ બનાવવા તેમાં રહેલી ઉણપો અને અધૂરાશ દૂર કરવી.

(૫) તેમની માનવશકિતના વિકાસને અનુલક્ષીને તેમની રચનાત્મક અને અસરકારક સંસ્થાઓને તાલીમ દ્વારા તેમનામાં સામાજિક જાગૃતિનો અનુભવ કરાવી તેઓ તેમના પોતાના વિકાસ માટે કાર્યોમાં પહેલ કરતાં થઇને પોતાનું વ્યવસ્થાતંત્ર પોતે જ સંભાળી શકે તેવી જોગવાઇ તેમના દરેક વિકાસ કાર્યક્રમમાં અને યોજનાઓમાં સામેલ કરવા.

(૬) તેમની ધંધાકીય શકિતઓને ખાસ પ્રોત્સાહિત કરી તેની વૃધ્ધિ થાય તેમ કરવું.

(૭) તેમની દરેક પ્રકારની આર્થિક વિકાસની પ્રક્રિયામાંથી વચગાળાના માધ્યમને જે તેમની સ્વરોજગારીની આવકમાં ઘટાડો કરવા માટે જવાબદાર છે તેને દરેક ક્ષેત્રમાંથી દૂર કરવું.

(૮) જુદા જુદા વ્યવસાયિક જૂથોની જરૂરિયાત અને ખાસ કરીને જેઓ યોજનાના લાભથી વંચિત રહી ગયા હોય તેવી અનુસૂચિત જાતિના લોકોની જરૂરિયાતોનો અંદાજ કાઢી અને તેમના પ્રશ્નો નકકી કરવા.

(૯) તેમની જરૂરિયાતો જાણી તેના પર આધારિત યોજનાઓ નકકી કરવી.



ઉપરોકત હેતુઓને ધ્યાનમાં રાખી ગુજરાત રાજ્યમાં પણ રાષ્ટ્રીય નીતિને અનુરૂપ સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન તૈયાર કરી છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમ્યાન (૧૯૮૦-૮૧ થી ૧૯૮૪-૮૫) ગુજરાતની કુલ ૧૮.૨૫ લાખની (૧૯૭૧ પ્રમાણે) અનુસૂચિત જાતિની વસતિમાંથી ઓછામાં ઓછા ૫૦ ટકા વસ્તીને આવરી લઇ તેમને ગરીબી રેખાથી ઉપર લાવવાનો પ્રયત્ન કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. આથી સમાજ કલ્યાણ ખાતા દ્વારા ૧૯૭૧ ની વસતિ પ્રમાણે સમગ્ર રાજ્યમાંથી ૨૫૦ કે તેથી વધુ અનુસૂચિત જાતિની વસતિ ધરાવતાં ૧૪૧૧ ગામોની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ ૧૪૧૧ ગામોની વસતિ એ રાજ્યની કુલ અનુસૂચિત જાતિની વસતિના ૫૦ ટકા જેટલી થાય છે. આ ૧૪૧૧ ગામોને પાંચ વર્ષમાં એટલે કે ૧૯૮૦-૮૧ થી ૧૯૮૪-૮૫ દરમ્યાન આવરી લેવાનું તથા દરેક જિલ્લામાંથી ૨૫૦ કે તેથી વધુ વસતિ ધરાવતાં ગામોમાં વસતાં અનુસૂચિત જાતિના કુટુંબોની આર્થિક સામાજિક માહિતી એકઠી કરવાનું વિચારવામાં આવ્યું હતું. આવા ગામોમાંથી દર વર્ષે ૨૦ ટકા ગામો પસંદ કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. આ ૧૪૧૧ ગામોમાંથી ૧૯૮૦-૮૧ માં ૨૮૫ ગામો મોજણી માટે પસંદ કરવામાં આવ્યાં હતાં. જ્યારે ૧૯૮૧-૮૨ માં ૩૧૬ ગામો, ૧૯૮૨-૮૩ માં ૪૩૮ ગામો, ૧૯૮૩-૮૪ માં ૩૬૭ ગામો અને ૧૯૮૪-૮૫ માં ૬ મુખ્ય શહેરો પસંદ કરવામાં આવ્યા છે. ૧૯૮૦-૮૧ ના પસંદ થયેલ ગામોની મોજણીનું કાર્ય સમાજ કલ્યાણ ખાતા દ્વારા કરવામાં આવ્યું હતું. ૧૯૮૧-૮૨, ૧૯૮૨-૮૩ અને ૧૯૮૩-૮૪ ના પસંદ થયેલ ગામો અને ૧૯૮૪-૮૫ માં પસંદ થયેલ મુખ્ય શહેરોના સર્વેક્ષણનું કામ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવ્યું હતું.

ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસતિ પાટનગરથી શરૂ થતાં નાનાં ગામડા સુધી છે. મતલબ કે આ જાતિની વસતિ સમગ્ર રાજ્યમાં પથરાયેલી છે. ગુજરાત રાજ્યના દરેક જિલ્લામાં અનુસૂચિત જાતિની વસતિ વધતા-ઓછા પ્રમાણમાં જોવા મળે છે. અનુસૂચિત જાતિની વસતિના વધારે ટકા અમદાવાદ, મહેસાણા,

ખેડા, બનાસકાંઠા, વડોદરા અને જૂનાગઢ જિલ્લાઓમાં આવેલી છે. સૌથી ઓછી વસતિ ડાંગ જિલ્લામાં છે. જિલ્લાવાર અનુસૂચિત જાતિની માહિતી કોઠા-૨:૧: માં (૧૯૮૧ પ્રમાણે) આપવામાં આવી છે.

રાજ્યમાં અનુસૂચિત જાતિની વસતિમાં મુખ્યત્વે ઢેડ, માહયાવંશી વણકર ૪૩ ટકા, ચમાર (ભાંભી-નાડ) ૨૨ ટકા, ભંગી ૧૪ ટકા, મેઘવાળ ૧૧ ટકા, સેનવા ૩ ટકા, ગરોડા ૩ ટકા અને અન્ય જાતિના ૪ ટકા લોકો વસે છે. જુદી જુદી જાતિની જાતિવાર વસતિ અને તેમાં શિક્ષણનુ પ્રમાણ કોઠા- ૨:૨: માં આપવામાં આવ્યુ છે.



## કોઠો - ૨:૧:

જિલ્લાવાર અનુસૂચિત જાતિની વસતિ (૧૯૮૧)

| અનુ. નં. | જિલ્લાનુ નામ | કુલ વસતિ | અનુસૂચિત જાતિની વસતિ | જિલ્લાની વસતિના ટકા | કુલ અનુસૂચિત જાતિની વસતિના ટકા |
|---|---|---|---|---|---|
| ૦૧ | અમદાવાદ | ૩૮૭૫૭૯૪ | ૪૩૬૯૩૭ | ૧૧.૨૭ | ૧૭.૯૨ |
| ૦૨ | મહેસાણા | ૨૫૪૮૭૮૭ | ૨૨૩૦૪૪ | ૮.૭૫ | ૯.૧૫ |
| ૦૩ | ખેડા | ૩૦૧૫૦૨૭ | ૧૭૭૦૭૨ | ૫.૮૭ | ૭.૨૬ |
| ૦૪ | જૂનાગઢ | ૨૧૦૦૭૦૯ | ૧૭૬૫૯૫ | ૮.૪૧ | ૭.૨૫ |
| ૦૫ | બનાસકાંઠા | ૧૬૬૭૯૧૪ | ૧૭૦૧૪૧ | ૧૦.૨૦ | ૬.૯૯ |
| ૦૬ | વડોદરા | ૨૫૫૮૦૯૨ | ૧૫૩૬૮૯ | ૬.૦૦ | ૬.૩૦ |
| ૦૭ | રાજકોટ | ૨૦૯૩૦૯૪ | ૧૩૭૦૩૩ | ૬.૫૫ | ૫.૬૨ |
| ૦૮ | સાબરકાંઠા | ૧૫૦૨૨૮૪ | ૧૨૮૫૪૦ | ૮.૫૫ | ૫.૨૭ |
| ૦૯ | સુરેન્દ્રનગર | ૧૦૩૪૧૮૫ | ૧૧૨૪૩૫ | ૧૦.૮૭ | ૪.૬૧ |
| ૧૦ | કચ્છ | ૧૦૫૦૧૬૧ | ૧૧૧૮૮૨ | ૧૦.૬૫ | ૪.૫૯ |
| ૧૧ | જામનગર | ૧૩૯૩૦૭૬ | ૧૦૧૬૧૯ | ૭.૨૯ | ૪.૧૭ |
| ૧૨ | ભાવનગર | ૧૮૭૯૩૪૦ | ૯૯૭૫૭ | ૫.૩૧ | ૪.૦૯ |
| ૧૩ | અમરેલી | ૧૦૭૯૦૯૭ | ૯૩૦૪૮ | ૮.૬૨ | ૩.૮૧ |
| ૧૪ | સુરત | ૨૪૯૩૨૧૧ | ૯૧૬૪૨ | ૩.૬૮ | ૩.૭૫ |
| ૧૫ | પંચમહાલ | ૨૩૨૧૬૮૯ | ૮૮૨૩૨ | ૩.૮૦ | ૩.૬૨ |
| ૧૬ | ભરૂચ | ૧૨૯૬૪૫૧ | ૫૯૬૯૩ | ૪.૬૦ | ૨.૪૫ |
| ૧૭ | વલસાડ | ૧૭૭૪૧૩૬ | ૫૪૯૮૯ | ૩.૧૦ | ૨.૨૫ |
| ૧૮ | ગાંધીનગર | ૨૮૯૦૮૮ | ૨૧૧૯૯ | ૭.૩૩ | ૦.૮૭ |
| ૧૯ | ડાંગ | ૧૧૩૬૬૪ | ૭૫૦ | ૦.૬૬ | ૦.૦૩ |
| | | ૩૪૦૮૫૭૯૯ | ૨૪૩૮૨૯૭ | ૭.૧૫ | ૧૦૦.૦૦ |

પ્રાપ્તિસ્થાન : જિલ્લા વસતિ ગણતરી પુસ્તિકા - ૧૯૮૧

## કોઠો - ૨:૨:

અનુસૂચિત જાતિ (હરિજનો) ની પેટા જાતિવાર યાદી, :વસ્તી અને શિક્ષણનું પ્રમાણ - ૧૯૭૧ પ્રમાણે :

| ક્રમ | જાતિ | વસ્તી | શિક્ષણની ટકાવારી |
|---|---|---|---|
| ૦૧ | અગેર | ૧૫ | ૩૮.૩૫ |
| ૦૨ | બાકડ અથવા બાન્ટ | ૩૧૦ | ૯.૩૫ |
| ૦૩ | ભાંબી, ભાંભી, અસાદર, આસોડી, ચામડીયા, ચમાર, ચાંભાર, ચામગર, હરાલાયયા, ખાલપા, હરાલી, મોચીગર, મદાર, માદીગ, તેલુગુ મોચી, કામટી મોચી, રાનીગર, રોહીદાસ, રોહિત અથવા સામગર | ૩૨૧૮૩૫ | ૨૯.૮૮ |
| ૦૪ | ભંગી, મહેતર, ઓળગાણા, રૂખી, મલકાણા, હલાલખોર, લાલ બેગી, બાલ્મીકી, કોરાર અથવા ઝાડપલ્લી | ૨૩૨૮૫૬ | ૨૧.૧૩ |
| ૦૫ | ચલવાડી અથવા ચન્નાયા | ૮૪ | ૯.૫૨ |
| ૦૬ | ચેનાદસાર અથવા હોલાયા દસાર | ૪ | – |
| ૦૭ | ઢોર, કકકાયયા | ૩૯૯ | ૭.૦૨ |
| ૦૮ | ગરોડા અથવા ગરો | ૩૮૧૯૭ | ૪૯.૦૭ |
| ૦૯ | હલ્લીર | ૧૩ | ૩૮.૪૬ |
| ૧૦ | હલસર, હસલર, હલ્લાસ્વર, અથવા હલસ્વર | ૪ | – |
| ૧૧ | હોલાર અથવા વલ્હાર | ૧૧ | ૬૩.૬૪ |
| ૧૨ | હોલાયા અથવા હોલેર | ૩૪૩૪ | ૧૧.૭૬ |
| ૧૩ | લીંગાદેર | ૯ | ૬૬.૬૭ |
| ૧૪ | મહાર, તરાલ અથવા ઢેગુમેગુ | ૪૭૬૫ | ૨૯.૨૧ |
| ૧૫ | માહયાવંશી, ઢેડ, વણકર અથવા મારૂવણકર | ૫૧૦૨૫૬ | ૪૦.૫૭ |
| ૧૬ | માંગ, માતંગ અથવા મીની માડીંગ | ૧૨૫૭ | ૧૭.૨૬ |
| ૧૭ | માંગ, ગારૂડી | ૧૦૫ | ૧૬.૧૯ |
| ૧૮ | મેઘવાળ અથવા મેઘવાર | ૨૧૫૯૧ | ૧૫.૪૩ |



| ૧. | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૯ | મુકરી | ૨ | ૫૦.૦૦ |
| ૨૦ | નાડીયા અથવા હાડી | ૧૨૮૬૨ | ૨૭.૬૩ |
| ૨૧ | પાસી | ૨૭૩ | ૩૧.૫૦ |
| ૨૨ | સેનવા, ચેનવા, સેડમા અથવા રાવત | ૪૫૩૪૩ | ૧૮.૪૯ |
| ૨૩ | તીરગર અથવા તીરબંદા | ૪૧૬૫ | ૨૩.૭૦ |
| ૨૪ | તુરી | ૧૧૮૯૯ | ૩૪.૫૬ |
| ૨૫ | ડાંગ જિલ્લો અને ઉમરગામ તાલુકાના મોચી | ૬૯ | ૫૯.૪૨ |
| ૨. | રાજકોટ વિભાગ : | | |
| ૦૧ | બાવા (ઢેડ) અથવા ઢેડ સાધુ | ૫૧૭૮ | ૨૩.૬૮ |
| ૦૨ | ભંગી અથવા રૂખી | ૪૮૩૯૯ | ૧૭.૦૭ |
| ૦૩ | ચામડીયા | ૨૯૮ | ૧૩.૪૨ |
| ૦૪ | ચમાર નાડીયા અથવા રોહિત | ૮૭૪૨૮ | ૧૪.૨૫ |
| ૦૫ | ડાંગસીયા | ૧૯૨૬ | ૨૦.૬૧ |
| ૦૬ | ગરોડા | ૭૫૯૧ | ૩૧.૭૨ |
| ૦૭ | ગરમાતંગ | ૮૯૯ | ૧૬.૮૦ |
| ૦૮ | હાડી | ૯૨૧૫ | ૧૦.૫૩ |
| ૦૯ | મેઘવાળ | ૧૨૭૪૫૮ | ૧૨.૦૬ |
| ૧૦ | સેનવા | ૨૪૬૦ | ૭.૯૩ |
| ૧૧ | શેમાલીયા | ૪ | – |
| ૧૨ | થોરી | ૧૬૭ | ૧૧.૩૮ |
| ૧૩ | તુરી | ૧૧૮૯૯ | ૩૪.૫૬ |
| ૧૪ | તુરી બારોટ અથવા ઢેડ બારોટ | ૨૫૦૮ | ૨૪.૨૦ |
| ૧૫ | વણકર, ઢેડ અથવા અંત્યજ | ૨૩૯૯૧૭ | ૧૭.૯૮ |
| ૩. | કચ્છ જિલ્લામાં[X] : | | |
| ૦૧ | ભંગી | ૦૨ | ચમાર |
| ૦૩ | ગરોડા | ૦૪ | મેઘવાળ |
| ૦૫ | તુરી | ૦૬ | તુરી બારોટ |

X આ જાતિઓની સંખ્યાનો સમાવેશ ઉપર્યુકત સંખ્યામાં થઇ જાય છે.

પ્રસ્તુત અહેવાલ ૧૯૮૪–૮૫ ના સર્વેક્ષણ પરથી આપવામાં આવ્યો છે.

પસંદ થયેલ મુખ્ય છ શહેરોની માહિતી કોઠા – ૨:૩: માં દર્શાવવામાં આવી છે અને પસંદ થયેલ શહેરોની યાદી પરિશિષ્ટ–૬ માં આપવામાં આવી છે.

કોઠો – ૨:૩:

પસંદ થયેલ શહેર અને તેની અનુસૂચિત જાતિની વસતિ (૧૯૭૧)

| ક્રમ | શહેરનું નામ | અનુસૂચિત જાતિની વસતિ |
|---|---|---|
| ૦૧ | અમદાવાદ (કેન્ટોનમેન્ટ) | ૧૧૨૩ |
| ૦૨ | અમદાવાદ | ૧૮૬૬૭૧ |
| ૦૩ | જામનગર | ૧૦૪૯૦ |
| ૦૪ | રાજકોટ | ૧૨૪૪૭ |
| ૦૫ | વડોદરા | ૨૨૫૫૪ |
| ૦૬ | સુરત | ૨૬૬૮૭ |
| | | ૨૫૪૯૭૨ |

છઠ્ઠી પંચવર્ષીય યોજના દ્વારા ૧૯૮૦–૮૧ થી ૧૯૮૪–૮૫ ના પાંચ વર્ષોમાં અંગભૂત યોજનામાં ૧૪૧૧ ગામો પસંદ થયેલા હતાં. ૧૯૮૦–૮૧ થી ૧૯૮૩–૮૪ ના ચાર વર્ષોમાં ગ્રામ્ય વિસ્તારોનું સર્વેક્ષણ કરી અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. ચાલુ સાલે ગુજરાત રાજ્યની છ મહાનગરપાલિકાનું સર્વેક્ષણ કરી પ્રસ્તુત અહેવાલ તૈયાર કર્યો છે. આમ ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં વસવાટ કરતાં અનુસૂચિત જાતિના કુટુંબોમાં શું શું સામ્ય અને વિવિધતા છે તેમજ આર્થિક, સામાજિક અને શિક્ષણ અંગેની શું સ્થિતિ છે તે બધાનો ખ્યાલ આવી શકે



તે માટે ૧૯૮૦–૮૧ થી ૧૯૮૩–૮૪ ના અહેવાલની સમીક્ષા આપી છે: અનુસૂચિત જાતિના પ્રશ્નો અને આયોજન માટે આ સમીક્ષા જરૂર ઉપયોગી થશે એવું લાગે છે.

૧૯૮૦–૮૧ ના કોમ્પોનન્ટ પ્લાનના ગામોના સર્વેક્ષણના નિષ્કર્ષો:

૧૯૮૦–૮૧ ના વર્ષમાં ૨૮૫ ગામોની મોજણી કરવામાં આવી હતી. આ ૨૮૫ ગામોમાં કુલ ૩૬૦૬૪ કુટુંબોને આવરી લીધા હતા. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુલ કુટુંબોની સભ્ય સંખ્યા ૧,૪૮,૪૧૨ ની હતી. જેમાંથી ૭૭,૨૨૫ પુરૂષો અને ૭૧,૧૮૭ સ્ત્રીઓ હતી. તપાસેલ કુટુંબોમાં સૌથી વધુ વસ્તી વણકરોની અને ત્યાર બાદ ચમાર, ભંગી, ગરોડા તથા મેઘવાળની હતી.

તપાસેલ કુટુંબોમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૩૯ ટકા જેટલું હતું. પુરૂષોમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૫૨ ટકા અને સ્ત્રીઓમાં ૨૪ ટકા જેટલું હતું. તપાસેલ કુલ વસતિમાંથી ૩૧ ટકા ખેતી તથા ખેત–મજૂરીમાં ૩૪ ટકા અન્ય મજૂરી કામમાં, ૧૯ ટકા નોકરીમાં, ૧૬ ટકા વંશપરંપરાગત ધંધાઓમાં અને ૦.૧૪ ટકા આધુનિક વ્યવસાયોમાં હતાં.

તપાસેલ કુલ ૩૬,૦૬૪ કુટુંબોમાંથી ૨૩,૧૨૫ કુટુંબો પાસે રહેવા માટે પોતાનું ઘર હતું. તેમ છતાં તપાસમાંથી ૩૩,૭૧૩ કુટુંબોએ રહેઠાણની માંગણી કરી હતી. શિક્ષણ વિષયક માહિતી તપાસીએ તો તપાસેલ ગામોમાંથી ૬ થી ૨૧ વર્ષની વયના કુલ ૧૯,૫૨૪ છોકરા–છોકરીઓ વિવિધ કારણોસર ભણતા ન હતા અથવા ભણવાનું છોડી દીધું હતું. આ ઉપરાંત આ ગામોમાં અભ્યાસ કરતા કુલ ૧૨,૪૧૦ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ–નો લાભ મળ્યો નહોતો.

આરોગ્ય વિષયક માહિતી તપાસતાં જાણવા મળ્યું હતું કે કુલ ૫૫૩૩ બાળકોને શીતળાની રસી મૂકાઇ નહોતી, ૧૬,૮૪૫ બાળકોને પોલિયોની રસી મૂકાઇ નહોતી તથા ૧૪૮૦૩ બાળકો ત્રિગુણી રસી મૂક્યા વિનાના હતા. તપાસેલ કુટુંબોના ૧,૭૭૭ વ્યક્તિઓ ગંભીર બીમારીથી પીડાતા હતા. ૧૩૩૩ વ્યક્તિઓ

ખોડ-ખાંપણવાળી હતી. જેમાંથી ૩૭૨ વ્યક્તિઓએ સાધનો માટે તથા ૫૩૪ વ્યક્તિઓએ નાણાંકીય જરૂરિયાત માટે માંગણી કરી હતી.

પરંપરાગત ધંધા-ઉદ્યોગમાં ઓછા રોકાયેલા હતા. કાચો-માલ તેમજ સાધનોના અભાવે સારી રીતે ધંધો કરી શકતા નહોતા. કુલ ૪૪૮૬ વ્યક્તિઓ વંશ પરંપરાગત ધંધાના વિકાસ માટે ૮૨૫ વ્યક્તિઓએ કાચો માલ અને ખેતપેદાશ પર આધારિત ઉદ્યોગો અંગે જરૂરિયાતો દર્શાવતી હતી. ૫૭૩૨ વ્યક્તિઓએ બન્ને ધંધો કરી શકે તે માટે તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. ૬૩૪૨ વ્યક્તિઓએ પોતાના કુટુંબના જીવનનિર્વાહ માટે રીક્ષા, ટેમ્પો, બળદગાડું, હાથલારીની જરૂરિયાત દર્શાવી હતી.

તપાસેલ ગામોમાંથી કુલ ૧૦૦ ટકા જમીન અંગેની તકરારના કિસ્સા જાણવા મળ્યાં હતાં. જમીન સુધારણા તેમજ ખેતવિષયક જરૂરિયાતો દર્શાવનારની સંખ્યા ૪૬૧૩ ની હતી. જ્યારે પશુ-પાલનના ધંધા માટે ૧૫૨૪૨ કુટુંબોએ ઢોરની જરૂરિયાત દર્શાવી હતી. એકંદરે તપાસેલ કુટુંબોની આર્થિક સ્થિતિ સારી નહોતી.

## ૧૯૮૧-૮૨ ના વર્ષમાં કોમ્પોનન્ટ પ્લાનના ગામોના સર્વેક્ષણના નિષ્કર્ષો :

૧૯૮૧-૮૨ ના વર્ષમાં જે ૩૧૬ ગામોની તપાસ કરવામાં આવી છે તેમાં કુલ ૩૪૧૧૮ કુટુંબોને આવરી લીધાં હતાં.

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુલ ૩૪૧૧૮ કુટુંબોની સભ્ય સંખ્યા ૧૬૦૨૯૩ ની હતી જેમાંથી ૮૩,૧૬૧ પુરૂષો અને ૭૭,૧૩૨ સ્ત્રીઓ હતી. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું કુટુંબકદ ૪.૭૦ નું હતું.

### શિક્ષણ :

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૩૧૬ ગામોમાં અનુસૂચિત જાતિના લોકોની કુલ ૧,૬૦,૨૯૩ ની વસ્તીમાંથી ૯૦,૦૨૫ વ્યક્તિઓ



એટલે કે (એમની કુલ વસ્તીના ૫૬.૧૬ ટકા) અભણ હતી. જ્યારે ૭૦,૨૫૮ વ્યક્તિઓ (એટલે કે ૪૩.૮૪ ટકા) ભણેલી હતી. પુરૂષોમાં ૪૯.૩૧ ટકા અભણ અને સ્ત્રીઓમાં ૬૮.૯૪ ટકા અભણ હતા.

અક્ષરજ્ઞાન ધરાવતી કુલ વ્યક્તિઓમાંથી ૬૯ ટકા પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ, ૧૬.૩૫ ટકા માધ્યમિક કક્ષા સુધીનું ૧૦.૭૭ ટકા મેટ્રિક થયેલા અને ૨.૭૮ ટકા સ્નાતક થયેલા હતા. જ્યારે અનુસ્નાતક અને ટેકનીકલ શિક્ષણ ધરાવનારનું પ્રમાણ ૧ ટકાથી પણ ઓછું હતું.

તપાસ સમયે ૭ થી ૧૪ વર્ષના ૩૪,૫૭૧ કુલ બાળકોમાંથી ૮૨૦૯ (૨૩.૭૪ ટકા) શાળાએ જતાં ન હતાં. શાળાએ ન જવા અંગેના કારણો અંગે પૂછતાં એવું જાણવા મળ્યું કે ૭૦.૩૪ ટકા નબળી આર્થિક સ્થિતિને લીધે ૫.૧૨ ટકા મા-બાપને ધંધામાં મદદ કરવા ૪.૫૩ ટકા મા-બાપ મજૂરી પર જતાં ઘરમાં નાના ભાઇ-બહેનોની સંભાળ રાખવા તેમજ ૧.૭૯ ટકા ખેતીના કામમાં મદદ કરવા રોકાવાના લીધે અને ૦.૮૮ ટકા ઢોર ચરાવવામાં રોકાવાને લીધે ભણી શકતાં નથી. ૮.૩૧ ટકા બાળકોનું ભણવાનું કારણ તેમને ભણવામાં રસ નથી તેથી તેમનાં મા-બાપ તેમને ભણવા મોકલતાં નથી, જ્યારે ૪.૮૬ ટકા બાળકોનું ભણવાનું કારણ તેમના માત-પિતા છે, તેમજ ૧૯ બાળકો અસ્પૃશ્યતાને કારણે ભણવા જતાં નહોતાં.

### આર્થિક સ્થિતિ :

સર્વેક્ષણ નીચે આવરી લીધેલાં કુટુંબોમાંથી ૫૯ ટકા લોકો મજૂરી કરતા હતા, એટલે કે એમનો મુખ્ય વ્યવસાય મજૂરી કહી શકાય, ૧૧ ટકા કુટુંબો ખેતી કરતા હતાં, જ્યારે વંશપરંપરાગત ધંધો કરતા માત્ર ૧૨ ટકા કુટુંબો હતાં. નોકરી કરતાં કુટુંબોની સંખ્યા ૧૬ ટકા હતી, વેપાર ધંધામાં ૧.૨૦ ટકા લોકો રોકાયેલા હતા. આધુનિક પ્રકારના વ્યવસાયોમાં માત્ર ૦.૧૪ ટકા કુટુંબો હતાં. જ્યારે ભિક્ષાવૃત્તિ અને સફાઇકામની ટકાવારી

નહિવત હતી. ટૂંકમાં આ લોકોને એક વ્યવસાયમાંથી પોતાનુ જીવન ગુજરાન ચલાવી શકાય તેમ ન હોવાથી તેમને અનેક પ્રકારના ધંધા રોજગારમાં જોડાવુ પડે છે. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની આર્થિક સ્થિતિ સારી જોવા મળી નહોતી. કુલ ૩૪૧૧૮ કુટુંબોમાંથી ૨૨૯૫૪ (૬૭.૨૮ ટકા) ની વાર્ષિક આવક ૨૪૦૦ સુધીની હતી, તે જ રીતે ૫૩૮૬ કુટુંબ (૧૫.૭૮ ટકા) ની વાર્ષિક આવક રૂ.૨૪૦૧ થી ૩૬૦૦, ૨૭૯૬ (૮.૨૦ ટકા) કુટુંબની આવક ૩૬૦૧ થી ૪૮૦૦ સુધી, ૨૩૩૯ (૬.૮૬ ટકા) કુટુંબોની આવક રૂ.૪૮૦૧ થી ૭૨૦૦ સુધી, જ્યારે ૬૪૩ (૧.૮૮ ટકા) કુટુંબોની આવક રૂ.૭૨૦૧ થી ઉપરની હતી. કુલ કુટુંબોમાંથી ૯૦ ટકા વ્યક્તિઓને માથાદીઠ માસિક આવક રૂ.૬૦ થી ઓછી હતી. મતલબ કે તેઓ ગરીબી રેખાની નીચે જીવન વ્યતીત કરતાં હતાં.

સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી ચમાર, ભંગી, ગરોડા, સેનવા, તુરી, બાવા વગેરે જાતિનાં કુટુંબોની સ્થિતિ ઘણી જ કપરી છે. આ જાતિઓનાં ૬૦ ટકાથી વધુ કુટુંબોની આવક રૂ.૨૪૦૦ થી ઓછી છે. માત્ર મેઘવાળ જાતિના ૫૮.૩ ટકા કુટુંબોની આવક રૂ.૭૨૦૦ થી વધુ જોવા મળી હતી.

વપરાશી ખર્ચ :

અનુસૂચિત જાતિનાં લોકોની આવક ઓછી હોવાથી, તેઓ ખૂબજ તકલીફથી રહે છે. બીજી રીતે કહીએ તો પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ પણ તેઓ વાપરી શકતા નથી. તપાસમાં આવરી લીધેલ કુટુંબની વાર્ષિક વપરાશી ખર્ચ નીચે પ્રમાણે હતી :

| ક્રમ. | ખર્ચ જૂથ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧: | રૂ. ૨૪૦૦ સુધી | ૧૬૮૯૦ | ૪૯.૫૦ |
| ૨: | રૂ. ૨૪૦૧ થી ૩૬૦૦ | ૮૬૯૬ | ૨૫.૪૯ |
| ૩: | રૂ. ૩૬૦૧ થી ૪૮૦૦ | ૪૪૩૪ | ૧૩.૦૦ |
| ૪: | રૂ. ૪૮૦૧ થી ૭૨૦૦ | ૨૯૮૮ | ૮.૭૬ |
| ૫: | રૂ. ૭૨૦૧ થી વધુ | ૧૧૧૦ | ૩.૨૫ |



ઉપરોક્ત આંકડાથી ખ્યાલ આવશે કે માથાદીઠ વાર્ષિક રૂ.૭૨૦ થી ઓછો વપરાશી ખર્ચ હોય તો ગરીબી રેખા નીચે સુધીનો ગણાય એ માપદંડ ધ્યાનમાં લઈએ તો કુલ કુટુંબોમાંથી ૭૫ ટકા કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં.

સર્વેક્ષણમાં આવરી લીધેલાં ૩૪૧૧૮ કુટુંબોમાંથી ૬૧૬૩ (૧૮.૦૬ ટકા) કુટુંબો દેવાદાર હતાં. કુલ ૬૧૬૩ દેવાદાર કુટુંબોમાંથી ૧૨૦૯ (૧૯.૬૨ ટકા) કુટુંબોને રૂ.૫૦૧ નુ દેવું હતું, ૧૪૧૬ કુટુંબોને (૨૨.૯૮ ટકા) કુટુંબોને રૂ.૫૦૧ થી ૧૦૦૦ સુધીનુ ૫૮૫ (૯.૪૯ ટકા) કુટુંબોને રૂ. ૧૦૦૧ થી ૧૫૦૦ સુધીનુ, ૧૧૭૭ (૧૯.૧૦ ટકા) કુટુંબોને ૧૫૦૧ થી ૨૫૦૦ સુધીનુ અને ૧૭૭૬ (૨૮.૮૧ ટકા) કુટુંબોને રૂ.૨૫૦૦ થી વધુ દેવું હતું. સૌથી વધારે દેવાદાર કુટુંબોની સંખ્યા ભાવનગર (૪૧.૯૬ ટકા) જિલ્લામાં હતી. જ્યારે સૌથી ઓછા દેવાદાર કુટુંબોની સંખ્યા જામનગર (૧.૬૭ ટકા) જિલ્લામાં હતી.

ઉપર્યુક્ત દેવું શાહુકાર અને વેપારીનુ હતું. દેવું કરવા પાછળ સામાજિક ખર્ચ અને નિભાવ ખર્ચ મુખ્ય હતાં. ઘણા કિસ્સાઓમાં હરિજન કુટુંબોએ જમીન ગીરો મૂકી હોય તેવું પણ જોવા મળ્યુ હતું. નબળી આર્થિક સ્થિતિને કારણ તેઓને દેવું કરવાની ફરજ વારંવાર પડે છે. તેઓ શાહુકાર વેપારીના દેવાના ચક્રમાંથી છૂટે તે માટે કંઈક ત્વરિત પગલાં લેવા પડે તેવી સ્થિતિ છે.

રહેઠાણ અને આરોગ્ય :

તપાસેલ ગામોમાં મોટાભાગના હરિજન કુટુંબો ગામના છેવાડે રહેતાં હતાં જ્યાં ગામના ઉકરડા, મળત્યાગની ખુલ્લી જગ્યા, ગટર નિકાલ વગેરેથી ઘરોની સ્થિતિ ઘણી જ ખરાબ જોવા મળી હતી. કેટલાંક ઘરોમાં ૧૦ થી ૧૫ સ્ત્રી પુરૂષ સભ્યો સાથે રહેતાં હોય તેવું પણ જોવા મળ્યુ હતું. ૩૪૧૧૮ કુટુંબોમાંથી ૨૬૩૮૦ કુટુંબોને પોતાની માલિકીનાં મકાન હતાં, ૭૭૩૮ કુટુંબો ભાડાના મકાનમાં રહેતાં હતાં.

અનુસૂચિત જાતિના કુટુંબના કુલ રહેઠાણના મકાનોમાંથી ૩૧૬૫૩ (૯૨.૪૮ ટકા) મકાનોમાં જાજરૂની સગવડ ન હતી. ૩૦૧૩૯ (૮૮.૩૩ ટકા) મકાનોમાં નાવણિયું ન હતું. ૨૪૦૦૫ (૭૦.૩૫ ટકા) મકાનોમાં વીજળીની સુવિધા ન હતી. ૨૯૩૮૦ (૮૬.૧૧ ટકા) મકાનોમાં પાણીના નળની સગવડ ન હતી. ૨૮૧૧૪ (૮૪.૧૬ ટકા) મકાનોમાં પાણીના નિકાલની વ્યવસ્થા ન હતી અને ૩૦૦૮૬ (૮૮.૧૭ ટકા) મકાનોમાં નિર્ધૂમ ચૂલાની વ્યવસ્થા ન હતી.

ઉપર્યુક્ત આંકડાકીય ચિત્રથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે અનુસૂચિત જાતિના સભ્યો માટે રહેઠાણ માટે ત્વરિત આયોજન ઘડવું પડે તેવી સ્થિતિ છે.

ઘરથાળનો પ્લોટ :

૩૪૧૧૮ કુટુંબોમાંથી માત્ર ૩૯૮૦ (૧૧.૬ ટકા) કુટુંબોને ઘરથાળનો પ્લોટ મળ્યો હતો. આમાંથી પણ ૨૭૪ કુટુંબોને ઘરથાળનો પ્લોટ અનુકૂળ ન હતો. તે માટેનાં વિવિધ કારણો જાણવા મળ્યાં જેમકે જમીન અપૂરતી હતી, પ્લોટની જગ્યા ગામથી ઘણે દૂર હતી, જમીન નિચાણવાળા વિસ્તારમાં હતી. કેટલીક વ્યક્તિઓ પાસેથી એવું પણ જાણવા મળ્યું કે પ્લોટ મળ્યો છે પરંતુ તે હજુ ઝઘડામાં છે, તેમજ ઘણી જગ્યાએ વગદાર માણસો દ્વારા પ્લોટ ખાલી કરાવવા માટે દબાણ કરતા હોય તેવા પણ દાખલા જોવા મળ્યા.

આરોગ્ય :

તપાસ દરમ્યાન કુલ ૩૭૧૧ વ્યક્તિઓ કોઇને કોઇ રોગથી પીડાતી હતી. આ રોગોમાં ૧૨૯૭ ક્ષયના રોગથી, ૧૮૯ કેન્સર, ૧૦૫૦ દમ, ૭૫ પાંડુ રોગ, ૨૦૫ રક્તપિત્ત, ૬૭ લકવા અને ૮૨૮ અન્ય મહારોગથી પીડાતા હતા.

ઉપર્યુક્ત દર્દીઓને સમાજ કલ્યાણ ખાતા તરફથી આર્થિક સહાય આપવામાં આવે છે જેનો લાભ માત્ર ૩૨૪ વ્યક્તિઓને



રૂ. ૮૫૪૩ નો મળ્યો હતો. આ લાભ વ્યક્તિદીઠ રૂ. ૨૪ નો થાય છે. સગર્ભા માતાઓ અને છ વર્ષના નીચેના બાળકોને માટે જે પોષક આહારની યોજના ચાલે છે તેનો લાભ ૧૧૬૨ વ્યક્તિઓને મળ્યો હતો.

ખોડખાંપણ :

કુલ વ્યક્તિઓમાંથી ૧૮૫૩ વ્યક્તિઓને કોઇને કોઇ પ્રકારની ખોડખાંપણ હતી. આમાં સૌથી વધુ સંખ્યા લૂલા, બહેરા, આંધળા અને બાળલકવાની હતી. કુલ ૧૮૫૩ ખોડખાંપણવાળી વ્યક્તિઓમાંથી ૫૯૩ તો ૧ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો હતા.

આર્થિક, સામાજિક, શિક્ષણ અને આરોગ્ય વિષયક જરૂરિયાત :

(૧) વંશપરંપરાગત ધંધાની જરૂરિયાત :

તપાસમાં આવરી લીધેલ ૩૧૬ ગામોમાંથી ૯૧૮૮ વ્યક્તિઓએ તેમના વંશપરંપરાગત ધંધાના વિકાસ માટે વિવિધ પ્રકારની જરૂરિયાતો દર્શાવી હતી. જેમાં નાણાંકીય સહાય, કાચો માલ, સાધનો, તાલીમ અને ધંધા માટે તાંત્રિક માર્ગદર્શન અને વેચાણ માટે મદદની જરૂરિયાતનો સમાવેશ થાય છે.

(૨) ખેતીના વિકાસ અંગેની જરૂરિયાતો : (જમીન-કૂવા) :

તપાસમાં આવરી લીધેલાં કુલ કુટુંબોમાંથી ૬.૪૪ ટકા કુટુંબો થોડા વત્તા પ્રમાણમાં જમીન ધરાવતાં હતાં. કુલ ૩૪૧૧૮ કુટુંબોમાંથી ૧૮૫૬૯ કુટુંબોએ ખેતી માટેની જમીનની જરૂરિયાત દર્શાવી હતી. જેમની પાસે હાલ જમીન છે તેમાંથી ૧૧૨૭ કુટુંબોએ ક્યારી બનાવવા, ૨૧૩૮ કુટુંબોએ પાળા બાંધકામ કરવા, ૨૯૦૫ કુટુંબો જમીન સમતળ કરવા અને ૮૧૨ કુટુંબોએ વાડ કરવા માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી. ૩૬૫૬ કુટુંબોએ ખેતીમાં પિયત માટે નવા કૂવાની જરૂરિયાત દર્શાવી હતી. જ્યારે ૧૧૭૮ કુટુંબોએ જૂના કૂવાના સમારકામ માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી.

**(.૩) ખેતીના સાધનો, શાકભાજી વાવેતર અને ફળાઉ ઝાડની વિગત:**

તપાસમાં આવરી લીધેલા ગામોમાંથી ૪૫૩૬ કુટુંબોએ હળની, ૩૬૨૨ કુટુંબોએ રાંપની, ૩૪૭૨ કુટુંબોએ રાંપડીની, ૩૩૪૩ કુટુંબોએ સમારની, ૪૨૧૯ કુટુંબોએ ગાડાની, ૩૨૯૫ કુટુંબોએ વાવણિયાની, ૩૧૭૬ કુટુંબોએ લોખંડના હળની, ૨૬૪૦ કુટુંબોએ ઉપણવાના પંખાની, ૨૫૫૬ કુટુંબોએ મોયની અને ૨૦૦૨ કુટુંબોએ અન્ય નાના મોટા ખેતીના સાધનોની જરૂરિયાત દર્શાવી હતી. ૬૨૭૯ કુટુંબોએ ખેતીનું ઉત્પાદન વધે એ માટે સુધરેલ બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ છાંટવાના સાધનોની જરૂરિયાત દર્શાવી હતી.

તપાસેલ કુટુંબોમાંથી ૩૩૯૮ કુટુંબોએ શાકભાજીનું વાવેતર કરવાની, ૯૨૧ કુટુંબોએ વાંસ ઉગાડવાની અને ૩૧૦૫ કુટુંબોએ ફળાઉ ઝાડના વાવેતરની જરૂરિયાત દર્શાવી હતી.

**(.૪) પશુપાલન :**

આવકના સાધન તરીકે અથવા તો આવકની વૃદ્ધિ માટે કોઇ ઢોરની જરૂર હોય તેના અનુસંધાને તપાસેલ ૩૪૧૧૮ કુટુંબોમાંથી ૧૮૫૫૮ કુટુંબોએ વિવિધ પ્રકારની મળી કુલ ૩૧૧૪૧ ઢોરની જરૂરિયાતો દર્શાવી હતી. જેમાં ભેંસ અને ગાયની જરૂરિયાતની સંખ્યા વિશેષ હતી.

**(.૫) પરિવહનનાં સાધનોની તેમજ સ્વરોજગાર માટે તાલીમની જરૂરિયાત :**

આવકમાં વૃદ્ધિ માટે તપાસ દરમ્યાન આ બધાં ગામોમાંથી પરિવહનનાં સાધનોમાં ૧૨૯૬ વ્યકિતઓએ ઉંટલારી, અને ૧૮૩૯ વ્યકિતઓએ હાથલારીની જરૂરિયાત દર્શાવી હતી.

આ સિવાય અનુસૂચિત જાતિના સભ્યોએ વંશપરંપરાગત ધંધા સિવાય આધુનિક વ્યવસાયમાં જોડાવવા કેટલાક નાના પાયાના ધંધા-રોજગારની જરૂરિયાત દર્શાવી હતી. જેમાં ૮૮૩ વ્યકિતઓએ દળવાની ઘંટી, ૧૧૨૨ વ્યકિતઓએ સાયકલ રીપેરીંગ



દુકાન, ૧૫૩૭ વ્યકિતઓએ હાથશાળ (પાવરલુમ) ની જરૂરિયાત દર્શાવી છે.

જ્યારે કેટલીક વ્યકિતઓએ આધુનિક વ્યવસાયમાં જોડાવા માટેની તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. તેમાં ૨૩૧૦ વ્યકિતઓએ સિવણકામની, ૧૫૬ વ્યકિતઓએ ઘડિયાળ રીપેરીંગ, ૧૮૨ વ્યકિતઓએ રેડિયો રીપેરીંગ, ૩૦૬ વ્યકિતઓએ મોટો રીપેરીંગ, ૨૬૩ વ્યકિતઓએ સુથારીકામ, ૩૬૯ વ્યકિતઓએ કડિયાકામ, ૧૩૧ વ્યકિતઓએ હીરા ઘસવાની તાલીમની ઇચ્છા દર્શાવી હતી.

**(.૬) રહેઠાણ અંગેની જરૂરિયાત :**

તપાસ દરમ્યાન જણાયું હતું કે કુલ કુટુંબોમાંથી ૨૩૬૭૦ કુટુંબોને નવા મકાનની, ૧૮૯૦૩ કુટુંબોએ મકાન સમારકામ માટે નાણાંકીય સહાયની, ૧૨૪૮૧ એ ઘરથાળના પ્લોટ માટે અને ૨૮૬૩૭ કુટુંબોએ નિર્ધૂમ ચૂલાની જરૂરિયાત દર્શાવી હતી. આમાં એક કુટુંબને એકથી વધારે પણ જરૂરિયાત છે.

**(.૭) ખોડખાંપણ અંગેની જરૂરિયાત :**

તપાસમાં આવરી લીધેલ કુલ વ્યકિતઓમાંથી ખોડ-ખાંપણવાળી વ્યકિતઓએ જુદી જુદી જરૂરિયાતો દર્શાવી છે. જેમાં ૨૭૧ વ્યકિતઓએ સાધનોની, ૧૮૮૪ વ્યકિતઓએ નાણાંકીય મદદની, ૨૬૪ વ્યકિતઓએ યોગ્ય સારવારની અને ૯૦ ખોડખાંપણ-વાળી વ્યકિતઓએ વ્યવસાયિક તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. ૫૩૭૬ વ્યકિતઓએ આરોગ્ય માટે સારવારની તેમજ ૫૨૭૩ વ્યકિત-ઓએ દવા માટે આર્થિક મદદની જરૂરિયાત દર્શાવી હતી.

**અનુસૂચિત જાતિના વસવાટવાળા ફળિયામાં પાયાની સુવિધાઓ :**

તપાસમાં આવરી લીધેલ ૩૧૬ ગામોમાં કુલ ૭૩૪ ફળિયા હતાં. આ ફળિયામાં હાલ કઇ કઇ સુવિધાઓ હતી તે અંગે જે માહિતી મળી તે આ પ્રમાણે છે :

(૧) <u>શિક્ષણ</u> : ૭૩૪ ફળિયામાંથી ૮૫ ફળિયામાં બાલવાડી, ૧૨૭ ફળિયામાં પ્રાથમિક શાળાનો વર્ગ, ૨૯ ફળિયામાં પ્રૌઢ શિક્ષણનો વર્ગ તેમજ માત્ર ૨ ફળિયામાં કિસાનવર્ગ ચાલતા હતા.

વાસથી પ્રાથમિક શાળાએ જવાના રસ્તા બાબતે એવુ જાણવા મળયુ કે ૭૩૪ ફળિયામાંથી ૩૪૩ ફળિયાથી પ્રાથમિક શાળાનો રસ્તો ખરાબ હતો. જયારે ૪૩૧ ફળિયામાંથી શાળા જવાના રસ્તામાં ચોમાસામાં બહુ જ પાણી ભરાઇ જતુ હતુ. ૯૬ ફળિયાથી પ્રાથમિક શાળાએ જવા માટે નદી કે વહેરો ઓળગવો પડતો હતો.

(૨) <u>પીવાનુ પાણી</u> : ૭૩૪ ફળિયામાંથી ૫૭ ફળિયામાં વસતા લોકોના મકાનમાં નળ હતો. જયારે ૨૫૦ વાસના લોકો ગ્રામ પચાયતના નળેથી, ૧૫૫ વાસના લોકો વાસમાં ગોઠવેલ હેન્ડ પપથી, ૨૩૨ વાસના લોકો કૂવા પરથી પાણી ખેચી લાવતા હતા. જયારે ૧૬ વાસવાળા તળાવ અને ૨૭ વાસવાળા પીવાના પાણી માટે નદીનો ઉપયોગ કરતા હતા.

૫૬૪ ફળિયાવાળાને પીવાનુ પાણી પૂરતા પ્રમાણમાં મળી રહેતુ હતુ. બાકીના ફળિયાવાળાઓ પૂરતુ પાણી ન મળવાથી કૂવો અને ડેમના પાણીનો ઉપયોગ કરતા હતા. ૪ કુટુબોએ એવુ જણાવેલ કે અસ્પૃશ્યતાને કારણે કૂવા પરથી પાણી ભરવા દેતા નથી.

કુલ ૭૩૪ ફળિયામાંથી ૪૭૯ ફળિયામાં જાહેર પાણી પૂરવઠાની વ્યવસ્થા હતી. જેમાંથી ૩૭૪ ફળિયાને તેનુ જોડાણ આપવામાં આવ્યુ હતુ.

(૩) <u>વીજળી તથા અન્ય સવલતો</u> : ૭૩૪ ફળિયામાંથી ૫૪૯ વાસમાં વીજળીની સગવડ હતી. ૭૩૪ ફળિયામાંથી ૬૮૭ મહોલ્લાના રહેવાસીઓએ જણાવેલ કે જુદા જુદા ખાતાના સરકારી કર્મચારીઓ ફળિયાની મુલાકાત લે છે. ૭૩૪ ફળિયામાંથી ૧૪ ફળિયામાં પ્રવેશ આગળ પગથિયા હતા અને ૨૯ ફળિયાના રસ્તાઓ ઈંટ પથ્થરથી પૂરેલા હતા. બાકીના રસ્તાઓમાં માટી હતી. જેને કારણે ચોમાસામાં કાદવ થતો હતો. ૭૩૪ ફળિયામાંથી માત્ર ૯૨



ફળિયામાં ગદા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા હતી. ૧૦૮ ફળિયામાં ખુલ્લી ગટર અને ભૂગર્ભ ગટર હતી.

૭૩૪ ફળિયામાંથી ૧૬૫ ફળિયાને ગામમાં જવાનો રસ્તો સારો, ૧૮૯ ફળિયાનો રસ્તો ખરાબ, ૩૩૮ ફળિયાનો રસ્તો કાચો અને ૩૩ ફળિયાનો રસ્તો પાકો હતો.

૭૩૪ ફળિયામાંથી માત્ર ૩૪ ફળિયામાં જાજરૂની સગવડ હતી: ૭૦૦ ફળિયામાં વસવાટ કરનારા લોકો બહાર ખુલ્લામાં જાજરૂ માટે જતા હતા.

૭૩૪ ફળિયામાંથી ૩૬૪ ફળિયાની પાસે ગામના ઉકરડા હતા, તો કેટલાંક ફળિયા ગામ લોકોને જાજરૂ જવાની જાહેર જગ્યાઓ પાસે હતા.

આમ સ્પષ્ટ રીતે જણાય આવશે કે અનુસૂચિત જાતિના લોકો પાયાની અને સામાન્ય સુવિધાઓથી પણ વંચિત છે અને તેથી આ અંગે સત્વરે પગલા લઇ તેઓની મુશ્કેલી દૂર કરવા માટે ઘટતુ કરવુ જોઇએ. તેઓ કેટલી બધી મુશ્કેલીઓથી પીડાય છે, તે ઉપર્યુકત હકીકતોથી જાણી શકાય છે.

**૧૯૮૨-૮૩ ના વર્ષમાં સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ આવરી લીધેલ ૪૧૩ ગામોના નિષ્કર્ષો :**

૧૯૮૨-૮૩ ના વર્ષમાં જે ૪૧૩ ગામોની તપાસ કરવામાં આવી છે તેમાં કુલ ૪૯૧૫૪ કુટુંબોને આવરી લીધા હતાં. જિલ્લા-વાર કુટુંબોની સંખ્યા નીચે પ્રમાણે હતી :

| ક્રમ | જિલ્લા | કુટુંબ સંખ્યા |
|---|---|---|
| ૦૧ | ખેડા | ૬૬૧૪ |
| ૦૨ | અમદાવાદ | ૫૨૭૧ |
| ૦૩ | મહેસાણા | ૬૧૩૭ |
| ૦૪ | સાબરકાંઠા | ૩૫૨૮ |
| ૦૫ | જૂનાગઢ | ૩૬૨૧ |
| ૦૬ | બનાસકાંઠા | ૪૦૩૭ |
| ૦૭ | સુરેન્દ્રનગર | ૪૨૩૮ |
| ૦૮ | વડોદરા | ૧૮૦૮ |
| ૦૯ | અમરેલી | ૧૩૫૭ |
| ૧૦ | પંચમહાલ | ૧૪૩૦ |
| ૧૧ | કચ્છ | ૨૫૫૭ |
| ૧૨ | રાજકોટ | ૨૪૮૮ |
| ૧૩ | જામનગર | ૮૦૧ |
| ૧૪ | ભાવનગર | ૨૦૬૨ |
| ૧૫ | ભરૂચ | ૧૩૬૮ |
| ૧૬ | સુરત | ૭૫૮ |
| ૧૭ | ગાંધીનગર | ૬૪૨ |
| ૧૮ | વલસાડ | ૪૩૭ |
| | કુલ ..... | ૪૯૧૫૪ |

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુલ ૪૯૧૫૪ કુટુંબોની સભ્યસંખ્યા ૨,૩૨,૫૬૮ ની હતી. જેમાંથી ૧,૨૦,૧૭૨ પુરૂષો અને ૧,૧૨,૩૯૬ સ્ત્રીઓ હતી. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું કુટુંબકદ ૪.૭૩ નું હતું.



**શિક્ષણ :**

શિક્ષણમાં આવરી લીધેલ ૪૧૩ ગામોમાં અનુસૂચિત જાતિના લોકોની કુલ ૨,૩૨,૫૬૮ ની વસ્તીમાંથી ૧,૨૯,૬૫૭ વ્યક્તિઓ એટલે કે (કુલ વસ્તીના ૫૫.૭૫ ટકા) અભણ હતી. જ્યારે ૧,૦૨,૯૧૧ વ્યક્તિઓ (એટલે કે ૪૪.૨૫ ટકા) ભણેલી હતી. પુરૂષોમાં ૪૪.૩૭ ટકા અભણ અને સ્ત્રીઓમાં ૬૭.૯૧ ટકા અભણ હતાં.

અક્ષરજ્ઞાન ધરાવતી કુલ વ્યક્તિઓમાંથી ૬૮.૭૩ ટકા પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ, ૧૬.૧૯ ટકા માધ્યમિક કક્ષા સુધીનું ૧૦.૪૦ ટકા મેટ્રિક થયેલા અને ૨.૯૪ ટકા સ્નાતક થયેલા હતા; જ્યારે અનુસ્નાતક અને ટેકનીકલ શિક્ષણ ધરાવનારનું પ્રમાણ ૧.૭૪ ટકા જેટલું હતું.

તપાસ સમયે ૭ થી ૧૪ વર્ષના ૫૦,૮૪૩ કુલ બાળકોમાંથી ૧૦,૫૫૧ (૨૦.૭૫ ટકા) શાળાએ જતાં ન હતાં. શાળાએ ન જવા અંગેના કારણો અંગે પૂછતાં એવું જાણવા મળ્યું કે ૭૫.૦૦ ટકા નબળી આર્થિક સ્થિતિને લીધે, ૫.૦૦ ટકા મા-બાપને ધંધામાં મદદ કરવા, ૫.૦૦ ટકા મા-બાપ મજૂરી પર જતાં ઘરમાં નાના ભાઇ-બહેનોની સંભાળ રાખવા, ૧૦.૦૦ ટકા બાળકોનું ન ભણવાનું કારણ તેમને ભણવામાં રસ નથી તેથી તેમના મા-બાપ તેમને ભણવા મોકલતાં નથી; જ્યારે ૫.૦૦ ટકા બાળકોને પોતાના માતા-પિતા ભણવા મોકલતા નથી. તેમજ ૫ બાળકો અસ્પૃશ્યતાને કારણે ભણવા જતા ન હતાં.

**આર્થિક સ્થિતિ :**

સર્વેક્ષણ નીચે આવરી લીધેલા કુટુંબોમાંથી ૩૬.૮૦ ટકા લોકો મજૂરી કરતાં હતાં. એટલે કે એમનો મુખ્ય વ્યવસાય મજૂરી કહી શકાય. ૬.૦૯ ટકા કુટુંબો ખેતી કરતાં હતાં. જ્યારે વંશપરંપરાગત ધંધો કરતાં માત્ર ૫.૪૮ ટકા કુટુંબો હતાં. નોકરી કરતાં કુટુંબોની સંખ્યા ૨૦.૪૨ ટકા હતી. વેપાર ધંધામાં ૧.૧૩ ટકા લોકો રોકાયેલા હતા. અન્ય પ્રકારના વ્યવસાયોમાં ૪.૨૯ ટકા કુટુંબો હતાં. જ્યારે સફાઇકામની ટકાવારી નહિવત હતી. ટૂંકમાં લોકોને

એક વ્યવસાયમાંથી પોતાનું જીવન ગુજરાન ચલાવી શકાય તેમ ન હોવાથી તેમને અનેક પ્રકારના ધંધા રોજગારમાં જોડાવું પડે છે. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની આર્થિક સ્થિતિ સારી જોવા મળી ન હતી. કુલ ૪૯૧૫૪ કુટુંબોમાંથી ૩૦૧૬૭ (૬૧.૩૭ ટકા) ની વાર્ષિક આવક ૨૪૦૦ સુધીની હતી. તે જ રીતે ૮૬૩૯ કુટુંબ (૧૭.૫૭ ટકા) ની વાર્ષિક આવક રૂ.૨૪૦૧ થી ૩૬૦૦, ૪૮૯૨ (૯.૯૬ ટકા) કુટુંબોની આવક રૂ. ૩૬૦૧ થી ૪૮૦૦ સુધી, ૩૯૧૬ (૭.૯૭ ટકા) કુટુંબોની આવક રૂ. ૪૮૦૧ થી ૭૨૦૦ સુધી, જ્યારે ૧૫૪૦ (૩.૧૩ ટકા) કુટુંબોના આવક રૂ.૭૨૦૧ થી ઉપરની હતી. મતલબ કે તેઓ ગરીબી રેખાની નીચે જીવન વ્યતીત કરતાં હતાં. સર્વેક્ષણ કરેલ કુટુંબના કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ.૩૧૨૧ હતી. આમ માથાદીઠ વાર્ષિક આવક રૂ.૬૫૯ અને માથાદીઠ માસિક આવક રૂ.૫૫ ની હતી. ૧૯૮૦-૮૧ ના ભાવે ગુજરાત રાજ્યમાં માથાદીઠ આવક રૂ.૧૮૯૬ ની હતી. જ્યારે ભારતમાં માથાદીઠ આવક રૂ.૧૫૩૭ ની હતી.

સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી ચમાર, ગરોડા, સેનવા, તુરી, બાવા વગેરે જાતિના કુટુંબોની સ્થિતિ ઘણી જ કપરી છે. આ જાતિઓનાં ૬૦ ટકા થી વધુ કુટુંબોની આવક રૂા.૨૪૦૦ જેટલી હતી.

જમીનધારણ :
---------

સર્વેક્ષણમાં આવરી લીધેલા કુટુંબોમાંથી કેટલાક કુટુંબો જમીન ધરાવતાં હતાં. પરંતુ તેમની પાસે જે કંઇ જમીન હતી તેની ઉપજ-માંથી આખું વર્ષ નિભાવ થઇ શકે એમ નહોતો. તેઓ પાસે જમીન હતી તે મોટેભાગે બિનફળદ્રુપ હતી. કેટલાકને ભૂમિદાનમાં મળેલી પડતર અને ખરાબાની જમીન હતી. ખેતીના ઓછા સાધનો અને સિંચાઇની નહિવત સગવડને લીધે જમીનમાંથી ખાસ મેળવી શકાતું નહોતું. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુલ ૪૯૧૫૪ કુટુંબમાંથી ૫૯૬૧ એટલે કે કુલ કુટુંબના ૧૨.૧૩ ટકા જમીન ધરાવતાં હતાં. જમીન ધરાવનાર કુલ કુટુંબોમાંથી અનુક્રમે ૧૬૧૧ કુટુંબો (૨૭.૦૨ ટકા) ૧ એકર સુધી, ૧૩૮૮ (૨૩.૨૯ ટકા) ૧ એકરથી ૨ એકર સુધી,



૧૨૭૯ (૨૧.૪૬ ટકા) ૨ એકરથી ૪ એકર સુધી, ૭૧૧ (૧૧.૯૩-ટકા) ૪ એકરથી ૬ એકર સુધી, ૨૮૪ (૯.૭૬ ટકા) ૬ એકરથી ૮ એકર, ૨૪૮ (૪.૧૬ ટકા) ૮ એકરથી ૧૦ એકર, ૪૪૦ કુટુંબો (૭.૩૮ ટકા) ૧૦ એકરથી વધુ જમીન ધરાવતાં હતાં.

વપરાશી ખર્ચ :
----------

અનુસૂચિત જાતિના લોકોની આવક ઓછી હોવાથી, તેઓ ખૂબજ કરકસરથી રહે છે. બીજી રીતે કહીએ તો પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ પણ તેઓ વાપરી શકતા નથી. તપાસમાં આવરી લીધેલ કુટુંબનો વાર્ષિક વપરાશી ખર્ચ નીચે પ્રમાણે હતો :

| ક્રમ | ખર્ચ જૂથ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | રૂા. ૨૪૦૦ સુધી | ૨૨૮૩૦ | ૪૬.૪૫ |
| ૨ | રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ | ૧૧૫૬૬ | ૨૩.૫૩ |
| ૩ | રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ | ૬૭૨૩ | ૧૩.૬૩ |
| ૪ | રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ | ૬૦૬૭ | ૧૨.૩૪ |
| ૫ | રૂા. ૭૨૦૧ થી વધુ | ૧૯૬૮ | ૪.૦૦ |
| | કુલ ..... | ૪૯૧૫૪ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત આંકડાથી ખ્યાલ આવશે કે માથાદીઠ વાર્ષિક રૂા.૭૨૦ થી ઓછો વપરાશી ખર્ચ હોય તો ગરીબી રેખા નીચે સુધીનો ગણાય એ માપદંડ ધ્યાનમાં લઇએ તો કુલ કુટુંબોમાંથી ૭૫ ટકા કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતા હતાં. કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂા.૩૪૨૪ હતું અને માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂા.૭૨૪ અને માથાદીઠ માસિક ખર્ચ રૂા.૬૦ હતું.

સર્વેક્ષણમાં આવરી લીધેલાં ૪૯૧૫૪ કુટુંબોમાંથી ૧૨૦૪૫ (૨૪.૫૦ ટકા) કુટુંબો દેવાદાર હતાં. કુલ ૧૨૦૪૫ દેવાદાર કુટુંબોમાંથી ૭૯૯૦ (૬૬.૩૩ ટકા) કુટુંબોને રૂા.૫૦૦ નું દેવું હતું. ૧૯૪૯ કુટુંબોને (૧૬.૧૮ ટકા) કુટુંબોને રૂા.૫૦૧ થી ૧૦૦૦ સુધીનું, ૯૩૨ (૭.૭૪ ટકા) કુટુંબોને રૂ. ૧૦૦૧ થી ૧૫૦૦ સુધીનું,

૬૬૧ (૫.૪૯ ટકા) કુટુંબોને ૧૫૦૧ થી ૨૫૦૦ સુધીનું અને ૧૪૩ (૪.૨૬ ટકા) કુટુંબોને રૂ.૨૫૦૦ થી વધુ દેવું હતું. સૌથી વધારે દેવાદાર કુટુંબોની સંખ્યા ભરૂચ (૬૫.૬૪ ટકા) જિલ્લામાં હતી. જ્યારે સૌથી ઓછા દેવાદાર કુટુંબોની સંખ્યા વલસાડ (૭.૭૮ ટકા) જિલ્લામાં હતી. કુટુંબદીઠ દેવું ૧૮૪/- નું હતું. જ્યારે દેવાદાર કુટુંબદીઠ દેવું રૂ.૭૫૨ હતું અને માથાદીઠ દેવું રૂ.૩૯/- હતું.

ઉપર્યુક્ત દેવું શાહુકાર અને વેપારીનું હતું. દેવું કરવા પાછળ સામાજિક ખર્ચા અને નિભાવ ખર્ચ મુખ્ય હતા. ઘણા કિસ્સાઓમાં હરિજન કુટુંબોએ જમીન ગીરો મૂકી હોય તેવું પણ જોવા મળ્યું હતું. નબળી આર્થિક સ્થિતિને કારણે તેઓને દેવું કરવાની ફરજ વારંવાર પડે છે. તેઓ શાહુકાર વેપારીના દેવાના ચક્રમાંથી છૂટે તે માટે કંઈક ત્વરિત પગલાં લેવાં પડે તેવી સ્થિતિ છે. જ્ઞાતિવાર દેવાનું વર્ગીકરણ કરતાં જણાય છે કે સૌથી વધુ દેવાદાર કુટુંબોની સંખ્યા અનુક્રમે માહ્યાવંશી (૪૯.૦૦ ટકા) બાવા દેઢ સાધુ (૩૮.૦૦ ટકા) સેનવા (૩૪.૦૦ ટકા) તીરગર તીરબંદા (૩૫.૦૦ ટકા) અને સૌથી ઓછા દેવાદાર કુટુંબો મેઘવાળ જ્ઞાતિમાં હતા.

## રહેઠાણ અને આરોગ્ય :

તપાસેલ ગામોમાં મોટાભાગના હરિજન કુટુંબો ગામના છેવાડે રહેતા હતા. જ્યાં ગામના ઉકરડા, મળત્યાગની ખુલ્લી જગ્યા, ગટર નિકાલ વગેરેથી ઘરોની સ્થિતિ ઘણી જ ખરાબ જોવા મળી હતી. કેટલાંક ઘરોમાં ૧૦ થી ૧૫ સ્ત્રી-પુરૂષ સભ્યો સાથે રહેતાં હોય તેવું પણ જોવા મળ્યું હતું. ૪૯૧૫૪ કુટુંબોમાંથી ૩૯૫૧૭ કુટુંબોને પોતાની માલિકીના મકાન હતાં. ૯૬૩૭ કુટુંબો ભાડાના મકાનમાં રહેતા હતા.

અનુસૂચિત જાતિના કુટુંબના કુલ રહેઠાણના મકાનોમાંથી ૪૭૬૦૬ (૯૬.૮૫ ટકા) મકાનોમાં જાજરૂની સગવડ ન હતી. ૪૩૭૯૦ (૮૯.૦૯ ટકા) મકાનોમાં નાવણિયું ન હતું. ૩૨૭૨૩ (૬૬.૫૭ ટકા) મકાનોમાં વીજળીની સુવિધા ન હતી. ૪૨૯૦૬



(૮૭.૨૯ ટકા) મકાનોમાં પાણીના નળની સગવડ ન હતી. ૪૫૦૨૫ (૯૧.૬૦ ટકા) મકાનોમાં પાણીના નિકાલની વ્યવસ્થા ન હતી અને ૪૮૨૪૦ (૯૮.૧૪ ટકા) મકાનોમાં નિર્ધૂમ ચૂલાની વ્યવસ્થા ન હતી.

ઉપર્યુક્ત આંકડાકીય ચિત્રથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે અનુસૂચિત જાતિના સભ્યો માટે રહેઠાણ માટે ત્વરિત આયોજન ઘડવું પડે તેવી સ્થિતિ છે.

## ઘરથાળનો પ્લોટ :

૪૯૧૫૪ કુટુંબોમાંથી માત્ર ૬૬૨૬ (૧૩.૪૮ ટકા) કુટુંબોને ઘરથાળનો પ્લોટ મળ્યો હતો. આમાંથી ઘણાં કુટુંબોને ઘરથાળનો પ્લોટ અનુકૂળ ન હતો. તે માટેના વિવિધ કારણો જાણવા મળ્યાં જેમકે જમીન અપૂરતી હતી, પ્લોટની જગ્યા ગામથી ઘણે દૂર હતી, જમીન નિચાણવાળા વિસ્તારમાં હતી. કેટલીક વ્યક્તિઓ પાસેથી એવું પણ જાણવા મળ્યું કે પ્લોટ મળ્યો છે પરંતુ તે હજુ ઝઘડામાં છે, તેમજ ઘણી જગ્યાએ વગદાર માણસો દ્વારા પ્લોટ ખાલી કરાવવા માટે દબાણ કરતા હોય તેવા પણ દાખલા જોવા મળ્યાં.

## આરોગ્ય :

તપાસ દરમ્યાન કુલ ૩૧૬૧ વ્યક્તિઓ કોઈને કોઈ રોગથી પીડાતી હતી. આ રોગોમાં ૧૩૦૩ ક્ષયના રોગથી, ૧૮૯ કેન્સર, ૮૦૩ દમ, ૬૩ પાંડુ રોગ, ૧૭૨ રક્તપિત્ત, ૮૪ લકવા અને ૫૪૭ અન્ય રોગથી પીડાતા હતા.

ઉપર્યુક્ત દર્દીઓને સમાજ કલ્યાણ ખાતા તરફથી આર્થિક સહાય આપવામાં આવે છે જેનો લાભ માત્ર ૧૯૩ વ્યક્તિઓને મળ્યો હતો. સગર્ભા માતાઓ અને છ વર્ષની નીચેના બાળકોને માટે જે પોષક આહારની યોજના ચાલે છે તેનો લાભ ૧૫૯૯ વ્યક્તિઓને મળ્યો હતો.

**ખોડખાંપણ :**

કુલ વ્યકિતઓમાંથી ૧૯૩૬ વ્યકિતઓને કોઇને કોઇ પ્રકારની ખોડખાંપણ હતી. આમાં સૌથી વધુ સંખ્યા લૂલા, બહેરા, આંધળા અને બાળલકવાની હતી. કુલ ૧૯૩૬ ખોડખાપણવાળી વ્યકિતઓમાંથી ૬૧૧ તો ૧ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો હતાં.

**આર્થિક,સામાજિક,શિક્ષણ અને આરોગ્ય વિષયક જરૂરિયાત :**

**(૧) વંશપરંપરાગત ધંધાની જરૂરિયાત :**

તપાસમાં આવરી લીધેલ ૪૧૩ ગામોમાંથી ૬૨૬૧ વ્યકિતઓએ તેમના વંશપરંપરાગત ધંધાના વિકાસ માટે વિવિધ પ્રકારની જરૂરિયાતો દર્શાવી હતી. જેમાં નાણાંકીય સહાય, કાચોમાલ, સાધનો, તાલીમ અને ધંધા માટે તાંત્રિક માર્ગદર્શન અને વેચાણ માટે મદદની જરૂરિયાતનો સમાવેશ થાય છે.

**(૨) ખેતીના વિકાસ અંગેની જરૂરિયાતો : (જમીન-કૂવા)**

તપાસમાં આવરી લીધેલાં કુલ કુટુંબોમાંથી ૧૨.૧૩ ટકા કુટુંબો થોડા વત્તા પ્રમાણમાં જમીન ધરાવતાં હતાં. કુલ ૪૯૧૫૪ કુટુંબોમાંથી ૧૪૫૧૨ કુટુંબોએ ખેતી માટેની જમીનની જરૂરિયાત દર્શાવી હતી. જેમની પાસે હાલ જમીન છે તેમાંથી ૨૫૦૮ કુટુંબોએ કયારી બનાવવા, ૩૧૭૯ કુટુંબોએ પાળા બાંધકામ કરવા, ૪૦૩૦ કુટુંબોએ જમીન સમતળ કરવા અને ૨૫૮૯ કુટુંબોએ વાડ કરવા માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી. કુટુંબોએ ખેતીમાં પિયત માટે નવા કૂવાની જરૂરિયાત દર્શાવી હતી. જયારે ૩૬૦૮ કુટુંબોએ જૂના કૂવાના સમારકામ માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી.

**(૩) ખેતીનાં સાધનો,શાકભાજી વાવેતર અને ફળાઉ ઝાડની વિગતો:**

તપાસમાં આવરી લીધેલા ગામોમાંથી ૫૭૯૨ કુટુંબોએ હળની, ૫૨૪૨ કુટુંબોએ સમારની, ૫૬૬૧ કુટુંબોએ ગાડાની, ૫૨૪૨ કુટુંબોએ વાવણિયાની, ૫૧૫૭ કુટુંબોએ લોખડના હળની, ૪૭૧૨ કુટુંબોએ ઉપણવાના પંખાની, ૬૪૧ કુટુંબોએ મોઇ જરૂરિયાત દર્શાવી હતી.



૪૮૬૩ કુટુંબોએ ખેતીનું ઉત્પાદન વધે એ માટે જંતુનાશક દવાઓ છાંટવાના સાધનોની જરૂરિયાત દર્શાવી હતી.

તપાસેલ કુટુંબોમાંથી ૨૬૪૦ કુટુંબોએ શાકભાજીની વાવેતર કરવાની, ૬૮૧ કુટુંબોએ વાંસ ઉગાડવાની અને ૨૧૦૯ કુટુંબોએ ફળાઉ ઝાડના વાવેતરની જરૂરિયાત દર્શાવી હતી.

**(૪) પશુપાલન :**

આવકના સાધન તરીકે અથવા તો આવકની વૃધ્ધિ માટે કોઇ ઢોરની જરૂર હોય તેના અનુસંધાને તપાસેલ ૪૯૧૫૪ કુટુંબોમાંથી કુલ ૧૮૧૨૨ કુટુંબોએ ઢોરની જરૂરિયાત દર્શાવી હતી. જેમાં ભેંસ અને ગાયની જરૂરિયાતની સંખ્યા વિશેષ હતી.

**(૫) પરિવહનનાં સાધનોની તેમજ સ્વરોજગાર માટે તાલીમની જરૂરિયાત :**

આવકમાં વૃધ્ધિ માટે તપાસ દરમ્યાન આ બધાં ગામોમાંથી પરિવહનનાં સાધનોમાં ૫૩૭૧ વ્યકિતઓએ ઉંટલારી, પેડલ રીક્ષા ૯૯૬ હાથલારી રેકડી, ઘોડાગાડી, ટેમ્પો વગેરેની જરૂરિયાત દર્શાવી હતી.

૫૬૨૫ વ્યકિતઓએ આધુનિક વ્યવસાયમાં જોડાવા માટેની તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. તેમાં ૧૦૬૧૦ વ્યકિતઓએ સિવણકામની, ૬૮ વ્યકિતઓએ ઘડિયાળ રીપેરીંગ, ૨૭ વ્યકિતઓએ રેડિયો રીપેરીંગ, ૧૫૦ વ્યકિતઓએ મોટર રીપેરીંગ, ૩૨૬ વ્યકિતઓએ સુથારીકામ, ૩૬૦ વ્યકિતઓએ કડિયાકામ, ૧૮ વ્યકિતઓએ હીરા ઘસવાની તાલીમની ઇચ્છા દર્શાવી હતી.

**(૬) રહેઠાણ અંગેની જરૂરિયાત :**

તપાસ દરમ્યાન જણાયું હતું કે કુલ કુટુંબોમાંથી ૩૧૪૮૧ કુટુંબોએ નવા મકાનોની, ૨૪૬૩૪ કુટુંબોએ મકાન સમારકામ માટે નાણાંકીય સહાયની, ૩૦૫૯૫ ઘરથાળના પ્લોટ માટે અને ૨૭૨૫૪ કુટુંબોને નિર્ધૂમ ચૂલાની જરૂરિયાત દર્શાવી હતી. આમાં એક કુટુંબને એકથી વધારે પણ જરૂરિયાત દર્શાવી છે.

**(૭) ખોડખાંપણ અંગેની જરૂરિયાત :**

તપાસમાં આવરી લીધેલ કુલ વ્યક્તિઓમાંથી ખોડખાંપણ-વાળી વ્યક્તિઓએ જુદી જુદી જરૂરિયાતો દર્શાવી છે. જેમાં ૪૪૩ વ્યક્તિઓએ સાધનોની, ૧૪૧૨ વ્યક્તિઓએ નાણાકીય મદદની, ૨૨૨ વ્યક્તિઓએ યોગ્ય સારવારની અને ૧૦૪ ખોડખાંપણવાળી વ્યક્તિઓએ વ્યવસાયિક તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. ૫૦૨૧ વ્યક્તિઓએ આરોગ્ય માટે સારવારની તેમજ ૪૯૧૩ વ્યક્તિ-ઓએ દવા માટે આર્થિક મદદની જરૂરિયાત દર્શાવી હતી.

**અનુસૂચિત જાતિના વસવાટવાળા ફળિયામાં પાયાની સુવિધાઓ :**

તપાસમાં આવરી લીધેલ ૪૧૩ ગામોમાં કુલ ૧૨૫૫ ફળિયા હતાં. આ ફળિયામાં હાલ કઇ કઇ સુવિધાઓ છે તે અંગે જે માહિતી મળી તે આ પ્રમાણે છે :

**(૧) શિક્ષણ :**

૧૨૫૫ ફળિયામાંથી ૧૧૯ ફળિયામાં બાલવાડી, ૧૧૯ ફળિયામાં પ્રાથમિક શાળાનો વર્ગ, ૮૩ ફળિયામાં પ્રૌઢ શિક્ષણનો વર્ગ તેમજ માત્ર ૪૦ ફળિયામાં કિસાનવર્ગ ચાલતા હતાં.

વાસથી પ્રાથમિક શાળાએ જવાના રસ્તા બાબતે એવું જાણવા મળ્યું કે ૧૨૫૫ ફળિયામાંથી ૪૪૫ ફળિયાથી પ્રાથમિક શાળાનો રસ્તો ખરાબ હતો, જ્યારે ૪૧૨ ફળિયાથી શાળા જવાના રસ્તામાં ચોમાસામાં બહુ જ પાણી ભરાઇ જતું હતું. ૭૮ ફળિયાથી પ્રાથમિક શાળાએ જવા માટે નદી કે વહેરો ઓળંગવો પડતો હતો.

**(૨) પીવાનું પાણી :**

૧૨૫૫ ફળિયામાંથી ૨૭૧ ફળિયામાં ગોઠવેલ સ્ટેન્ડ પોસ્ટથી, ૩૭૮ વાસના લોકો કૂવા પરથી પાણી ખેંચી લાવતા હતાં. જ્યારે ૩૬ વાસવાળા તળાવ અને ૪૧ વાસવાળા પીવાના પાણી માટે નદીનો ઉપયોગ કરતાં હતાં.



૯૪૨ ફળિયાવાળાને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહેતું હતું. બાકીનાં ફળિયાવાળાઓ પૂરતું પાણી ન મળવાથી કૂવા અને ડેમના પાણીનો ઉપયોગ કરતા હતાં. ટાંકા પરની ચકલીઓમાં હરિજનો માટે કેટલાંક ગામોમાં બે-ત્રણ ચકલીઓ અલગ રાખવામાં આવે છે. એમનાથી બીજીમાંથી પાણી ન ભરી શકાય ક્યાંક-ક્યાંક આ અનૌપચારિક દુરત્વને જાણે અજાણે ઉલ્લંઘવા જાય તો તેને શારીરિક, માનસિક પરેશાની ભોગવવાનું પણ આવી શકે છે.

આમ સ્પષ્ટ રીતે જણાય આવશે કે અનુસૂચિત જાતિના લોકો પાયાની અને સામાન્ય સુવિધાઓથી પણ વંચિત છે અને તેથી આ અંગે સત્વરે પગલાં લઇ તેઓની મુશ્કેલી દૂર કરવા માટે ઘટતું કરવું જોઇએ. તેઓ કેટલી બધી મુશ્કેલીઓથી પાડાય છે, તે ઉપર્યુક્ત હકીકતોથી જાણી શકાય છે.

જ્ઞાતિવાર કુટુંબદીઠ વાર્ષિક આવક અને ખર્ચનું તારણ (૧૯૮૨-૮૩)

| ક્રમ | જ્ઞાતિ | કુલ કુટુંબો | કુટુંબદીઠ વાર્ષિક આવક | માથાદીઠ વાર્ષિક આવક | માથાદીઠ માસિક આવક | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | માથાદીઠ વાર્ષિક ખર્ચ | માથાદીઠ માસિક ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ચમાર | ૧૧૩૪૪ | ૨૭૯૮ | ૫૮૨ | ૪૯ | ૩૨૬૩ | ૬૯૦ | ૫૭ |
| ૦૨ | મોચીગર | ૯૯૬ | ૩૨૦૨ | ૬૭૭ | ૫૬ | ૪૨૩૦ | ૮૯૪ | ૭૫ |
| ૦૩ | ભંગી | ૭૮૨૮ | ૩૩૧૭ | ૭૦૧ | ૫૮ | ૩૫૬૫ | ૭૫૪ | ૬૩ |
| ૦૪ | ગરોડા-ગરો | ૧૯૫૨ | ૩૦૭૦ | ૬૪૯ | ૫૪ | ૩૩૧૪ | ૭૦૧ | ૫૮ |
| ૦૫ | વણકર | ૨૧૪૫૪ | ૩૧૦૪ | ૬૫૬ | ૫૫ | ૩૪૫૧ | ૭૩૦ | ૬૧ |
| ૦૬ | માહ્યાવંશી | ૯૯૧ | ૩૬૦૧ | ૭૬૧ | ૬૩ | ૩૪૭૩ | ૭૩૪ | ૬૧ |
| ૦૭ | નાડિયા-હાડી | ૩૮૩ | ૨૮૩૭ | ૬૦૦ | ૫૦ | ૩૦૩૬ | ૬૪૨ | ૫૩ |
| ૦૮ | સેનવા | ૧૫૦૭ | ૨૮૬૫ | ૬૦૬ | ૫૦ | ૩૨૦૪ | ૬૭૭ | ૫૬ |
| ૦૯ | તીરગર-તીરવદા | ૧૯૩ | ૨૬૩૯ | ૫૫૮ | ૪૬ | ૩૨૩૯ | ૬૮૫ | ૫૭ |
| ૧૦ | તુરી | ૪૨૦ | ૨૯૦૦ | ૬૧૩ | ૫૧ | ૩૨૮૦ | ૬૯૩ | ૫૮ |
| ૧૧ | બાવા-દેહસાધુ | ૧૬૫ | ૨૮૮૭ | ૬૧૦ | ૫૧ | ૩૦૦૪ | ૬૩૫ | ૫૩ |
| ૧૨ | મેઘવાળ | ૧૮૯૦ | ૩૪૯૯ | ૭૪૦ | ૬૨ | ૩૫૦૨ | ૭૪૦ | ૬૩ |
| | કુલ..... | ૪૯૧૫૪ | ૩૧૨૧ | ૬૫૯ | ૫૫ | ૩૪૨૪ | ૭૨૪ | ૬૦ |



## સારાંશ અને ભલામણો :

અગાઉના પ્રકરણોમાં સ્પેશિયલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ સર્વેક્ષણમાં આવરી લીધેલા ૪૧૩ ગામોના ૪૯૧૫૪ કુટુંબોની આર્થિક-સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિ જોઇ, આંકડાકીય માહિતી પરથી એક વાત સ્પષ્ટ છે કે આ ગામોમાં વસતાં અનુસૂચિત જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ સારી નથી જ, લગભગ બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરી રહયાં છે. તેમની માથાદીઠ માસિક આવક રૂ.૫૫ હતી, માથાદીઠ માસિક ખર્ચ રૂ.૬૦ હતુ, અને માથાદીઠ દેવુ રૂ.૩૯ નુ હતુ. તેમના રહેઠાણોની સ્થિતિ પણ દયાજનક છે. તેમની શૈક્ષણિક સ્થિતિ પણ સારી નથી. કુલ પુરૂષોમાં ૫૬ ટકા શિક્ષિત હતાં, જ્યારે સ્ત્રીઓ તો માત્ર ૩૨ ટકા શિક્ષિત હતી. શિક્ષણ લેતા બાળકોમાં પણ કન્યાઓનુ પ્રમાણ ઓછુ જોવા મળયુ હતુ. તદઉપરાંત જિલ્લાવાર શિક્ષણની પરિસ્થિતિમાં પણ ઘણો જ તફાવત જોવા મળયો હતો. જૂનાગઢ, સાબરકાંઠા, બનાસકાંઠા જિલ્લાઓમાં શિક્ષણનુ પ્રમાણ ઓછુ જણાયુ હતુ. તેમના વસવાટો પણ ગંદા હતા. તેમના ફળિયામાં કાચા રસ્તાઓ હોવાથી કાદવ વગેરે બારે માસ રહે છે. જાજરૂ તેમજ પીવાના પાણીની વ્યવસ્થા પણ સાધારણ ઠીક કહેવાય એવી ઘણી ઓછી જોવા મળે છે. આમ છેલ્લાં ૩૫ વર્ષના આયોજિત વિકાસ પછી પણ અનુસૂચિત જાતિના લોકોની સ્થિતિ દયાજનક જોવા મળે છે એવુ સર્વેક્ષણ પરથી જાણવા મળે છે. તેમની આર્થિક સ્થિતિ સુધરે તે માટે સઘન પ્રયાસો કરવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઇએ.

### ભલામણો : પાયાની સવલતોની પૂર્તિ :

#### (૧) અભિનવ ગ્રામ નિર્માણ કાર્યક્રમ :

આગળ જોયુ તે પ્રમાણે હરિજનોની વસ્તીવાળા ફળિયામાં ગંદકી, કાચા રસ્તા, તેમજ કાદવ રહે છે. આખા ગામનુ ગંદુ પાણી તેમના નિવાસો આગળ ઠેલવાતુ હોય છે. આ બધા કારણોને લીધે તેઓ અનેક જાતના રોગોમાં ફસાય છે. તેઓની જાજરૂની પણ મોટી સમસ્યા છે. તેમના ફળિયામાં જાજરૂનુ બાંધકામ, પાણીના નિકાલની વ્યવસ્થા સાથે શેરીઓમાં

પથ્થર, ઈંટોની ફરસબંધી, ગ્રામ માર્ગો, પાણી પુરવઠા માટે સ્ટેન્ડ પોસ્ટ તેમજ જ્યાં શક્ય હોય ત્યાં પાઇપલાઇન દ્વારા પીવાના પાણીની સુવિધા વગેરે કાર્યક્રમોને અગ્રીમતા આપવી જોઇએ. આમ વ્યક્તિલક્ષી અને કુટુંબલક્ષી યોજનાઓની સાથો-સાથ પાયાની સગવડોની પૂર્તિ કરવા પર ભાર મૂકવો જોઇએ.

(.૨) ઘરથાળનો પ્લોટ :

સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યુ કે હરિજનોને ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ ૧૦૦ વાર પ્લોટો આપવામાં આવે છે. કેટલાક હરિજનોને આવા પ્લોટો નીચાણના વિસ્તારમાં આપવામાં આવ્યાં છે. જેમાં કાયમ પાણી ભરાય છે. કેટલાકને સ્મશાનમાં આપવામાં આવ્યાં છે. કેટલાકને પ્લોટો ઘણાં જ નાના આપ્યાં છે. ઘરથાળના પ્લોટ ફાળવવાની નીતિ વહીવટનાં માળખામાં ઉપરથી નીચે આવતાં કેવું વરવું અને અસંભવ સ્વરૂપ લે છે એ સર્વેક્ષણથી સ્પષ્ટ થાય છે. ગ્રામ રાજ્ય અને દેશ સ્તરની શક્તિની સંરચના એવી છે કે હરિજનોને માટેની કોઇ પણ સારી નીતિ વરવા સ્વરૂપમાં બદલાય જાય છે અને હરિજનોને કોઇ ફાયદો થતો નથી. આથી નીતિના અમલીકરણનું મોનીટરીંગ કરવા માટે ઘણી ઉચ્ચ કક્ષાની સમિતિ દરેક સ્તરે હોવી જોઇએ. તેમને સદૈવ અસરકારકતાથી કામ કરવું જોઇએ.

(.૩) લાભિતાભિમુખ કાર્યક્રમો :

સર્વેક્ષણ દરમ્યાન હરિજન કુટુંબોની મુલાકાત લેતા તેમજ ગામના હરિજન આગેવાનોની મુલાકાત સાથે પણ જોયુ હતુ કે લાભિતાવિમુખ લોકોને પાંગળા બનાવી દે છે. આના વિષે ખૂબ વિસ્તાર કરીને જ મદદ કરવી જોઇએ. જેની જરૂર વધારે હોય તેને અગ્રીમતા આપવી જોઇએ. સર્વત્ર લાભિતાઓએ અમુક હિસ્સો અવશ્ય આપવો જોઇએ. એવું ભારપૂર્વક નીતિનિર્ધારણ થવું જોઇએ. એ વાત એમના મનમાં એને આપણા નીતિ અને કાર્યક્રમોના માળખામાં વણાય જવી જોઇએ કે વગર મહેનતનું આપવું લેવું નહીં અને કોઇપણ આર્થિક ભવિષ્ય એના પોતાના કાંડાથી જ સર્જાય છે.



આર્થિક કાર્યક્રમો :

(.૧) ખેતી :

સર્વેક્ષણમાં આવરી લીધેલાં કુટુંબોમાંથી ૫૯૬૧ કુટુંબો જમીન ધરાવતાં હતાં. આ કુટુંબો પોતાની જમીનનું સારી રીતે જતન કરી શકે અને ખેતીની પ્રવૃત્તિમાંથી સારી આવક મેળવી શકે તે માટે ખેતીના સુધારેલાં સાધનો, બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, બળદ, પાડા તેમજ બળદગાડા વગેરે સહાયના દરે પૂરા પાડવા જોઇએ.

(૨) સર્વેક્ષણમાં આવરી લીધેલ ઘણાં કુટુંબોને ફાજલ જમીન ફાળવવામાં આવી છે. પરંતુ મોટાભાગની આ જમીન ખરાબાની અને ગૌચરની હોય છે. ફાજલ જમીન ફાળવવામાં આવેલ નવીન વ્યક્તિઓને જમીનના વિકાસ માટે સહાય આપવી જોઇએ.

(૩) કેટલાક ગણોતિયા ખેડૂતોને મુંબઇ ગણોત અને ખેતી જમીન અધિનિયમ હેઠળ ભોગવટા હક્ક ખરીદ કિંમતની ચૂકવણીને આધીન રહી જમીન આપવામાં આવી છે. પરંતુ અનુસૂચિત જાતિના ગણોતિયા ખેડૂતો આ રકમ ચૂકવી શકે એવી સ્થિતિમાં નથી. ખરીદી કિંમત ચૂકવવાની બાકી હોય એવા ગણોતિયા ખેડૂતોને જમીન ખરીદવા માટે લોન આપવી જોઇએ.

(૪) ખેતી માટે પાણી એક પ્રાથમિક જરૂરિયાત છે. અનુસૂચિત જાતિના કુટુંબોની પાસે જે જમીન છે તેમાં સિંચાઇની સુવિધા ઓછી છે. તેમની પાસે ખેતીનાં કૂવાઓ નથી. તેઓ સિંચાઇ યોજનાનો લાભ લઇ શકે તે માટે નવા કૂવાનાં બાંધકામ, જૂના કૂવાનાં સમારકામ, તેમજ ઓઇલ એન્જીન અને કૂવા પર પંપ અને ઇલેક્ટ્રીક મોટર મૂકવા માટે આર્થિક સહાય આપવી જોઇએ.

(૫) બળતણની સમસ્યાએ સમગ્ર રાષ્ટ્રની મોટી સમસ્યા છે. ગામડાઓમાં પણ બળતણના લાકડાની ઘણી મોટી અછત વર્તાય છે. હરિજન કુટુંબોને ઓછાં મૂલ્યે બળતણની જરૂરિયાતો પૂરી પાડવા માટે કાંટા બાવળ તેમજ બાંજા એવા ઝાડો ઉગાડવા

માટે બહેનોની વન ઉછેર સહકારી મંડળી કરવી જોઇએ. ભાઇઓ પણ આમાં સભ્ય બની શકે. આ કામ એક મોટી ઝુંબેશના રૂપમાં ઉપાડી લેવું આવશ્યક છે. આ કામ થશે તો તેઓને ઘર બળતણ ઉપરાંત થોડી આવક પણ મળી રહેશે.

પશુપાલન :
------

(૧) પશુપાલન રાજ્યના ખેતી અર્થતંત્રમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. ગુજરાતમાં ડેરી ઉદ્યોગ ઘણો જ વિકસ્યો છે. લગભગ દરેક જિલ્લામાં ડેરીઓ છે. હરિજન કુટુંબો પણ ગાય અને ભેંસ રાખે છે. પશુપાલનના ઉદ્યોગમાંથી તેઓ વધુ આવકનું નિર્માણ કરી શકે તે માટે તેમને ગાય, ભેંસો સહાયના દરે આપવી જોઇએ.

(૨) સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે કેટલાક ગામોમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં હરિજન ભાઇઓ પાસેથી દૂધ લેવામાં આવતુ નથી અથવા ઘણીવાર તેમને જુદી હારમાં ઉભા રાખવામાં આવે છે. આવું જે ગામોમાં થતુ હોય ત્યાં યોગ્ય પગલાં લેવા જોઇએ અથવા જ્યાં મોટી સંખ્યામાં હરિજન ભાઇઓ ડેરીમાં દૂધ ભરતાં હોય તો તેમની આગવી મંડળીની સ્થાપના કરવી જોઇએ. અનુસૂચિત જાતિના લોકો પાસે ઘણી થોડી જમીન છે અથવા જમીન નથી. મોટાભાગે તેઓ મજૂરી પર નિર્ભર છે. આ પરિસ્થિતિને કારણે તેઓ અત્યંત ગરીબ છે. અનુસૂચિત જાતિના લોકોને સારી ગુણવત્તાવાળા દૂધાળા ઢોર ખરીદવા માટે સહાય આપી તેમની આર્થિક સ્થિતિ સુધારી શકાય. તેમના માટે આ એક વ્યવહારૂ અભિગમ છે.

(૩) ગાય ભેંસોના ચારા માટે પણ સામુદાયિક (સહકારી) ચારા ઉછેર ફાર્મ કરવું જોઇએ.

ધંધા-ઉદ્યોગ :
--------

(૧) અનુસૂચિત જાતિના લોકોના વંશપરંપરાગત ધંધાઓ વણાટ અને ચર્મકામના ધંધાઓ ભાંગી પડયાં છે. તેમના વંશપરંપરાગત ધંધાઓ ફરીથી સજીવન થાય તે માટે આર્થિક સવલતો પૂરી પાડવી



જોઇએ. તેમનો હાથશાળનો પરંપરાગત ઉદ્યોગ એ પૂરક આવકનું સાધન છે. પરંતુ આજે તેમની મોટાભાગની હાથશાળો સક્રિય નથી અને હાથશાળની સંખ્યામાં ધીમે ધીમે ઘટાડો થઇ રહ્યો છે. તમામ હાથશાળો ઉત્પાદનની ઇષ્ટમકક્ષા સુધી કામ કરે તે માટે સઘન પ્રયાસા કરવા જોઇએ. હાથશાળો ઘણી જૂની પુરાણી થઇ ગઇ છે. તેના જૂના ભાગો બદલીને નવા ભાગો મૂકીને આધુનિકરણ કરવું જોઇએ અને વણકરોને વણાટ કામોમાં છેલ્લામાં છેલ્લી ટેકનીકની તાલીમ આપવી જોઇએ. આમ એકંદરે હાથશાળ ઉદ્યોગનો વિકાસ થાય તે માટે સહાય કરવી જોઇએ. આ દિશામાં હાથશાળ વિકાસ નિગમ તથા સહકારી મંડળીઓ ઘણું કાર્ય કરી શકે એમ છે.

(૨) સર્વેક્ષણ કરેલ કેટલાક ગામોમાં શેતરંજી વણાટ પણ જોવા મળ્યુ હતું. શેતરંજી વણાટ એ નવી કામગીરી છે. આની અંદર વધારે કૌશલ્યની જરૂર છે. શેતરંજી વણાટ માટે યુવાનોને તાલીમ આપવી જોઇએ અને તેના વણાટ કેન્દ્રો શરૂ કરવા જોઇએ. આ દ્વારા ઘણાં કુટુંબોને સીધે-સીધી રોજી આપી શકાશે.

(૩) તેમના વંશપરંપરાગત ચર્મઉદ્યોગ પણ નાણાંકીય સહાયને અભાવે ભાંગી પડયો છે. આથી ચર્મઉદ્યોગ વિકાસ ઉપર ખૂબ ધ્યાન આપવું જોઇએ. અનુસૂચિત જાતિના ઘણાં લોકો ચામડું કમાવવાના કામમાં રોકાયેલા છે. સર્વેક્ષણ દરમ્યાન જોવા મળ્યુ કે કાચા ચામડાના એકત્રીકરણનું કામ પણ એકદમ અસંગઠિત દશામાં છે. પરંપરાગત પધ્ધતિએ જ બને તેટલા ચામડા એકઠા થાય છે. આ એકત્રીકરણ માટે સૂચારૂ વ્યવસ્થા કરવા તરફ હવે આપણું ધ્યાન જવું જોઇએ. આ ઉદ્યોગનો વિકાસ કરવા નાણાંકીય સહાય આપવી જોઇએ. તેમજ આ ધંધામાં ટેકનીકનું ધોરણ ઉંચુ લાવવા અને ઓજારોનો ઉપયોગ કરવામાં ચામડું ઉતારનારા તથા કમાનારા-ઓને તાલીમ આપવી જોઇએ. અને ચામડું એકઠું કરવાથી માંડી એમાંથી પાકાં ચામડાં બનતાં સુધીની જે જે પ્રક્રિયાઓ, પધ્ધતિઓ, રીતો, કરનારાઓ છે. તેમનો એક યથાસ્થિતિ અહેવાલ તૈયાર કરવો જોઇએ. જ્યાં ચામડું પકવવાથી માંડી કમાવવાના નાના એકમો શરૂ કરવા જોઇએ.

(૪) આ ધંધાના વિકાસ માટે ગુજરાત લેધર કોર્પોરેશન કરવુ જોઇએ.

(૫) અનુસૂચિત જાતિના લોકોને નાના પાયા પર ઉદ્યોગો શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવુ જોઇએ. ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન અને એવી બીજી ઉદ્યોગોને પ્રોત્સાહન આપનારી સંસ્થાકીય રચનાઓમા હરિજનો માટે ૭ ટકા રકમ અને ઇન્ડસ્ટ્રીયલ શેડ અનામત રાખવા જોઇએ અને હરિજનો માટે નિયોજકત્વની (Enterprenner) તાલીમ શરૂ કરવી જોઇએ.

(૬) ઉત્તરપ્રદેશની જેમ હરિજન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સ્થાપવા ઉપર પણ સરકારશ્રીએ વિચાર કરવો જોઇએ. આ (H.I.E) એચ.આઇ.ઇ.મા હરિજનોને જે કામ પેઢી દર પેઢીથી કરતા આવ્યા છે તેવા ઉદ્યોગોને શરૂ કરાવી દેવા જોઇએ. અમારા સર્વેક્ષણ દરમ્યાન એવા ઘણા હરિજન યુવાનો અમને મળયા કે જેઓ આવા ઔદ્યોગિક સાહસો કરવા તૈયાર હતા.

(૭) આ ઉપરાંત ઇંટો બનાવવી, પગરખા બનાવવા, અંબરચરખા, નેતર અને વાંસકામ, નીરો બનાવવો વગેરે મુખ્ય ગ્રામ્ય ઉદ્યોગો છે. આ ઉદ્યોગો અનુસૂચિત જાતિના લોકોને રોજગારી પૂરી પાડે છે. આવા ધંધા રોજગારોને ખાદી ગ્રામોદ્યોગ તેમજ રાજ્ય સરકારે સહાય કરવી જોઇએ અને વધુ પ્રોત્સાહન આપવુ જોઇએ.

(૮) સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળયુ હતુ કે કેટલાક ગામોમા અને નગરોમા શહેર સુધરાઇમા ભંગી ઝાડુ વાળવાવાળા હોય છે. કામ પ્રમાણે ઝાડુવાળવાની સંખ્યા ઓછી હોય છે એને લીધે ઘણીવાર નોકરી કરતા ભાઇથી જે કામ પુરૂ થઇ શકતુ નથી તે કામ તેને તેના કુટુંબના અન્ય સભ્યોની મદદ વડે કામ કરાવવુ પડે છે. તદ્ઉપરાંત આજની મોંઘવારી જોતા તેમના પગારો પણ ઓછા જણાય છે. આથી ભંગી ઝાડુવાળાઓની સંખ્યા વધારવી જોઇએ અને તેમના પગારની તપાસ માટે એક સમિતિ નીમવી જોઇએ.



## સહકાર :

(૧) ગુજરાત રાજ્યમા સહકારી પ્રવૃત્તિ ઘણા લાંબા સમયથી છે અને વિકાસની વિવિધ કક્ષામાંથી તે પસાર થયેલી છે અને સાચા અર્થમા તે સ્વૈચ્છિક બની છે. અને આ પ્રવૃત્તિ અનેક ક્ષેત્રોમા વિસ્તરી છે. ખાસ કરીને ધિરાણ સહકારી મંડળીઓ, ગ્રાહક સહકારી મંડળીઓ તથા ઉપર જણાવ્યુ તેમ વનઉછેર સહકારી મંડળીઓ વગેરે જેવી સહકારી પ્રવૃત્તિ અનુસૂચિત જાતિના લોકો માટે લાભદાયી છે.

(૨) કોન્ટ્રાકટરો દ્વારા થતુ મજૂરોનુ શોષણ અટકાવવા તથા તેઓ સારૂ વેતન મેળવી શકે તે માટે મજૂરો દ્વારા મજૂર સહકારી મંડળીઓ ઉભી કરવી જોઇએ. નાના ખેડૂતો ખેતી ઉત્પાદન વધારવા વધુ સારી ખેતીની પદ્ધતિઓ અપનાવી શકે તે માટે અને તેઓ તેમની આવકમા વધારો કરી શકે તે માટે તેમને સહાય કરવા ખેત સહકારી મંડળીઓ રચવી જોઇએ.

## શિક્ષણ :

(૧) સર્વેક્ષણમાંથી કુલ પુરૂષોમા શિક્ષણનુ પ્રમાણ ૫૬ ટકા અને સ્ત્રીઓમા ૩૨ ટકા જોવા મળયુ હતુ. આમ શિક્ષણની દૃષ્ટિએ અન્ય સમુદાયની સરખામણીમા હરિજનો પાછળ છે એમ સ્પષ્ટ દેખાઇ આવે છે. શિક્ષિતમા પણ એસ.એસ.સી., સ્નાતક અને અનુસ્નાતક સુધી પહોંચેલ સ્ત્રી-પુરૂષનુ પ્રમાણ ઓછુ છે. ૧૮ જિલ્લામાંથી કેટલાક જિલ્લાઓ એવા છે કે જેમા હરિજનો શિક્ષણની દૃષ્ટિએ ઘણા પાછળ છે. આ જિલ્લાઓમા બીજી દૃષ્ટિએ પણ હરિજનોની સ્થિતિ તુલનાત્મક રીતે ખરાબ છે. આથી શિક્ષણની પાછળ વધુ ધ્યાન આપવુ જોઇએ. જે જિલ્લામા શિક્ષણનુ પ્રમાણ સામાન્ય કરતા ઓછુ છે તેવા જિલ્લામા ઘનિષ્ઠ શિક્ષણ માટે ઝુંબેશ ઉઠાવવી જોઇએ.

(૨) પુરૂષો કરતા સ્ત્રીઓમા શિક્ષણનુ પ્રમાણ ઓછુ છે એવુ સર્વેક્ષણ પરથી દેખાઇ આવે છે. હરિજન બહેનો વધુ પ્રમાણમા શિક્ષણ લેતી થાય તે માટે તેમને વધુ પ્રોત્સાહન આપવુ જોઇએ.

(૩) સર્વેક્ષણમાં જણાવ્યા મુજબ ૬ થી ૧૪ વર્ષના કુલ ૫૦૮૪૩ બાળકોમાંથી ૧૦૫૫૧ એટલે કે ૨૦.૭૫ ટકા બાળકો શાળામા આવતા નથી. આમ તમામ પ્રયત્નો કરવા છતાં ૬ થી ૧૪ વયજૂથના તમામ બાળકોને શાળામાં લાવવાનુ ઘણુ મુશ્કેલ છે. શિક્ષણ પરત્વેના આ ઉદાસીનતા માટે આર્થિક સ્થિતિ મુખ્યત્વે જવાબદાર છે. આથી બાળકોમાં શિક્ષણની ભૂખ જાગે તે માટે દરેક ગામમાં હરિજન બાળકો માટે આંગણવાડી અને બાલવાડી રાખવી જોઇએ.

(૪) શાળાથી વંચિત બાળકો માટે અશાલેય તથા ઔપચારિકેતર શિક્ષણ કેન્દ્રો ખોલવાં જોઇએ અને શિક્ષિત બેરોજગાર યુવકોને આ કાર્યક્રમ હાથ ધરવા પ્રર્વત્ત કરવા જોઇએ.

(૫) સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે હરિજન બાળકો ખાસ કરીને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોમાં નબળા હોય છે. આવા નબળા વિદ્યાર્થીઓ માટે ઉનાળાની રજાઓમાં ખાસ શિક્ષણ વર્ગો શરૂ કરવા જોઇએ. કેટલાક હરિજન વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને કોલેજ કક્ષાએ તેમના અભ્યાસ માટે પાઠયપુસ્તકો ખરીદવા માટે શકિતમાન નથી. જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો મફત આપવાની વ્યવસ્થા કરવી જોઇએ.

(૬) આમ એકંદરે જોઇએ તો અનુસૂચિત જાતિના લોકોમાં શિક્ષણનુ પ્રમાણ એટલુ ઓછુ છે કે સરકારી પ્રયત્નોની સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ વ્દારા અને હરિજનોના પોતાના વ્દારા અથાગ પ્રયત્નો નહીં થાય તો આ પ્રશ્નનો સંતોષકારક હલ ૫૦ વર્ષ સુધી પણ આવે એવો નથી. સ્વૈચ્છિક સંસ્થાઓ અને હરિજનોના સ્વપ્રયત્નો જે ચાલુ હોય તેને પ્રોત્સાહિત કરવી, આવશ્યકતા પ્રમાણે નવીન સંસ્થાઓ અને હરિજનોના સ્વપ્રયત્નોને શરૂ કરાવવા આ માટે કોમ્પોનન્ટ પ્લાનમાં અંત:સ્થિત વ્યવસ્થા કરી દેવી જોઇએ.

ઔષધકીય મદદ :

(૧) સર્વેક્ષણમાં મહાવ્યાધિના પાડાના ઘણા કિસ્સાઓ જોવા મળયા છે. આવા દર્દીઓને સમયસર સારવાર તેમજ આર્થિક મદદ મળવી જોઇએ.



(૨) અંત્યોદય યોજના કાર્યક્રમ હેઠળ સમાજ કલ્યાણ અને આદિ-જાતિ વિકાસ વિભાગ વ્દારા વૃધ્ધ વ્યકિતને પેન્શન આપવાની યોજના છે. તપાસ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે ઘણા કિસ્સાઓમા વૃધ્ધ માટેનુ પેન્શન પણ આપવામાં આવતુ નથી અને આ અંગે કોઇ જવાબ પણ આપતુ નથી.

સર્વેક્ષણ પરથી જાણવા મળે છે કે ખોડખાંપણવાળા બાળકોની સંખ્યા પણ વધુ છે. ખોડખાંપણવાળા બાળકોના મા-બાપને આર્થિક બોજો ન પડે તથા ખોડખાંપણવાળાની સુચારૂ સંભાળ લેવાય તથા પોતાની મેળે કંઇ કરતા થાય એ માટે તેવા બાળકોને જે તે સ્કૂલમાં દાખલ કરી દેવા જોઇએ. આના માટે હરિજન મા-બાપોને સમજાવવાં જોઇએ અને આ બાળકોને તેની સંસ્થામાં જલ્દીથી ભરતી કરાવી દેવા જોઇએ.

વહીવટ વિષયક સૂઝાવો :

ખાસ અંગભૂત યોજનાની વર્ષવાઇઝ જોગવાઇ ખર્ચ :

(૧) રાજય સરકારે ૧૯૭૯-૮૦ ના વર્ષ દરમ્યાન સામાન્ય સેકટરમાંથી ૯.૦૬ કરોડ જોગવાઇ સાથે પ્રથમ ખાસ અંગભૂત યોજના ઘડી હતી. ૧૯૮૦-૮૧ ના વર્ષ દરમ્યાન કુટુંબલક્ષી જરૂરિયાતો પર આધારિત કાર્યક્રમ પર ભાર મૂકવા સાથે જોગવાઇ વધારીને રૂા.૨૩.૮૭ કરોડની કરવામાં આવી હતી. ૧૯૭૯-૮૦ના વર્ષ અંતે ૫.૦૬ (૫૫.૮૮ ટકા) કરોડ ખર્ચાયા હતા. જયારે ૧૯૮૦-૮૧ ના વર્ષ અંતે રૂા.૧૩.૫૧ કરોડ ખર્ચાયા હતા. ૧૯૮૧-૮૨ ના વર્ષ માટે ભારત સરકાર વ્દારા ૩૦.૫૩ કરોડની ખાસ અંગભૂત યોજનાની જોગવાઇ મંજૂર થઇ હતી. તેમાંથી ૨૪.૭૮ કરોડની જોગવાઇ અંકિત કરવામાં આવી હતી. ૧૯૮૨-૮૩ ના વર્ષ માટે રૂા. ૨૬.૫૨ કરોડની જોગવાઇ રાખવામાં આવી છે. આ આંકડાઓ પરથી જણાય છે કે અગાઉના બે વર્ષમાં જે ખર્ચની જોગવાઇ હતી તેમાંથી લગભગ ૫૦ ટકા જેટલા નાણાં ખર્ચાયા હતા. આમ ૫૦ ટકા જેટલી રકમ વણવપરાયેલી રહી હતી.

આમ આટલી મોટી રકમ વણવપરાયેલી ન રહી જાય તે ખાસ જોવુ જોઇએ અને યોજનાના કાર્યક્રમો પાછળ રકમ ખર્ચાય અને તેનો અમલ થવો જોઇએ. ખાસ અંગભૂત યોજના હેઠળ કાર્યક્રમોના અસરકારક અમલ માટે દેખરેખ નિયંત્રણ પર જેટલો ભાર મૂકાએ તેટલો ઓછો છે. રાજ્ય સરકારે જિલ્લા કક્ષાએ ખાસ અંગભૂત યોજના હેઠળ કાર્યક્રમોના સંકલન તથા દેખરેખ નિયંત્રણ માટે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી વર્ગ-૧ ની જગ્યાઓ ઉભી કરી છે. આ અધિકારીઓ દ્વારા વિકાસ કાર્યક્રમોનો અમલ ત્વરિત થાય તે જોવુ જોઇએ.

(૨) ખાસ અંગભૂત યોજના હેઠળ જે કંઇ યોજનાઓનો અમલ કરવાનો હોય તે પહેલાં તેમના પ્રતિનિધિઓનો સંપર્ક સાધી ચર્ચા કરી અમલ કરવો જોઇએ. જેથી તેમને માટે જે કંઇ કરવામાં આવે તે બર આવે અને સરકારશ્રીએ તેમના પાછળ કરેલ ખર્ચનુ મૂલ્ય અંકાય. તેમને માટેની વિકાસ યોજના તેમને સાથે રાખીને જ ઘડવી જોઇએ.

(૩) અમોને સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે તેમને માટે જે યોજનાઓ ઘડવામાં આવી છે તેનો અમલીકરણ થાય છે ત્યારે ક્યાંક ગેરરીતિઓ થાય છે. નિગમના ફોર્મ ભરવાની શરૂઆતથી સહાય પહોંચે ત્યાં સુધી પૈસા પડાવવામાં આવે છે. એવુ જાણવા મળ્યુ હતુ. એક જિલ્લાના અમારા પ્રવાસ દરમ્યાન જાણવા મળ્યુ કે એક ગામમાં કેટલીક અનુસૂચિત જાતિની બહેનોને ખજૂરીના પાનામાંથી ઝાડૂ બનાવવા માટે સહાય આપવામાં આવી હતી, પરંતુ ખરેખર જે સહાયની રકમ મળવી જોઇએ તેનાથી ઓછી રકમ મળી હતી. આ સિવાય અનેક કિસ્સાઓ ન બને તે માટે સતર્કતા વર્તવી અને સખતાઇથી કામ લેવુ.

(૪) અમારા સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે ગામકક્ષાએ તાલુકાકક્ષાએ અને જિલ્લાકક્ષાએ અંગભૂત યોજનાનો કાર્યક્રમ સારી રીતે ચાલે છે, અને અધિકારીઓ આ કાર્યક્રમના લાભો સમાજના લોકોને ઝડપથી મળે તે જોવા માટે હરહમેશ ઉત્સુક હોય છે. અધિકારીઓની તેમજ લાભકર્તાઓનો જેની સાથે સીધો સંપર્ક એવા માનદ્ પ્રચારકો ભાઇઓ પણ અનુસૂચિત જાતિના લોકોને જે તે



કાર્યક્રમ હેઠળ સહાય મળે છે તે મેળવી આપવામાં સારી રીતે મદદરૂપ બને છે. એવું અમને અમારા સર્વેક્ષણ દરમ્યાન અનુસૂચિત જાતિના આગેવાનો પાસેથી પણ જાણવા મળ્યુ હતુ. આમ છતાં આટલો મોટો કાર્યક્રમ કે જેમાં ઘણાં નાણાં ખર્ચાવાના હોય ત્યારે ગામ સ્તરના લાભાર્થીઓની સાંકળ માત્ર એક માનદ્ પ્રચારક છે. જેની પોતાની સ્થિતિ કાયમી નથી. આ સિવાય લાભિતોનો જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી સાથે કોઇ સીધો સંબંધ નથી. આથી આટલા મોટા કાર્યક્રમોનો અમલ સારી રીતે થાય તે માટે તાલુકા કક્ષાએ અને જિલ્લાકક્ષાએ આદિવાસી વિસ્તાર પેટાયોજનાની જેમ વ્યવસ્થિત માળખુ ગોઠવવું જોઇએ.

(૫) તપાસ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે હજુ પણ અમુક ગામોમાં તેમને અસ્પૃશ્ય ગણી તેમની સાથે ન છાજે તેવો વ્યવહાર કરવામાં આવે છે. તેમને કૂવા પરથી પાણી ભરવા દેવામાં નથી આવતુ. હોટલો અને લોજમાં પ્રવેશ આપવામાં આવતો નથી. હોટલોમાં તેમને માટેના ચા પીવાના કપ-રકાબી જુદા રાખવામાં આવે છે. કેટલાક દુકાનદારો તેમને દૂર ફેંકીને વસ્તુઓ આપે છે. રાજ્યમાં અસ્પૃશ્યતા અંગેનો અનેક કાયદાઓ હોવા છતાં તેનો અમલ કડક રીતે થતો નથી. કાયદાનો અમલ કડક રીતે કરવો જોઇએ. આથી એવા સ્થાનો (જે હવે ઓછાં છે અને ઓછાં થતાં જાય છે) ત્યાંના સવર્ણ પ્રજાઓના લોકશિક્ષણનુ કામ પણ કરવું જોઇએ જેથી લોકોને પણ થાય કે એમની હરિજન પ્રત્યેની વર્તણૂક અન્યાય છે અને એમને પોતાને પણ હાનિકર્તા છે.

(૫) ખાસ અંગભૂત યોજના હેઠળ ૧૯૮૦-૮૧ માં ૨૮૫ ગામોમાં અને ૧૯૮૧-૮૨ માં ૩૧૬ ગામોમાં મોજણી કરવામાં આવી હતી. અંગભૂત યોજનાનો આ બધા ગામોમાં અમલ થયો છે કે નહી ? જો યોજનાનુ અમલીકરણ થયુ હોય તો તેનુ મૂલ્યાંકન કરવુ જોઇએ. આમ તેમના માટે જે કંઇ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે તેનુ દરવર્ષે મૂલ્યાંકન કરવુ જોઇએ. આવા મૂલ્યાંકન અભ્યાસની જવાબદારી ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં જે "હરિજન સેલ" પ્રસ્થાપિત કર્યો છે તે દ્વારા હાથ ધરાય તે ઉચિત છે.

(૬) સામાન્ય પ્રજામાં એક એવી છાપ જોવા મળે છે કે સરકારશ્રી યોજનાઓ સારી ઘડે છે, તે માટે નાણાંની ફાળવણી પણ યોગ્ય રીતે કરવામાં આવી હોય છે તેમ છતાં તેનો અમલ બરાબર થતો નથી. જેથી યોજના અમલીકરણના તબક્કે નિષ્ફળ જાય છે. આથી રાજ્ય સરકારે અગભૂત યોજના હેઠળના વિકાસ કાર્યક્રમોનું કોઇપણ એક જિલ્લાના પાંચ ગામોનું પ્રાયોગિક ધોરણે અમલીકરણનું કામ કોઇ સારી સંસ્થાઓને સોંપવું જોઇએ.

**૧૯૮૩-૮૪ ના વર્ષમાં સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ આવરી લીધેલ ૩૬૧ ગામોની આર્થિક સામાજિક સ્થિતિ :**

૧૯૮૩-૮૪ ના વર્ષમાં જે ૩૬૧ ગામોની તપાસ કરવામાં આવી છે તેમાં કુલ ૪૫૪૨૫ કુટુંબોને આવરી લીધાં હતાં. જિલ્લાવાર કુટુંબોની સંખ્યા નીચે પ્રમાણે હતી :

| ક્રમ | જિલ્લો | કુટુંબ સંખ્યા |
|---|---|---|
| ૦૧ | ખેડા | ૬૫૯૦ |
| ૦૨ | અમદાવાદ | ૩૮૧૩ |
| ૦૩ | મહેસાણા | ૭૬૯૮ |
| ૦૪ | સાબરકાંઠા | ૩૪૦૩ |
| ૦૫ | જૂનાગઢ | ૩૨૯૪ |
| ૦૬ | બનાસકાંઠા | ૨૮૮૫ |
| ૦૭ | સુરેન્દ્રનગર | ૩૫૭૫ |
| ૦૮ | વડોદરા | ૧૫૬૨ |
| ૦૯ | અમરેલી | ૧૪૩૬ |
| ૧૦ | પંચમહાલ | ૧૩૨૩ |
| ૧૧ | કચ્છ | ૨૯૫૩ |
| ૧૨ | રાજકોટ | ૧૭૫૦ |
| ૧૩ | જામનગર | ૫૦૮ |
| ૧૪ | ભાવનગર | ૨૫૦૦ |
| ૧૫ | ભરૂચ | ૪૬૦ |
| ૧૬ | સુરત | ૩૬૯ |



| ક્રમ | જિલ્લો | કુટુંબ સંખ્યા |
|---|---|---|
| ૧૭ | ગાંધીનગર | ૪૨૫ |
| ૧૮ | વલસાડ | ૮૮૧ |
| | કુલ..... | ૪૫૪૨૫ |

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૩૬૧ ગામના ૪૫૪૨૫ અનુસૂચિત જાતિના કુટુંબોની સભ્યસંખ્યા ૨૨૦૮૧૩ ની હતી. જેમાંથી ૧૧૪૫૬૯ (૫૧.૮૯ ટકા) પુરૂષો અને ૧૦૬૨૪૪ (૪૮.૧૧ ટકા) સ્ત્રીઓ હતી. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું કુટુંબકદ ૪.૮૬ નું હતું.

**શિક્ષણ :**

આવરી લીધેલ ૩૬૧ ગામોમાં અનુસૂચિત જાતિના લોકોની કુલ ૨૨૦૮૧૩ ની વસ્તીમાંથી ૧૨૪૬૬૬ વ્યક્તિઓ એટલે કે (કુલ વસ્તીના ૫૬.૪૬ ટકા) અભણ હતી. જ્યારે ૯૬૧૪૭ વ્યક્તિઓ (એટલે કે ૪૩.૫૪ ટકા) ભણેલી હતી. પુરૂષોમાં ૪૬.૦૮ ટકા અભણ અને સ્ત્રીઓમાં ૬૭.૬૬ ટકા અભણ હતાં.

અક્ષરજ્ઞાન ધરાવતી કુલ વ્યક્તિઓમાંથી ૬૯ ટકા પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ, ૧૬ ટકાએ માધ્યમિક કક્ષાનું, ૧૦ ટકા એસ.એસ.સી. થયેલા અને ૩ ટકા સ્નાતક થયેલા હતા. જ્યારે અનુસ્નાતક અને ટેકનીકલ શિક્ષણ ધરાવનારાઓનું પ્રમાણ ૧ ટકાથી પણ ઓછું હતું.

તપાસ સમયે ૭ થી ૧૪ વર્ષના ૪૭૫૩૩ કુલ બાળકોમાંથી ૮૫૮૩ (૧૮ ટકા) શાળાએ જતાં ન હતાં. શાળાએ ન જવા અંગેના કારણો પૂછતાં એવું જાણવા મળ્યું કે ૬૬ ટકા નબળી આર્થિક સ્થિતિને કારણે, ૭ ટકા મા-બાપને ધંધામાં મદદ કરવા, ૭ ટકા મા-બાપ મજૂરી પર જતાં ઘરમાં નાના ભાઇ-બહેનોને સંભાળ રાખવા તેમજ ૧.૭૯ ટકા ખેતીના કામમાં મદદ કરવા રોકાવાના લીધે અને ૦.૮૮ ટકા ઢોર ચરાવવામાં રોકાવાના લીધે ભણી શકતાં નથી. ૬ ટકા બાળકોનું ન ભણવાનું કારણ

તેમના માત-પિતા છે, જ્યારે ૬ ટકા બાળકોનું ન ભણવાનું કારણ તેમને ભણવામાં રસ નથી તેથી તેમનાં મા-બાપ ભણવા મોકલતાં નથી. તેમજ ૧૯ બાળકો અસ્પૃશ્યતાના કારણે ભણવા જતાં નહોતાં. એવું પણ જાણવા મળેલ.

આર્થિક સ્થિતિ :

સર્વેક્ષણ નીચે આવરી લીધેલ કુટુંબોમાંથી ૫૪ ટકા લોકો મજૂરી કરતાં હતાં. એટલે કે એમનો મુખ્ય વ્યવસાય મજૂરી કહી શકાય, ૬ ટકા કુટુંબો ખેતી કરતાં હતાં, જ્યારે વંશપરંપરાગત ધંધો કરતાં માત્ર ૮ ટકા કુટુંબો હતાં. નોકરી કરતાં કુટુંબોની સંખ્યા ૨૫ ટકા હતી, વેપાર ધંધામાં ૧.૪૬ ટકા લોકો રોકાયેલ હતા, આધુનિક પ્રકારના વ્યવસાયમાં અને ભિક્ષાવૃત્તિ અને સફાઇકામની ટકાવારી નહિવત હતી. ટૂંકમાં લોકોને એક વ્યવસાયમાંથી જીવન ગુજરાન ચલાવી શકાય તેમ ન હોવાથી તેમને અનેક પ્રકારના ધંધા રોજગારમાં જોડાવું પડે છે. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની આર્થિક સ્થિતિ સારી જોવા મળી ન હતી. કુલ ૪૫૪૨૫ કુટુંબોમાંથી ૨૬૭૮૧ (૫૮.૯૬ ટકા) ની વાર્ષિક આવક ૨૪૦૦ સુધીની હતી. તે જ રીતે ૭૮૨૭ કુટુંબો (૧૭.૨૩ ટકા)ની વાર્ષિક આવક રૂ. ૨૪૦૧ થી ૩૬૦૦, ૩૫૭૫ (૭.૮૭ ટકા)ની આવક રૂ. ૩૬૦૧ થી ૪૮૦૦ સુધી, ૪૯૫૬ (૧૦.૯૧ ટકા) કુટુંબોની આવક રૂ. ૪૮૦૧ થી ૭૨૦૦ સુધી, જ્યારે ૨૨૮૬ (૫.૦૩ ટકા) કુટુંબોની આવક રૂ. ૭૨૦૧ થી ઉપરની હતી. કુલ કુટુંબોમાંથી ૮૦ ટકા ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં. સર્વેક્ષણ કરેલ કુટુંબની વાર્ષિક આવક રૂ. ૩૨૮૦ હતી. આમ માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૬૭૪ અને માથાદીઠ માસિક આવક રૂ.૫૬ ની હતી.

સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી ચમાર, ભંગી, ગરોડા, સેનવા, તુરી, બાવા વગેરે જાતિનાં કુટુંબોની સ્થિતિ ઘણી જ કપરી છે. આ જાતિઓનાં ૬૦ ટકાથી વધુ કુટુંબોની આવક રૂ. ૨૪૦૦ થી ઓછી હતી. જ્ઞાતિવાર આવકના ધોરણે તપાસીએ તો ચમાર (૯૦ ટકા) માહ્યાવંશી (૯૪ ટકા) માતંગ (૯૩ ટકા)



નાડિયા હાડી (૯૬ ટકા) સેનમા (૯૭ ટકા) અને તીરગર (૯૪ ટકા) ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં.

જમીનધારણ :

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાંથી કેટલાંક કુટુંબો જમીન ધરાવતાં હતાં. પરંતુ તેમની પાસે જે કંઇ જમીન હતી તેની ઉપજમાંથી આખુ વર્ષ નિર્વાહ થઇ શકે એમ નહોતો. તેઓ પાસે જમીન હતી તે મોટેભાગે બિનફળદ્રુપ હતી. કેટલાકને ભૂમિદાનમાં મળેલી પડતર અને ખરાબાની જમીન હતી. ખેતીનાં ઓછાં સાધનો અને સિંચાઇની નહીંવત સગવડને કારણે જમીનમાંથી ખાસ મેળવી શકાતું નહોતું. કુલ સર્વેક્ષણમાં આવરી લીધેલ ૪૫૪૨૫ કુટુંબોમાંથી ૫૦૭૫ એટલે કે કુલ કુટુંબના ૧૧.૧૭ ટકા જમીન ધરાવતાં હતાં. જમીન ધરાવનાર કુટુંબોમાંથી અનુક્રમે ૧૫૨૮ કુટુંબો (૩૦.૧૧ ટકા) ૧ એકર સુધી, ૧૩૧૦ (૨૫.૮૨ ટકા) ૧ એકરથી ૨ એકર સુધી, ૧૧૧૭ (૨૨ ટકા) ૨ એકરથી ૪ એકર સુધી, ૫૩૧ (૧૦.૪૭ ટકા) ૪ એકરથી ૬ એકર સુધી, ૨૧૩ (૪.૨૦ ટકા) ૬ એકરથી ૮ એકર, ૩૭૬ (૭.૪૦ ટકા) ૮ એકરથી ૧૦ એકર, ૨૧૩ કુટુંબો (૪.૨૦ ટકા) ૧૦ એકરથી વધુ જમીન ધરાવતાં હતાં.

વપરાશી ખર્ચ :

અનુસૂચિત જાતિના લોકોની આવક ઓછી હોવાથી તેઓ ખૂબજ કરકસરથી રહે છે. બીજી રીતે કહીએ તો પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ પણ તેઓ વાપરી શકતાં નથી. તપાસમાં આવરી લીધેલ કુટુંબોનું વાર્ષિક વપરાશી ખર્ચ નીચે પ્રમાણે હતું :

| ક્રમ | ખર્ચજૂથ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | રૂ. ૨૪૦૦ સુધી | ૧૯૨૫૫ | ૪૨.૩૯ |
| ૨ | રૂ. ૨૪૦૧ થી ૩૬૦૦ | ૧૦૬૩૩ | ૨૩.૪૦ |
| ૩ | રૂ. ૩૬૦૧ થી ૪૮૦૦ | ૬૦૩૩ | ૧૩.૨૯ |
| ૪ | રૂ. ૪૮૦૧ થી ૭૨૦૦ | ૬૭૬૮ | ૧૪.૯૦ |
| ૫ | રૂ. ૭૨૦૦ થી વધુ | ૨૭૩૬ | ૬.૦૨ |

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાંથી ૮૦ ટકા કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં. કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૩૬૦૫ હતુ અને માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૭૮૧ અને માથાદીઠ માસિક ખર્ચ રૂ. ૬૧ હતુ.

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૪૫૪૨૫ કુટુંબોમાંથી ૭૯૯૯ (૧૭.૬૧ ટકા) કુટુંબો દેવાદાર હતાં. કુલ ૭૯૯૯ દેવાદાર કુટુંબોમાંથી ૩૭૪૬ (૪૬.૮૪ ટકા) કુટુંબોને રૂ. ૫૦૦ નુ દેવુ હતુ. ૧૧૨૮ કુટુંબોને (૧૪.૧૦ ટકા) રૂ. ૫૦૧ થી ૧૦૦૦ સુધીનુ, ૬૧૦ (૭.૬૨ ટકા) કુટુંબોને ૧૦૦૧ થી ૨૫૦૦ સુધીનુ અને ૧૬૨૩ (૨૦.૨૯ ટકા) કુટુંબોને રૂ. ૨૫૦૦ થી વધુ દેવુ હતુ. સૌથી વધારે દેવાદાર કુટુંબોની સંખ્યા ભરૂચ (૫૩.૨૬ ટકા) જિલ્લામાં હતી. જ્યારે સૌથી ઓછા દેવાદાર કુટુંબોની સંખ્યા પંચમહાલ (૬.૬૭ ટકા) જિલ્લામાં હતી. કુટુંબદીઠ દેવુ રૂ. ૨૦૫ નુ હતુ જ્યારે દેવાદાર કુટુંબદીઠ દેવુ રૂ. ૧૧૬૫ હતુ. ૨૦ ટકા કરતાં વધુ દેવાદાર કુટુંબો સાત જિલ્લામાં હતાં.

ઉપર્યુકત દેવુ શાહુકાર અને વેપારીનુ હતુ. દેવુ કરવા પાછળ સામાજિક ખર્ચા અને નિભાવખર્ચ મુખ્ય હતાં. ઘણાં કિસ્સાઓમાં હરિજન કુટુંબોએ જમીન ગીરો મૂકી હોય તેવુ પણ જોવા મળયુ હતુ. નબળી આર્થિક સ્થિતિને કારણે તેઓને દેવુ કરવાની ફરજ વારંવાર પડે છે. તેઓ શાહુકાર વેપારીના દેવાના ચક્રમાંથી છૂટે તે માટે કંઇક ત્વરિત પગલાં લેવા પડે તેવી સ્થિતિ છે. જ્ઞાતિવાર આવક ખર્ચ અને દેવાની સ્થિતિ જુદી જુદી જોવા મળી હતી. આ અંગેની માહિતી પરિશિષ્ટ-૧ માં આપવામાં આવી છે.

રહેઠાણ અને આરોગ્ય :

તપાસેલ ગામોમાં મોટાભાગના હરિજન કુટુંબો ગામના છેવાડે રહેતાં હતાં. જ્યાં ગામના ઉકરડા, મળત્યાગની ખુલ્લી જગ્યા, ગટર નિકાલ વગેરેથી ઘરોની સ્થિતિ પણ ઘણી જ ખરાબ જોવા મળી હતી. કેટલાંક ઘરોમાં ૧૦ થી ૧૫ સ્ત્રી-પુરૂષ સભ્યો સાથે રહેતાં હોય તેવુ પણ જોવા મળયુ હતુ. ૪૫૪૨૫ કુટુંબોમાંથી



૩૭૮૬૪ કુટુંબોને પોતાની માલિકીનાં મકાન હતાં, ૭૫૬૧ કુટુંબો ભાડાના મકાનમાં રહેતાં હતાં.

અનુસૂચિત જાતિના કુટુંબોના કુલ રહેઠાણના મકાનોમાંથી ૧૮૨૨ (૪.૦૭ ટકા) મકાનોમાં જાજરૂની સગવડ હતી. ૮૨૪૯ (૧૮.૧૬ ટકા) મકાનોમાં નાવણિયુ હતુ. ૧૭૪૪૨ (૩૮.૪૦ ટકા) મકાનોમાં વીજળીની સુવિધા હતી. ૮૧૮૮ (૧૮.૦૩ ટકા) મકાનોમાં પાણીના નળની સગવડ હતી. ૫૬૮૭ (૧૨.૫૨ટકા) મકાનોમાં પાણીના નિકાલની વ્યવસ્થા હતી અને ૧૨૩૬ (૨.૭૨ ટકા) મકાનોમાં નિર્ધૂમ ચૂલાની વ્યવસ્થા હતી.

ઉપર્યુકત આંકડાકીય ચિત્રથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે અનુસૂચિત જાતિના સભ્યો માટે રહેઠાણ માટે ત્વરિત આયોજન ઘડવુ પડે તેવી સ્થિતિ છે.

ઘરથાળનો પ્લોટ :

૪૫૪૨૫ કુટુંબોમાંથી માત્ર ૪૫૮૭ (૧૦.૧૦ ટકા) કુટુંબોને ઘરથાળનો પ્લોટ મળયો હતો. ગામમાંથી મોટાભાગના કુટુંબોને ઘરથાળનો પ્લોટ અનુકૂળ ન હતો. તે માટેનાં વિવિધ કારણો જાણવા મળયાં જેમકે જમીન અપૂરતી હતી, પ્લોટની જગ્યા ગામથી દૂર હતી, જમીન નીચાણવાળા વિસ્તારમાં હતી.
કેટલીક વ્યકિતઓ પાસેથી એવુ પણ જાણવા મળયુ કે પ્લોટ મળયો છે તે હજુ ઝઘડામાં છે, તેમજ ઘણી જગ્યાએ વગદાર માણસો દ્વારા પ્લોટ ખાલી કરાવવા માટે દબાણ કરતા હોય તેવા પણ દાખલા જોવા મળયાં હતાં.

આરોગ્ય :

તપાસ દરમ્યાન કુલ ૨૪૫૦ વ્યકિતઓ કોઇને કોઇ રોગથી પિડાતી હતી. આ રોગોમાં ૧૦૧૦ ક્ષયના રોગથી, ૧૩૭ કેન્સર, ૭૨૩ દમ, ૮૬ પાંડુરોગ, ૧૪૨ રકતપિત્ત, ૭૫ લકવા અને ૨૭૭ અન્ય મહારોગથી પીડાતા હતા.

ઉપર્યુકત દર્દીઓને સમાજ કલ્યાણ ખાતા તરફથી આર્થિક સહાય આપવામાં આવે છે જેનો લાભ માત્ર ૭૨ વ્યકિતઓને મળયો હતો. સગર્ભા માતાઓ અને ૬ વર્ષથી નીચેના બાળકો માટે જે પોષક આહારની યોજના ચાલે છે તેનો લાભ ૧૦૭૪ વ્યકિતઓને મળયો હતો.

**ખોડખાંપણ :**

કુલ વ્યકિતઓમાંથી ૧૩૮૬ વ્યકિતઓને કોઇને કોઇ પ્રકારની ખોડખાંપણ હતી. આમાં સૌથી વધુ સંખ્યા લૂલા, આંધળા, બહેરા અને મૂગાની હતી. કુલ ૧૩૮૬ ખોડખાંપણવાળી વ્યકિતઓમાંથી ૧૪૪ તો ૧ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો હતા.

**આર્થિક, સામાજિક, શિક્ષણ અને આરોગ્ય વિષયક જરૂરિયાત :**

**(૧) વંશપરંપરાગત ધંધાની જરૂરિયાત :**

તપાસમાં આવરી લીધેલ ૩૬૧ ગામોમાંથી ૩૬૭૭ કુટુંબો વંશપરંપરાગત ધંધો કરતા હતા. તેમણે તેમના વંશપરંપરાગત ધંધાના વિકાસ માટે વિવિધ પ્રકારની જરૂરિયાતો દર્શાવી હતી. જેમાં નાણાંકીય સહાય (૩૬૭૭ કુટુંબો) કાચો માલ (૧૦૩૬), સાધનો (૮૫૯) તાલીમ (૩૧૫) અને ધંધા માટે તાંત્રિક માર્ગદર્શન (૨૦૫) અને વેચાણ (૪૬) માટે મદદની જરૂરિયાતોનો સમાવેશ થાય છે.

**(૨) ખેતીના વિકાસ અંગેની જરૂરિયાતો: (જમીન-કૂવા) :**

તપાસમાં આવરી લીધેલ કુલ કુટુંબોમાંથી ૧૧.૧૭ ટકા કુટુંબો થોડા વત્તા પ્રમાણમાં જમીન ધરાવતા હતા. કુલ ૪૫૪૨૫ કુટુંબોમાંથી ૯૩૬૮ કુટુંબોએ ખેતી માટેની જમીનની જરૂરિયાત દર્શાવી હતી. જેમની પાસે હાલ જમીન છે તેમાંથી ૧૪૮૦ કુટુંબોએ ક્યારી બનાવવા, ૧૫૫૨ કુટુંબોએ પાળા બાંધકામ કરવા, ૧૯૨૭ કુટુંબોએ જમીન સમતળ કરવા અને ૧૭૦૪ કુટુંબોએ વાડ કરવા માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી. ૨૦૮૪ કુટુંબોએ ખેતીમાં સિંચાઇ માટે નવા કૂવાની જરૂરિયાત દર્શાવી હતી. જ્યારે ૮૧૪ કુટુંબોએ જૂના કૂવાના સમારકામ માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી.



**(૩) ખેતીના સાધનો, શાકભાજી વાવેતર અને ફળાઉ ઝાડની વિગતો:**

તપાસમાં આવરી લીધેલ ગામોમાંથી ૪૦૧૬ કુટુંબોએ હળની, ૩૩૫૯ કુટુંબોએ રાંપની, ૩૩૫૮ કુટુંબોએ રાંપડાની, ૩૫૨૩ કુટુંબોએ સમારની, ૩૬૪૧ કુટુંબોએ ગાડાની, ૩૪૬૨ કુટુંબોએ વાવણિયાની, ૩૩૧૬ કુટુંબોએ લોખંડના હળની, ૩૨૬૬ કુટુંબોએ ઉપણવાના પંખાની, ૩૨૯૩ કુટુંબોએ મોલની વગેરે જરૂરિયાતો દર્શાવી હતી. ૪૪૨૯ કુટુંબોએ ખેતીનું ઉત્પાદન વધે તે માટે સુધારેલ બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો છંટકાવના સાધનોની જરૂરિયાત દર્શાવી હતી.

તપાસેલ કુટુંબોમાંથી ૧૫૯૬ કુટુંબોએ શાકભાજીનું વાવેતર કરવાની, ૬૮૦ કુટુંબોએ વાંસ ઉગાડવાની જરૂરિયાત દર્શાવી હતી.

**(૪) પશુધન :**

આવકના સાધન તરીકે અથવા તો આવકની વૃદ્ધિ માટે કોઇ ઢોરની જરૂર હોય તેના અનુસંધાને તપાસેલ ૪૫૪૨૫ કુટુંબોમાંથી ૫૧૧૭ કુટુંબોએ ગાયની, ૭૯૧૩ કુટુંબોએ ભેંસની જરૂરિયાત દર્શાવી હતી. કેટલાંક કુટુંબોએ પશુ માટે ઘાસ અને સારવારની માંગણી પણ કરી હતી.

**(૫) પરિવહનના સાધનોની તેમજ સ્વરોજગાર માટે તાલીમની જરૂરિયાત :**

આવકમાં વૃદ્ધિ માટે તપાસ દરમ્યાન આ બધા ગામોમાંથી પરિવહનના સાધનોમાં ૧૪૦૦ વ્યકિતઓએ ઊંટગાડી, ૧૧૩૦ વ્યકિતઓએ હાથલારી, ૧૨૭૯ કુટુંબોએ ઓટોરીક્ષા, ૧૧૭ કુટુંબોએ પેડલરીક્ષાની માંગણી કરી હતી.

આ સિવાય અનુસૂચિત જાતિના સભ્યોએ વંશપરંપરાગત ધંધા સિવાય આધુનિક વ્યવસાયમાં જોડાવવા કેટલાક નાના પાયાના ધંધા રોજગારની જરૂરિયાત દર્શાવી હતી. જેમાં દળવાની ઘંટી, સાયકલ રીપેરીંગ દુકાન, હાથશાળ (પાવરલુમ) ની જરૂરિયાત દર્શાવી હતી.

જ્યારે કેટલીક વ્યક્તિઓએ આધુનિક વ્યવસાયમાં જોડાવા માટેની તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. તેમાં ૧૧૫૫ વ્યક્તિઓએ સિવણકામની, ૨૬ વ્યક્તિઓએ ઘડિયાળ રીપેરીંગ, ૧૦૧ વ્યક્તિઓએ રેડિયો રીપેરીંગ, ૧૯૦ વ્યક્તિઓએ ઓટો રીપેરીંગ, ૪૮૮ વ્યક્તિઓએ સુથારીકામ, ૮૦૦ વ્યક્તિઓએ કડિયાકામ, ૪૨ વ્યક્તિઓએ હિરા ઘસવાની તાલીમની ઇચ્છા દર્શાવી હતી.

(૬) રહેઠાણ અંગેની જરૂરિયાત :

તપાસ દરમ્યાન જણાયું હતું કે કુલ કુટુંબોમાંથી ૨૧૭૫૯ કુટુંબોએ નવા મકાનોની, ૨૧૬૨૬ કુટુંબોએ સમારકામ માટે નાણાંકીય સહાયની અને ૨૬૪૧૭ કુટુંબોએ નિર્ધૂમ ચૂલાની જરૂરિયાત દર્શાવી હતી. ૨૪૯૮૧ એ નળનું જોડાણ, ૨૩૬૬૮ પાણીના નિકાલની વ્યવસ્થા, ૨૧૨૪૩ ઘરમાં વીજળી જોડાણની માંગણી કરી હતી.

(૭) ખોડખાંપણ અંગેની જરૂરિયાત :

તપાસમાં આવરી લીધેલ કુલ વ્યક્તિઓમાંથી ખોડખાંપણવાળી વ્યક્તિઓએ જુદી જુદી જરૂરિયાતો દર્શાવી છે. જેમાં ૩૨ વ્યક્તિઓએ સાધનોની, ૮૩ વ્યક્તિઓએ નાણાંકીય મદદની, ૧૭ વ્યક્તિઓએ યોગ્ય સારવારની અને ૩ વ્યક્તિઓએ વ્યાવસાયિક તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. ૧૬૮૪ વ્યક્તિઓએ આરોગ્ય માટે સારવારની તેમજ ૧૬૪૪ વ્યક્તિઓએ દવા માટે આર્થિક મદદની જરૂરિયાત દર્શાવી હતી.

અનુસૂચિત જાતિના વસવાટવાળાં ફળિયામાં પાયાની સુવિધાઓ :

તપાસમાં આવરી લીધેલ ૩૬૧ ગામોમાં કુલ ૧૨૨૧ ફળિયા હતાં. આ ફળિયામાં કઇ કઇ સુવિધાઓ છે તે અંગે જે માહિતી મળી તે આ પ્રમાણે છે :



(૧) શિક્ષણ :

૧૧૪૮ ફળિયામાં બાલવાડી નથી, ૧૧૮૨ ફળિયામાં પ્રૌઢ શિક્ષણના વર્ગની વ્યવસ્થા નથી. ૬૩૨ ફળિયાના બાળકોને નિશાળે જવાની મુશ્કેલી પડતી હતી જેમાં ચોમાસામાં પાણી ભરાઇ જવું, નદી વહેળો ઓળંગવો પડતો.

(૨) પીવાનું પાણી :

૧૨૨૧ ફળિયામાંથી ૭૦૨ ફળિયામાં વસતા લોકોના મકાનમાં નળ હતા. જ્યારે ૭૯ વાસના લોકો ગ્રામ પંચાયતના નળથી, ૩૯૭ વાસના લોકો કૂવા પરથી પાણી ખેંચી લાવતા હતા, જ્યારે ૫ વાસવાળા તળાવ અને ૨૩ વાસવાળા પીવાના પાણી માટે નદીનો ઉપયોગ કરતા હતાં.

૫૬ ટકા ફળિયાવાળાને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહેતું હતું. બાકીનાં ફળિયાવાળાઓ પૂરતું પાણી ન મળવાથી કૂવા અને ડેમના પાણીનો ઉપયોગ કરતા હતાં. સર્વેક્ષણ હેઠળના ગામોમાંથી ૨૩૦ ગામોમાં વોટર વર્કસ છે, ૧૨૦ માં નથી. કેટલાંક ગામોના તળાવમાંથી પીવા માટે પાણી લેવાય છે ત્યાં હરિજનો માટે જુદા ઓવાળા જોવામાં આવે છે. કેટલાંક ગામોમાં આ દુષણને દૂર કરવું જોઇએ. બધા જ લોકો એકજ ઓવારે નહાય, કપડાં ધૂએ એ વાત પ્રગતિશીલ કહી શકાય.

(૩) વીજળી તથા અન્ય સવલતો :

૧૨૨૧ ફળિયામાંથી ૯૨૪ વાસમાં વીજળીની સગવડ હતી. ૬૮૭ મહોલ્લાના રહેવાસીઓએ જણાવેલ કે જુદા જુદા ખાતાના સરકારી કર્મચારીઓ ફળિયાની મુલાકાત લે છે. ૧૨૨૧ ફળિયામાં ૯૭ ફળિયાનાં પ્રવેશ આગળ પગથિયા હતા અને ૧૦૧ ફળિયાના રસ્તાઓ ઈંટ, પથ્થરથી પૂરેલા હતાં, બાકીના રસ્તાઓમાં માટી હતી. જેને કારણે ચોમાસામાં કાદવ થતો હતો. ૧૦૯૦ ફળિયામાં ગંદા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા ન હતી. ૧૩૧ ફળિયામાં ખુલ્લી ગટર અને ભૂગર્ભ ગટર હતી.

૧૯૭ ફળિયામાં પગથી છે. ૧૦૮૬ ફળિયામાં ગામથી ફળિયાના રસ્તા કાચા છે. કાચા રસ્તાને કારણે ચોમાસામાં ફળિયામાંથી બહાર જવું મુશ્કેલ થઇ પડે છે. જાજરૂની વ્યવસ્થા હરિજનો માટે ક્યાંય નથી એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. ૬૫૮ ફળિયાની પાસે ગામના ઉકરડા હતા તો કેટલાક ફળિયા ગામ લોકોને જાજરૂ જવાની જાહેર જગ્યા પાસે હતા. સંક્ષેપમાં હરિજન ફળિયાના વસવાટનું સ્વરૂપ એવું છે કે ત્યાં રહેનારાઓ ઉપર પ્રમાણેની અતિશય તકલીફથી પીડાય છે. જેમાંથી બહાર નીકળવાનો કોઇ રસ્તો જ નથી તેમજ આ ગામોની વસવાટની ઢબ પણ હરિજનોને અન્યાય કરે છે.

આમ સ્પષ્ટ રીતે જણાય આવશે કે અનુસૂચિત જાતિના લોકો પાયાની અને સામાન્ય સુવિધાઓથી પણ વંચિત છે અને તેથી આ અંગે સત્વરે પગલાં લઇ તેઓની મુશ્કેલી દૂર કરવા માટે ઘટતું કરવું જોઇએ.



પરિશિષ્ટ -૧

| ક્રમ | જ્ઞાતિ | કુલ કુટુંબ સંખ્યા | કુટુંબદીઠ વાર્ષિક આવક | માથાદીઠ વાર્ષિક આવક | માથાદીઠ માસિક આવક | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | માથાદીઠ વાર્ષિક ખર્ચ | માથાદીઠ માસિક ખર્ચ | દેવાદાર કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબદીઠ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ચમાર | ૯૮૯૩ | ૩૦૧૮ | ૬૨૧ | ૫૨ | ૩૫૧૩ | ૭૨૩ | ૬૦ | ૧૮૯૯ | ૧૨૭૩ |
| ૦૨ | મોચીગર | ૧૦૭૯ | ૩૭૬૯ | ૭૭૫ | ૬૪ | ૪૩૧૦ | ૮૮૭ | ૭૪ | ૧૫૬ | ૧૧૬૬ |
| ૦૩ | ભંગી | ૮૮૨૦ | ૩૪૬૪ | ૭૧૨ | ૫૯ | ૩૮૬૦ | ૭૯૪ | ૬૬ | ૧૮૫૬ | ૭૨૨ |
| ૦૪ | ગરોડા-ગરો | ૧૪૨૬ | ૩૧૪૭ | ૬૪૬ | ૫૪ | ૩૪૧૦ | ૭૦૨ | ૫૮ | ૨૩૫ | ૧૪૦૬ |
| ૦૫ | માહ્યાવંશી | ૪૩૬ | ૨૮૨૯ | ૫૮૨ | ૪૮ | ૩૪૭૮ | ૭૧૬ | ૬૦ | ૧૩૫ | ૬૦૩ |
| ૦૬ | વણકર | ૧૮૬૪૬ | ૩૨૩૮ | ૬૬૬ | ૫૬ | ૩૪૯૪ | ૭૧૯ | ૬૦ | ૩૨૦૨ | ૧૦૫૪ |
| ૦૭ | માતંગ | ૩૮ | ૨૮૪૨ | ૫૮૫ | ૪૯ | ૨૬૨૧ | ૫૩૯ | ૪૫ | ૪ | ૫૦૦ |
| ૦૮ | નાડીયા | ૭૧૦ | ૨૭૩૩ | ૫૬૨ | ૪૭ | ૩૦૯૯ | ૬૩૮ | ૫૩ | ૬૫ | ૫૦૦ |
| ૦૯ | સેનવા | ૧૦૫૦ | ૨૬૫૯ | ૫૪૭ | ૪૬ | ૩૦૫૪ | ૬૨૮ | ૫૨ | ૧૮૩ | ૧૪૨૭ |
| ૧૦ | તીરગર | ૬૧ | ૨૭૬૪ | ૫૬૯ | ૪૭ | ૨૬૨૬ | ૫૪૦ | ૪૫ | ૨૯ | ૧૩૪૪ |
| ૧૧ | તુરી | ૫૧૫ | ૨૯૪૪ | ૬૦૬ | ૫૦ | ૩૬૮૯ | ૭૫૯ | ૬૩ | ૬૬ | ૧૩૯૭ |
| ૧૨ | બાવા | ૧૩૭ | ૨૯૪૩ | ૬૦૬ | ૫૦ | ૩૬૪૮ | ૭૫૧ | ૬૩ | ૧૪ | ૧૧૭૮ |
| ૧૩ | મેઘવાળ | ૨૬૧૪ | ૪૩૭૮ | ૯૦૧ | ૭૫ | ૪૧૦૧ | ૮૪૪ | ૭૦ | ૧૫૫ | ૭૦૧ |
| | કુલ ..... | ૪૫૪૨૫ | ૩૨૮૦ | ૬૭૪ | ૫૬ | ૩૬૦૫ | ૭૮૧ | ૬૧ | ૭૯૯૯ | ૧૧૬૫ |

કોઠો - :૨:૧: નમૂનારૂપ સર્વેક્ષણમાં આવરી લીધેલા ગામોના સામાજિક-આર્થિક મહત્વના નિષ્કર્ષો

| વર્ષ | પસંદ થયેલ ગામો | સર્વેક્ષણ કરેલ કુટુંબ | કુલ વસ્તી પુરૂષ | કુલ વસ્તી સ્ત્રી | કુલ વસ્તી કુલ | કુટુંબનુ કદ | વયજૂથ પ્રમાણે વસ્તીનુ વર્ગીકરણ ૬ વર્ષથી નીચે | ૭ થી ૧૪ વર્ષ | ૧૫થી ૨૫ વર્ષ | ૨૬થી ૫૦ વર્ષ | ૫૦થી વધુ વર્ષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૯૮૦-૮૧ | ૨૮૫ | ૩૬૦૬૪ | ૭૭૨૨૫ | ૭૧૧૮૭ | ૧૪૮૪૧૨ | - | - | - | - | - | - |
| ૧૯૮૧-૮૨ | ૩૧૬ | ૩૪૧૧૮ | ૮૩૧૬૧ | ૭૭૧૩૨ | ૧૬૦૨૯૩ | ૪.૭૦ | ૩૦૯૩૦ (૧૯.૩૦) | ૩૪૫૭૧ (૨૧.૫૭) | ૩૪૯૦૭ (૨૧.૭૮) | ૪૮૪૭૪ (૩૦.૨૪) | ૧૧૪૧૧ (૭.૧૧) |
| ૧૯૮૨-૮૩ | ૪૧૪ | ૪૯૧૫૪ | ૧૨૦૧૭૨ | ૧૧૨૩૯૬ | ૨૩૨૫૬૮ | ૪.૭૩ | ૪૪૫૫૩ (૧૯.૧૬) | ૫૫૮૪૩ (૨૧.૮૬) | ૫૨૨૦૩ (૨૨.૪૫) | ૭૭૦૬૪ (૩૩.૧૩) | ૧૪૯૦૫ (૬.૪૦) |
| ૧૯૮૩-૮૪ | ૩૬૧ | ૪૫૪૨૫ | ૧૧૪૫૬૯ | ૧૦૬૨૪૪ | ૨૨૦૮૧૩ | ૪.૮૬ | ૪૨૭૫૮ (૧૯.૩૭) | ૪૭૫૩૩ (૨૧.૫૨) | ૫૦૧૦૦ (૨૨.૬૯) | ૬૬૫૪૦ (૩૦.૧૩) | ૧૩૮૮૨ (૬.૨૯) |

| અભણ પુરૂષ | અભણ સ્ત્રી | અભણ કુલ | શિક્ષિત પુરૂષ | શિક્ષિત સ્ત્રી | શિક્ષિત કુલ | ચાલુ અભ્યાસ પુરૂષ | ચાલુ અભ્યાસ સ્ત્રી | ચાલુ અભ્યાસ કુલ | કુલ વસ્તીમાં ૭ થી ૧૪ વર્ષના બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૩૭૦૫૦ (૪૭.૯૮) | ૫૪૦૯૭ (૭૬.૦૦) | ૯૧૧૪૭ (૫૯.૪૧) | ૪૦૧૭૫ (૫૨.૧૨) | ૧૭૦૯૦ (૨૪.૦૦) | ૫૭૨૬૫ (૪૦.૫૯) | - | - | - | - |
| ૩૬૮૪૯ (૪૪.૩૧) | ૫૩૧૭૬ (૬૮.૯૪) | ૯૦૦૨૫ (૫૬.૧૬) | ૨૪૮૩૨ (૨૯.૮૮) | ૧૨૦૧૭ (૧૫.૫૮) | ૩૬૮૪૯ (૨૨.૯૮) | ૨૧૪૮૦ (૨૫.૮૧) | ૧૧૯૩૯ (૧૫.૪૮) | ૩૩૪૧૯ (૨૦.૮૬) | ૩૪૫૭૧ |
| ૫૩૩૨૬ (૪૪.૩૭) | ૭૬૩૩૧ (૬૭.૯૧) | ૧૨૯૬૫૭ (૫૫.૭૫) | ૩૬૧૭૯ (૩૦.૧૧) | ૧૬૮૭૪ (૧૫.૦૧) | ૫૩૦૫૩ (૨૨.૮૧) | ૩૦૬૬૭ (૨૫.૫૨) | ૧૯૧૯૧ (૧૭.૦૮) | ૪૯૮૫૮ (૨૧.૪૪) | ૫૦૮૪૩ |
| ૫૨૭૮૬ (૪૬.૦૮) | ૭૧૮૮૦ (૬૭.૬૬) | ૧૨૪૬૬૬ (૫૬.૪૬) | ૩૩૭૮૯ (૨૯.૪૯) | ૧૭૦૪૧ (૬૭.૬૬) | ૫૦૮૩૦ (૨૩.૦૨) | ૨૭૯૯૪ (૨૯.૪૯) | ૧૭૩૨૩ (૧૬.૩૦) | ૪૪૩૧૭ (૨૦.૫૨) | ૪૭૫૩૩ |

:: ૭૦ ::

કોઠો -:૨:૧: ચાલુ

| ૭થી ૧૪વર્ષના વયજૂથમાં શાળાએ ન જતા બાળકોની સંખ્યા | જમીન ધરાવતા કુટુંબો | વાર્ષિક આવકજૂથ પ્રમાણે કુટુંબોનુ વર્ગીકરણ રૂ.૨૪૦૦ સુધી | રૂ.૨૪૦૧-૩૬૦૦ | રૂ.૩૬૦૧-૪૮૦૦ | રૂ.૪૮૦૧-૭૨૦૦ | રૂ.૭૨૦૦થી વધુ | ગરીબી રેખાની નીચે |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| - | ૪૬૨૩ (૧૨.૫૪) | ૩૦૯૫૨ (રૂ.૩૬૦૦ સુધી) (૭૯.૮૨) | | ૨૭૬૧ (૭.૬૬) | ૧૯૪૫ (૫.૩૯) | ૪૦૬ (૧.૧૩) | ૮૦ ટકા |
| ૮૨૯૦ (૨૩.૭૪) | ૬૦૪૪ (૧૭.૭૧) | ૨૨૯૫૪ (૬૭.૨૮) | ૫૩૮૬ (૧૫.૭૮) | ૨૭૯૬ (૮.૨૦) | ૨૩૩૯ (૬.૮૬) | ૬૪૩ (૧.૮૮) | ૮૩ ટકા |
| ૧૦૫૫૧ (૨૦.૭૫) | ૫૯૬૧ (૧૨.૧૩) | ૩૦૧૬૭ (૬૧.૩૭) | ૮૬૩૯ (૧૭.૫૭) | ૪૨૯૨ (૯.૯૬) | ૩૯૧૬ (૭.૯૭) | ૧૫૪૦ (૩.૧૩) | ૭૯ ટકા |
| ૮૫૮૩ | ૫૦૭૫ (૧૦૦.૦૦) | ૨૬૭૮૧ (૫૮.૯૪) | ૭૮૨૭ (૧૭.૨૬) | ૩૫૭૫ (૭.૮૬) | ૪૯૫૬ (૧૦.૯૧) | ૨૨૮૬ (૫.૦૩) | |

| વાર્ષિક ખર્ચજૂથ પ્રમાણે કુટુંબોનુ વર્ગીકરણ રૂ.૨૪૦૦ સુધી | રૂ.૨૪૦૧-૩૬૦૦ | રૂ.૩૬૦૧-૪૮૦૦ | રૂ.૪૮૦૧-૭૨૦૦ | રૂ.૭૨૦૦ થી વધુ | દેવાદાર કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ |
| - | - | - | - | - | - |
| ૧૬૮૯૦ (૪૯.૫૦) | ૮૬૭૬ (૨૫.૪૯) | ૪૪૩૪ (૧૩.૦૦) | ૨૯૮૮ (૮.૭૬) | ૧૧૧૦ (૩.૨૫) | ૬૧૬૩ (૧૮.૦૬) |
| ૨૨૮૩૦ (૪૬.૪૫) | ૧૧૫૬૬ (૨૩.૫૩) | ૬૭૨૩ (૧૩.૬૩) | ૬૦૬૭ (૧૨.૩૪) | ૧૯૮૮ (૪.૦૦) | ૧૨૦૪૫ (૨૪.૫૦) |
| ૧૯૨૫૫ (૪૨.૩૯) | ૧૦૬૩૩ (૨૩.૪૧) | ૬૦૩૩ (૧૩.૨૮) | ૬૭૬૮ (૧૪.૯૦) | ૨૭૩૬ (૬.૦૨) | ૯૬૨૩ (૨૦.૨૯) |

કોઠો - ૨:૧: ચાલુ...

| પોતાની માલિકીનુ મકાન ધરાવતા કુટુંબો ૩૭ | ભાડાના ઘર ૩૮ | જાજરૂની સગવડ નથી ૩૯ | નાવણિયાની સગવડ નથી ૪૦ | વીજળીની સગવડ નથી ૪૧ | નળની સગવડ નથી ૪૨ | ગટરની સગવડ નથી ૪૩ |
|---|---|---|---|---|---|---|
| ૨૩૧૨૫ (૬૪.૧૨) | ૯૭૬૨ (૨૭.૦૭) | ૨૦૮૬૭ (૫૭.૮૬) | ૧૮૬૭૫ (૫૧.૭૮) | ૧૬૫૭૭ (૪૫.૯૭) | ૧૫૨૩૩ (૪૨.૨૪) | ૧૮૬૬૬ (૫૧.૭૬) |
| ૨૬૩૮૦ (૭૭.૩૨) | ૭૭૩૮ (૨૨.૬૮) | ૩૧૬૫૩ (૯૨.૪૮) | ૩૦૧૩૯ (૮૮.૩૩) | ૨૪૦૦૫ (૭૦.૩૫) | ૨૯૩૮૦ (૮૬.૧૧) | ૨૮૭૧૪ (૮૪.૧૬) |
| ૩૯૫૧૭ (૮૦.૩૯) | ૯૬૩૭ (૧૯.૮૫) | ૪૭૬૦૬ (૯૬.૮૫) | ૪૩૭૯૦ (૯૯.૦૯) | ૩૨૭૨૩ (૬૬.૫૯) | ૪૨૯૦૬ (૮૭.૨૯) | ૪૫૦૨૫ (૯૧.૬૦) |
| ૩૭૮૬૪ (૮૩.૩૫) | ૭૫૬૧ (૧૬.૬૫) | ૧૮૨૨ (૪.૦૧) | ૮૨૪૯ (૧૮.૧૬) | ૧૭૭૪૪૨ (૩૮.૪૦) | ૮૧૮૮ (૧૮.૦૩) | |

| લાંબી માંદગીથી પીડાતી વ્યકિતઓની સંખ્યા ૪૪ | શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓની સંખ્યા: અપંગ ૪૫ | અંધ ૪૬ | બહેરા અને મૂંગા ૪૭ | લકવા ૪૮ | કુલ ૪૯ |
|---|---|---|---|---|---|
| ૧૭૭૭ | - | - | - | - | ૧૩૩૨ |
| ૩૭૧૧ | ૭૬૦ | ૫૨૦ | ૨૫૦ | ૩૨૩ | ૧૮૫૩ |
| ૧૯૩૬ | ૮૬૮ | ૫૬૬ | ૨૬૫ | ૨૯૭ | ૧૯૩૬ |
| ૨૪૫૦ | ૩૫૦ | ૨૬૭ | ૩૩૪ | ૩૨ | ૧૩૮૬ |

નોંધ :- કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

## પ્રકરણ - :૩:

## વસતિ અને શિક્ષણ

### વસતિ :

અનુસૂચિત જાતિની વસતિ સમગ્ર રાષ્ટ્રમાં પથરાયેલી છે. કોઇ જગ્યાએ તેનો વ્યાપ્ત વધુ હશે તો કોઇ જગ્યાએ ઓછો. દેશના કુલ રાજ્યોમાંથી અનુસૂચિત જાતિની વસતિની રીતે ગુજરાતનો નંબર ૧૩ મો આવે છે. ગુજરાતમાં ૧૯૮૧ પ્રમાણે અનુસૂચિત જાતિની વસતિ ૨૪,૩૮,૨૯૭ છે. જે છેલ્લા દાયકામાં ૧૮,૨૫,૪૩૨ ની હતી. આમ એક દશકામાં ૬,૧૨,૮૬૫ નો વધારો થયો છે. ૧૯૮૧ ના સેન્સસ રિપોર્ટ મુજબ ગુજરાતની જનરલ વસતિમાં ૨.૬૭ ટકાનો વાર્ષિક વૃધ્ધિ દર છે. જ્યારે અનુસૂચિત જાતિમાં આ વૃધ્ધિ દર ૩.૩૫ છે. એટલે કે જનરલ વસતિ કરતાં અનુસૂચિત જાતિમાં ૦.૬૮ નો વાર્ષિક વૃધ્ધિ દર વધારે થાય છે.

આમ અનુસૂચિત જાતિમાં વસતિનો વધારો ઝડપથી થઇ રહયો છે. આનો વધારે ખ્યાલ છેલ્લા ત્રણ દાયકાના ચિત્રથી વધારે આવશે.

કોઠો - ૩:૧:

ગુજરાત રાજ્યમાં અને અનુસૂચિત જાતિમાં છેલ્લા ત્રણ દાયકામાં થઇ રહેલાં વસતિમાં ફેરફારના આંકડા

| વિગત | ૧૯૬૧ | ૧૯૭૧ | દાયકાનો વધારો | ૧૯૮૧ | દાયકાનો વધારો |
|---|---|---|---|---|---|
| ગુજરાત | ૨૦૬૩૩૩૫૦ | ૨૬૬૯૭૪૭૫ | ૨૯.૩૯ | ૩૪૦૮૫૭૯૯ | ૨૭.૬૭ |
| અનુસૂચિત જાતિ | ૧૩૬૭૨૫૫ | ૧૮૨૫૪૩૨ | ૩૩.૫૧ | ૨૪૩૮૨૯૭ | ૩૩.૫૭ |

ઉપરોકત કોઠાથી ખ્યાલ આવશે કે અનુસૂચિત જાતિમાં સતત વધારો થઇ રહ્યો છે. ૧૯૬૧ થી ૧૯૭૧ ના દાયકામાં ગુજરાત રાજ્ય કરતાં અનુસૂચિત જાતિમાં ૪ ટકા જેટલો વધારે વૃદ્ધિ દર થયો છે. ૧૯૭૧ થી ૧૯૮૧ ના દશકામાં ગુજરાત રાજ્યમાં દાયકાના દરમિયાનના વસતિ વૃદ્ધિ દરમાં ૧૯૬૧ થી ૧૯૭૧ કરતાં ઘટાડો થયો છે. જ્યારે અનુસૂચિત જાતિમાં આ વધારો ૧૯૬૧ થી ૧૯૭૧ કરતાં ૧૯૭૧ થી ૧૯૮૧ માં ૦.૦૬ નો વધુ વધારો થયો છે. આમ અનુસૂચિત જાતિમાં વસતિમાં ઝડપથી વધારો થઇ રહ્યો છે.

અગાઉના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાન ૨૫૦ કરતાં વધુ અનુસૂચિત જાતિની વસતિ ધરાવતાં ૧૪૧૧ ગામોને સ્પેશ્યલ કોમ્પોનન્ટ યોજના હેઠળ આવરી લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગત ચાર વર્ષોમાં ગામડાઓનો અભ્યાસ થયો હતો. ચાલુ વર્ષે ૧૯૮૪-૮૫ દરમિયાન અનુસૂચિત જાતિના કુટુંબોનો આર્થિક-સામાજિક અને જૂથલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવા અને તેને હાંસલ કરવા માટે બધા કુટુંબોની કુટુંબલક્ષી અને વ્યકિતલક્ષી જરૂરિયાતો જાણવા માટે છ મહાનગરપાલિકામાં વસતા અનુસૂચિત જાતિના ૬૧૫૯૫ કુટુંબોને આવરી લઇ આગળ જણાવ્યું તે મુજબ તેમની આર્થિક-સામાજિક અને જરૂરિયાતલક્ષી મોજણી કરવામાં આવી છે.

<u>વસવાટ અને મહોલ્લાની સંરચના :</u>

સર્વેક્ષણમાં આવરી લીધેલા શહેરોમાં અનુસૂચિત જાતિનો વસવાટ શહેરના જુદા જુદા ભાગોમાં હતો. ગ્રામ્ય વિસ્તારમાં ગામડાના છેડે જેમ હરિજન વસવાટ છે તેવું જ કંઇક અહીં જોવા મળ્યું. જે મુખ્ય વિસ્તાર હોય તેને એક છેડે (ભાગમાં) હરિજન વસવાટ છે. એટલે કે સવર્ણ જ્ઞાતિનું કુટુંબ અને તેની બાજુમાં હરિજન કુટુંબ જોવા મળતું નથી. જ્યાં સરકારી વસાહતો છે તેમાં સવર્ણ અને અનુસૂચિત જાતિના કુટુંબો લગોલગ રહેતા હોય તેવું છે, વળી હરિજન વાસ અલગ હોય છે. તેમના રસ્તા જુદા છે, તેમને માટેની પાણીની સુવિધા અલગ છે. આમ સવર્ણ અને અનુસૂચિત જાતિ



માટેની સુવિધા અલગ છે. ઉપરછલ્લી રીતે શહેરોમાં અસ્પૃશ્યતા ન લાગે, પરંતુ આવી નાની-નાની બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તો ખ્યાલ આવે કે અનુસૂચિત જાતિ સાથે આવો સામાન્ય વ્યવહાર અલગ રીતે કરવામાં આવે છે.

તેમના વસવાટની ઢબ પણ જુદી તરી આવે તેવી, મકાનો લગભગ એકબીજાને અડીને, મોટાભાગનાને એક રૂમ - રસોડું, કોઇને વળી એકાદ રૂમ તો ઘણાં કુટુંબો તો ઝૂંપડું બાંધીને રહે. મકાન બે-ત્રણ પ્રકારના છે. અમુક પાકા અને ધાબાવાળા મકાન, બીજા કાચા માટીના મકાનો અને મેંગલોરી નળિયા, તો ૫૦ ટકા જેવા કુટુંબો તો ઝૂંપડામાં વસે છે. જે ઝૂંપડા સાદડાના કે પતરાના બનાવેલ છે. અનુસૂચિત જાતિના ઘરને ઘર કહેવું કે કેમ તે એક પ્રશ્ન થયા કરે છે. સામાન્ય રીતે ઘરમાં ઉઠવું, બેસવું, સૂવું, રસોઇ બનાવવી વગેરે સગવડતા હોવી જોઇએ. પરંતુ આ લોકોના ઘણા ઘરોમાં આ સગવડતાનો અભાવ પ્રથમ નજરે તરી આવતો. ઘણા ઘર તો ૫ X ૫ ના હતા ત્યારે એવું લાગતું કે ઢોરને બાંધવાનું છાપરું પણ આવા ઘરોથી મોટું હોય છે. અમુક જગ્યાએ મહોલ્લા વચ્ચેની શેરીમાં પણ છાપરું બનાવી અનુસૂચિત જાતિનું કુટુંબ રહેતું હોય તેવું જોવા મળ્યું હતું. આમ આ લોકો માટે મકાનનો પ્રશ્ન એ પ્રાણ પ્રશ્ન બની ગયો છે અને આ તકલીફથી ઘણી આડ અસરો બાળકો અને આરોગ્ય ઉપર પડે છે.

આમ એકંદરે શહેરી વિસ્તારમાં અસ્પૃશ્યતા ન હોય તેવું લાગે, તેઓ આગળ વધ્યા હોય તેવું ઉપરછલ્લી રીતે લાગે, પરંતુ ગામડામાં જે રહેઠાણના મકાન જોવા મળે છે તેના કરતાં રહેણાંક માટેની ઘણી ખરાબ સ્થિતિ સર્વેક્ષણ કરેલ શહેરોમાં જોવા મળી છે. એક કુટુંબમાં છ થી સાત સભ્યો રહેતા હોય તેમાં પરણેલ પુત્ર પણ હોય, ભાઇ-બહેન પણ ખરાં, વડિલોએ બહાર શેરીઓમાં ખુલ્લામાં સૂવું પડતું હોય તેવા ઘણા દાખલા જોવા મળ્યાં.

<u>(૧) શહેરવાર કુટુંબ સંખ્યા :</u>

સર્વેક્ષણ દરમિયાન આવરી લીધેલ શહેરવાર સર્વેક્ષણ કરેલ અનુસૂચિત જાતિના કુટુંબોની સંખ્યા કોઠા- ૩:૧:માં આપવામાં આવી છે.

કોઠો - ૩:૧:૧:

શહેરવાર સર્વેક્ષણ કુટુંબ સંખ્યા

| ક્રમ | શહેર | સર્વેક્ષણ કરેલ કુટુંબ સંખ્યા | સર્વેક્ષણ કરેલ કુટુંબના ટકા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ (કેન્ટોનમેન્ટ) | ૧૯૯ | ૦.૩૨ |
| ૨ | અમદાવાદ | ૩૭૭૯૮ | ૬૧.૩૭ |
| ૩ | જામનગર | ૪૯૪૦ | ૮.૦૨ |
| ૪ | રાજકોટ | ૩૮૦૩ | ૬.૧૭ |
| ૫ | વડોદરા | ૮૩૭૧ | ૧૩.૫૯ |
| ૬ | સુરત | ૬૪૮૪ | ૧૦.૫૩ |
| | કુલ ..... | ૬૧૫૯૫ | ૧૦૦.૦૦ |

કોઠા-૩:૧:૧: પરથી જણાય છે કે સૌથી વધુ કુટુંબો અમદાવાદ શહેરમાં (૬૧.૩૭ ટકા) છે જ્યારે અમદાવાદ કેન્ટોનમેન્ટ વિસ્તારના સૌથી ઓછા (૦.૩૨ ટકા ) કુટુંબો છે. ત્યાર બાદ અનુક્રમે વડોદરા (૧૩.૫૯ ટકા) સુરત (૧૦.૫૩ ટકા) જામનગર (૮.૦૨ ટકા) અને રાજકોટ (૬.૧૭ ટકા) માં અનુસૂચિત જાતિના કુટુંબોનો વસવાટ છે. ગુજરાત રાજ્યમાં ૧૯૮૧ પ્રમાણે ૭.૧૫ ટકા અનુસૂચિત જાતિની વસતિ છે. તે રીતે શહેર પ્રમાણે કુલ વસતિની સંખ્યા સાથે આ સંખ્યા મળતા જાય છે. મતલબ કે દરેક શહેરની કુલ વસતિમાં અનુસૂચિત જાતિના વસતિનુ પ્રમાણ જળવાતુ હોય તેવું જણાય છે. શહેરદીઠ સરેરાશ કુટુંબ સંખ્યા ૧૦૨૬૬ જેવી થાય છે.

(૨) જ્ઞાતિવાર મોજણીમાં આવરી લીધેલ કુટુંબ સંખ્યા :

સર્વેક્ષણ દરમિયાન આવરી લીધેલા કુટુંબોનુ જ્ઞાતિવાર વર્ગીકરણ કોઠા-૩:૨: માં આપવામાં આવ્યુ છે. કોઠા-૩:૨: પરથી જણાય છે કે કુલ કુટુંબોમાં સૌથી વધુ સંખ્યા વણકરોની



(૫૦.૫૩ ટકા) હતી અને ત્યારબાદ અનુક્રમે ચમાર અને ભંગી કુટુંબો હતા. આમ વણકર, ચમાર અને ભંગી એ ત્રણ જાતિના જ કુલ વસતિના ૮૮.૭૨ ટકા હતા. જ્યારે મોચીગર, તુરી, નાડિયા-હાડી, બાવાઢેઢસાધુ, તીરગર-તીરબંદા અને મહાર જાતિની વસતિ ૧ ટકા કરતાં પણ ઓછી હતી. શહેરવાર અને જ્ઞાતિવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોના સંખ્યા પરિશિષ્ટ-૭ માં આપવામાં આવી છે.

શહેરવાર જ્ઞાતિઓની કુટુંબ સંખ્યા તપાસતા જણાય છે કે વણકર કુટુંબોની સૌથી વધુ સંખ્યા અમદાવાદ શહેરમાં છે. જ્યારે સૌથી ઓછી સંખ્યા સુરત શહેરમાં છે. ચમાર જ્ઞાતિની સૌથી વધુ સંખ્યા સુરત શહેરમાં છે અને સૌથી ઓછી સંખ્યા અમદાવાદ કેન્ટોનમેન્ટ વિસ્તારમાં છે. જ્યારે ભંગીની સૌથી વધુ સંખ્યા અમદાવાદ કેન્ટોનમેન્ટમાં છે અને સૌથી ઓછી સંખ્યા અમદાવાદ શહેરમાં છે. અન્ય જ્ઞાતિઓની સંખ્યા વત્તા-ઓછા પ્રમાણમાં બધા શહેરોમાં જોવા મળે છે. સામાન્ય રીતે વણકર, ચમાર, ભંગી, અને ગરોડા-ગરો દરેક શહેરમાં છે. જ્યારે મહાર જ્ઞાતિ ફક્ત સુરતમાં જ છે કે જે મહારાષ્ટ્રમાંથી આવીને વસ્યા છે. આ ઉપરાંત જામનગરમાં તુરી, નાડિયા-હાડી, મહાર અને માહ્યાવંશી, રાજકોટમાં સેનવા, તીરગર-તીરબંદા અને માહ્યાવંશી, વડોદરામાં મેઘવાળ અને સુરતમાં સેનવા, તુરી, તીરગર-તીરબંદાના એક પણ કુટુંબ હતા નહિ.

## કોઠો - ૩:૨:

### જ્ઞાતિવાર સર્વેક્ષણ કરેલ કુટુબ સખ્યા

| ક્રમ | જ્ઞાતિ | કુટુબ સખ્યા | કુલ કુટુબના ટકા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૦૧ | વણકર | ૩૧૧૨૪ | ૫૦.૫૩ |
| ૦૨ | ચમાર | ૧૨૭૪૦ | ૨૦.૬૯ |
| ૦૩ | ભંગી | ૧૦૭૭૭ | ૧૭.૫૦ |
| ૦૪ | માહ્યાવંશી | ૨૦૫૯ | ૩.૩૪ |
| ૦૫ | મેઘવાળ | ૧૨૮૩ | ૨.૦૮ |
| ૦૬ | ગરોડા-ગરો | ૯૮૨ | ૧.૫૯ |
| ૦૭ | સેનવા | ૭૨૮ | ૧.૧૮ |
| ૦૮ | નાડિયા-હાડી | ૫૯૪ | ૦.૯૬ |
| ૦૯ | મોચીગર | ૫૭૧ | ૦.૯૩ |
| ૧૦ | મહાર | ૩૩૭ | ૦.૫૫ |
| ૧૧ | બાવાઢેઢ સાધુ | ૨૬૯ | ૦.૪૪ |
| ૧૨ | તુરી | ૭૦ | ૦.૧૧ |
| ૧૩. | તીરગર-તીરબદા | ૬૧ | ૦.૧૦ |
| | કુલ ..... | ૬૧૫૯૫ | ૧૦૦.૦૦ |

### (૩) વસતિ :

સર્વેક્ષણ થયેલ ૬ મહાનગરપાલિકાના કુલ ૬૧૫૯૫ કુટુબોને આવરી લેવામાં આવ્યાં હતાં. આ કુટુબોની કુલ વસતિ ૩,૨૧,૪૬૨ ની હતી. જેમાં પુરૂષોની સખ્યા ૧,૬૮,૭૨૭ (૫૨.૪૯ ટકા) અને સ્ત્રીઓની સખ્યા ૧,૫૨,૭૩૫ (૪૭.૫૧ - ટકા) ની હતી. ગુજરાતમાં ૧૯૮૧ પ્રમાણે પુરૂષોનુ પ્રમાણ ૫૧.૫૦ ટકા અને સ્ત્રીઓનુ પ્રમાણ ૪૮.૫૦ ટકા છે. આમ સ્ત્રીઓ કરતાં પુરૂષોની સખ્યા વધુ હતી. સર્વેક્ષણ કરેલ કુટુબનુ કદ ૫.૨૨ નુ હતુ. શહેરવાર સર્વેક્ષણ કરેલ કુલ કુટુબોની સભ્ય સખ્યા અને કુટુબનુ કદ કોઠા - ૩:૩: માં આપવામાં આવ્યુ છે.



## કોઠો - :૩:૩:

### શહેરવાર કુલ સભ્ય સખ્યા, કુટુબ સખ્યા અને કુટુબ કદ

| ક્રમ | શહેર | કુલ સભ્ય સખ્યા | | | કુલ કુટુબ સખ્યા | કુટુબનુ કદ |
|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | | |
| ૧ | અમદાવાદ (કેન્ટોનમેન્ટ) | ૪૩૯ | ૩૯૧ | ૮૩૦ | ૧૯૯ | ૪.૧૭ |
| ૨ | અમદાવાદ | ૧૦૬૬૧૨ | ૯૨૨૧૩ | ૨૦૧૮૨૫ | ૩૭૭૯૮ | ૫.૩૪ |
| ૩ | જામનગર | ૧૨૬૯૦ | ૧૧૭૧૩ | ૨૪૪૦૩ | ૪૯૪૦ | ૪.૯૪ |
| ૪ | રાજકોટ | ૧૧૨૨૭ | ૧૦૪૮૧ | ૨૧૭૦૮ | ૩૮૦૩ | ૫.૭૨ |
| ૫ | વડોદરા | ૨૧૩૭૨ | ૧૯૬૭૯ | ૪૧૦૫૧ | ૮૩૭૧ | ૪.૯૦ |
| ૬ | સુરત | ૧૬૩૮૭ | ૧૫૨૫૮ | ૩૧૬૪૫ | ૬૪૮૪ | ૪.૮૮ |
| | કુલ... | ૧૬૮૭૨૭ | ૧૫૨૨૭૩૫ | ૩૨૧૪૬૨ | ૬૧૫૯૫ | ૫.૨૨ |

કોઠા - ૩:૩: માં જણાવેલ માહિતી પરથી જોઇ શકાય છે કે સર્વેક્ષણ કરેલ શહેરોમાં કુટુબનુ સૌથી વધારે ૩૧ રાજકોટ (૫.૭૨) અને ઓછામાં ઓછુ ૩૧ અમદાવાદ કેન્ટોનમેન્ટ (૪.૧૭) શહેરમાં હતુ. કુલ છ શહેરોમાંથી બે શહેરોમાં કુટુબનુ કદ સરેરાશ કરતાં વધારે હતુ. જ્યારે ચાર શહેરોમાં આ કદ સરેરાશ કરતાં ઓછુ હતુ.

આ સર્વેક્ષણમાં જુદી જુદી વય ધરાવતી વ્યક્તિઓની માહિતી પણ લેવામાં આવી છે. સર્વેક્ષણ કરેલ કુટુબના સભ્યોનુ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા - ૩:૪: માં આપવામાં આવ્યુ છે જે નીચે મુજબ છે.

કોઠો - ૩:૪:

કુટુંબના સભ્યોનુ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| વયજૂથ | પુરૂષ | ટકા | સ્ત્રી | ટકા | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|
| ૬ વર્ષથી નીચે | ૩૨૧૮૯ | ૧૯.૦૮ | ૨૯૭૨૦ | ૧૯.૪૬ | ૬૧૯૦૯ | ૧૯.૨૬ |
| ૭ થી ૧૪ વર્ષ | ૩૪૯૧૭ | ૨૦.૬૯ | ૩૧૯૪૪ | ૨૦.૯૧ | ૬૬૮૬૧ | ૨૦.૮૦ |
| ૧૫ થી ૨૫ વર્ષ | ૪૧૫૬૭ | ૨૪.૬૪ | ૩૫૨૭૭ | ૨૩.૧૦ | ૭૬૮૪૪ | ૨૩.૯૦ |
| ૨૬ થી ૫૦ વર્ષ | ૫૧૬૩૩ | ૩૦.૬૦ | ૪૬૧૧૪ | ૩૦.૧૯ | ૯૭૭૪૭ | ૩૦.૪૧ |
| ૫૦ વર્ષથી વધુ | ૮૪૨૧ | ૪.૯૯ | ૯૬૮૦ | ૬.૩૪ | ૧૮૧૦૧ | ૫.૬૩ |
| કુલ... | ૧૬૮૭૨૭ | ૫૨.૪૯ | ૧૫૨૭૩૫ | ૪૭.૫૧ | ૩૨૧૪૬૨ | ૧૦૦.૦૦ |



કોઠા-૩:૪: મા દર્શાવેલ આકડાઓ પરથી જોઇ શકાય છે કે કુલ વસતિમાંથી ૧૯.૨૬ ટકા છ વર્ષથી ઓછી વયના, જયારે ૭ થી ૧૪ વર્ષની વયના ૨૦.૮૦ ટકા, ૧૫ થી ૨૫ વર્ષની વયના ૨૩.૯૦ ટકા, ૨૬ થી ૫૦ વર્ષની વયના ૩૦.૪૧ ટકા અને ૫૦ વર્ષથી વધુ ૫.૬૩ ટકા હતા. લિંગવાર વર્ગીકરણ કરતા જણાય છે કે ૬ વર્ષથી નીચેમા સ્ત્રીઓ કરતા પુરૂષોની સંખ્યા વિશેષ છે. એજ રીતે ૭ થી ૧૪, ૧૫ થી ૨૫ વર્ષ અને ૨૬ થી ૫૦ વર્ષમા પુરૂષોની સંખ્યા સ્ત્રીઓ કરતા વધુ છે. જ્યારે ૫૦ વર્ષથી ઉપરમા પુરૂષો કરતા સ્ત્રીઓની સંખ્યા વધુ છે.

વયજૂથ પ્રમાણે કુલ સરેરાશ વસતિ કરતા વધુ સરેરાશ દર્શાવતા શહેરોની માહિતી કોઠા-૩:૫: મા આપવામા આવી છે. વયજૂથ પ્રમાણે શહેરવાર સભ્ય સંખ્યાની માહિતી પરિશિષ્ટ-૮ મા આપવામા આવી છે.

કોઠો - ૩:૫:

વયજૂથ પ્રમાણે કુલ સરેરાશ વસતિ કરતા વધુ સરેરાશ ધરાવતા શહેરો

| વયજૂથ | કુલ સરેરાશ | સરેરાશ કરતા વધુ વસતિ ધરાવતા શહેરો |
|---|---|---|
| ૬ વર્ષથી નીચે | ૧૯.૨૬ | જામનગર, રાજકોટ, સુરત |
| ૭ થી ૧૪ વર્ષ | ૨૦.૮૦ | અમદાવાદ કેન્ટોનમેન્ટ, અમદાવાદ, રાજકોટ |
| ૧૫ થી ૨૫ વર્ષ | ૨૩.૯૦ | જામનગર, રાજકોટ, વડોદરા |
| ૨૬ થી ૫૦ વર્ષ | ૩૦.૪૧ | અમદાવાદ કેન્ટોનમેન્ટ, અમદાવાદ, વડોદરા |
| ૫૦ વર્ષથી ઉપર | ૫.૬૩ | અમદાવાદ, વડોદરા |

વયજૂથ પ્રમાણેના આંકડાઓ જોતાં જણાય છે કે અનુસૂચિત જાતિના લોકોની વસતિમાં ઝડપી વધારો થઇ રહયો છે. ગુજરાતમાં ૧૯૭૧ થી ૧૯૮૧ ના દાયકા દરમિયાન વસતિમાં ૨૭.૭૭ ટકાનો વધારો થયો છે અને અનુસૂચિત જનજાતિમાં આ વધારો ૨૯.૮૩ ટકાનો છે. જયારે અનુસૂચિત જાતિમાં આ દાયકા દરમિયાનનો વધારો ૩૩.૫૭ ટકાનો નોંધાયો છે. જાણીતા વસતિશાસ્ત્રી સન્ડ બર્ગે આપેલ સૂત્ર પ્રમાણે ૦-૧૪ ની ઉંમરના જૂથમાં કુલ વસતિના ૪૦ ટકા જેટલી વસતિ હોય તો તે પ્રજાની વસતિ વધી રહી છે એમ કહેવાય. ૩૦ ટકા જેટલી વસતિ હોય તો તે પ્રજાની વસતિ સ્થિર રહી છે એમ કહેવાય અને ૨૦ ટકા જેટલી વસતિ હોય તો તે પ્રજાની વસતિ ઘટી રહી છે એમ કહેવાય. આ ધોરણે સર્વેક્ષણ કરેલ કુટુંબમાં ૦ થી ૧૪ ની ઉંમરમાં ૪૦.૦૬ ટકા જેટલી વસતિ છે. એ જોતાં અનુસૂચિત જાતિમાં વસતિનો વધારો થઇ રહયો છે તેમ કહી શકાય. ૦ થી ૧૪ ની ઉંમર જૂથમાં શહેરવાર આંકડા જોતા ખ્યાલ આવે છે કે આ વધારો જામનગર, રાજકોટ અને સુરતમાં છે. મતલબ કે ઉપરોકત ત્રણ શહેરોમાં ૦ થી ૧૪ માં ૪૦ ટકાથી વધુ સંખ્યા જોવા મળે છે.

અનુસૂચિત જાતિના કુટુંબોમાં વસતિ બાબતે ઉપરોકત ચિત્ર જોતા ત્રણ-ચાર મુદ્દા ધ્યાનાકર્ષક બને છે.

(૧) ગુજરાતની સામાન્ય પ્રજા કરતાં અનુસૂચિત જાતિમાં વસતિમાં ઘણો મોટો વધારો થઇ રહયો છે. જે સરકારશ્રી, આયોજકો અને ખુદ હરિજનો માટે ચિંતા ઉપજાવે તેવી બાબત છે.

(૨) ૦ થી ૧૪ માં શિક્ષણ લેનારની સંખ્યા જાણી શકાય તેમ છે. ખાસ કરીને અનુસૂચિત જાતિના બાળકોની આ સંખ્યા જાણ્યા પછી સ્કૂલમાં જનાર કેટલા, કેટલી વ્યવસ્થા વગેરે જાણી શકાય.

(૩) ૦ થી ૧૫ અને ૫૦ વર્ષથી ઉપરમાં લગભગ કુલ વસતિના ૪૬ ટકા છે. આથી આ ૪૬ ટકાની જવાબદારી તેમનુ ભરણ-પોષણ કરવુ વગેરે બાકી રહેતી ૫૪ ટકા વ્યકિતએ કરવાનુ છે. આમ એકદરે એક વ્યકિતને બીજી એક વ્યકિતની સંપૂર્ણ જવાબદારી લેવી પડે છે.



(૪) ૫૦ વર્ષથી ઉપરમાં કુલ વ્યકિતના માત્ર ૫.૬૩ ટકા છે. એનો અર્થ એ કે આ લોકોની આયુષ્ય મર્યાદા ઓછી છે. આને માટે એક અલગ શોધ કરવી જોઇએ કેમકે એવી કઇ પરિસ્થિતિ છે કે જેને કારણે આયુષ્ય ઓછુ છે.

(૫) અને છેલ્લુ છતાં અગત્યનુ કે આને આધારેજ ભાવિ આયોજન બનાવી શકાય. વસતિના કેટલા ટકા કયા જૂથમાં છે તેને આધારે સ્કૂલ, કામ કરવાનુ ક્ષેત્ર વગેરે બનાવી શકાય.

(૪) સાક્ષરતા :

પછાતવર્ગના કમિશનરના ૧૮ માં અહેવાલમાં જણાવ્યુ છે કે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉત્થાન અને વિકાસ માટે તથા આખરે રાષ્ટ્રીય જીવનના મુખ્ય પ્રવાહમાં તેઓ એકરૂપ થાય તે માટે તેમનામાં શિક્ષણનો ઝડપી ફેલાવો થાય એ સૌ પ્રથમ જરૂરિયાત છે. શિક્ષણ એ તેમના દીર્ઘકાલીન ઉત્કર્ષની ગુરૂ ચાવી છે.

એનો અર્થ એ કે શિક્ષણના સામાજિક આર્થિક પરિવર્તનનુ અસરકારક સાધન છે. અને આથી દેશમાં શિક્ષણનો વિસ્તાર ઝડપી બને તે માટે આપણા બંધારણના રાજયનીતિના નિર્દેશાત્મક સિધ્ધાંતોમાં ૪૫ મી કલમ વ્દારા જોગવાઇ કરવામાં આવી છે કે રાજય ૧૪ વર્ષની વય સુધીના બધા બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા પ્રયાસ કરશે. આ કલમને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજયમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કર્યું.

જયારે બંધારણની કલમ ૧૫ (૪) થી રાજયોને પછાતવર્ગો માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત બેઠકો રાખવાની જોગવાઇ કરવાની સત્તા આપવામાં આવી છે. રાજયનીતિ ઉપરાંત પૂ. મહાત્મા ગાંધીજીથી શરૂ કરી સર્વોદય કાર્યકરો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ પછાત વર્ગોના શિક્ષણ વિકાસ માટે રસ લીધો છે.

આ સૌના શુભ પ્રયાસોનુ પરિણામ ગુજરાતમાં ઘણુ સારૂ જોવા મળે છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે રાજયમાં

સાક્ષરતા ૩૫.૭૯ ટકા હતી જે વધીને ૧૯૮૧ માં ૪૩.૭૫ ટકા થઇ હતી. આમ દાયકા દરમિયાન સાક્ષરતામાં ૭.૯૬ ટકાનો વધારો નોંધાયો હતો. અનુસૂચિત જાતિમાં ૧૯૭૧ માં સાક્ષરતા ૨૭.૭૪ ટકા હતી જે વધીને ૧૯૮૧ માં ૩૯.૭૮ ટકા જેટલુ થયુ. આમ દાયકા દરમિયાન સાક્ષરતામાં ૧૨.૦૪ ટકાનો વધારો નોંધાયો. આમ ગુજરાત રાજ્યમાં દાયકા દરમિયાન સાક્ષરતામાં જે વધારો થયો છે તેના કરતાં અનુસૂચિત જાતિમાં સાક્ષરતામાં દાયકા દરમિયાન દોઢ ગણો વધારો થયો છે. આમ પ્રતિદિન અનુસૂચિત જાતિમાં સાક્ષરતામાં શિક્ષણમાં વધારો થતો જાય છે. જેની વધુ સમજ છેલ્લા ત્રણ દાયકાના ચિત્રથી આપણને સ્પષ્ટ થશે. જે કોઠા – ૩:૬: માં આપવામાં આવી છે.

કોઠો – ૩:૬:

છેલ્લા ત્રણ દાયકાનુ ગુજરાત રાજ્ય અને અનુસૂચિત જાતિનુ ગ્રામ્ય અને શહેરી પ્રમાણે શૈક્ષણિક પરિસ્થિતિ

| ક્રમ | વિગત | | ૧૯૬૧ | ૧૯૭૧ વધારો | ૧૯૮૧ વધારો |
|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત | ગ્રામ્ય | ૨૪.૦૯ | ૨૮.૩૩ (૪.૨૪) | ૩૬.૩૧ (૭.૯૮) |
| | | શહેરી | ૪૮.૭૭ | ૫૪.૯૦ (૬.૧૩) | ૬૦.૨૫ (૫.૩૫) |
| ૨ | અનુસૂચિત જાતિ | ગ્રામ્ય | ૧૯.૭૬ | ૨૩.૭૭ (૪.૦૧) | ૩૪.૯૩ (૧૧.૧૬) |
| | | શહેરી | ૩૦.૮૩ | ૩૮.૩૫ (૭.૫૨) | ૪૯.૭૯ (૧૧.૪૪) |

પ્રાપ્તસ્થાન :- સેન્સસ ઓફ ઇન્ડિયા : ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧

કોઠા–૩:૬: માં ૧૯૭૧ થી ૧૯૮૧ ના ત્રણ દશકામાં ગુજરાત રાજ્યમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં તેમજ ગુજરાત રાજ્યમાં વસતાં અનુસૂચિત જાતિના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સાક્ષરતામાં જે વધારો થયો છે તેના ઉપરથી જણાશે કે ગુજરાતમાં સાક્ષરતામાં જે વધારો થાય છે તેના કરતાં અનુસૂચિત જાતિમાં



સાક્ષરતામાં ઘણો મોટો વધારો થયો છે. ૧૯૬૧ થી ૧૯૭૧ ના દશકા દરમિયાન ગુજરાતના ગ્રામ્ય અને અનુસૂચિત જાતિ ગ્રામ્ય વિસ્તારમાં સાક્ષરતામાં સરખો કહી શકાય તેવો વધારો થયો છે: જ્યારે આજ દશકામાં ગુજરાતના શહેરી વિસ્તારમાં સાક્ષરતામાં ૬.૧૩ ટકાનો વધારો થયો છે તેની સામે અનુસૂચિત જાતિમાં આજ દાયકામાં ૭.૫૨ ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે ૧૯૭૧ થી ૧૯૮૧ ના દાયકા દરમિયાન ગુજરાત રાજ્યના ગ્રામ્ય અને શહેરી વિસ્તાર કરતાં અનુસૂચિત જાતિમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ઘણો મોટો વધારો નોંધાયો છે. ૧૯૭૧ થી ૧૯૮૧ માં ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં સાક્ષરતામાં ૭.૯૮ ટકાનો વધારો થયો છે તે સામે અનુસૂચિત જાતિમાં આજ સમયમાં ૧૧.૧૬ ટકાનો સાક્ષરતામાં વધારો થયો છે. એજ રીતે શહેરી વિસ્તારમાં ગુજરાતમાં સાક્ષરતામાં ૫.૩૫ ટકાનો વધારો થયો છે તે સામે અનુસૂચિત જાતિમાં ૧૧.૪૪ ટકાનો સાક્ષરતામાં વધારો થયો છે એટલે કે આ દાયકા દરમિયાન ગુજરાત રાજ્યમાં સાક્ષરતામાં જે વધારો થયો છે તેના કરતાં અનુસૂચિત જાતિમાં લગભગ બે ગણો વધારો થયો છે.

ઉપરોક્ત ત્રણ દાયકાના સાક્ષરતા અંગેના ચિત્રથી એક બાબત સ્પષ્ટ થશે કે ગુજરાત રાજ્યમાં જે કુમાર-કન્યા શિક્ષણ લઇ રહયાં છે તેના કરતાં અનુસૂચિત જાતિમાં કુમાર-કન્યામાં વધારે શિક્ષણ લેવાય છે: જે કોઠા–૩:૭: થી વધારે સ્પષ્ટ થશે.

## કોઠો - :૩:૭:

ગુજરાત રાજ્ય, અનુસૂચિત જાતિ અને સર્વેક્ષણમાં આવરી લીધેલા કુટુંબોમાં શૈક્ષણિક તુલનાત્મક આંકડા (૧૯૮૦-૮૧)

| ક્રમ | વિગત | વર્ષ | કુલ વસતિ | શિક્ષણ લેનારની સંખ્યા | | | પ્રાથમિક | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કુલ | પુરુષ | સ્ત્રી | કુમાર | ટકા | કન્યા | ટકા |
| ૧ | ગુજરાત રાજ્ય | ૧૯૮૧ | ૩૪૦૮૫૭૯૯ | ૬૩૧૩૯૨૭<br>૧૮.૫૨ | ૩૮૭૬૬૦૬<br>(૧૦૦.૦૦) | ૨૪૩૭૩૨૧<br>(૧૦૦.૦૦) | ૩૦૮૨૦૦૦ | ૭૯.૫૦ | ૨૦૨૮૦૦૦ | ૮૩.૨૧ |
| ૨ | અનુસૂચિત જાતિ | ૧૯૮૧ | ૨૪૩૮૨૯૭ | ૫૨૦૮૦૦<br>૨૧.૩૬ | ૩૪૧૦૨૭<br>(૧૦૦.૦૦) | ૧૭૯૭૭૩<br>(૧૦૦.૦૦) | ૨૭૫૮૦૦ | ૮૦.૮૬ | ૧૫૮૯૦૦ | ૮૮.૩૯ |
| ૩ | સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબો | ૧૯૮૪ | ૩૨૧૪૬૨ | ૭૯૩૧૭<br>૨૪.૬૭ | ૪૭૨૮૩<br>(૧૦૦.૦૦) | ૩૨૦૩૪<br>(૧૦૦.૦૦) | ૨૮૭૫૭ | ૬૦.૮૪ | ૨૧૯૯૨ | ૬૮.૬૬ |

ચાલુ...

પ્રાપ્તિસ્થાન :- શિક્ષણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર



## કોઠો - :૩:૭:

ચાલુ ...

| ક્રમ | વિગત | સેકન્ડરી | | | | હાયર સેકન્ડરી | | | | ઉચ્ચ શિક્ષણ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | ટકા | કન્યા | ટકા | કુમાર | ટકા | કન્યા | ટકા | કુમાર | ટકા | કન્યા | ટકા |
| ૧ | ગુજરાત રાજ્ય | ૫૪૦૨૬૫ | ૧૩.૯૪ | ૨૯૦૭૧૯ | ૧૧.૯૩ | ૧૨૮૭૪૧ | ૩.૩૨ | ૬૪૧૯૬ | ૨.૬૩ | ૧૨૫૫૦૦ | ૩.૨૪ | ૫૪૪૦૬ | ૨.૨૩ |
| ૨ | અનુસૂચિત જાતિ | ૪૫૯૬૪ | ૧૩.૪૮ | ૧૬૧૪૦ | ૮.૯૮ | ૯૯૪૯ | ૨.૯૩ | ૨૯૮૧ | ૧.૬૬ | ૯૩૧૪ | ૨.૭૩ | ૧૭૫૨ | ૦.૯૭ |
| ૩ | સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબો | ૧૦૭૦૨ | ૨૨.૬૩ | ૭૪૪૬ | ૨૩.૨૪ | ૨૪૯૭ | ૫.૨૮ | ૧૫૮૯ | ૪.૯૬ | ૫૩૧૭ | ૧૧.૨૫ | ૧૦૦૭ | ૩.૧૪ |

પ્રાપ્તિસ્થાન :- શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ઉપરોકત કોઠા-૩:૭: માં ગુજરાત રાજ્યમાં શિક્ષણની માત્રા, ગુજરાતમાં વસતા અનુસૂચિત જાતિમાં શિક્ષણની માત્રા અને ચાલુ સાલે સર્વેક્ષણમાં આવરી લીધેલ છ મહાનગરપાલિકામાં વસતા અનુસૂચિત જાતિના કુટુંબોમાં શિક્ષણ માત્રાના આંકડા ઘણા રસપ્રદ છે. જેને તપાસતા -

(૧) ચાલુ શિક્ષણ એટલે કે પ્રાથમિકથી શરૂ કરી ઉચ્ચ શિક્ષણ લેતા કુમાર-કન્યામાં ગુજરાતમાં શિક્ષણ લેનારની સંખ્યા ૧૮.૫૨ ટકા છે. અનુસૂચિત જાતિમાં આ માત્રા ૨૧.૩૬ ટકા છે. જ્યારે સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાં શિક્ષણ લેનારની ટકાવારી ૨૪.૬૭ ટકા છે.

(૨) ઉચ્ચ શિક્ષણ લેનારની સંખ્યા ગુજરાતમાં વધુ જોવા મળે છે. જ્યારે અનુસૂચિત જાતિમાં ઉચ્ચ શિક્ષણ લેનારીના ટકાવારી થોડી ઓછી છે. મતલબ કે ગુજરાતમાં કુમારમાં ઉચ્ચ શિક્ષણ લેનારની સંખ્યા ૩.૨૪ ટકા છે અને કન્યાઓની સંખ્યા ૨.૨૩ ટકા છે. તેની સામે અનુસૂચિત જાતિમાં કુમારમાં ૨.૭૩ ટકા છે અને કન્યામાં ૦.૯૭ ટકા છે. જ્યારે ચાલુ સાલે સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાં આ ટકાવારી ઘણી મોટી છે. તેમાં ઉચ્ચ શિક્ષણમાં કુમારમાં ૧૧:૨૫ ટકા છે અને કન્યામાં ૩.૧૪ ટકા છે. આનો અર્થ એ પણ થઇ શકે કે સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબો કે જે મોટા શહેરોમાં વસવાટ કરે છે ત્યાં સામાન્ય સુવિધા વધુ છે. શૈક્ષણિક સંસ્થાઓ વધુ હોય તેથી શિક્ષણ લેનારની સંખ્યા વધારે હશે:

ગુજરાત રાજ્યમાં અને અનુસૂચિત જાતિમાં અને સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોના બાળકોમાં કેટલા પ્રમાણમાં શિક્ષણ છે તેના તુલનાત્મક આંકડા જોયા પછી ચાલુ સાલે સર્વેક્ષણમાં આવરી લીધેલ છ શહેરોમાં અનુસૂચિત જાતિના કુટુંબોમાં સાક્ષરતાની માત્રા કેવી છે તે કોઠા-૩:૮: માં આપવામાં આવી છે.



## કોઠો - ૩:૮:

### સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાં સાક્ષરતાની માત્રા

| વિગત | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| અભણ | ૫૯૬૨૮ (૩૫.૩૩) | ૭૯૬૩૭ (૫૨.૧૪) | ૧૩૯૨૬૫ (૪૩.૩૨) |
| શિક્ષિત | ૫૭૦૦૩ (૩૩.૭૯) | ૩૪૨૩૧ (૨૨.૪૧) | ૯૧૨૩૪ (૨૮.૩૮) |
| ચાલુ અભ્યાસ | ૫૨૦૯૬ (૩૦.૮૮) | ૩૮૮૬૭ (૨૫.૪૫) | ૯૦૯૬૩ (૨૮.૩૦) |
| કુલ..... | ૧૬૮૭૨૭ (૧૦૦.૦૦) | ૧૫૨૭૩૫ (૧૦૦.૦૦) | ૩૨૧૪૬૨ (૧૦૦.૦૦) |

કોઠા-૩:૮: માં આપવામાં આવેલી માહિતી પરથી જોઇ શકાય છે કે સર્વેક્ષણ કરેલ છ શહેરોમાં અનુસૂચિત જાતિના લોકોની કુલ ૩,૨૧,૪૬૨ ની વસતિમાંથી ૧,૩૯,૨૬૫ (૪૩.૩૨ ટકા) વ્યકિતઓ અભણ હતી. ૯૧,૨૩૪ (૨૮.૩૮ ટકા) વ્યકિતઓ શિક્ષિત હતી. જ્યારે ૯૦૯૬૩ (૨૮.૩૦ ટકા) વ્યકિતનો અભ્યાસ ચાલુ હતો. લિંગવાર વર્ગીકરણ કરતા જણાશે કે પુરૂષોમાંથી ૩૫.૩૩ ટકા અભણ હતા. જ્યારે સ્ત્રીઓમાં અભણનું પ્રમાણ ૫૨.૧૪ ટકા હતું. એજ રીતે પુરૂષોમાં ૩૩.૭૯ ટકા શિક્ષિત હતા અને સ્ત્રીઓમાં ૨૨.૪૧ ટકા શિક્ષિતનું પ્રમાણ હતું. જ્યારે પુરૂષોમાં ૩૦.૮૮ ટકાનું શિક્ષણ અને સ્ત્રીઓમાં ૨૫.૪૫ ટકાનું શિક્ષણ ચાલુ હતું:

સર્વેક્ષણ કરેલ કુલ કુટુંબોમાં શિક્ષણની સ્થિતિ જાણ્યા પછી શહેરવાર શિક્ષણની માત્રા કોઠા-૩:૯: માં આપવામાં આવી છે.

## કોઠો - ૩:૯:

### શહેરવાર શિક્ષણની માત્રા

| ક્રમ | શહેર | અભણ | શિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ કેન્ટોનમેન્ટ | ૩૬૬ (૫૬.૯૨) | ૨૭૭ (૪૩.૦૮) | ૬૪૩ (૧૦૦.૦૦) |
| ૨ | અમદાવાદ | ૭૬૩૯૧ (૫૪.૯૫) | ૬૨૬૨૮ (૪૫.૦૫) | ૧૩૯૦૧૯ (૧૦૦.૦૦) |
| ૩ | જામનગર | ૧૭૧૭૯ (૮૭.૩૧) | ૨૪૯૬ (૧૨.૬૯) | ૧૯૬૭૫ (૧૦૦.૦૦) |
| ૪ | રાજકોટ | ૧૧૬૫૮ (૬૯.૧૫) | ૫૨૦૨ (૩૦.૮૫) | ૧૬૮૬૦ (૧૦૦.૦૦) |
| ૫ | વડોદરા | ૧૭૧૬૦ (૫૭.૦૮) | ૧૨૯૦૩ (૪૨.૯૨) | ૩૦૦૬૩ (૧૦૦.૦૦) |
| ૬ | સુરત | ૧૬૫૧૧ (૬૮.૧૨) | ૭૭૨૮ (૩૧.૮૮) | ૨૪૨૩૯ (૧૦૦.૦૦) |
| | કુલ ... | ૧૩૯૨૬૫ (૬૦.૪૨) | ૯૧૨૩૪ (૩૯.૫૮) | ૨૩૦૪૯૯ (૧૦૦.૦૦) |

( કૌંસમાં આપેલ આંકડા ટકાવારી દર્શાવે છે )

શહેરવાર શિક્ષણની પરિસ્થિતિ તપાસતાં જણાય છે કે છ શહેરોમાંથી ત્રણ શહેરોમાં શિક્ષણનું પ્રમાણ સરેરાશ કરતાં વધુ હતું. સૌથી વધુ શિક્ષણનું પ્રમાણે અમદાવાદમાં (૪૫.૦૫ ટકા) હતું. જ્યારે ઓછામાં ઓછુ જામનગર (૧૨.૬૯ ટકા) માં હતું. શહેરવાર અને લિંગવાર શિક્ષણનું પ્રમાણ પરિશિષ્ટ-૯ માં આપવામાં આવ્યુ છે:

સર્વેક્ષણ કરેલ કુટુંબમાં શિક્ષણ પુરૂ કરેલ વ્યક્તિઓનું શિક્ષણ સ્તર પ્રમાણેનું વર્ગીકરણ કોઠા-૩:૧૦: માં આપવામાં આવ્યુ છે.



## કોઠો - :૩:૧૦:

### સર્વેક્ષણ કરેલ કુટુંબમાં શિક્ષણ પુરૂ કરેલનું વર્ગીકરણ

| ક્રમ | શિક્ષણનું સ્તર | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક(ધોરણ ૧થી ૭) | ૩૧૪૩૫ (૫૫.૧૫) | ૨૩૪૧૩ (૬૮.૪૦) | ૫૪૮૪૮ (૬૦.૧૨) |
| ૨ | માધ્યમિક (ધોરણ ૮થી ૧૧) | ૧૨૩૨૧ (૨૧.૬૧) | ૬૩૩૧ (૧૮.૪૯) | ૧૮૬૫૨ (૨૦.૪૪) |
| ૩ | એસ.એસ.સી. | ૭૯૩૦ (૧૩.૯૧) | ૩૪૮૦ (૧૦.૧૭) | ૧૧૪૧૦ (૧૨.૫૧) |
| ૪ | સ્નાતક | ૪૫૫૦ (૭.૯૮) | ૭૭૪ (૨.૨૬) | ૫૩૨૪ (૫.૮૪) |
| ૫ | અનુસ્નાતક | ૫૭૩ (૧.૦૧) | ૧૩૪ (૦.૩૯) | ૭૦૭ (૦.૭૭) |
| ૬ | ટેકનીકલ શિક્ષણ લીધેલ | ૧૯૪ (૦.૩૪) | ૯૯ (૦.૨૯) | ૨૯૩ (૦.૩૨) |
| | કુલ ..... | ૫૭૦૦૩ (૧૦૦.૦૦) | ૩૪૨૩૧ (૧૦૦.૦૦) | ૯૧૨૩૪ (૧૦૦.૦૦) |

કોઠા-૩:૧૦: પરથી જણાય આવે છે કે કુલ શિક્ષિત વ્યક્તિઓમાંથી ૬૦.૧૨ ટકાએ પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ, ૨૦.૪૪ ટકાએ માધ્યમિક કક્ષા સુધીનુ ૧૨.૫૧ ટકા એસ.એસ.સી. થયેલા, ૫.૮૪ ટકા સ્નાતક, ૦.૭૭ ટકા અનુસ્નાતક થયેલા અને ૦.૩૩ ટકા ટેકનીકલ શિક્ષણ લીધેલા હતાં. લિંગવાર શિક્ષણના સ્તરનું વર્ગીકરણ કરીએ તો જણાય છે કે કુલ પુરૂષોમાંથી ૫૫.૧૫ ટકા પ્રાથમિક કક્ષા સુધીનું, ૨૧.૬૧ ટકા માધ્યમિક કક્ષા સુધીનું, ૧૩.૯૧ ટકા એસ.એસ.સી., ૭.૯૮ ટકા સ્નાતક, ૧.૦૧ ટકા અનુસ્નાતક અને ૦.૩૪ ટકા ટેકનીકલ શિક્ષણ મેળવેલા હતાં. એજ રીતે સ્ત્રીઓમાં ૬૮.૪૦ ટકા પ્રાથમિક કક્ષા સુધીનુ શિક્ષણ મેળવેલ, ૧૮.૪૯ ટકા

માધ્યમિક શિક્ષણ લીધેલ, ૧૦.૧૭ ટકા એસ.એસ.સી., ૨.૨૬ ટકા સ્નાતક અને ૧ ટકાથી પણ ઓછામાં અનુસ્નાતક અને ટેકનીકલ શિક્ષણ લીધેલ હતા. એકંદર શિક્ષણમાં ૯૩ ટકા તો એસ.એસ.સી. સુધી છે. અને ૬૦ ટકાએ તો પ્રાથમિક સુધીનું જ શિક્ષણ મેળવ્યું છે. ઉચ્ચ શિક્ષણ લીધેલાની સંખ્યા ઓછી અથવા તો નજીવી જ છે.

ઉપરોકત શિક્ષણ મેળવેલ અનુસૂચિત જાતિના લોકોની સ્થિતિ જોયા બાદ જુદી જુદી કક્ષાએ લિંગવાર અભ્યાસ કરતાં બાળકોની વિગતો પણ એકઠી કરી છે જે કોઠા-૩:૧૧: માં - આપવામાં આવી છે.

કોઠો - ૩:૧૧

જુદી જુદી કક્ષાએ લિંગવાર અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા

| ક્રમ | કક્ષા | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બાલવાડીમાં | ૮૫૫૩ (૧૬.૪૨) | ૬૯૪૯ (૧૭.૮૮) | ૧૫૫૦૨ (૧૭.૫) |
| ૨ | ધોરણ ૧ થી ૭ | ૨૮૭૬૭ (૫૫.૨૨) | ૨૧૯૯૨ (૫૬.૫૮) | ૫૦૭૫૯ (૫૦.૮૦) |
| ૩ | ધોરણ ૮ થી ૧૦ | ૧૦૭૦૨ (૨૦.૫૪) | ૭૪૪૬ (૧૯.૧૬) | ૧૮૧૪૮ (૧૯.૯૪) |
| ૪ | ઉચ્ચતર માધ્યમિક | ૨૪૯૭ (૪.૭૯) | ૧૫૮૯ (૪.૦૯) | ૪૦૮૬ (૪.૪૯) |
| ૫ | કોલેજમાં ભણતા | ૧૩૬૫ (૨.૬૨) | ૭૬૯ (૧.૯૮) | ૨૧૬૪ (૨.૩૫) |
| ૬ | અનુસ્નાતકમાં | ૧૪૦ (૦.૨૭) | ૭૮ (૦.૨૦) | ૨૧૮ (૦.૨૪) |
| ૭ | ટેકનીકલ શિક્ષણ | ૭૨ (૦.૧૪) | ૪૪ (૦.૧૧) | ૧૧૬ (૦.૧૩) |
| | કુલ ..... | ૫૨૦૯૬ (૧૦૦.૦૦) | ૩૮૮૬૭ (૧૦૦.૦૦) | ૯૦૯૬૩ (૧૦૦.૦૦) |

(કૌંસમાં આપેલ આંકડા ટકાવારી દર્શાવે છે.)



કોઠા-૩:૧૧: પરથી જણાય છે કે કુલ ભણતાં બાળકોમાંથી ૧૭.૦૫ ટકા બાલવાડીમાં, ૫૦.૮૦ ટકા પ્રાથમિક કક્ષાએ, ૧૯.૯૪ ટકા માધ્યમિક કક્ષાએ, ૪.૪૯ ટકા ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ, ૨.૩૫ ટકા કોલેજમાં, ૦.૨૪ ટકા અનુસ્નાતકમાં અને ૦.૧૩ ટકા ટેકનીકલ શિક્ષણ લેતા હતાં. આમ કુલ સંખ્યામાંથી ૬૮ ટકા પ્રાથમિક કક્ષામાં હતાં. લિંગવાર પરિસ્થિતિ જોતાં જણાય છે કે પુરૂષોમાં ૧૬.૪૨ ટકા બાલવાડીમાં, ૫૫.૨૨ ટકા પ્રાથમિકમાં, ૨૦.૫૪ ટકા માધ્યમિકમાં, ૪.૭૯ ઉચ્ચતર માધ્યમિકમાં, ૨.૬૨ ટકા કોલેજમાં, ૦.૨૭ ટકા અનુસ્નાતકમાં અને ૦.૧૪ ટકા ટેકનીકલ શિક્ષણ લેતાં. જ્યારે સ્ત્રીઓમાં ૧૭.૮૮ ટકા બાલવાડીમાં, ૫૬.૫૮ ટકા પ્રાથમિકમાં, ૧૯.૧૬ ટકા માધ્યમિકમાં, ૪.૦૯ ટકા ઉચ્ચતર માધ્યમિકમાં, ૧.૯૮ ટકા કોલેજમાં, ૦.૨૦ ટકા અનુસ્નાતકમાં અને ૦.૧૧ ટકા ટેકનીકલ શિક્ષણ મેળવતી હતી. આમ કુલ અભ્યાસ કરતી સંખ્યામાં ૫૭.૨૭ ટકા પુરૂષો અને ૪૨.૭૩ ટકા સ્ત્રીઓ હતી. લિંગવાર જોતાં એ વસ્તુ પણ દેખાય આવે છે કે પુરૂષ અને સ્ત્રી એમ બન્નેમાં શિક્ષણ પ્રાથમિક કક્ષામાં વધુ છે. જ્યારે કોલેજ, અનુસ્નાતક અને ટેકનીકલ શિક્ષણમાં આ સંખ્યા ઘણી ઓછી છે. શહેરવાર અને લિંગવાર અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા પરિશિષ્ટ-૧૦ માં આપવામાં આવી છે.

## શિક્ષિત બેકાર અંગેની વિગતો :

ઉપરોકત દર્શાવેલ માહિતીથી એક વાતનો સંતોષ થશે કે ગુજરાતમાં અનુસૂચિત જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઠીક ઠીક વધી રહ્યું છે. ચાલુ સર્વેક્ષણમાં અનુસૂચિત જાતિના બાળકોમાં શિક્ષણની સાથોસાથ શિક્ષિત બેકારોનું પ્રમાણ કેવું અને કેટલું છે તેની માહિતી એકત્ર કરી છે. જેની વિગતવાર માહિતી પરિશિષ્ટ-૧૧ અને ૧૭ માં આપવામાં આવી છે.

સર્વેક્ષણમાં આવરી લીધેલ છ શહેરોમાંથી કુલ ૮૩૨૯ શિક્ષિત બેકારો હતા. આમ કુલ શિક્ષિતોમાંથી ૪૭ ટકા બેકાર છે. આમાંથી ૫૪૫૬ (૬૫.૫૧ ટકા) ધોરણ ૧૦ સુધીના શિક્ષિત

બેકારો હતા. ૨૧૪૩ (૨૫.૭૩ ટકા) એસ.એસ.સી. પાસ અને કોલેજ સુધીના શિક્ષિત બેકારો હતા. જ્યારે ૭૩૦ (૮.૭૬ ટકા) ગ્રેજ્યુએટ અને તેથી વધુ અભ્યાસ કરેલ શિક્ષિત બેકારો હતા.

જે કુલ શિક્ષિત બેકારો છે તેમાંથી ૪૧૯૦ (૫૦.૩૧ ટકા) એ રોજગાર કચેરીમાં નામ નોંધાવેલ છે. આ કુલ ૪૧૯૦ માંથી ૨૮૩૮ (૬૭.૭૪ ટકા) ને એકપણ વખત ઇન્ટરવ્યુ કોલ આવેલ નથી. ૭૮૨ (૧૮.૬૬ ટકા) એક વખત, ૩૩૭ (૮.૦૪ ટકા) ને બે વખત, ૧૬૩ (૩.૮૯ ટકા) ને ત્રણ વખત અને ૭૦ (૧.૬૭ ટકા) ને ત્રણથી વધુ વખત રોજગાર કચેરી દ્વારા ઇન્ટરવ્યુ કોલ મોકલવામાં આવ્યા હતા. પરંતુ આ સૌની ફરિયાદ એવી કે કેટલાયે દિવસોએ રોજગાર કચેરીમાંથી કોલ આવે છે, પરંતુ નોકરીમાં લેવામાં આવતા નથી અથવા નોકરી મળતી નથી.

શાળાએ ન જતાં બાળકો :

સર્વેક્ષણમાં જે બાળકોની ઉંમર શિક્ષણ માટેની છે તેવા બાળકો જો શિક્ષણ ન લેતા હોય તેઓની વિગત એકઠી કરવામાં આવી છે. વળી, આવા બાળકો શા માટે શિક્ષણ લેતાં નથી તેની વિગત પણ એકઠી કરી છે. શહેરવાર ૭ થી ૧૪ વર્ષના શાળાએ ન જતાં બાળકોની સંખ્યા કોઠા-૩:૧૨ માં આપવામાં આવી છે.

કોઠો - ૩:૧૨:

શહેરવાર ૭ થી ૧૪ વર્ષની ઉંમરના જ ભણતા બાળકોની સંખ્યા

| ક્રમ | શહેર | ૭ થી ૧૪ વર્ષના બાળકોની સંખ્યા | ૭થી ૧૪ વર્ષના બાળકોમાં ન ન ભણતાં બાળકોની સંખ્યા | કુલ બાળકોમાં ન ભણતાં બાળકોના ટકા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ (કેન્ટોનમેન્ટ | ૧૮૧ | ૫૦ | ૨૭.૬૨ |
| ૨ | અમદાવાદ | ૪૨૩૮૬ | ૩૪૮૨ | ૮.૨૧ |
| ૩ | જામનગર | ૫૦૪૭ | ૨૦૧ | ૩.૯૮ |
| ૪ | રાજકોટ | ૪૫૫૬ | ૧૦૪૩ | ૨૨.૮૯ |
| ૫ | વડોદરા | ૮૧૪૧ | ૧૨૪૪ | ૧૫.૨૮ |
| ૬ | સુરત | ૬૫૫૦ | ૧૬૦૬ | ૨૪.૫૨ |
| . | કુલ... | ૬૬૮૬૧ | ૭૬૨૬ | ૧૧.૪૧ |



કોઠા-૩:૧૨: માં જણાવેલ આંકડાઓ પરથી જોઇ શકાય છે કે કુલ સર્વેક્ષણ થયેલ કુટુંબમાં ૭ થી ૧૪ વર્ષના ૬૬૮૬૧ બાળકો હતા. જેમાંથી તપાસ સમયે ૭૬૨૬ બાળકો શાળાએ જતાં ન હતા. આમ કુલ ૭ થી ૧૪ વર્ષના બાળકોમાં ૧૧.૪૧ ટકા બાળકો શાળાએ જતાં ન હતા. શહેરવાર માહિતી તપાસતાં જણાય છે કે શાળાએ નજતાં બાળકોનું સૌથી વધુ પ્રમાણ અનુક્રમે અમદાવાદ - કેન્ટોનમેન્ટ, સુરત અને રાજકોટમાં હતું. શાળાએ ન જતાં બાળકોનું સૌથી ઓછું પ્રમાણ જામનગર શહેરમાં હતું. શાળાએ ન જતાં બાળકોનું ૨૦ ટકાથી વધુ પ્રમાણ ત્રણ શહેરોમાં હતું. એક શહેરમાં આ પ્રમાણ ૧૫ ટકા હતું. જ્યારે બે શહેરમાં આ પ્રમાણ ૧૦ ટકા કરતાં પણ ઓછું હતું. આ આંકડાઓ પરથી એક બાબત એ સ્પષ્ટ થાય છે. સરકારના પછાત વર્ગોમાં શિક્ષણ વધારવાના સઘન પ્રયાસ છતાં જોઇએ તેવી સફળતા મળી નથી કેમકે ઉપરોક્ત છ મહાનગરપાલિકામાં જો આ સ્થિતિ હોય તો છેક ગામડામાં રહેતા કુટુંબોમાં રહેતા કુટુંબોમાં શાળાએ ન જવાનું પ્રમાણ કેટલું હશે ?

શાળાએ ન જતાં બાળકોની વિગતોની સાથોસાથ સર્વેક્ષણમાં બાળકો કયા સંજોગોને લઇને શાળાએ જતાં નથી તેની પણ પૃચ્છા કરવામાં આવી હતી. બાળકના વ્યક્તિગત, કૌટુંબિક, સમાજલક્ષી કે આર્થિક ઉપાર્જનમાં મદદરૂપ થવા માટે કે સમાજમાં પરાપૂર્વથી ચાલી આવતી અસ્પૃશ્યતા બાળકને શિક્ષણ લેતાં અટકાવે છે તે જાણવા પ્રયાસ કર્યો છે. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું કે કુલ ન ભણતાં બાળકોમાંથી ૬૯.૪૪ ટકા આર્થિક મુશ્કેલીને લઇને, ૮.૧૨ ટકા બાળકોના માત-પિતાની ઇચ્છા તેમના બાળકોને ભણાવવાની ન હતી, ૧૦.૬૯ ટકા બાળકો પોતેજ અભ્યાસ કરવા ઇચ્છા રાખતાં ન હતા. ૩.૫૯ ટકા બાળકોને મહોલ્લામાં શાળા ન હતી તેથી અભ્યાસ કરતાં ન હતા. ૦.૯૨ ટકા ઘરમાં નાના બાળકોની સંભાળ રાખવાને લીધે, ૦.૧૭ ટકા ખેતી કામમાં મદદ કરવાને લઇને, ૬.૭૯ ટકા બાળકો પોતાના કુટુંબને કોઇને કોઇ ધંધામાં મદદરૂપ થતાં હતા તેથી શાળાએ

જતા ન હતા. જ્યારે ૨૧ બાળકો સખ્યા ઓછી લાગે છે આમ છતા આઝાદીના ૩૭ વર્ષ બાદ મહાનગરપાલિકા જેવા વિસ્તારમા અસ્પૃશ્યતાના ભેદભાવને કારણે બાળકો અભ્યાસથી વચિત રહયા છે. આ સખ્યા નાની હોવા છતા આપણા સૌની આખ ખોલી નાખનારી છે. શહેરવાર ન ભણતા બાળકોના કારણોની માહિતી પરિશિષ્ટ-૧૨ મા આપવામા આવી છે.

........

## પ્રકરણ - :૪:

## આર્થિક સ્થિતિ

ભારતીય સસ્કૃતિમા પરપરાથી અર્થવ્યવસ્થાનુ માળખુ જ્ઞાતિ વ્યવસ્થા પર ગોઠવાયેલુ હતુ. તેમા અસ્પૃશ્યો અને નિમ્ન જ્ઞાતિઓએ ઉપલા વર્ણોના લોકોની સેવાનુ કામ કરવાનુ હતુ અને સેવાના વળતર રૂપે જે કઇ પ્રાપ્ત થાય તેનાથી નિમ્ન જ્ઞાતિઓ પોતાનુ જીવન ચલાવતા હતા. એક રીતે કહીએ તો સમાજની પ્રગતિનુ મૂલ્યાકન કરવાનુ એક સાધન તેનો આર્થિક વિકાસ છે. સામાન્ય રીતે ઉચ્ચ વ્યવસાયો ઉચ્ચ જ્ઞાતિના લોકો જ કરી શકે અને ઉતરતા વ્યવસાયો સમાજની નીચલી કક્ષાની જાતિઓએ કરવાના રહે છે કે જેમા આર્થિક ઉપાર્જન ઓછુ અને શારીરિક શ્રમ વધારે હોય છે. વળી, નિમ્ન જ્ઞાતિઓમા પણ અમુક જ્ઞાતિઓએ અમુક જ કામ કરવા તેવુ વ્યવસાયિક વર્ગીકરણ કરેલુ છે. અસ્પૃશ્ય જાતિઓની જે પેટાજ્ઞાતિઓ છે તેઓના પરપરાગત વ્યવસાયો કઇક આ પ્રકારના હતા.

<u>અસ્પૃશ્ય જ્ઞાતિઓના પરપરાગત વ્યવસાયો :</u>

| ક્ર.મ | જ્ઞાતિ | વ્યવસાય |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | બાવા-ઢેઢ-સાધુ | ભિક્ષાવૃત્તિ, ગોરપદુ, હરિજનોના મદિરમા પૂજા, છૂટક મજૂરી. |
| ૨ | ભગી | ઝાડૂ વાળવુ, મેલુ ઉપાડવુ, ટોપલા વણવા, ઢોલ વગાડવો, છૂટક મજૂરી. |
| ૩ | ચમાર | ચામડા પકવવા |
| ૪ | ગરોડા | વણકરોનુ ગોરપદુ, ભિક્ષાવૃત્તિ, છૂટક મજૂરી. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૫ | હાડી | હાડકાં વેચવા, ચામડાં પકવવા, મજૂરી, સાદડીઓ, સાવરણીઓ, ઇંઢોણી બનાવવી. |
| ૬ | મેઘવાળ | કપડાં વણવાં. |
| ૭ | સેનમા | દહાડિયા મજૂરી, હરિજનોના વાળ કાપવા, વણાટકામ. |
| ૮ | તુરી | ગાઇ-વજાવી ભીખ માગવી, રામલીલા, ભવાઇ વગેરે કરવા. |
| ૯ | વણકર | વણાટકામ |
| ૧૦ | નાડિયા | ઢોર ચરાવવા, ખેતમજૂરી, ઇંઢોણી, ટોપલા બનાવવા, ખાટલા ભરવા. |

આમ ઉપરોકત અસ્પૃશ્ય જાતિઓ અને પેટાજ્ઞાતિઓ માટે કામ અંગેનું વિભાગીકરણ હતું, પરંતુ હવે આ એક ભૂતકાળની હકીકત કહીએ તો અતિશ્યોકિત નથી. પૂ. ગાંધીજી અને સ્વતંત્રતા બાદ બંધારણમાં વ્યવસાયો બાબતમાં ઘણું પરિવર્તન આવ્યું છે. તેમાં પણ ૧૯૫૫ ના અસ્પૃશ્યતા ગુના ધારાના સેકશન ૪ ની કલમ ૩ અનુસાર કોઇપણ વ્યકિતને અસ્પૃશ્યતાના કારણે કોઇપણ વ્યવસાય અથવા વેપાર ધંધો કરતાં અટકાવવી એ શિક્ષાપાત્ર ગુનો ગણવામાં આવ્યો છે. આવા કાયદાના જ ફળસ્વરૂપે અને અનુસૂચિત જાતિમાં વધેલા શિક્ષણને કારણે વ્યવસાયિક બાબતમાં પણ ઘણું પરિવર્તન લાગે છે.

## (૧) વ્યવસાયિક વર્ગીકરણ :

સર્વેક્ષણ હેઠળ આવરી લીધેલાં છ શહેરોમાં અનુસૂચિત જાતિના કુલ ૬૧૫૯૫ કુટુંબો વિવિધ પ્રકારના વ્યવસાયોમાં રોકાયેલા હતાં.



મુખ્ય વ્યવસાય પ્રમાણે સર્વેક્ષણ કરેલ કુટુંબોનું વર્ગીકરણ કોઠા-૪:૧: માં આપવામાં આવ્યું છે.

### કોઠો - ૪:૧:

### સર્વેક્ષણ થયેલ કુટુંબોનું વ્યવસાયિક વર્ગીકરણ

| ક્રમ | મુખ્ય વ્યવસાય | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતી | ૨૬ | ૦.૦૪ |
| ૨ | ખેતમજૂરી | ૬૩ | ૦.૧૦ |
| ૩ | મજૂરી | ૨૮૫૪૮ | ૪૬.૩૫ |
| ૪ | ચર્મકામ | ૧૩૬૩ | ૨.૨૧ |
| ૫ | વણાટકામ | ૪૮૫ | ૦.૭૯ |
| ૬ | વેપાર | ૭૮૦ | ૧.૨૭ |
| ૭ | નોકરી | ૨૭૯૩૩ | ૪૫.૩૫ |
| ૮ | અન્ય | ૨૩૯૭ | ૩.૮૯ |
| | કુલ ..... | ૬૧૫૯૫ | ૧૦૦.૦૦ |

ઉપરોકત આંકડાઓ પરથી જણાય છે કે સર્વેક્ષણ કરેલ કુટુંબોનો મુખ્ય ધંધો મજૂરી છે. કુલ સર્વેક્ષણ કરેલ કુટુંબમાંથી ૪૬.૩૫ ટકા મજૂરી કરે છે. જ્યારે ૪૫.૩૫ ટકા કુટુંબો નોકરી કરે છે. નોકરીમાં સરકારી અને મીલમાં કામ કરનાર વ્યકિતઓની ગણતરી કરી છે. માલ, ફેકટરીમાં કામ કરનારની સંખ્યા ૩૧૪૪૯ છે. આમ મજૂરી અને નોકરી બે જ વ્યવસાયોમાં કુલ કુટુંબોમાંથી ૯૧.૭૦ ટકા કુટુંબો રોકાયેલા છે. પરંપરાગત વ્યવસાય એવા ચર્મકામ અને વણાટકામના વ્યવસાયમાં માત્ર ૩.૦૦ ટકા જ કુટુંબો છે. વેપારમાં ૭૮૦ કુટુંબો રોકાયેલા હતા અને અન્ય વ્યવસાયોમાં ૩.૮૯ ટકા કુટુંબો હતાં. ખેતી અને ખેતી મજૂરીનું પ્રમાણ ઘણું ઓછું છે. ખેતી કરતાં માત્ર ૨૬ (૦.૦૪ ટકા) કુટુંબો અને ખેતમજૂરી કરતા ૬૩ (૦.૧૦ ટકા) કુટુંબો હતાં.

શહેરવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનું મુખ્ય ધંધાવાર વર્ગીકરણ પરિશિષ્ટ-૧૩ માં આપવામાં આવ્યું છે. પરિશિષ્ટ-૧૩ જોવાથી ખ્યાલ આવશે કે સર્વેક્ષણમાં આવરી લીધેલ છ શહેરોમાંથી ત્રણ શહેરો અમદાવાદ, વડોદરા અને સુરતમાં વસતા અનુસૂચિત જાતિના કુટુંબો પાસે ખેતી માટેની જમીન હતી. ખેતી પર મજૂરી કરતાં હોય તેવા કુટુંબો પણ ઉપરોકત ત્રણ જ શહેરોમાં જોવા મળ્યાં હતાં.

સર્વેક્ષણ દરમિયાન અનુસૂચિત જાતિમાં કુટુંબના મુખ્ય ધંધા અંગેની જે માહિતી મળી તેની વિગતો અને વિગતવાર ચર્ચા હવે જોઇએ.

(૧) ખેતી :

સર્વેક્ષણમાં આવરી લીધેલાં કુટુંબોમાંથી કેટલાક કુટુંબો જમીન ધરાવતાં હતાં. પરંતુ એવું જાણવા મળ્યું કે ખેતીમાંથી તેમના કુટુંબનું ગુજરાન ચાલે એમ ન હતું. ખેતી માત્ર કહેવા પૂરતી જ હતી. વળી, તેઓ પાસે જે જમીન છે તેનું કદ પણ ઘણું ઓછું છે. કુટુંબ પાસે કેટલી જમીન છે તેની વિગત પરિશિષ્ટ-૧૪ માં આપવામાં આવી છે. આમાં સુરતમાંથી બે કુટુંબો અને વડોદરાના ખેતી ધરાવતા બધા કુટુંબો પાસેથી ખેતીની જમીન કેટલી છે તે જાણી શકાયું નથી. આમ અમદાવાદના ત્રણ અને સુરતના અગિયાર કુટુંબો પાસેથી ખેતીની જમીન કેટલી છે તેની માહિતી મળી છે.

અહીં એક બાબતનો ઉલ્લેખ કરવો ઘટે કે ખેતીના ઓછા સાધનો અને પિયતની નહિવત સગવડને લીધે જમીનમાંથી ખાસ ઉપજ થતી ન હતી. આમ ખેતીની જમીન હોવા છતાં તેમને મજૂરી કે અન્ય વ્યવસાયો પર આધાર રાખવો પડતો હતો. જે ૧૧ કુટુંબોની ખેતીની જમીન અંગેની માહિતી મળી છે તેમાંથી ૭ પાસે ૧ એકર સુધી, ૨ પાસે ૧.૧ થી ૨ એકર, ૩ પાસે ૨.૧ થી ૪ એકર સુધી અને ૨ કુટુંબ પાસે ૪.૧ થી ૬ એકર સુધીની જમીન છે.



(૨) ખેતમજૂરી :

અનુસૂચિત જાતિમાં ખેતીની જમીન ધરાવતાં કુટુંબોનું પ્રમાણ ઓછું છે. સાથોસાથ શહેરી વિસ્તારમાં ખેતી માટેની જમીન ધરાવતાં હોય તેવા અન્ય જાતિ કે જ્ઞાતિના કુટુંબો પણ ઓછા હોય તેમ કહી શકાય અને તેથી ખેતમજૂરી કરતાં કુટુંબો પણ ચાલુ સર્વેક્ષણ દરમિયાન ઓછા જોવા મળ્યાં છે. કુલ કુટુંબોમાંથી ૬૩ કુટુંબોએ ખેતમજૂરીને વ્યવસાય તરીકે અપનાવ્યો છે. આ ૬૩ માંથી ૫૩ કુટુંબો તો સુરતમાં જ છે. જયારે અમદાવાદમાં ૮ અને વડોદરામાં ૨ કુટુંબો ખેત મજૂર તરીકે જોવા મળ્યાં.

(૩) મજૂરી :

સર્વેક્ષણ દરમિયાન કુલ કુટુંબોમાંથી મજૂરી પર નિર્ભર કુટુંબોની સંખ્યા સવિશેષ જોવા મળી. કુલ ૨૮૫૪૮ કુટુંબો જુદી જુદી મજૂરીમાં રોકાયેલા છે. મજૂરીમાં સામાન્ય રીતે (૧) કડિયાકામ (૨) રોડ-ગટર ખોદવા (૩) લારી ખેંચીને મજૂરી કરવી (૪) વેપારીને ત્યાં મજૂર તરીકે (૫) માલ મજૂર (૬) ફેકટરીમાં મજૂરી (૭) કાપડનો છૂટક વેપાર (૮) ગટર સાફ કરવી (૯) વાસણ માંજવા (૧૦) બળેલા કોલસાની ભૂકીના ટ્રક ભરવા (૧૧) ચંપલો વેચવી વગેરે પ્રકારની મજૂરી કરે છે. મજૂરી પર નિર્ભર હોય તેવા સૌથી વધુ કુટુંબો ૫૮.૯૩ ટકા સુરતમાં છે અને સૌથી ઓછા કુટુંબો વડોદરા ૧૮.૯૭ ટકા છે. જયારે કુલ કુટુંબમાંથી મજૂરી પર પોતાનું ગુજરાન ચલાવતા હોય તેવા ૪૬.૩૫ ટકા કુટુંબો છે.

(૪) ચર્મકામ :

અનુસૂચિત જાતિના પરંપરાગત વ્યવસાયોમાં ચર્મકામ પણ છે. આ ધંધા સાથે ખાસ કરીને ચમારો સંકળાયેલા છે કે જેઓ કોઇપણ જગ્યાએ ઢોર મરી જાય તો તેને ઉપાડી તેનું ચામડું ઉતારી ચામડું તૈયાર કરે છે. શહેર વિસ્તાર ઘણો મોટો હોય છે. આથી વિસ્તાર પ્રમાણે કોર્પોરેશન દ્વારા મરી ગયેલા ઢોર ઉપાડવાનો કોન્ટ્રાકટ આપવામાં આવે છે. જેમાં કોન્ટ્રાકટ

લેનાર વ્યકિતએ કોર્પોરેશનને અમુક રકમ આપવી પડે છે. ત્યાર પછી એ વિસ્તારમાં કોઇપણ ઢોર મરે તો તેની માલિકી કોન્ટ્રાકટ લેનાર વ્યકિતની હોય છે. કોન્ટ્રાકટર મરી ગયેલા ઢોરને ઉપડાવી અને તેનુ વેચાણ પણ કરી દે છે અથવા તેનુ ચામડુ વગેરે ઉતરાવી વેચી દે છે.હાલ છ શહેરોમાંથી આવરી લીધેલા ૬૧૫૯૫ કુટુંબોમાંથી માત્ર ૧૩૬૩ (૨.૨૧ ટકા) કુટુંબો ચર્મકામ કરે છે. આ ધંધો સૌથી વધુ રાજકોટ શહેરના (૭.૧૩ ટકા) કુટુંબો કરે છે. અને સૌથી ઓછો વડોદરા (૦.૯૪ ટકા) કુટુંબો કરે છે. જ્યારે અમદાવાદ કેન્ટોનમેન્ટ વિસ્તારમાં એક પણ કુટુંબ ચર્મકામના ધંધા સાથે સંકળાયેલ નથી.

(૫) વણાટકામ :

વણાટકામ ગ્રામ્ય વિસ્તારોમાં ઠીક ઠીક ચાલે છે. જ્યારે શહેરી વિસ્તારમાં આ ધંધાનુ પ્રમાણ ઓછુ છે. તેની પાછળ ઘણા પરિબળો જવાબદાર છે. શહેરી વિસ્તારમાં મીલ અને પાવરલુમ છે. વણકરો પાસે રહેઠાણની જ જમીન થોડી છે તેમાં વણાટકામ કયાં કરી શકે ? કુલ કુટુંબોમાંથી ૪૮૫ (૦.૭૯ ટકા) કુટુંબો વણાટકામ કરતા હોય તેવુ જાણવા મળ્યુ. વણાટકામ કરતાં સૌથી વધુ કુટુંબો જામનગર (૩.૭૯ ટકા) હતાં અને સૌથી ઓછા અમદાવાદ (૦.૨૯)ટકા) કુટુંબો હતાં. અમદાવાદ કેન્ટોનમેન્ટ વિસ્તારમાંથી કોઇપણ કુટુંબ વણાટકામ કરતુ નથી તેવુ જાણવા મળ્યુ.

(૬) વેપાર :

અનુસૂચિત જાતિના કુટુંબો હવે નવા નવા વ્યવસાયોમાં પડવા લાગ્યા છે. આજે ઘણાં કુટુંબો પાસે સારામાં સારી દુકાન છે. (૧) કોન્ટ્રાકટરનો ધંધો (૨) કરીયાણાની દુકાન (૩) પાનનો ગલ્લો (૪) સસ્તા અનાજની દુકાન (૫) શાક માર્કેટમાં દુકાન (૬) સીઝન પ્રમાણેના સ્ટોર (પતંગ, ફૂટ, ફટાકડા વગેરે) (૭) કાપડની દુકાન (૮) હાથશાળ (ખાદી અને હેન્ડલુમ કાપડ બનાવે) કુલ કુટુંબોમાંથી વેપાર કરતાં કુટુંબો



(૭૮૦) છે. છ શહેરોમાંથી વેપાર કરતાં વધુ કુટુંબો વડોદરા શહેરમાં ૧૯૨ જોવા મળ્યાં. જ્યારે વેપાર કરતાં સૌથી ઓછા કુટુંબો જામનગરમાં(૩) હતાં. અમદાવાદ કેન્ટોનમેન્ટમાં એકપણ કુટુંબ વેપાર કરતુ જોવા મળ્યુ નથી.

(૭) નોકરી :

શિક્ષણના વધારા અને પરિવર્તનની હવાને લઇને તેમજ બંધારણ મુજબ અનામત જગ્યા રાખવી ફરજીયાત છે તેને લઇને અનુસૂચિત જાતિના સભ્યોમાં નોકરીનુ પ્રમાણ વધવા લાગ્યુ છે. કુલ કુટુંબોમાંથી ૨૭૯૩૩ (૪૫.૩૫ ટકા) કુટુંબો નોકરી કરે છે. અગાઉના અમારા ત્રણ અહેવાલો ૧૯૮૧-૮૨ માં ૧૫.૮૩ ટકા, ૧૯૮૨-૮૩ માં ૨૦.૪૨ ટકા અને ૧૯૮૩-૮૪ માં ૨૫.૧૧ ટકા નોકરી કરનારનુ પ્રમાણ હતુ. નોકરીમાં સ્તરની રીતે જોતા ચોથા વર્ગથી લઇને કલાસ વન સુધી અનુસૂચિત જાતિના સભ્યો પહોંચ્યા છે. શહેરવાર જોતાં નોકરી કરતાં કુટુંબોનુ સૌથી વધુ પ્રમાણ વડોદરામાં (૭૧.૮૯ ટકા) છે. જ્યારે સૌથી ઓછુ પ્રમાણ જામનગરમાં (૩૦.૩૬ ટકા) છે. આમ એકંદરે નોકરીમાં તેમનુ પ્રમાણ વધતુ જાય છે. અહીં એક બાબત સ્પષ્ટ કરવી જોઇએ કે નોકરીમાં અનામત જગ્યાઓ રાખવા છતાં તેની ટકાવારી પૂરેપૂરી જળવાતી ન હોય તેવુ અગાઉના થયેલા એક અધ્યયન " ગુજરાતના વિકસતા સમુદાયો " પરથી જાણવા મળે છે. સામાન્ય રીતે ત્રીજા અને ચોથા વર્ગની જગ્યાઓ ઉપર ટકાવારી કરતાં વિશેષ ભરતી થાય છે. જ્યારે કલાસ એક અને બેની જગ્યાઓ ઉપર ટકાવારી કરતાં ઘણી ઓછી જગ્યાઓ ભરાય છે. આવુ અમારા સર્વેક્ષણમાં પણ જોવા મળ્યુ છે. આનો વિસ્તૃત જાણકારી માટે એક અલગ અભ્યાસ કરવો જોઇએ તેવુ હાલના સમયે તો જરૂરી જ નહિ પરંતુ અનિવાર્ય લાગે છે.

જે કુટુંબોના સભ્યો નોકરી કરે છે તેની વધુ વિસ્તૃત માહિતી પરિશિષ્ટ-૧૫ માં આપવામાં આવી છે.

પરિશિષ્ટ-૧૫ ઉપરથી જોઇ શકાશે કે કુલ ૨૭૯૩૩ કુટુબમાંથી ૩૫૩૨૧ સભ્યો નોકરી કરતાં હતાં. આમાંથી ૧૮૫૩૬ (૫૨.૪૮ ટકા) સરકારી નોકરી કરતાં હતા અને ૧૬૭૮૫ (૪૭.૫૨ ટકા) વિનસરકારીમાં કામ કરતાં હતાં. આ ઉપરાંત જે સભ્યો નોકરી કરે છે તેનો હોદ્દો શુ છે તે પણ જાણવા પ્રયાસ કરેલ. તે અંગેની જે વિગતો મળી તેમાંથી ૨૧૪૩ (૬.૦૭ ટકા) પટાવાળા તરીકે, ૪૬૫૭ (૧૩.૮૩ ટકા) સફાઇ કામદારમાં, ૮૩૭ (૨.૩૭ ટકા) હેલ્પરમાં, ૬૪૩ (૧.૮૨ ટકા) શિક્ષક તરીકે, ૧૭૫૯ (૪.૯૮ ટકા) કલાર્ક તરીકે, ૧૭૫ (૦.૫૦ ટકા) ઓફીસર તરીકે હતા. જયારે ૨૫૧૦૭ (૭૧.૦૮ ટકા) અન્ય નોકરી કરતાં હતાં. જેમાં ઉપરોકત દર્શાવેલ વિભાગીકરણ કરતાં અલગ હતુ. વળી જેઓ મીલ અને કારખાનામાં નોકરી કરતાં હોય તેનો સમાવેશ પણ અન્યમાં થયો છે.

**મીલ કામદારો :**

ગુજરાતમાં સૌનુ ધ્યાન ખેચાય તેવો કોઇ મુખ્ય પ્રશ્ન હોય તો તે ગુજરાતમાં બધ પડેલી મીલોનો પ્રશ્ન છે. જે વર્તમાન સમયમાં ગુજરાત પૂરતો મર્યાદિત ન રહેતા સમગ્ર દેશનુ ધ્યાન કેન્દ્રિત થાય તેવો પ્રશ્ન છે. અમોને એવુ જાણવા મળયુ કે મીલમાં જનાર સભ્યોમાં અનુસૂચિત જાતિના ઘણાં સભ્યો છે. આથી મીલ બધ થતા તેમની સ્થિતિ અંગે જાણવુ જરૂરી બન્યુ. સર્વેક્ષણની શરૂઆતમાં આ પ્રશ્ન બહુ વિકટ ન હતો તેથી પ્રશ્નાવલિમાં તેનો સમાવેશ કર્યો ન હતો. પરતુ પાછળથી આ મુદ્દાને લેવો જરૂરી લાગતા એક ત્વરીત-તાત્કાલિક સર્વેક્ષણ કરાવ્યો. જેના દ્વારા એવુ જાણવા મળયુ કે અમદાવાદમાં જે સત્તરથી અઢાર મીલો બધ પડી છે તેના જે કારીગરો બેકાર છે તેમાના ૪૫ ટકા જેટલા કારીગરો તો ફકત અનુસૂચિત જાતિના જ છે. મીલમાં થ્રોસલ નામનુ ખાતુ છે જેમાં કામ કરનાર સભ્ય ફકત અનુસૂચિત જાતિના જ છે. આથી એ બધા જ હાલ બેકાર છે.

અમારા ઉપરોકત સર્વે ઉપરાંત ગાંધી મજૂર સંસ્થા દ્વારા બધ મીલના મજૂરોનો સર્વે કરવામાં આવેલ તેમાં પણ એવુ જાણવા



મળયુ કે બધ મીલોના કુલ મજૂરોમાંથી અનુસૂચિત જાતિના ૪૯ ટકા જેટલા મજૂર હતાં. આમ બધ મીલોનો પ્રશ્ન જેટલો ગુજરાત માટે વિકટ તેટલો જ અનુસૂચિત જાતિના સભ્યો માટે છે.

**(૮) અન્ય વ્યવસાય :**

ઉપરોકત દર્શાવેલ જુદા જુદા વ્યવસાયોથી કોઇ ભિન્ન વ્યવસાય કરતાં હોય તેની માહિતી લેતા ૨૩૯૭ (૩.૮૯ ટકા) કુટુબો અન્ય પ્રકારના વ્યવસાયમાં રોકાયેલ છે.

ચાલુ સર્વેક્ષણમાં જે કુટુબોએ પોતાનો મૂળ ધધો છોડી અને અન્ય કોઇ ધધો અપનાવ્યો હોય તો તેની વિગત પણ મેળવી છે. સામાન્ય રીતે નવા ધધા તરફનો ઝોક કેવો છે અને શા માટે નવા ધધા તરફ વળે છે તેની માહિતી આમાં લીધી છે જે વિસ્તૃત રીતે પરિશિષ્ટ-૧૬ માં આપી છે.

સર્વેક્ષણમાં આવરી લીધેલા છ શહેરોમાં ૩૧૪૪૯ સભ્યો મીલ, ફેકટરી કે કારખાનામાં રોકાયેલ હતાં. આમાંથી ૨૨૮૪૧ (૭૨.૬૩ ટકા) કાયમી હતાં અને ૮૬૦૮ (૨૭.૩૭ ટકા) કામચલાઉ - હંગામી હતાં. પરંપરાગત વ્યવસાય કરતા હોય તેવા ૧૮૪૮ કુટુબો હતાં. હાલમાં બીજો ધધો કરતા એટલે કે નવો ધધો અપનાવેલ કુટુબ ૨૪૦ છે. આમ તદ્દન નવા ધધા તરફનો ઝોક ઓછો છે. કુલ કુટુબમાંથી માત્ર ૦.૩૯ ટકા જ નવા ધધા તરફ વળયા છે.

જે કુટુબો નવા ધધામાં પડયા છે તેના કારણોની તપાસ કરતાં એવુ જાણવા મળયુ કે ૫૧ (૨૧.૨૫ ટકા) ઓછી મૂડીની જરૂર, ૧૮ (૭.૫૦ ટકા) નવા ધધાની જાણકારી માટે, ૧૧૬ (૪૮.૩૩ ટકા) વધુ નફા માટે, ૧૯ (૭.૯૨ ટકા) સરકારી દરમિયાનગીરી ઓછી હોવાથી, ૧૯ (૭.૯૨ ટકા) મિત્રો અને સબધીને જોઇને, ૧૪ (૫.૮૩ ટકા) પોતાને સામાજિક પ્રતિષ્ઠા વધુ મળે તે માટે જયારે માત્ર ૩ (૧.૨૫ ટકા) સરકારી યોજના દ્વારા સહાયનુ વધુ પ્રમાણ છે તેથી નવા ધધા કરે છે. આમ

એકંદરે સરકારી યોજનાનો પૂરેપૂરો લાભ આ લોકો લેતા હોય તેવું જણાતું નથી અથવા તો લાભ ક્યાં, કઇ રીતે મળે છે તેની જાણકારી નથી.

## કામ કરતી વસતિ :

સર્વેક્ષણ કરેલ કુટુંબની ૩૨૧૪૬૨ વ્યક્તિઓમાંથી ૭૫૪૫૩ વ્યક્તિઓ એટલે કે કુલ વસતિના ૨૩.૪૭ ટકા લોકો એક યા બીજા પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા હતાં. લિંગવાર જોતાં કુલ પુરૂષના ૩૮.૩૧ ટકા આર્થિક પ્રવૃત્તિમાં હતાં. જ્યારે કુલ સ્ત્રીઓના માત્ર ૭.૦૯ ટકા આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા હતાં. આમ પુરૂષો કરતાં સ્ત્રીઓમાં કામ કરનારનું પ્રમાણ ઘણું ઓછું છે. એકંદરે ગુજરાત કરતાં પણ અનુસૂચિત જાતિમાં કામ કરનારનું પ્રમાણ ઓછું છે. ગુજરાતમાં ૧૯૮૧ પ્રમાણે પુરૂષોમાં કામ કરનારનું પ્રમાણ ૫૧.૭૭ ટકા છે અને સ્ત્રીઓમાં ૧૧.૮૫ ટકા છે.

શહેરવાર જોતા ખ્યાલ આવે છે કે પુરૂષોમાં સૌથી વધુ કામ કરનારનું પ્રમાણ વડોદરામાં (૪૨.૨૪ ટકા) છે. જ્યારે સ્ત્રીઓમાં કામ કરનારનું પ્રમાણ જામનગરમાં (૧૪.૬૪ ટકા) છે. શહેરવાર કામ કરતી વસતિનું પ્રમાણ અને શિક્ષિત બેકારોની સંખ્યા પરિશિષ્ટ-૧૭ માં આપવામાં આવી છે.

પુરૂષ અને સ્ત્રી કામ કરતા હોય તેની સાથે એકજ કુટુંબમાંથી પતિ-પત્ની કામ કરતા હોય તેની વિગતો પણ આ સર્વેક્ષણમાં એકત્ર કરી છે જે પરિશિષ્ટ-૧૮ માં છે.

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૬૧૫૯૫ કુટુંબમાંથી ૩૮૪૪ (૬.૨૪ ટકા) ના કુટુંબમાંથી પતિ-પત્ની બન્ને કામ કરતાં હોય તેવું જાણવા મળ્યું. જે કુટુંબોમાં પતિ-પત્ની બન્ને કામ પર જતાં હોય તેના બાળકોની દેખરેખની શું સ્થિતિ છે તે તપાસતા ૧૩૩૯ (૩૪.૮૦ ટકા) કુટુંબોમાં મોટા છોકરા-છોકરી બાળકોની દેખરેખ રાખે છે, ૨૧૨૫ (૫૫.૨૮ ટકા) માં ઘરના વડીલ પુરૂષ-સ્ત્રીઓ, ૧૪૧ કુટુંબો (૩.૬૭ ટકા) પાડોશીને ત્યાં પોતાના



બાળકોને મૂકે, ૪૯ (૧.૨૭ ટકા) કુટુંબોએ બાળકોની દેખરેખ માટે નોકર રાખ્યો છે, ૩૨ (૦.૮૩ ટકા) કુટુંબો પોતાના બાળકોને ઘોડિયા ઘરમાં રાખે છે. ૫ (૦.૧૩ ટકા) કુટુંબો પોતાના નજીકના સગા-સબંધીને ત્યાં બાળકોને રાખે છે. જ્યારે ૧૨ (૦.૩૧ ટકા) કુટુંબોમાં કામ કરતા પતિ-પત્ની પોતાના બાળકોને કામ પર જોડે લઇ જાય છે અને ૧૪૧ (૩.૬૭ ટકા) બાળકોની દેખરેખ માટે અન્ય વ્યવસ્થા કરે છે.

## આવક :

આવરી લીધેલ છ શહેરોના કુટુંબો પાસેથી જુદા જુદા ધંધામાંથી થતી આવકની માહિતી એકઠી કરવામાં આવી હતી. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું આવક જૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા-૪:૨: માં આપવામાં આવ્યું છે.

કોઠો - :૪:૨:

વાર્ષિક આવક જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | આવક જૂથ (વાર્ષિક) | કુટુંબોની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | રૂ. ૨૪૦૦ સુધી | ૨૪૨૧૯ | ૩૯.૩૨ |
| ૨ | રૂ. ૨૪૦૧ થી રૂ. ૩૬૦૦ | ૧૬૮૦૯ | ૨૭.૨૯ |
| ૩ | રૂ. ૩૬૦૧ થી રૂ. ૪૮૦૦ | ૭૩૮૮ | ૧૧.૯૯ |
| ૪ | રૂ. ૪૮૦૧ થી ૭૨૦૦ | ૫૪૪૯ | ૮.૮૫ |
| ૫ | રૂ. ૭૨૦૧ થી વધુ | ૭૭૩૦ | ૧૨.૫૫ |
| | કુલ..... | ૬૧૫૯૫ | ૧૦૦.૦૦ |

કોઠા-૪:૨: પરથી જણાય છે કે કુલ સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી ૩૯.૩૨ ટકા કુટુંબોની વાર્ષિક આવક રૂ.૨૪૦૦ સુધીની હતી, ૨૭.૨૯ ટકા કુટુંબોની વાર્ષિક આવક રૂ.૨૪૦૧ થી ૩૬૦૦, ૧૧.૯૯ ટકાની વાર્ષિક આવક રૂ. ૩૬૦૧ થી ૪૮૦૦ સુધી, ૮.૮૫ ટકાની વાર્ષિક આવક રૂ. ૪૮૦૧ થી ૭૨૦૦ સુધી અને

માત્ર ૧૨.૫૫ ટકાની આવક રૂ. ૭૨૦૦ થી વધુ હતી. આમ એકદરે શહેરી વિસ્તારમાં આટલી આવક હોય તે જોતા અનુસૂચિત જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ સારી હોય તેમ કહી શકાય નહિ. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ.૩૭૧૫ ની હતી. આમ માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૭૧૨ અને માથાદીઠ માસિક આવક માત્ર રૂ. ૫૯ ની હતી. ૧૯૭૯-૮૦ ના ભાવે ગુજરાત રાજ્યમાં માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૧૬૫૮ ની છે. જ્યારે ભારતમાં રૂ.૧૩૭૯ ની છે.[1] આમ સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબની માથાદીઠ આવક રાજ્યની સરાસરી કરતાં લગભગ સવા બે ગણી ઓછી હતી અને રાષ્ટ્રની સરાસરી કરતાં બે ગણી ઓછી હતી. શહેરવાર વાર્ષિક આવક જૂથ પ્રમાણે કુટુંબોની સંખ્યા પરિશિષ્ટ-૧૯ માં આપવામાં આવી છે. આમ આવકના ધોરણને વપરાશના ધોરણની જેમ લઇએ તો સર્વેક્ષણ કરેલા કુલ કુટુંબોના ૭૯ ટકા કુટુંબો ગરીબાઇના રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં.

## જ્ઞાતિવાર અને આવક જૂથવાર કુટુંબોનુ વર્ગીકરણ :

જ્ઞાતિવાર અને આવક જૂથવાર સર્વેક્ષણ કરેલ કુટુંબની આવક કોઠા-૪:૩: માં આપવામાં આવી છે. આ કોઠામાં દર્શાવેલ આંકડાઓ પરથી જણાય છે કે સર્વેક્ષણ કરેલ કુટુંબમાંથી ગરોડા-ગરો, માહ્યાવંશી, મહાર, નાડિયા-હાડી, સેનવા, તીરગર-તીરવદા અને તુરીની આર્થિક સ્થિતિ ઘણી જ કપરી હતી. આ જ્ઞાતિના ૬૦ ટકા કે તેથી વધુ કુટુંબોની વાર્ષિક આવક રૂ. ૨૪૦૦ સુધીની હતી. ૭૨૦૦ થી વધુ આવક ધરાવતાં કુટુંબોની સંખ્યા ચમાર (૮૪૧), મોચીગર (૧૦૮), ભંગી (૧૯૨૨), ગરોડા-ગરો (૬૨), માહ્યાવંશી (૧૬૩), વણકર (૪૪૮૭), મહાર (૨) નાડિયા અથવા હાડી (૩૦), સેનમા (૫) તુરી (૬), બાવા-ઢેઢસાધુ (૬૧), મેઘવાળ (૪૩) માં હતી. તીરગર-તીરવદામાં એકપણ કુટુંબની આવક ૭૨૦૦ થી વધુ ન હતી. જ્ઞાતિવાર આવકના ધોરણે જોઇએ તો ચમાર (૮૯ ટકા) મહાર (૯૬ ટકા), નાડિયા અથવા હાડી (૮૭ ટકા), સેનવા(૯૯ ટકા) અને તીરગર-તીરવદા (૯૫ ટકા) ગરીબાઇની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં.

1 Socio-Economic Review (1981-82) Gujarat State Budget Publication No.24 Bureau of Economics and Statistics Govt. of Gujarat, Gandhinagar-1982



કોઠો - :૪:૩:

જ્ઞાતિવાર અને આવક જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનુ વર્ગીકરણ

| ક્રમ | જ્ઞાતિ | રૂ. ૨૪૦૦ સુધી | રૂ.૨૪૦૧ થી ૩૬૦૦ | રૂ.૩૬૦૧ થી ૪૮૦૦ | રૂ.૪૮૦૧ થી ૭૨૦૦ | રૂ.૭૨૦૦થી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૦૧ | ચમાર | ૫૦૮૪ (૩૯.૯૧) | ૩૭૨૬ (૨૯.૨૪) | ૨૫૩૪ (૧૯.૮૯) | ૫૫૫ (૪.૩૬) | ૮૪૧ (૬.૬૦) | ૧૨૭૪૦ (૧૦૦.૦૦) |
| ૦૨ | મોચીગર | ૨૦૪ (૩૫.૭૩) | ૧૦૭ (૧૮.૭૪) | ૯૧ (૧૫.૯૩) | ૬૧ (૧૦.૬૮) | ૧૦૮ (૧૮.૯૧) | ૫૭૧ (૧૦૦.૦૦) |
| ૦૩ | ભંગી | ૩૭૮૧ (૩૫.૦૯) | ૨૬૦૧ (૨૪.૧૩) | ૧૭૪૬ (૧૬.૨૦) | ૭૨૭ (૬.૭૫) | ૧૯૨૨ (૧૭.૮૩) | ૧૦૭૭૭ (૧૦૦.૦૦) |
| ૦૪ | ગરોડા અથવા ગરો | ૭૬૩ (૭૭.૭૦) | ૪૧ (૪.૧૮) | ૩૪ (૩.૪૬) | ૮૨ (૮.૩૫) | ૬૨ (૬.૩૧) | ૯૮૨ (૧૦૦.૦૦) |
| ૦૫ | માહ્યાવંશી | ૧૨૬૯ (૬૧.૬૩) | ૨૫૭ (૧૨.૪૮) | ૧૯૦ (૯.૨૩) | ૧૮૦ (૮.૭૪) | ૧૬૩ (૭.૯૨) | ૨૦૫૯ (૧૦૦.૦૦) |
| ૦૬ | વણકર | ૧૦૮૯૫ (૩૫.૦૧) | ૯૬૭૫ (૩૧.૦૯) | ૨૪૪૮ (૭.૮૬) | ૩૬૧૯ (૧૧.૬૩) | ૪૪૮૭ (૧૪.૪૧) | ૩૧૧૨૪ (૧૦૦.૦૦) |

ચાલુ...

કોઠો - :૪:૩: ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૭ | મહાર | ૨૫૭ (૭૬.૨૬) | ૪૧ (૧૨.૧૭) | ૨૬ (૭.૭૨) | ૧૧ (૩.૨૬) | ૨ (૦.૫૯) | ૩૩૭ (૧૦૦.૦૦) |
| ૦૮ | નાડિયા અથવા હાડી | ૪૪૯ (૭૫.૫૯) | ૩૪ (૫.૭૩) | ૩૫ (૫.૮૯) | ૪૬ (૭.૭૪) | ૩૦ (૫.૦૫) | ૫૯૪ (૧૦૦.૦૦) |
| ૦૯ | સેનવા | ૭૦૩ (૯૬.૫૭) | ૧૪ (૧.૯૨) | ૪ (૦.૫૫) | ૨ (૦.૨૭) | ૫ (૦.૬૯) | ૭૨૮ (૧૦૦.૦૦) |
| ૧૦ | તીરગર - તીરબંદા | ૪૧ (૬૭.૨૧) | ૧૩ (૨૧.૩૧) | ૪ (૬.૫૬) | ૩ (૪.૯૨) | - | ૬૧ (૧૦૦.૦૦) |
| ૧૧ | તુરી | ૪૨ (૬૦.૦૦) | ૧૧ (૧૫.૭૧) | ૧ (૧.૪૩) | ૧૦ (૧૪.૨૯) | ૬ (૮.૫૭) | ૭૦ (૧૦૦.૦૦) |
| ૧૨ | બાવા-દેદસાધુ | ૧૫૩ (૫૬.૮૮) | ૨૫ (૯.૨૯) | ૧૭ (૬.૩૨) | ૧૩ (૪.૮૩) | ૬૧ (૨૨.૬૮) | ૨૬૯ (૧૦૦.૦૦) |
| ૧૩ | મેઘવાળ | ૫૭૮ (૪૫.૦૫) | ૨૬૪ (૨૦.૫૮) | ૨૫૮ (૨૦.૧૧) | ૧૪૦ (૧૦.૯૧) | ૪૩ (૩.૩૫) | ૧૨૮૩ (૧૦૦.૦૦) |
| | કુલ ... | ૨૪૨૧૯ (૩૯.૩૨) | ૧૬૮૦૯ (૨૭.૨૯) | ૭૩૮૮ (૧૧.૯૯) | ૫૪૪૯ (૮.૮૫) | ૭૭૩૦ (૧૨.૫૫) | ૬૧૫૯૫ (૧૦૦.૦૦) |



વાર્ષિક વપરાશ ખર્ચ :

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબો પાસેથી આવક જેમ વાર્ષિક વપરાશી ખર્ચની માહિતી મેળવવામાં આવી હતી. સર્વેક્ષણ કરેલ કુટુંબોનુ વાર્ષિક ખર્ચના જૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા-૪:૪: માં આપવામાં આવ્યુ છે. આ ખર્ચ ખાધાખોરાકી, સામાજિક પ્રસંગો અને આરોગ્ય પાછળના હતા. શિક્ષણ પાછળનો ખર્ચ બહુ જ ઓછો છે.

કોઠો - :૪:૪:

વાર્ષિક ખર્ચ જૂથ પ્રમાણે કુટુંબોનુ વર્ગીકરણ

| ક્રમ. | વાર્ષિક ખર્ચ જૂથ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | રૂા. ૨૪૦૦ સુધી | ૨૧૭૭૬ | ૩૫.૩૫ |
| ૨ | રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ | ૧૫૩૬૦ | ૨૪.૯૪ |
| ૩ | રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ | ૭૪૨૪ | ૧૨.૦૫ |
| ૪ | રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ | ૭૯૨૨ | ૧૨.૮૬ |
| ૫ | રૂા. ૭૨૦૦ થી વધુ | ૯૧૧૩ | ૧૪.૮૦ |
| | કુલ ... | ૬૧૫૯૫ | ૧૦૦.૦૦ |

કોઠા-૪:૪ પરથી જણાય છે કે સર્વેક્ષણમાં આવરી લીધેલા કુલ ૬૧૫૯૫ કુટુંબમાંથી ૩૫.૩૫ ટકા કુટુંબોનો વાર્ષિક વપરાશી ખર્ચ રૂા. ૨૪૦૦ સુધીનો હતો. ૨૪.૯૪ ટકાનો રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ સુધીનો, ૧૨.૦૫ ટકાનો રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ સુધીનો, ૧૨.૮૬ ટકાનો રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ સુધીનો અને ૧૪.૮૦ ટકા કુટુંબનો વપરાશી ખર્ચ રૂા. ૭૨૦૦ થી વધુ હતો. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ રૂા. ૩૯૩૯ નો હતો; જ્યારે માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ રૂા. ૭૫૪ નો હતો અને માથાદીઠ માસિક ખર્ચ રૂા. ૬૩ હતો. ૧૯૭૯-૮૦ ના ભાવે જોઇએ તો ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૭૬ માથાદીઠ માસિક ખર્ચ અને શહેરી વિસ્તારમાં રૂા. ૮૮ માથાદીઠ માસિક ખર્ચ

ગરાબીની રેખા માટે નક્કી થયેલ છે.[૨] આ ભાવની સપાટીએ જોઇએ તો સર્વેક્ષણમાં લીધેલ ૭૨ ટકા કુટુંબો ગરાબીની રેખા નીચે જીવન વ્યતીત કરતા હતા. શહેરવાર વપરાશ જૂથ પ્રમાણે કુટુંબ સંખ્યા પરિશિષ્ટ-૨૦ માં આપવામાં આવી છે.

જ્ઞાતિવાર વપરાશ જૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા-૪:૫: માં આપવામાં આવ્યુ છે.

...

૨ Sixth Plan and poverty Reduction
K. L. Datta Yojana Vol. XXVI - 4
1-15 March,1982



કોઠો - :૪:૫:

જ્ઞાતિ પ્રમાણે ખર્ચ જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનુ વર્ગીકરણ

| ક્રમ | જ્ઞાતિ | રૂ. ૨૪૦૦ સુધી | રૂ.૨૪૦૧ થી ૩૬૦૦ | રૂ.૩૬૦૧ થી ૪૮૦૦ | રૂ.૪૮૦૧ થી ૭૨૦૦ | રૂ.૭૨૦૦ થી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૦૧ | ચમાર | ૪૮૮૧ (૩૮.૩૧) | ૩૫૯૩ (૨૮.૨૦) | ૧૮૧૭ (૧૪.૨૭) | ૧૪૨૩ (૧૧.૧૭) | ૧૦૨૬ (૮.૦૫) | ૧૨૭૪૦ (૧૦૦.૦૦) |
| ૦૨ | મોચીગર | ૧૮૨ (૩૧.૮૭) | ૫૪ (૯.૪૬) | ૯૧ (૧૫.૯૪) | ૧૧૦ (૧૯.૨૬) | ૧૩૪ (૨૩.૪૭) | ૫૭૧ (૧૦૦.૦૦) |
| ૦૩ | ભંગી | ૩૯૬૭ (૩૬.૮૧) | ૧૬૫૫ (૧૫.૩૬) | ૧૮૩૫ (૧૭.૦૨) | ૧૨૨૬ (૧૧.૩૮) | ૨૦૯૪ (૧૯.૪૩) | ૧૦૭૭૭ (૧૦૦.૦૦) |
| ૦૪ | ગરોડા અથવા ગરો | ૪૨૩ (૪૩.૦૭) | ૨૨૭ (૨૩.૧૨) | ૧૯૫ (૧૯.૮૬) | ૬૪ (૬.૫૨) | ૭૩ (૭.૪૩) | ૯૮૨ (૧૦૦.૦૦) |
| ૦૫ | માહ્યાવંશી | ૬૪૬ (૩૧.૩૭) | ૨૫૦ (૧૨.૧૪) | ૨૮૦ (૧૩.૬૧) | ૬૯૦ (૩૩.૫૧) | ૧૯૩ (૯.૩૭) | ૨૦૫૯ (૧૦૦.૦૦) |
| ૦૬ | વણકર | ૧૦૨૬૮ (૩૨.૯૯) | ૮૯૦૯ (૨૮.૬૨) | ૨૭૦૭ (૮.૭૦) | ૩૯૮૭ (૧૨.૮૧) | ૫૨૫૩ (૧૬.૮૮) | ૩૧૧૨૪ (૧૦૦.૦૦) |

ચાલુ ...

કોઠો – :૪:૫:                                                        ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૭ | મહાર | ૪૬ (૧૩.૬૫) | ૮૩ (૨૪.૬૩) | ૭૧ (૨૧.૦૭) | ૮૦ (૨૩.૭૪) | ૫૭ (૧૬.૯૧) | ૩૩૭ (૧૦૦.૦૦) |
| ૦૮ | નાડિયા અથવા હાડી | ૩૪૩ (૫૭.૭૪) | ૧૨૧ (૨૦.૩૭) | ૨૨ (૩.૭૦) | ૨૭ (૪.૫૫) | ૮૧ (૧૩.૬૪) | ૫૯૪ (૧૦૦.૦૦) |
| ૦૯ | સેનવા | ૪૬૪ (૬૩.૭૪) | ૨૩૪ (૩૨.૧૩) | ૧૬ (૨.૨૦) | ૫ (૦.૬૯) | ૯ (૧.૨૪) | ૭૨૮ (૧૦૦.૦૦) |
| ૧૦ | તીરગર – તીરબદા | ૩૦ (૪૯.૧૮) | ૧૭ (૨૭.૮૭) | ૧૩ (૨૧.૩૧) | ૧ (૧.૬૪) | – | ૬૧ (૧૦૦.૦૦) |
| ૧૧ | તુરી | ૪૦ (૫૭.૧૫) | ૧૧ (૧૫.૭૧) | ૬ (૮.૫૭) | ૮ (૧૧.૪૩) | ૫ (૭.૧૪) | ૭૦ (૧૦૦.૦૦) |
| ૧૨ | બાવા–ઢેઢસાધુ | ૧૨૯ (૪૭.૯૭) | ૨૫ (૯.૨૯) | ૨૫ (૯.૨૯) | ૩૦ (૧૧.૧૫) | ૬૦ (૨૨.૩૦) | ૨૬૯ (૧૦૦.૦૦) |
| ૧૩ | મેઘવાળ | ૩૫૭ (૨૭.૮૨) | ૧૮૧ (૧૪.૧૧) | ૩૪૬ (૨૬.૯૭) | ૨૭૧ (૨૧.૧૨) | ૧૨૮ (૯.૯૮) | ૧૨૮૩ (૧૦૦.૦૦) |
| | કુલ ..... | ૨૧૭૭૬ (૩૫.૩૫) | ૧૫૩૬૦ (૨૪.૯૪) | ૭૪૨૪ (૧૨.૦૫) | ૭૯૨૨ (૧૨.૮૬) | ૯૧૧૩ (૧૪.૮૦) | ૬૧૫૯૫ (૧૦૦.૦૦) |



જ્ઞાતિવાર વપરાશ જૂથ પ્રમાણે વર્ગીકરણ જોતા જણાય છે કે કુલ કુટુંબમાંથી ૩૫.૩૫ ટકા કુટુંબોનો વપરાશી ખર્ચ રૂા. ૨૪૦૦ સુધીનો હતો. ચમાર, ભંગી, ગરોડા અથવા ગરો, નાડિયા અથવા હાડી, સેનવા, તીરગર–તીરબદા, તુરી અને બાવા–ઢેઢસાધુ જ્ઞાતિની આ જૂથમાં કુટુંબોની સંખ્યા સરેરાશ કરતાં વધુ જોવા મળી હતી. રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ વપરાશી ખર્ચ ધરાવતાં કુટુંબો ૨૪.૯૪ ટકા હતાં. આ જૂથમાં સૌથી વધુ ટકાવારી સેનવાની હતી. રૂા. ૭૨૦૦ થી વધુ વાર્ષિક વપરાશી ખર્ચ ધરાવતાં કુટુંબોની સરાસરી ૧૪.૮૦ ટકાની હતી. સરાસરી કરતાં વધુ કુટુંબો મોચીગર, ભંગી, વણકર, મહાર અને બાવા–ઢેઢસાધુમાં હતાં. જ્ઞાતિવાર વપરાશના ધોરણે જોઇએ તો માહ્યાવંશી (૮૬ ટકા), સેનવા (૯૮ ટકા), તીરગર–તીરબદા (૯૮ ટકા) ગરીબાની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં.

જ્ઞાતિવાર કુટુંબદીઠ માથાદીઠ વાર્ષિક આવક અને ખર્ચ તથા માથાદીઠ માસિક આવક અને ખર્ચ અને દેવાદાર કુટુંબદીઠ દેવું કોઠા–૪:૬: માં આપવામાં આવ્યું છે.

કોઠો - ૪:૬: ............ જ્ઞાતિવાર કુટુંબદીઠ વાર્ષિક આવક, ખર્ચ અને દેવુ (રૂપિયામાં)

| ક્રમ | જ્ઞાતિ | કુલ કુટુંબ સંખ્યા | કુટુંબ દીઠ વાર્ષિક આવક | માથા દીઠ વાર્ષિક આવક | માથા દીઠ માસિક આવક | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | માથા દીઠ વાર્ષિક ખર્ચ | માથા દીઠ માસિક ખર્ચ | દેવાદાર કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબદીઠ દેવુ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ચમાર | ૧૨૭૪૦ | ૩૪૦૭ | ૬૮૧ | ૫૭ | ૩૬૧૪ | ૭૨૨ | ૬૦ | ૨૨૦૬ | ૧૫૮૦ |
| ૦૨ | મોચીગર | ૫૭૧ | ૪૦૯૨ | ૮૧૮ | ૬૮ | ૪૫૬૩ | ૯૧૨ | ૭૬ | ૧૦૪ | ૩૮૦૩ |
| ૦૩ | ભંગી | ૧૦૭૭૭ | ૩૯૩૫ | ૭૮૭ | ૬૬ | ૪૧૪૦ | ૮૨૮ | ૬૯ | ૨૪૬૮ | ૧૧૫૮ |
| ૦૪ | ગરોડા - ગરો | ૯૮૨ | ૩૦૯૧ | ૬૧૮ | ૫૧ | ૩૪૮૭ | ૬૯૭ | ૫૮ | ૧૫૪ | ૧૪૦૯ |
| ૦૫ | માહ્યાવંશી | ૨૦૫૯ | ૩૩૩૬ | ૬૬૭ | ૫૬ | ૪૩૭૩ | ૮૭૪ | ૭૨ | ૭૧૯ | ૧૪૫૯ |
| ૦૬ | વણકર | ૩૧૧૨૪ | ૩૮૩૯ | ૭૬૮ | ૬૪ | ૩૯૯૯ | ૭૯૯ | ૬૭ | ૫૪૮૪ | ૧૪૦૭ |
| ૦૭ | મહાર | ૩૩૭ | ૨૭૫૮ | ૫૫૨ | ૪૬ | ૪૧૦૬ | ૮૨૧ | ૬૮ | ૧૬૮ | ૧૮૬૫ |
| ૦૮ | નાડિયા અથવા હાડી | ૫૯૪ | ૩૦૬૨ | ૬૧૨ | ૫૧ | ૩૪૦૭ | ૬૮૧ | ૫૭ | ૧૦૬ | ૧૮૩૫ |
| ૦૯ | સેનવા | ૭૨૮ | ૨૪૬૪ | ૪૯૩ | ૪૧ | ૨૭૫૮ | ૫૫૨ | ૪૬ | ૬ | ૬૬૭ |
| ૧૦ | તીરગર - તીરબંદા | ૬૧ | ૨૮૨૩ | ૫૬૫ | ૪૭ | ૩૦૧૦ | ૬૦૨ | ૫૦ | ૧૧ | ૧૦૦૦ |
| ૧૧ | તુરી | ૭૦ | ૩૪૪૬ | ૬૮૯ | ૫૭ | ૩૪૦૩ | ૬૮૧ | ૫૭ | ૧ | ૫૦૦ |
| ૧૨ | બાવા-દેઢસાધુ | ૨૬૯ | ૩૮૩૨ | ૭૬૬ | ૬૪ | ૪૦૯૫ | ૮૧૯ | ૬૮ | ૬૭ | ૧૮૫૪ |
| ૧૩ | મેઘવાળ | ૧૨૮૩ | ૩૪૩૯ | ૬૮૮ | ૫૭ | ૪૨૦૯ | ૮૪૨ | ૭૦ | ૩૦૬ | ૧૭૦૪ |
| | કુલ | ૬૧૫૯૫ | ૩૭૧૫ | ૭૧૨ | ૫૯ | ૩૯૩૯ | ૭૫૪ | ૬૩ | ૧૧૮૦૦ | ૧૪૪૦ |



કોઠા-૪:૬: પરથી જણાશે કે સૌથી વધુ માથાદીઠ વાર્ષિક આવક મોચીગર અને સૌથી ઓછી આવક સેનવાની હતી. સૌથી વધુ માથાદીઠ વાર્ષિક ખર્ચ મોચીગર અને સૌથી ઓછુ ખર્ચ સેનવા જ્ઞાતિનુ હતુ. સૌથી વધુ દેવાદાર કુટુંબદીઠ દેવુ મોચીગર જ્ઞાતિ અને સૌથી ઓછુ તુરીમાં જોવા મળતુ હતુ.

દેવુ :

સર્વેક્ષણમાં આવરી લીધેલ શહેરોમાંથી દેવા વિષયક માહિતી મેળવવામાં આવી હતી. સામાન્ય રીતે વ્યક્તિ - કુટુંબ ઉપર દેવુ કેટલુ છે તે માહિતી પ્રાપ્ત કરવી ઘણી જ મુશ્કેલ છે. દેવા અંગેની માહિતી તેઓ આપવાનો સ્પષ્ટ ઇન્કાર ન કરતાં હોવા છતાં માહિતી ખચકાતા આપતા હતાં. વળી, દેવુ કેટલુ છે ? તે જણાવતા ઘણો સંકોચ રાખતા હતાં. કોઇ વળી પોતાના કુટુંબ ઉપર દેવુ વધારે છે તેમ પણ જણાવતાં હતાં. આમ છતાં આ અંગે માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. સર્વેક્ષણમાં આવરી લીધેલ ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૧૧૮૦૦ (૧૯.૧૬ ટકા) કુટુંબો દેવાદાર હતાં. આમ દેવા અંગેની માહિતી આવ્યા બાદ તેનુ ચેકીંગ કર્યું હતુ અને તે સમાજ આગેવાન જાણકાર પાસેથી આ માહિતીની ચકાસણી કરી હતી. આમ હોવાથી આ આંકડા વાસ્તવિકતાથી ઘણાં જ નજીક હોય તેમ કહી શકાય.

શહેરવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનુ દેવાજૂથ પ્રમાણે વર્ગીકરણ પરિશિષ્ટ-૨૧ માં આપવામાં આવ્યુ છે.

દેવાજૂથ પ્રમાણે દેવાદાર કુટુંબોની સ્થિતિ તપાસીએ તો કુલ દેવાદાર કુટુંબોમાંથી ૩૭૯૪ કુટુંબોને (૩૨.૧૫ ટકા) રૂ. ૫૦૦ સુધીનુ દેવુ, ૧૪૬૩ (૧૨.૪૦ ટકા) કુટુંબોને રૂ. ૫૦૧ થી ૧૦૦૦ સુધીનુ, ૧૧૬૯ (૯.૯૧ ટકા) ને રૂ. ૧૦૦૧ થી ૧૫૦૦ સુધીનુ, ૧૭૮૭ (૧૫.૧૪ ટકા) ને રૂ. ૧૫૦૧ થી ૨૫૦૦ સુધીનુ, જ્યારે ૩૫૮૭ (૩૦.૪૦ ટકા) કુટુંબોને રૂ. ૨૫૦૦ થી પણ વધુ રૂપિયાનુ દેવુ હતુ. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાં કુટુંબદીઠ દેવુ રૂ. ૨૭૬ નુ હતુ. જ્યારે દેવાદાર કુટુંબદીઠ દેવુ રૂ. ૧૧૬૫ નુ

હતુ. શહેરવાર કુલ કુટુંબોમાંથી દેવાદાર કુટુંબની સંખ્યા કોઠા-૪:૭ માં આપવામાં આવી છે.

કોઠો - :૪:૭:

શહેરવાર દેવાદાર કુટુંબની સંખ્યા

| ક્રમ | શહેર | કુલ કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબની સંખ્યા | કુલ કુટુંબમાંથી દેવાદાર કુટુંબના ટકા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ કેન્ટોનમેન્ટ | ૧૯૯ | ૩૮ | ૧૯. ૧૦ |
| ૨ | અમદાવાદ | ૩૭૭૯૮ | ૪૭૩૯ | ૧૨.૫૪ |
| ૩ | જામનગર | ૪૯૪૦ | ૬૫૫ | ૧૩.૨૬ |
| ૪ | રાજકોટ | ૩૮૦૩ | ૪૯૫ | ૧૩.૦૨ |
| ૫ | વડોદરા | ૮૩૭૧ | ૩૦૭૪ | ૩૬.૭૨ |
| ૬ | સુરત | ૬૪૮૪ | ૨૭૯૯ | ૪૩. ૧૭ |
| | કુલ ... | ૬૧૫૯૫ | ૧૧૮૦૦ | ૧૯. ૧૬ |

કોઠા-૪:૭: ના આંકડાઓ પરથી જણાય છે કે સૌથી વધુ દેવાદાર કુટુંબોની સંખ્યા અનુક્રમ સુરત (૪૩. ૧૭ ટકા) અને વડોદરા (૩૬.૭૨ ટકા) શહેરમાં હતી. જ્યારે સૌથી ઓછા દેવાદાર કુટુંબોની સંખ્યા અમદાવાદ (૧૨.૫૪ ટકા) શહેરમાં હતી. સરાસરી કરતાં વધુ દેવાદાર કુટુંબની ટકાવારી બે શહેરમાં હતી.

જ્ઞાતિવાર દેવાદાર કુટુંબોની સંખ્યા કોઠા-૪:૮: માં આપવામાં આવી છે. જ્ઞાતિવાર દેવાનું વર્ગીકરણ કરતાં જણાય છે કે સૌથી વધુ દેવાદાર કુટુંબોની સંખ્યા અનુક્રમે મહાર (૪૯.૮૫ ટકા), માહ્યાવંશી (૩૪.૯૨ ટકા), બાવા-દેસાધુ (૨૪.૯૧ ટકા) અને મેઘવાળ (૨૩.૮૫ ટકા) માં હતી. સૌથી



ઓછા દેવાદાર કુટુંબો તુરી (૧.૪૩ ટકા) અને સેનવા (૦.૮૨ - ટકા) માં હતાં. જે જ્ઞાતિઓમાં ઓછુ દેવું છે તેની સ્થિતિ સારી છે એમ નથી. રૂબરૂ મુલાકાત દરમિયાન એવું જાણવા મળ્યું કે તેઓને કોઇ પાસેથી પૈસા મળતા નથી.

તપાસ દરમિયાન એવું જાણવા મળ્યુ હતુ કે મોટાભાગનુ દેવું શાહુકાર, વેપારી, તથા સગાં-સબંધીઓનુ હતુ. સામાન્ય રીતે દેવું કરવા પાછળનો હેતુ. ઘરનો નિભાવ ખર્ચ કરવા માટે તેમજ કુટુંબમાં કે અન્ય રીતે આવતા સામાજિક પ્રસંગોને અનુલક્ષીને હતાં. આમ મોટાભાગનુ દેવું બિનઉત્પાદકીય અને બિનસંસ્થાકીય હતુ. અનુસૂચિત જાતિના લોકોને નબળી આર્થિક સ્થિતિને કારણે વારંવાર દેવું કરવાની ફરજ પડતી હોય છે. હાલના તબક્કે તેઓ શાહુકાર અને વેપારીના દેવામાંથી મુક્ત થાય એ પ્રકારની સગવડો તેમને વધુમાં વધુ પ્રમાણમાં મળે એ જોવાનું જોઇએ.

## કોઠો - ૪:૮: જ્ઞાતિવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનુ દેવાજૂથ પ્રમાણે વર્ગીકરણ (સંખ્યા)

| ક્રમ | જ્ઞાતિ | કુલ કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબ સંખ્યા | રૂ. ૫૦૦ સુધી | રૂ.૫૦૧ થી રૂ.૧૦૦૦ | રૂ.૧૦૦૦થી રૂ.૧૫૦૦ | રૂ.૧૫૦૦થી રૂ.૨૫૦૦ | રૂ.૨૫૦૦થી વધુ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૦૧ | ચમાર | ૧૨૭૪૦ (૧૦૦.૦૦) | ૨૨૦૬ (૧૭.૩૨) | ૪૪૪ (૨૦.૧૩) | ૪૧૨ (૧૮.૬૮) | ૨૨૪ (૧૦.૧૫) | ૨૮૧ (૧૨.૭૪) | ૮૪૫ (૩૮.૩૦) |
| ૦૨ | મોચીગર | ૫૭૧ (૧૦૦.૦૦) | ૧૦૪ (૧૮.૨૧) | ૫૬ (૫૩.૮૪) | ૧૯ (૧૮.૨૭) | ૫ (૪.૮૧) | ૧૧ (૧૦.૫૮) | ૧૩ (૧૨.૫૦) |
| ૦૩ | ભંગી | ૧૦૭૭૭ (૧૦૦.૦૦) | ૨૪૬૮ (૨૨.૯૦) | ૧૦૪૩ (૪૨.૨૬) | ૨૫૪ (૧૦.૨૯) | ૨૦૪ (૮.૨૭) | ૨૫૪ (૧૦.૨૯) | ૭૧૩ (૨૮.૮૯) |
| ૦૪ | ગરોડા અથવા ગરો | ૯૮૨ (૧૦૦.૦૦) | ૧૫૪ (૧૫.૬૮) | ૫૯ (૩૮.૩૨) | ૧૮ (૧૧.૬૯) | ૧૦ (૬.૪૯) | ૧૨ (૭.૭૯) | ૫૫ (૩૫.૭૧) |
| ૦૫ | માહ્યાવંશી | ૨૦૫૯ (૧૦૦.૦૦) | ૭૧૯ (૩૪.૯૨) | ૧૫૯ (૨૨.૧૧) | ૧૩૬ (૧૮.૯૨) | ૧૧૦ (૧૫.૩૦) | ૧૧૦ (૧૫.૩૦) | ૨૦૪ (૨૮.૩૭) |
| ૦૬ | વણકર | ૩૧૧૨૪ (૧૦૦.૦૦) | ૫૪૮૪ (૧૭.૬૨) | ૧૯૨૭ (૩૫.૧૪) | ૫૪૯ (૧૦.૦૧) | ૫૨૮ (૯.૬૩) | ૧૦૪૧ (૧૮.૯૮) | ૧૪૩૯ (૨૬.૨૪) |

ચાલુ ...



## કોઠો - ૪:૮:

ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૭ | મહાર | ૩૩૭ (૧૦૦.૦૦) | ૧૬૮ (૪૯.૮૫) | - | ૩૦ (૧૭.૮૬) | ૩૧ (૧૮.૪૫) | ૩૧ (૧૮.૪૫) | ૭૬ (૪૫.૨૪) |
| ૦૮ | નાડિયા અથવા હાડી | ૫૯૪ (૧૦૦.૦૦) | ૧૦૬ (૧૭.૮૫) | ૭ (૬.૬૦) | ૧૮ (૧૬.૯૮) | ૧૮ (૧૬.૯૮) | ૫ (૪.૭૨) | ૫૮ (૫૪.૭૨) |
| ૦૯ | સેનવા | ૭૨૮ (૧૦૦.૦૦) | ૬ (૦.૮૨) | ૨ (૩૩.૩૩) | ૪ (૬૬.૬૭) | ( - | - | - |
| ૧૦ | તીરગર - તીરબંદા | ૬૧ (૧૦૦.૦૦) | ૧૧ (૧૮.૦૩) | ૩ (૨૭.૨૭) | ૫ (૪૫.૪૬) | ૧ (૯.૦૯) | ૧ (૯.૦૯) | ૧ (૯.૦૯) |
| ૧૧ | તુરી | ૭૦ (૧૦૦.૦૦) | ૧ (૧.૪૩) | ૧ (૧૦૦.૦૦) | - | - | - | - |
| ૧૨ | બાવા-ઢેઢસાધુ | ૨૬૯ (૧૦૦.૦૦) | ૬૭ (૨૪.૯૧) | ૮ (૧૧.૯૪) | ૮ (૧૧.૯૪) | ૭ (૧૦.૪૫) | ૯ (૧૩.૪૩) | ૩૫ (૫૨.૨૪) |
| ૧૩ | મેઘવાળ | ૧૨૮૩ (૧૦૦.૦૦) | ૩૦૬ (૨૩.૮૫) | ૮૫ (૨૭.૭૮) | ૧૦ (૩.૨૭) | ૩૧ (૧૦.૧૩) | ૩૨ (૧૦.૪૬) | ૧૪૮ (૪૮.૩૬) |
| | કુલ... | ૬૧૫૯૫ (૧૦૦.૦૦) | ૧૧૮૦૦ (૧૯.૧૬) | ૩૭૯૪ (૩૨.૧૫) | ૧૪૬૩ (૧૨.૪૦) | ૧૧૫૬ (૯.૮૧) | ૧૭૮૭ (૧૫.૧૪) | ૩૫૮૭ (૩૦.૪૦) |

## પ્રકરણ - :૫:

## રહેઠાણ અને આરોગ્ય

**સ્થળાંતર :**

સર્વેક્ષણમાં છ શહેરોનો સમાવેશ થતો હોવાથી સ્થળાંતર અંગે ખાસ ધ્યાન ખેંચાય છે કે ગુજરાત બહારથી અને ગુજરાતના વિવિધ ગામોમાંથી શહેરોમાં થતુ સ્થળાંતર જાણવા પ્રયત્ન કર્યો છે. આ અંગેના કારણો પણ જાણવા મળયા છે. આ માહિતીનુ પૃથ્થકરણ કરતાં જણાય છે કે તપાસમાં આવરી લીધેલા કુલ ૬૧૫૯૫ કુટુંબો-માંથી ૨૨૦૯૧ (૩૫.૮૭ ટકા) કુટુંબો સ્થળાંતર કરીને આવેલા માલુમ પડયા હતાં. સ્થળાંતર કરીને આવેલા કુટુંબોમાંથી ૨૭૪૪ (૧૨.૪૩ ટકા) કુટુંબો ગુજરાત બહરના માલુમ પડયા હતાં. જ્યારે ગુજરાતના વિવિધ ગામોમાંથી સ્થળાંતર કરીને ૧૯૩૪૭ (૮૭.૫૭ ટકા)કુટુંબો શહેરોમાંથી આવ્યાં હતાં. શહેરવાર પૃથ્થકરણ કરતાં માલુમ પડયુ હતુ કે અનુક્રમે અમદાવાદમાં ૧૫૧૭૬ (૪૦.૧૫ ટકા) કુટુંબો સ્થળાંતર કરીને આવ્યાં હતાં. તેમાંથી ૧૩૯૧ (૯.૧૭ ટકા) કુટુંબો ગુજરાત બહારથી સ્થળાંતર કરીને આવ્યાં હતાં. અને ૧૩૭૮ (૯૦.૮૩ ટકા) કુટુંબો ગુજરાતના વિવિધ ગામોમાંથી સ્થળાંતર કરીને આવ્યાં હતાં. સુરતમાં ૩૪૭૬ (૫૩.૬૧ ટકા) કુટુંબો સ્થળાંતર કરીને આવ્યા હતાં. તેમાંથી ૧૨૯૪ (૩૭.૨૩ ટકા) કુટુંબો ગુજરાત બહારના હતા અને ૨૧૮૨ (૬૨.૭૮ ટકા) કુટુંબો ગુજરાતના વિવિધ ગામોમાંથી સ્થળાંતર કરીને આવ્યા હતાં. વડોદરામાં ૧૯૪૮ (૨૩.૨૭ ટકા) કુટુંબો સ્થળાંતર કરીને આવ્યા હતાં: તેમાંથી ૫૯ (૩.૦૩ ટકા) કુટુંબો ગુજરાત બહારથી સ્થળાંતર કરીને આવ્યા હતાં. જ્યારે ૧૮૮૯ (૯૬.૯૭ ટકા) કુટુંબો ગુજરાતના વિવિધ ગામોમાંથી સ્થળાંતર કરીને આવ્યા હતાં: રાજકોટમાં ૬૯૭ (૧૮.૩૩ ટકા) કુટુંબો સ્થળાંતર કરીને આવ્યાં હતાં. તેમાં ગુજરાત બહારથી એક પણ કુટુંબ સ્થળાંતર કરીને આવ્યુ નહોતુ. જામનગર ૬૭૧ (૧૩.૫૯ ટકા) કુટુંબો સ્થળાંતર

કરીને આવ્યા હતા અને અમદાવાદ કેન્ટોનમેન્ટમાં ૧૨૩ (૬૧.૮૧-ટકા) કુટુંબો સ્થળાંતર કરીને આવ્યા હતાં. જે કુટુંબો ગુજરાતના વિવિધ ગામોમાંથી સ્થળાંતર કરીને આવ્યા હતાં. સ્થળાંતર અંગે પરિસ્થિતિનુ ચિત્ર જોવુ. આ અંગેના વિવિધ કારણો કઇક આવા હતાં.

(.૧) ..ઓછી જમીન :

ઓછી જમીન હોવાથી કુટુંબના બધા સભ્યોનુ ભરણ-પોષણ શકય ન હોય અને શહેરમાં આવીને કોઇ ધધો કરીને પણ પોતાનુ જીવન નિર્વાહ કરી શુ એ અપેક્ષાએ સ્થળાંતર કરેલા કુલ કુટુંબોમાંથી ૧૧૩૪ (૫.૧૪ ટકા) કુટુંબો હતાં.

(૨)...ઓછી આવક :

પોતાના વતનમાં સંયુકત કુટુંબમાં બે-ત્રણ કુટુંબો સાથે રહેતા હોય અને તેમની કુલ આવક બધાના ભરણ-પોષણ માટે ઓછી હોય આવા કુટુંબો ૮૫૭૫ (૩૮.૮૨ ટકા) પોતાના વતનમાંથી સ્થળાંતર કરીને શહેરમાં આવેલા જોવા મળયાં હતાં.

(.૩) . પ્રગતિની આશા ઓછી :

પોતાના વતનમાં પ્રગતિની આશા ના લાગતા અને તક પણ ઓછી લાગી હોય, જયાં સંદેશાવ્યવહાર ઓછુ હોય, રોજબરોજની વિવિધ ઘટનાઓથી વંચિત રહેતા હોય કે અહીં રહેવાથી પ્રગતિ રૂંધાય છે જો શહેરમાં જઇએ તો બહોળો અનુભવ થાય, રોજબરોજનુ નવુ જાણવા-જોવા મળે તેમાંથી પ્રગતિની તક પ્રાપ્ત થાય આવી અપેક્ષા રાખીને ૨૬૯૪ (૧૨.૨૦ ટકા) કુટુંબો બહેરમાં આવ્યાં હતાં.

(.૪) . શિક્ષણની સુવિધા ઓછી :

પોતાના વતનમાં શિક્ષણની સુવિધા ના હોય, ઘણીવાર શિક્ષણ માટે દૂર દૂર જવુ પડતુ હોય, બાળકો સારૂ શિક્ષણ મેળવી શકે તેવી આશાએ ૧૩૫૨ (૬.૧૨ ટકા) કુટુંબો પોતાના વતન-માંથી સ્થળાંતર કરીને શહેરમાં આવ્યાં હતાં.



(.૫) . શહેરમાં રોજગારીની તકો વધુ :

પોતાના વતનમાં મજૂરી ધધો મળતો ના હોય, ગામ નાનુ હોય, મજૂરી કરનારની વસ્તીનુ પ્રમાણ વિશેષ હોય, શહેરમાં મજૂરી કે ધધો મળી રહેશે આવી અપેક્ષા રાખીને ૪૯૪૪ (૨૨.૩૮ - ટકા) એ પોતાના વતનમાંથી શહેરમાં આવ્યા હતાં.

(.૬) . કુટુંબમાં કુસંપ :

ઘણા કુટુંબોમાં સામાન્ય કારણોસર પણ હંમેશા ઝઘડા રહેતા હોય છે: સાસુ અને વહુ, નણંદ-ભાભી, દિયર-ભાભી કે દેરાણી-જેઠાણીને ઝઘડા રહે, આથી કંટાળીને વતનમાંથી સ્થળાંતર કરેલા ૬૮ કુટુંબો માલુમ પડયા હતાં.

(.૭). . સામાજિક અને વર્ગ દબાણના કારણે :

સામાન્ય રીતે ગામમાં જે વર્ચસ્વ ધરાવતો વર્ગ હોય તેવા વર્ગથી પણ હેરાનગતિ થતી હોય અને સામાજિક રીતે કેટલાક જુદા જુદા કારણોસર દબાણ થતા હોય દા.ત. સામાજિક રીતરિવાજોમાં અમુક જ કરવુ પડશે જે શકિત બહારનુ હોય, જેના માટે દેવુ કરવુ પડે તો કરવુ આવુ સમાજ ઇચ્છતો હોય બીજુ કે ઘણી વખત માથાભારે લોકો તરફથી પણ હેરાનગતિ હોય, આવા કારણોસર પોતાના વતનમાંથી શહેરમાં શાંતિથી રહી શકે માટે ૨૩૫ (૧.૦૭ ટકા) કુટુંબો સ્થળાંતર કરીને શહેર તરફ પ્રયાણ કર્યુ હતુ.

(.૮) . શહેરમાં નોકરી મળી રહે :

સારૂ ભણ્યાં પછી બેકારી ભોગવતા હોય કે ટેકનીકલનો કોર્સ કર્યો હોય પણ નોકરી ના હોય આથી શહેર તરફ આવવા પ્રેરાય કારણ કે શહેરમાં કોઇ કારખાનામાં કે ખાનગી કંપનીમાં નોકરી મળી રહે, સાથે સાથે નોકરી માટેના પ્રયત્નો કરવાની તક રહે ગામડામાં આવી કોઇ વ્યવસ્થા ના હોય, સમાચાર પત્ર આવતુ જ ના હોય, આવા અનેક કારણોસર શહેરમાં નોકરી મળી રહેશે આવી અપેક્ષા રાખીને પણ ૨૩૧૪ (૧૦.૪૮ ટકા) કુટુંબો આવ્યાં હતાં.

**(૯) સગા-સબંધીઓ દ્વારા :**

સગા-સબંધીઓ શહેરમાં આવીને નોકરી-ધંધામાં સ્થિર થયા હોય, ઓળખાણ પરિચયના કારણે સારી વગ હોય, આથી પોતાના સબંધીને શહેરમાં લાવ્યા હોય (દા.ત. અમદાવાદ કલાપીનગર વિસ્તારમાં ઉત્તર ગુજરાત હિંમતનગર સોસાયટી અને સંગમ સોસાયટીમાં એકબીજાના સગા રહે છે. પ્રત્યક્ષ નિરીક્ષણ વખતે આ જાણવા મળ્યુ હતુ.) આ રીતે સગા-સબંધીઓ દ્વારા આવેલા ૧૮૯ (૦.૮૬ ટકા) કુટુંબો હતા.

**(૧૦) અન્ય કારણોસર :**

સર્વેક્ષણથી એવા કુટુંબો જોવા મળ્યા હતા કે સ્થળાંતર કરવા પાછળ કોઇ નિશ્ચિત કારણ નહીં એવા ૫૮૬ (૨.૬૬ ટકા) કુટુંબો વતનમાંથી શહેર તરફ સ્થળાંતર કરીને આવ્યા હતા.

સ્થળાંતરના કારણો અંગે વિસ્તૃત માહિતી પરિશિષ્ટ-૨૨ માં આપવામાં આવી છે.

**હાઉસીંગ સોસાયટી અંગેની વિગત :**

સર્વેક્ષણ દરમ્યાન અનુસૂચિત જાતિ માટે મકાન અંગે માહિતી એકત્ર કરી તેમાં શહેરની પરિસ્થિતિને ધ્યાનમાં લેતા સોસાયટીઓ અસ્તિત્વમાં આવતી હોય છે. આ સોસાયટીના સભાસદો અંગે પૃચ્છા કરી તો જાણવા મળ્યુ કે હાઉસીંગ સોસાયટીઓમાં અનુસૂચિત જાતિના કેટલાક સભ્યો સભાસદો છે. (દા.ત. બાપુનગર હાઉસીંગ સોસાયટીમાં જોવા મળ્યુ) અને હવે નવી બનતી સોસાયટી ગુજરાત હાઉસીંગ બોર્ડના નિયમોમાં પણ અનુસૂચિત જાતિના લોકો માટે અમુક ટકા મકાન ફાળવવા કે અનામત રાખવા એવું નક્કી કરવામાં આવ્યુ છે અને તે મુજબ ફાળવવામાં પણ આવે છે. આ રીતે સ્વતંત્ર ઉભી થતી સોસાયટીઓમાં પણ અનુસૂચિત જાતિના લોકો સભાસદો છે. તેમાં કેટલાક સભાસદોને મકાન મળયા છે. કેટલાકને વિવિધ કારણોસર મકાનનો કબજો મળયો નથી. સર્વેક્ષણમાં આવરી લીધેલા કુલ ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૧૦૩૦ (૮૬.૧૨ ટકા) કુટુંબોને મકાન મળયા નથી તે અંગેના કારણો નીચે કોઠા-૫:૧:માં જોવાથી સ્પષ્ટ થશે.



**કોઠો - ૫:૧: હાઉસીંગ સોસાયટીમાં જોડાયેલા સભ્યોની વિગત**

| ક્રમ | શહેરનુ નામ | પોતાનુ મકાન ન ધરાવનાર કુટુંબો | હાઉસીંગ બોર્ડમાં નોંધાવેલ કુટુંબો | કેટલાને મકાન મળ્યુ | કેટલાને મકાન ન | મકાન ન મળવાના કારણો: પૈસા પૂરા ભરાયા નથી | મકાનનુ કામકાજ ચાલુ છે | સોસાયટી અંગે ઝઘડો છે | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ કેન્ટોનમેન્ટ | ૮૮ | - | - | - | - | - | - | - |
| ૨ | અમદાવાદ | ૧૭૮૮૫ | ૯૭૭ | ૮૫૫ | ૧૨૨ | ૪૪ | ૬૨ | ૧૫ | ૧ |
| ૩ | જામનગર | ૮૯૪ | - | - | - | - | - | - | - |
| ૪ | રાજકોટ | ૧૫૪૩ | ૨૮ | ૧૩ | ૧૫ | - | ૧૫ | - | - |
| ૫ | વડોદરા | ૩૦૭૭ | ૧૯૧ | ૧૬૨ | ૨૯ | ૯ | ૧૧ | ૫ | ૪ |
| ૬ | સુરત | ૨૧૨૭ | - | - | - | - | - | - | - |
| | કુલ ... | ૨૫૬૧૪ | ૧૧૯૬ (૧.૯૫) | ૧૦૩૦ (૮૬.૧૨) | ૧૬૬ (૧૩.૮૭) | ૫૩ (૪.૪૪) | ૮૮ (૭.૩૬) | ૨૦ (૧.૬૮) | ૫ (૦.૪૨) |

અનુસૂચિત જાતિના જે કુટુંબો હાઉસીંગ સોસાયટીઓમાં સભાસદો બન્યા હતા તેમાંથી કેટલાકને મકાન મળ્યા ના મળ્યા તેની પાછળ વિવિધ કારણો સમાયેલા છે. એના સંદર્ભમાં ઉપરોકત કોઠા ઉપરથી જોઇએ તો ખ્યાલ આવશે. સર્વેક્ષણના કુલ ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૨૫૬૧૪ (૪૧.૫૮ ટકા) કુટુંબો ઘર ધરાવતા નથી. જેઓ ભાડાના મકાનમાં રહેતા હતા. સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યુ કે કુલ ૧૧૯૬ કુટુંબો હાઉસીંગ બોર્ડમાં નોંધાયેલા સભાસદો છે. તેમાંથી ૧૦૩૦ કુટુંબોને મકાન મળ્યા છે. જ્યારે ૧૬૬ કુટુંબોને મકાન મળ્યા નથી. તેની પાછળના કારણો નીચે પ્રમાણે છે.

(૧) ૮૮ (૭.૩૬ ટકા) કુટુંબોને મકાનનુ કામકાજ ચાલુ છે.
(૨) ૫૩ (૪.૪૪ ટકા) કુટુંબોને પૈસા પૂરા ભરાયા નથી.
(૩) ૨૦ (૧.૬૮ ટકા) કુટુંબોને સોસાયટીના ઝઘડાને લીધે.
(૪) ૫ (૦.૪૨ ટકા) કુટુંબોને અન્ય કારણોસર મકાન મળ્યા નથી.

શહેરવાર પૃથ્થકરણ કરીએ તો અનુક્રમે અમદાવાદ ૯૭૭ (૨.૫૮ ટકા) કુટુંબો હાઉસીંગ સોસાયટીમાં સભાસદો છે. તેમાંથી ૮૫૫ (૮૭.૫૧ ટકા) કુટુંબોને મકાન મળ્યા છે. જ્યારે ૧૨૨ સભાસદોને વિવિધ કારણોસર મકાન મળ્યા નથી. વડોદરા ૧૯૧ (૨.૨૮ ટકા) કુટુંબો હાઉસીંગ સોસાયટીમાં નોંધાયેલા સભાસદો છે. તેમાંથી ૧૬૨ (૮૪.૮૧ ટકા) કુટુંબોને મકાન મળ્યા છે. જ્યારે ૨૯ સભાસદોને વિવિધ કારણોસર મકાન મળ્યા નથી. રાજકોટમાં ૨૮ (૦.૭૩ ટકા) કુટુંબો હાઉસીંગ સોસાયટીમાં સભાસદો તરીકે છે. તેમાંથી ૧૩ (૪૬.૪૨ ટકા) કુટુંબોને મકાન મળ્યા છે. ૧૫ કુટુંબોના મકાનોનુ કામકાજ ચાલુ છે. આથી મકાન મળ્યા નથી. આ અંગેની વિસ્તૃત માહિતી પરિશિષ્ટ-૨૨-૧ માં આપવામાં આવી છે.

રહેઠાણ :

માનવીની મૂળભૂત અને પ્રાથમિક જરૂરિયાત એ રહેઠાણ છે. આમ છતાં કેટલાય સભ્યોએ જરૂરિયાતથી વંચિત રહે છે એ નગ્ન



હકીકત છે. સર્વેક્ષણમાં આવરી લીધેલા છ શહેરોમાં વસતા અનુસૂચિત જાતિના લોકો પાસેથી રહેઠાણ અંગેની માહિતી એકત્ર કરવામાં આવી હતી. અનુસૂચિત જાતિના લોકોના મકાનો લગભગ મોટાભાગના સ્થળોએ મુખ્ય વિસ્તારની બહાર જોવા મળ્યા હતા. અમુક સ્થળોએ તો શહેરની ગંદકી તેમના મહોલ્લામાં જ આવતી હતી અથવા તો શહેરના ગંદવાડને ઇરાદાપૂર્વક ત્યાં નાખવામાં આવતો હતો એવુ જોવામાં આવ્યુ હતુ.

અનુસૂચિત જાતિના લોકોના મહોલ્લામાં પ્રવેશવા માટે કોઇ નિશ્ચિત પ્રવેશદ્વાર હોતુ નથી. મહોલ્લામાં કોઇપણ દિશામાંથી પ્રવેશી શકાય તેવી સ્થિતિ છે. આ લોકોના ઘર પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા ૧૦ X ૧૨ અને ૧૨ X ૧૫ ના માપના જોવા મળ્યા હતા. ઊંચાઇમાં અડધા વાંકા વળીને જઇ શકાય, આવા ઘરો પણ જોવા મળ્યા હતા. મોટાભાગે બે ઘર વચ્ચે એક દિવાલ હોય તેવુ જોવા મળ્યુ. ૬૧૫૯૫ કુટુંબોમાંથી મોટાભાગના કુટુંબોની ઘરની સ્થિતિ ખરાબ હતી. આ લોકોના ઘરની ઊંચાઇ, પહોળાઇ અને લંબાઇ અંગે આગળ જોયુ. તેમના ઘરની સ્થિતિ જોઇએ તો તેને ઘર કહેવુ કે કેમ ? તે સવાલ થતો હતો. ઝૂંપડપટ્ટી, પાકી ઈંટોની દિવાલો અને સ્લેપ, મેંગ્લોરી નળિયા, પતરા, ઘાસ વગેરેનો ઉપયોગ છાજ તરીકે જોવા મળ્યો. કેટલાકના ઘર તદ્દન ભાંગી-તૂટી હાલતમાં હતા, કેટલાકને ઘર જ નહોતુ તેઓ ઉપર આકાશ અને નીચે ધરતીના સહારે રહેતા હતા. જનસંખ્યાની રીતે જોઇએ તો ૮ થી ૧૨ સ્ત્રી-પુરૂષો સાથે રહેતા હોય તેવા તો ઘણા કુટુંબો હતા. ટૂંકમાં રહેઠાણ એ અનુસૂચિત જાતિના લોકો માટે પ્રાણપ્રશ્ન – વિકટપ્રશ્ન બની ગયો છે. ઘર માલિક ઘણાયે, પણ જે જમીન ઉપર ઘર હોય તે જમીન માલિકીની હોતી નથી. ઘણીવાર આ જમીન કોર્પોરેશન કે સરકારી હોય છે. આથી તેમને ખાલી કરવાની નોટિસો પણ મળતી હોય છે. આ રીતે હેરાનગતિ પણ થતી હોય છે. તેમના માટે ઘણા પ્રશ્નો હંમેશના માટે ઊભા રહે છે. જુદા જુદા શહેરોની મુલાકાત વખતે અમારા નિરીક્ષણ દ્વારા પણ આ હકીકત અમને પ્રથમ નજરે તરી આવી. નિરીક્ષણ દ્વારા એ સ્પષ્ટ જણાયુ કે મકાન એ અનુસૂચિત જાતિના લોકો માટે સુખ સગવડની વાત તો

બાજુ પર રહી, પરંતુ કુટુંબનો દરેક સભ્ય સારી રીતે રહી શકે તેવી મકાનની સગવડતા બહુ ઓછી જોવા મળી. સર્વેક્ષણમાં આવરી લીધેલા છ શહેરોમાંથી સર્વેક્ષણ દ્વારા મકાનો સંબંધી માહિતી એકત્ર કરવામાં આવી તેમાં કુલ ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૩૫૯૮૧ (૫૮.૪૨ ટકા) કુટુંબો પોતાની માલિકીના મકાનમાં રહેતા હતાં. જ્યારે ૨૫૬૧૪ (૪૧.૫૮ ટકા) કુટુંબો ભાડાના મકાનમાં રહેતા હતા. આમ એકંદરે માલિકીના મકાનની સંખ્યા વિશેષ છે. સંખ્યાકિય રીતે આ માહિતી ઘણી સારી લાગે, પરંતુ મકાન પોતાની માલિકીનુ હોય તેમાં જુદા જુદા પરણિત બે-ત્રણ પુત્રો પણ રહેતા હતાં. તેવા ઘણા કિસ્સા જોવા મળયાં. મકાનની આજુબાજુમાં ગંદકીનુ પ્રમાણ ઘણુ જ છે. ત્યાં પ્રાથમિક સગવડતાનો ઘણોજ અભાવ જોવા મળયો હતો. સર્વેક્ષણમાંથી ઉદાહરણની રીતે જોઇએ તો અમદાવાદમાં સૂર્યનગર સોસાયટીની બિલકુલ બાજુમાં અંદાજે ૨૦ કુટુંબો ઝૂપડપટ્ટીઓમાં રહે છે. બાપુનગરમાં ગુજરાત હાઉસીંગ સોસાયટીના મકાનની સામેની બાજુમાં પણ ઘણા કુટુંબો ઝૂપડપટ્ટીઓમાં રહે છે. વડોદરા પેન્શનપુનપુરામાં હરિજનો ઝૂપડપટ્ટીઓમાં રહે છે. એજ રીતે રાજકોટમાં દાચીજીવણ પરા વિસ્તારમાં પણ હરિજનો કુટુંબો ઝૂપડપટ્ટીઓમાં રહેતા હતા તે જોવા મળયુ હતુ. આ ઝૂપડપટ્ટીઓમાં રહેતા અનુસૂચિત જાતિના લોકોની પરિસ્થિતિ ઘણી જ ખરાબ હતી. તેમાં રહેતા કુટુંબોની કરૂણ દશા જોવા મળી હતી.

આગળ માલિકાના મકાનની વિગત જોઇ તેને સંખ્યાની રીતે ન તપાસતા જે કુટુંબોમાં પરણિત પુત્ર સાથે રહેતા હોય તેને અલગ ગણવામાં આવે તો માલિકીના મકાનની સંખ્યા ઘણી ઓછી થાય છે.

શહેરવાર માહિતીનુ વિભાગીકરણ કરતા જોવા મળયુ કે પોતાની માલિકીનુ મકાન ધરાવતા કુટુંબોની સૌથી વધુ સંખ્યા અનુક્રમે જામનગર (૮૨.૯૦ ટકા), સુરત (૬૭.૧૦ ટકા), વડોદરા (૬૩.૨૪ ટકા) શહેરમાં વધુ જોવા મળી હતી. જ્યારે સૌથી ઓછી માલિકાના મકાનની સંખ્યા અમદાવાદ



(૫૨.૬૮ ટકા) શહેરમાં હતી. ભાડાના મકાનમાં રહેતા હોય તેની સૌથી વધુ સંખ્યા અમદાવાદ (૪૭.૩૨ ટકા), અમદાવાદ કેન્ટોનમેન્ટ (૪૪.૨૨ ટકા), રાજકોટ (૪૦.૫૭ ટકા) શહેરોમાં હતી. શહેરવાર રહેઠાણની વિગત પરિશિષ્ટ-૨૩ માં આપવામાં આવી છે. આ તો થઇ મકાનની વાત, પરંતુ તેમાં જે જરૂરી સુવિધા જોઇએ તેનો તો તદ્દન અભાવ જોવા મળયો જેના આંકડા જોવાથી હૃદય પણ દ્રવી ઉઠે છે. અનુસૂચિત જાતિના કુટુંબના આવા રહેઠાણમાં જાહેર જાજરૂની સગવડ અમુકને છે. સર્વેક્ષણના કુલ કુટુંબોમાંથી માત્ર ૨૦૫૭૨ (૩૩.૪૦ ટકા) કુટુંબોને જાજરૂની સગવડતા છે. જ્યારે ૪૧૦૨૩ (૬૬.૬૦ ટકા) કુટુંબોને જાજરૂ માટે કોઇ વ્યવસ્થા નથી. આવા કુટુંબોના સભ્યો ઘણા કામ પર જાય ત્યાં દિવસે તેમજ રાત્રે રોડની એક બાજુ જાજરૂ જતાં હોય છે. એજ રીતે દિવાલોનુ કે કોઇ મકાનનુ અંધારૂ પડતુ હોય ત્યાં બહેનો સવારે વહેલા કે મોડી રાત્રે જતા હોય છે. ૩૬૫૨૪ (૫૯.૩૯ ટકા) કુટુંબોને ત્યાં નાવણિયુ હતુ, જ્યારે ૨૫૦૭૧ (૪૦.૭૦ ટકા) કુટુંબોને નાવણિયાની સગવડતા નથી. આ કુટુંબોના પુરૂષ વર્ગ ગમે ત્યાં પાટીયુ નાંખીને ન્હાતા, જ્યારે બહેનો સવારે વહેલા રોડ ઉપર અથવા ખાટલાની આડસ રાખીને ન્હાતી હોય છે. ૩૬૭૮૭ (૫૯.૭૩ ટકા) કુટુંબોને ઘેર પાણી માટેના નળ હતાં. ૩૪૩૧૯ (૫૨.૭૨ ટકા) કુટુંબોને ત્યાં પાણીના નિકાલની વ્યવસ્થા હતી અને માત્ર ૪૫૮૮ (૭.૪૫ ટકા) કુટુંબોના મકાનોમાં નિર્ધૂમ ચૂલાની વ્યવસ્થા હતી એટલે કે ૫૭૦૦૭ (૯૨.૫૫ ટકા) કુટુંબોના ઘરમાંથી ધુમાડો બહાર નીકળે તેવી કોઇપણ પ્રકારની વ્યવસ્થા ન હતી. એકંદરે શહેર વિસ્તારમાં રહેતા અનુસૂચિત જાતિના સભ્યોના ઘરમાં માનવી માટે જરૂરી કહી શકાય તેવી સગવડતાનુ પ્રમાણ ઘણુંજ અલ્પ જોવા મળયુ હતુ.

ઉપર જણાવેલ શહેરમાં વસતા અનુસૂચિત જાતિના મકાનની આંકડાકીય માહિતી પરથી અનુસૂચિત જાતિના લોકોના રહેઠાણ બાબતે સ્પષ્ટ રીતે ખ્યાલ આવશે કે તેમના રહેઠાણના પ્રશ્નને હાલના તબક્કે અગ્રીમતા આપી ઉકેલવા પ્રયાસ કરવો પડશે, સાથોસાથ જે કુટુંબો પાસે મકાન છે, પરંતુ તેમાં જે કંઇ પ્રાથમિક સુવિધા જોઇએ

તેને ખ્યાલમાં રાખી ત્વરિત પગલાં ભરવા જોઇએ. અનુસૂચિત જાતિના લોકોની પ્રત્યક્ષ મુલાકાત સમયે તેઓ કહેતા હતા કે અમારો મકાનનો પ્રશ્ન ઉકેલો તો શિયાળાની ઠંડી અને ચોમાસાના પડતા વરસાદથી અમે બચી શકીએ. જે ઉચ્ચારો તેની દયનીય પરિસ્થિતિનું સ્પષ્ટ દર્શન કરાવે છે.

ઘરથાળનો પ્લોટ :

અનુસૂચિત જાતિના કુટુંબો, આદિવાસીઓ અને ઘરવિહોણા લોકો માટે ઘર બનાવવા જે મફત પ્લોટ સરકારશ્રીની યોજના દ્વારા આપવામાં આવે છે તેની વિગતો પણ આ સર્વેક્ષણમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સર્વેક્ષણમાં આવરી લીધેલા ૬૧૫૯૫ કુટુંબોની તપાસ કરતાં જાણવા મળ્યુ કે માત્ર ૩૯૯ કુટુંબો એટલે કે ૦.૬૫ ટકાને ઘરથાળના પ્લોટો મળયાં હતાં. જેમાંથી ઘણાને તદ્દન નાના ૧૦ X ૧૦ ના પ્લોટો ફાળવવામાં આવ્યા છે તેવુ આ લોકોનુ કહેવુ છે. જે મળયા : છે તેની સંખ્યા અતિ જૂજ છે, જે સંતોષકારક તો નહિ જ.

શહેરવાર સર્વેક્ષણમાં આવરી લીધેલા કુટુંબોમાંથી તપાસતાં જોવા મળયુ કે રાજકોટ શહેરમાં માત્ર ૨ (૦.૦૫ ટકા) કુટુંબોને ઘરથાળનો પ્લોટ મળયો છે. સૌથી વધારે ઘરથાળનો પ્લોટ મળયા હોય તેવા કુટુંબોની સંખ્યા વડોદરા ૨૧૬ (૨.૮૫ ટકા), અમદાવાદ ૧૫૧ (૦.૪૦ ટકા) શહેરોમાં હતી. જ્યારે જામનગર અને અમદાવાદ કેન્ટોનમેન્ટ શહેરોમાં એક પણ કુટુંબને ઘરથાળના પ્લોટોનો લાભ મળયો ન હતો.

આરોગ્ય :

આપણા દેશ અને રાજ્યમાં લોકોનુ સ્વાસ્થ્ય અને આરોગ્ય જળવાય રહે તે માટે દિન-પ્રતિદિન વધુ ધ્યાન અપાતુ જાય છે. આ માટેની જરૂરી સગવડ અને સુવિધા શહેરના જુદા જુદા સ્થળે આવેલી છે. આપણી જુદી જુદી યોજનાઓમાં લોકોના સ્વાસ્થ્ય અને આરોગ્યની જાળવણી અર્થે ઘણી રકમ ખર્ચવામાં આવે છે. પરંતુ



શહેરના પરા વિસ્તારમાં જ્યાં હરિજનની વસ્તી છે અને બીજા પછાત વિસ્તારો છે તેની આસપાસ નાના-નાના આરોગ્યને લગતા સબ-સેન્ટરો ઓછા અથવા નહિવત છે.

તપાસ દરમ્યાન કુલ ૩૨૧૪૬૨ વ્યક્તિઓમાંથી ૧૪૯૮ (૦.૪૭ ટકા) વ્યક્તિઓ કોઇને કોઇ મહાવ્યાધિથી પીડાતી હતી. આ મહાવ્યાધિથી પીડાતા રોગોમાંથી ૫૨૮ (૩૫.૨૫ ટકા) વ્યક્તિઓ ક્ષયના રોગથી, ૧૦૦ (૬.૬૮ ટકા) કેન્સર, ૩૯૯ (૨૬.૬૪ ટકા) દમ, ૨૯ (૧.૯૪ ટકા) પાંડુરોગ, ૧૧૪ (૭.૬૧ ટકા) લકવા અને ૨૨૭ (૧૫.૧૬ ટકા) અન્ય મહારોગોથી પીડાતા હતાં.

શહેરવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોમાં માંદગીથી પીડાતા સભ્યોની માહિતી પરિશિષ્ટ-૨૫ માં આપવામાં આવી છે. આ માહિતી પરથી જોઇ શકાશે કે ક્ષયના રોગથી પીડાતી વ્યક્તિઓની સંખ્યા અમદાવાદ (૩૮૭), સુરત (૭૯) શહેરોમાં વધુ જણાયી હતી. કેન્સરના રોગથી પીડાતા સભ્યોની સંખ્યા અમદાવાદ (૭૬), વડોદરા (૧૧), સુરત (૧૧) શહેરોમાં વિશેષ હતી. દમના રોગથી પીડાતા સભ્યોની સંખ્યા અમદાવાદ (૩૦૦), વડોદરા (૫૯), સુરત (૩૨) શહેરોમાં વધુ હતી. રક્તપિત્તથી પીડાતી વ્યક્તિઓની સંખ્યા અમદાવાદ (૧૨), સુરત (૬) શહેરોમાં વિશેષ હતી. લકવાની સંખ્યા અમદાવાદ (૭૩) અને વડોદરા (૧૪) બહેરમાં વધુ હતી. લકવાથી પીડાતી વ્યક્તિઓની સંખ્યા અમદાવાદ કેન્ટોનમેન્ટમાં અને રાજકોટ શહેરમાં એક પણ ન હતી. એકંદરે જોતાં વ્યક્તિઓમાં વધુ રોગોનુ પ્રમાણ અમદાવાદ (૧૦૫૨) અને વડોદરા (૨૦૩) શહેરોમાં હતુ. જ્યારે સૌથી ઓછુ પ્રમાણ અમદાવાદ કેન્ટોનમેન્ટ (૫) માં હતુ. સમાજ કલ્યાણ ખાતા દ્વારા આવા મહારોગથી પીડાતી વ્યક્તિઓને આર્થિક મદદ કરવામાં આવે છે. તપાસ દરમ્યાન જાણવા મળ્યુ કે આવી યોજનાનો લાભ જેને મળયો છે તે બહુ નાની સંખ્યા છે. એટલે કે લાંબી માંદગીથી પીડાતી કુલ ૧૪૯૮ વ્યક્તિઓમાંથી માત્ર ૧૨૧ (૮.૦૮ ટકા) વ્યક્તિઓને કુલ રૂપિયા ૬૦૮૮/- નો લાભ મળયો હતો. જે લાભ

મળેલ વ્યકિતઓને સરેરાશ રૂપિયા ૫૦/- થાય છે. આવી વ્યકિત-ઓમાં જેને લાભ મળયો છે તેમાં અમદાવાદ (૬૫) શહેરની વિશેષ સંખ્યા હતી. વડોદરા (૪૫) અને સુરત (૧૧) શહેરમાં ઓછી સંખ્યા હતી. જયારે રાજકોટ, જામનગરમાં એકપણ વ્યકિતને આર્થિક મદદ મળી ન હતી.

સગર્ભા સ્ત્રીઓ અને છ વર્ષથી નીચેના બાળકોને માટે પોષક આહારયુકત યોજના ચાલે છે. આનો લાભ અનુસૂચિત જાતિના સભ્યોને કેટલો મળે છે તે જાણવાનો પ્રયાસ આ સર્વેક્ષણમાં કરવામાં આવ્યો છે. એકત્ર કરેલ માહિતીથી જણાયુ કે આનો લાભ કુલ ૫૨૧૭ સ્ત્રીઓ અને બાળકોને પહોંચ્યો હતો. આ યોજનાનો લાભ અમદાવાદ (૩૭૦૩) શહેરમાં વિશેષ જોવા મળયો હતો. જયારે સુરત (૯૨) અને રાજકોટ (૭૪) શહેરોમાં ઓછી સંખ્યામાં લાભ મળયો હતો. અમદાવાદ કેન્ટોનમેન્ટના વિસ્તારના લોકો યોજનાના લાભથી બિલકુલ વંચિત રહયા છે. એકંદરે જોઇએ તો કુલ ૧૪૯૮ વ્યકિતઓને આ લાભ મળયો છે તે સંખ્યા ઘણી ઓછી છે. જે ઉપરોકત માહિતી ઉપરથી જોઇ શકાય છે.

ખોડ-ખાંપણ :

સર્વેક્ષણમાં આવરી લીધેલા શહેરોમાં જે વ્યકિતઓ કોઇપણ પ્રકારની ખોડ-ખાંપણ ધરાવતી હોય તેની માહિતી એકત્ર કરી છે. અપંગ વ્યકિતઓમાં સામાન્ય રીતે બહેરા-મૂંગા, અંધ, વિકલાંગ, બાળલકવા વગેરેનો સમાવેશ થાય છે. દેશ અને રાજયમાં અપંગ વ્યકિતઓની સંખ્યા અંગે વૈજ્ઞાનિક ધોરણે હજુ સુધી કોઇ તપાસ કે ગણતરી થઇ નથી. જે તુટક-તુટક સર્વેક્ષણ થયા છે તેના આંકડા કોઠા-૫:૧:માં છે. આ આંકડા આપવાનો ઉદ્દેશ એ છે કે ચાલુ સાલે સર્વેક્ષણમાં જે અનુસૂચિત જાતિના કુટુંબો છે તેમાં ભારત અને ગુજરાત રાજયની સરખામણીએ ખોડ-ખાંપણનુ પ્રમાણ કેટલુ પ્રમાણ છે.



કોઠો - :૫:૨:

(આંકડા ૧૯૮૧ પ્રમાણે)

ભારત, ગુજરાત અને સર્વેક્ષણમાં આવરી લીધેલ વ્યકિતઓમાં ખોડ-ખાંપણ અંગેની વિગત

| ક્રમ | વિગત | વિકલાંગ | દર હજારે | અંધ | દર હજારે | બહેરા-મૂંગા | દર હજારે | બાળ-લકવા | દર હજારે |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભારત | ૪૦૦૦૦૦૦ | ૬.૦૬ | ૪૫૦૦૦૦૦ | ૬.૮૧ | ૧૫૦૦૦૦૦ | ૦.૨૨ | માહિતી નથી. | |
| ૨ | ગુજરાત | ૩૫૦૦૦૦ | ૧૦.૨૯ | ૨૫૦૦૦૦ | ૭.૩૫ | ૧૫૦૦૦૦ | ૪.૪૧ | માહિતી નથી. | |
| ૩ | સર્વેક્ષણમાં આવરી લીધેલા કુટુંબમાં | ૩૯૨ | ૧.૨૨ | ૯૦ | ૦.૨૮ | ૧૬૭ | ૦.૫૨ | ૨૬૪ | ૦.૮૨ |

ઉપરોકત કોઠા ન. ૫:૨: ઉપરથી સ્પષ્ટ થશે કે ભારતમા ખોડ-ખાપણવાળામા અંધ વ્યકિતઓનુ પ્રમાણ વિશેષ છે. જ્યારે ગુજરાતમા વિકલાંગની સખ્યા વધુ છે. સર્વેક્ષણમા આવરી લીધેલા કુટુબોમા વિકલાંગનુ પ્રમાણ વધારે જોવા મળ્યુ હતુ. કુલ ૯૧૩ વ્યકિતઓ જુદી જુદી ખોડ-ખાપણ ધરાવતી હતી. શહેરવાર ખોડ-ખાપણ ધરાવતી વ્યકિતઓની સખ્યામા અમદાવાદ (૬૫૯) અને વડોદરામા (૯૭) વિશેષ સખ્યા હતી. જ્યારે રાજકોટ(૩૬) અને જામનગર (૨૦) મા આની માત્રા ઓછી હતી. શહેરદીઠ ખોડ-ખાપણવાળી વ્યકિતઓ લગભગ ૧૫૨ છે. કુલ ૯૧૩ ખોડ-ખાપણ-વાળી વ્યકિતઓમાથી ૩૦૫ (૦.૧૦ ટકા) ૧ થી ૧૪ વર્ષની ઉંમરના બાળક હતા. આ ૩૦૫ બાળકોમાથી ૧૨૨ (૪૦.૦૦ ટકા) બાળકોને જે તે પ્રકારની ક્ષતીવાળી શાળામા મોકલવાની ઇચ્છા તેમના વાલીઓએ દર્શાવી હતી. જેથી ભવિષ્યમા આવા બાળકો કોઇના દયા પર ન રહેતા સ્વાવલબી અને આત્મનિર્ભર બની રહી શકે. શહેરવાર સર્વેક્ષણ કરેલ કુટુબોમા ખોડ-ખાપણવાળા સભ્યોની સખ્યાની માહિતી પરિશિષ્ટ-૨૬ મા આપવામા આવી છે.

.......

પ્રકરણ - :૬:

===========

## અનુસૂચિત જાતિના મહોલ્લામા પાયાની સુવિધાઓ

અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે ખાસ અંગભૂત યોજનામા વ્યકિતલક્ષી, કુટુબલક્ષી અને જૂથલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવાની જરૂરિયાત લક્ષમા લઇને Needbaseel એટલે કે, જરૂરિયાતલક્ષી કાર્યક્રમ ઘડી કાઢવા પર ખાસ ધ્યાન આપવામા આવ્યો હતો. પ્રતિવર્ષની માફક આ સર્વેક્ષણમા પણ તપાસ હેઠળના મુખ્ય છ શહેરોમાથી હરિજન મહોલ્લામા પાયાની સુવિધાઓ જેવી કે મહોલ્લામા જવાના રસ્તાની સ્થિતિ ત્યા પાણી ભરાય છે અથવા કાદવ થાય છે. અન્ય લોકોના ઉકરડા પાસે છે કે દૂર, પાણી માટેની શુ સ્થિતિ છે, શૌચાદિની વ્યવસ્થા, જાહેર જાજરૂની સગવડતા, તેની સફાઇ, લગ્ન પ્રસંગો માટે વાડીની વ્યવસ્થા છે કે કેમ, મ્યુનિસિપાલટીની બસ આવે છે કે કેમ, હોસ્પિટલની સગવડતા, આંગણવાડી, બાલવાડી, જ્ઞાતિ મંડળ, યુવક મંડળ વગેરે વિષે માહિતી મેળવવામા આવી હતી. જીવન સ્તરને ઉંચે લાવવામા આ બધી સુવિધાઓ અનિવાર્ય છે. આ સગવડો પૂરતી છે, ઓછી છે કે સદંતર નથી તેના ઉપરથી સબંધિત સમાજની ખરેખરી સામાજિક સ્થિતિનો કયાસ નીકળે છે.

સર્વેક્ષણ દ્વારા એકત્રિત કરેલી માહિતી પરિશિષ્ટ-૩૬ થી ૩૬(૧૧) મા આપવામા આવેલી છે. પ્રત્યેક શહેરની અલગ અલગ વિગતો જોવા મળશે. આ વિગતો સંશોધકો, સમાજશાસ્ત્રીઓ, સામાજિક કાર્યકરો, સમાજ વૈજ્ઞાનિકો અને વહીવટકર્તાઓને ઘણી ઉપયોગી થાય એવી છે. ચાલુ સાલે છ શહેરોના મળી કુલ ૬૭૨ મહોલ્લા થાય છે. (અમદાવાદ કેન્ટોનમેન્ટ અને અમદાવાદ શહેરના મહોલ્લાની વિગતો સાથે છે) આમ શહેરદીઠ સરેરાશ ૧૧૨ મહોલ્લા ગણાય. મહોલ્લાની સખ્યાની દ્રષ્ટિએ અમદાવાદ, વડોદરામા આ સખ્યા વધુ છે. હરિજનોમા વધુ મહોલ્લા હોય ત્યા એમની વધુ વસતિ હોય અને તેમની વધુ જાતિઓ હોય એવુ સાધારણ ખરૂ

પડે એવું વિધાન કરી શકાય. આ બધા જ મહોલ્લામાં કેવી સુવિધાઓ હાલમાં છે તે હવે વિગતે જોઇએ.

## મહોલ્લાના વસવાટની સ્થિતિ :

શહેરના ભૌતિક વસવાટ વ્યવસ્થામાં હરિજન મહોલ્લા ક્યાં વસેલા છે, તેની આજુબાજુ શું શું આવેલુ છે તે સમજવું ભૌતિક અને સામાજિક આયોજનની દ્રષ્ટિએ ઘણું મહત્વનુ છે. વર્તમાન સર્વેક્ષણમાં હરિજન મહોલ્લા અન્ય જાતિથી અલગ અને દૂર, રાજકોટ, જામનગર, વડોદરા, સુરતમાં અમુક મહોલ્લા શહેરથી ઘણે દૂર લગભગ અલગ જેવા જોવા મળે છે. આવું જ કંઇક છેલ્લા સર્વેક્ષણમાં ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળ્યુ હતું. વસવાટ વિષયક જે સામાન્ય ચિત્ર નિષ્પન્ન થાય છે તે આ પ્રમાણે છે.

(૧) આ મહોલ્લામાં નવા ઘરો વસાવવા માટેની ખુલ્લી જગ્યા નથી. મૂળ જગ્યામાં વસતિ વધ્યા કરે છે. એક ઘરમાં પરણિત પુત્રો, પુત્રવધુઓ તેના સંતાનો જોવામાં આવે છે. (રાજકોટમાં દાસીજીવણ પરા) આસપાસની ગંદકી, જાહેર જાજરૂનો અભાવ, પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે ગંદી ચાલીઓ (વડોદરામાં પેન્શન પુરા) આ બધાથી હરિજન મહોલ્લાનુ વાતાવરણ ઘણું ગંદુ બની જાય છે. વળી, આ લોકોના વસવાટ નજીક ઉદ્યોગો હોવાથી આખું વાતાવરણ પ્રદુષણયુકત બની જાય છે. તેમાં ઉધનામાં તો પાણી પીવાના કૂવામાં પાણીનો રંગે લીલા કલરનો થઇ ગયો છે.

(૨) <u>આજુબાજુના વિસ્તારના લોકો હરિજન મહોલ્લા</u> નજીક કચરો ફેંકે (૪૩૭ મહોલ્લામાં ૬૭૨ માંથી) અને બીજી બાજુ ઉપર મચ્છર બેઠેલા હોય તેવું લીલા પાણીવાળુ ખાબચીયા જેવું તલાવડુ હોય (રાજકોટમાં થોરાળા વિસ્તાર ટોપખાના વિસ્તાર) ત્રીજી બાજુ ગંદકીમાં ભૂંડ આળોટતા હોય એવું પણ જોવામાં આવે છે. પાણીના નિકાલની વ્યવસ્થા આટલા મહોલ્લામાંથી ૪૭૦ (૬૯.૯૪ ટકા) મહોલ્લામાં છે. ૨૦૨ (૩૦.૦૬ ટકા) મહોલ્લામાં નથી.



(૩) ૧૩૬૩ ચમાર ભાઇઓ અને ૪૮૫ વણકરો પોતાનો પરંપરાગત વ્યવસાય કરે છે. પરંતુ ચમાર ભાઇઓને ચામડુ તૈયાર કરવા માટે કોઇ અલગ સગવડ નથી. વળી, કોઇ વધારાનો પ્લોટ પણ નથી. વણાટકામના વિસ્તૃતીકરણ માટે પણ અલગ જમીન કે મકાન નથી. એજ રીતે ભંગી કુટુંબોને વાંસ કામ કરવાની જોઇતી જગ્યા નથી.

(૪) હરિજન મહોલ્લા અન્ય જ્ઞાતિથી અલગ છે. ત્યાં નથી જાહેર સંડાસની પૂરતી વ્યવસ્થા, હરિજનો બીજા લોકોના વસવાટની સફાઇ કરે (નોકરીને લઇને) છે. અને પોતાના મહોલ્લામાં તો ઘણી જ ગંદકી. ૨૭૫ મહોલ્લાના લોકોએ જણાવ્યુ હતું. આજુ-બાજુના લોકો તેમના મહોલ્લાની આજુબાજુ જાજરૂ જાય છે.

આમ હરિજન મહોલ્લાના વસવાટનુ સ્વરૂપ એવું છે કે ત્યાં રહેનારાઓને ઉપર દર્શાવ્યા મુજબની ઘણી તકલીફો પડે છે. એક રીતે કહીએ તો આ બધુ તેને કોઠે પડી ગયુ છે. કેમકે અનેકવાર રજૂઆત કરવા છતાં કશુ જ થતુ નથી. ઘણી જગ્યાએ એવું જોવા મળયુ છે કે હરિજન કુટુંબો છેલ્લા દશથી પંદર વર્ષથી ખાલી જગ્યા જયાં હતી તેવા સ્થળોએ મકાન કે ઝૂંપડું બનાવી રહેવા લાગ્યા, પરંતુ જમીન તેમના નામે ન થવાથી એ લોકોના વસવાટમાં પાણી કે વીજળીનુ જોડાણ આપવામાં આવતુ નથી.

## મહોલ્લાના દીદાર :

ઉપર જણાવ્યુ તેમ હરિજન મહોલ્લામાં ઘણી મુશ્કેલી છે. આ તો હતી તેના વસવાટના ઢબની વાત, પરંતુ મહોલ્લામાં જે પ્રાથમિક જરૂરિયાત જોઇએ તેનો ઘણોજ અભાવ મહોલ્લામાં આવેલ સામાન્ય સુવિધા પરથી જોઇ શકાશે.

(૧) હરિજન મહોલ્લાને જોડતા રસ્તાઓમાં ૬૭૨ માંથી ૩૭૬ (૫૫.૯૫ ટકા) કાચા હતા અને ૨૯૬ (૪૪.૦૫ ટકા) પાકા હતા. એજ રીતે મુખ્ય રસ્તાથી હરિજન મહોલ્લાને જોડતા રસ્તામાં ૩૧૨ (૪૬.૪૩ ટકા) કાચા અને ૩૬૦ (૫૩.૫૭ ટકા) રસ્તા પાકા જાણવા મળયાં.

(૨) ૬૭૨ મહોલ્લામાંથી માત્ર ૧૭૮ (૨૬.૪૯ ટકા) મહોલ્લામાં પગથી છે એટલે કે ૪૯૪ (૭૩.૫૧ ટકા) પગથી નથી. એજ રીતે ૨૪૪ માં પથ્થર ઈંટ પૂરેલાં છે અને ૪૨૮ (૬૩.૭૯ ટકા) માં પથ્થર ઈંટ પૂરેલા નથી એટલે કાદવ કીચડ થયા કરે છે. જેની અસર આરોગ્ય ઉપર થાય છે. ૪૨૦ મહોલ્લાના લોકો જણાવે છે કે કાદવ થાય છે.

(૩) હરિજન મહોલ્લામાં ખુલ્લી અને ભૂગર્ભ એમ બન્ને પ્રકારની ગટરો છે. કોઇ જગ્યાએ નીક પણ બનાવી છે. ૪૭૦ (૬૯.૯૪ ટકા) મહોલ્લામાં ભૂગર્ભ ગટર છે. ૨૦૨ માં નથી. આવી ગટર ન હોવાથી તેમજ જે ગટર છે તે બરાબર ન હોવાના કારણે ૩૯૯ (૫૯.૩૮ ટકા) મહોલ્લાની આજુબાજુ પાણી ભરાય રહે છે.

(૪) એજ રીતે ૨૯૩ મહોલ્લાના લોકો જણાવે છે કે ત્યાં ભૂંડ બેસી રહે છે. ૩૬૮ મહોલ્લાના લોકો જણાવે છે કે આજુબાજુના વસવાટના લોકો પોતાના મહોલ્લાની આસપાસ ઉકરડા કરે છે. વળી એવું પણ જાણવા મળયુ કે શહેરનો જે કચરો છે તેનો નિકાલ હરિજન વસવાટોની આજુબાજુ વધારે પ્રમાણમાં થાય છે. આવું ૪૩૭ (૬૫.૦૩ ટકા) મહોલ્લાવાળાએ જણાવ્યુ. ૯૭ મહોલ્લા-વાળાએ એવું પણ જણાવ્યુ કે આજુબાજુમાં વસવાટ કરતાં અન્ય લોકો તરફથી સામાજિક રીતે દબાણ કરવામાં આવે છે.

(૫) જાહેર સામાજિક પ્રસંગોના અનુસંધાને પૂછતાં એવું જણાયુ કે ૫૧ મહોલ્લાની આજુબાજુના વિસ્તારોમાં સામાજિક-ધાર્મિક પ્રસંગો ઉજવી શકાય તેવી વાડી છે.તેમાંથી ૪૪ મહોલ્લાવાળા લોકોને આવી વાડીનો ઉપયોગ કરવા દેવામાં આવતો હતો.

પીવાના પાણીની વ્યવસ્થા :

પીવાના પાણીની સગવડતા અનુસૂચિત જાતિના મહોલ્લા અને કુટુંબોમાં બહુ સારી જોવા મળતી નથી.

(૧) ૫૦૧ મહોલ્લામાં ઘરમાં પાણી (નળની સગવડ) આવે છે. પાણી સવાર-સાંજ એમ બન્ને સમય મળે છે. સવારે ૧૨૯ મહોલ્લા-



વાળાને એક કલાક, ૮૦ ને બે કલાક અને ૨૯૨ મહોલ્લાવાળાને ત્રણ કલાક પાણી મળે છે. એજ રીતે સાંજે પણ ૧૭૬ મહોલ્લાવાળાને એક કલાક, ૩૦૫ ને બે કલાક અને ૨૦ મહોલ્લાવાળાને ત્રણ કલાક પાણી મળે છે.

(૨) ૬૭૨ માંથી ૪૧૨ મહોલ્લામાં પાણી માટેના સ્ટેન્ડ પોસ્ટ છે. ૨૬૦ માં નથી. જે ૪૧૨ મહોલ્લામાં સ્ટેન્ડ પોસ્ટ છે તેમાંથી ૧૬૪ માં એક સ્ટેન્ડ પોસ્ટ, ૧૦૭ માં બે સ્ટેન્ડ પોસ્ટ, ૬૮ માં ત્રણ સ્ટેન્ડ પોસ્ટ અને ૭૩ મહોલ્લા એવા જોવા મળયા કે જ્યાં ચાર સ્ટેન્ડ પોસ્ટ હતા. જે સ્ટેન્ડ પોસ્ટ છે તેમાંથી ૨૦૮ નુ કહેવું છે કે તે પૂરતાં છે. જ્યારે ૪૬૪ મહોલ્લાવાળાનુ કહેવું છે કે સ્ટેન્ડ પોસ્ટ પૂરતાં પ્રમાણમાં નથી. આથી બધા મળીને કુલ ૩૬૪ નવા સ્ટેન્ડ પોસ્ટની માંગણી કરી છે. ઘરે નળ અને મહોલ્લામાં સ્ટેન્ડ પોસ્ટ હોવા છતાં પણ અમુક ફરિયાદો જાણવા મળી.

(૧) સ્ટેન્ડ પોસ્ટ ઉપર પૂરતાં નળ નથી. જે નળ છે તે પણ તૂટેલી હાલતમાં છે. જેને કારણે સ્ટેન્ડ પોસ્ટની આજુબાજુ પાણી ભરાયેલુ રહે છે.

(૨) મહોલ્લામાં વધારે કુટુંબોનો વસવાટ હોય, સ્ટેન્ડ પોસ્ટ ઓછા હોય, વળી અમુક કુટુંબોનુ ઘરનુ અંતર સ્ટેન્ડ પોસ્ટથી વધારે હોવાથી પાણી લેવા જતા ખાસો સમય જાય છે.

(૩) અમુક સ્થળોએથી એવું પણ જાણવા મળયુ (રાંદેર) કે પાણી પૂરા ફોર્સથી આવતુ ન હોવાથી સ્ટેન્ડ પોસ્ટ ઉપર લાંબી કતારો થાય છે.

(૪) ૬૭૨ મહોલ્લામાંથી ૫૦૧ ઘરના નળેથી, ૧૫૫ સ્ટેન્ડ પોસ્ટથી અને ૧૬ કૂવાપરથી પાણી ભરતા હતાં.

(૫) એક હકીકત એ સારી જોવા મળી કે ૪૬૭ (૬૯.૪૯ ટકા) મહોલ્લાઓને પાણીનો પુરવઠો પૂરતો છે. આમ છતાં ૩૦.૫૧ ને પાણીનો પુરવઠો પૂરતો મળતો નથી તેમ જાણવા મળયુ.

(૬) જુદા જુદા સ્થળોએથી પાણી લેવા જતાં ૫૦૧ ને ૧ કિ.મી. સુધી, ૧૬૮ ને ૧ થી ૧૧ કિ.મી. સુધી અને ૩ મહોલ્લાવાળાને ૧૧ કિ.મી.થી પણ દૂર પાણી ભરવા જવું પડે છે. મોટાભાગના મહોલ્લાવાળાનું કહેવું છે (૩૧૧) કે પાણી ભરવા જવાનો રસ્તો કાચો છે. ૨૪૫ ને આ રસ્તો પાકો છે. જ્યારે ૧૧૬ નું કહેવું છે કે એ માટેનો રસ્તો જ નથી.

(૭) ૨૦૪ નું કહેવું છે કે પાણી ભરવા જવાના રસ્તામાં ચોમાસામાં પાણી ભરાય રહે છે.

(૮) ૬૭૨ મહોલ્લામાં એવું જાણવા મળ્યું કે આશરે ૨૦૪૧૫ કુટુંબોને પાણી માટેના નળ છે. જ્યારે ૨૭૮૦૭ (૫૭.૬૬ ટકા) કુટુંબોને પાણીના નળની સગવડતા નથી.

મહોલ્લામાં દીવાબત્તીની સગવડ :

સામાન્ય રીતે મહાનગરપાલિકામાં વીજળીની સુવિધા બધા વિસ્તારોમાં હોય છે. પરંતુ અનુસૂચિત જાતિના લોકો જ્યાં વસે છે અને તેમના નવા વસવાટો થતાં જાય છે ત્યાં આ પ્રાથમિક જરૂરિયાતની સગવડ કેવી છે તે તપાસતા નીચે પ્રમાણેની સ્થિતિ જોવા મળી.

(૧) સર્વેક્ષણમાં આવરી લીધેલા છ શહેરોના ૬૭૨ મહોલ્લામાંથી ૫૭૪ (૮૫.૪૨ ટકા) માં વીજળીની સગવડ છે. ૯૮ માં નથી. જેમાં કુલ કુલ મળી આશરે ૨૩૬૬ થાંભલા છે. ૨૯૫ મહોલ્લાવાળાનું કહેવું છે કે થાંભલા પૂરતાં છે. જ્યારે ૩૭૭ નું કહેવું છે કે થાંભલા પૂરતા નથી. ૩૭૭ મહોલ્લાવાળાએ આશરે નવા ૧૭૪૭ થાંભલાની માંગણી કરી છે.

નવા થાંભલાની માંગણી કરનારમાં એવું જોવા મળ્યું કે અમુક કુટુંબોએ નવો વસવાટ શરૂ કર્યો હોય, અમુક સ્થળોએ સ્થળાંતર કરીને બહારથી આવેલા કુટુંબો હોય, વળી એવું પણ જોવા મળ્યું કે મહોલ્લામાં જે વગ ધરાવતા અને વર્ચસ્વવાળી



જાતિઓ છે એ બાજુ થાંભલા હોય, જ્યારે જેનું જૂથ નાનું છે એ બાજુ થાંભલા અપૂરતાં હોય. જ્યાં થાંભલા છે ત્યાં પણ પૂરતાં બલ્બ કે ટયુબલાઇટ નથી. બલ્બ કે ટયુબ ઉડી જાય તો પણ સમયે બદલવામાં આવે તેવું ચર્ચા દ્વારા જાણવા મળ્યું.

(૨) ૬૭૨ મહોલ્લાના આશરે ૪૮૨૨૨ કુટુંબોમાંથી ૨૫૧૨૩ ને ઘરમાં લાઇટ છે, ૨૩૦૯૯ ને ઘરમાં લાઇટ નથી. ઘરમાં લાઇટનું જોડાણ ન હોવા માટે એવું જાણવા મળ્યું કે જે કુટુંબોના નામ પર રહેણાક જમીન નથી તેઓને લાઇટનું કનેકશન આપતા નથી. જો કે આવા કુટુંબોમાંથી મોટાભાગના તો આ જમીન પર મકાન બાંધી છેલ્લા ઘણા વર્ષોથી વસવાટ કરે છે.

મહોલ્લામાં શૈક્ષણિક / સમાજસેવાની સગવડો :

શિક્ષણ એ વ્યકિત વિકાસના પાયાનું કામ કરે છે. જો શિક્ષણનો વ્યાપ્ત વધારવો હોય, પછાત જાતિઓને શૈક્ષણિક રીતે આગળ લાવવી હોય તો પાયાના શિક્ષણમાં રહેલ બાલવાડી/ પ્રાથમિક શાળા વગેરે ખૂબજ જરૂરી છે. ચાલુ સાલે છ મહાનગર-પાલિકા આ અભ્યાસમાં લીધા છે. તેનું શૈક્ષણિક પાસુ મતલબ કે શૈક્ષણિક સગવડતા પૂરતી કે સંતોષકારક નથી. જે નીચેના ચિત્રથી વિશેષ જાણી શકાશે.

(૧) ૩૫૨ (૫૨.૩૮ ટકા) મહોલ્લામાં આંગણવાડી નથી. ૩૨૦ (૪૭.૬૨ ટકા) માં છે. બાળ વિકાસ માટે આંગણવાડી પણ મહત્વનું કામ કરે છે. જો મોટા શહેરોમાં આ ચિત્ર હોય તો નાના ગામડામાં શું હશે તે સહેજે કલ્પી શકાય તેવું છે. હરિજન બાળકોમાં શૈક્ષણિક પછાતપણું દૂર કરવા, તેમને નિયમિત નિશાળે આવતા કરવા માટે આંગણવાડી કેન્દ્રો જરૂરી જ નહિ બલ્કે અનિવાર્ય બની રહે છે.

(૨) માત્ર ૨૦૩ (૩૦.૨૧ ટકા) માં જ પ્રાથમિક શાળા છે, જ્યારે ૪૬૯ (૬૯.૭૯ ટકા) મહોલ્લામાં પ્રાથમિક શાળા નથી. તેઓના બાળકોને બીજા વિસ્તારની નિશાળોમાં જવું છે.

(અ) ૩૯૪ મહોલ્લાવાળાને ૦॥ કિ.મી., ૧૨૭ ને ૦॥ કિ.મી. જ્યારે ૧૫૧ મહોલ્લાવાળાના નાના બાળકોને પ્રાથમિક શિક્ષણ લેવા માટે ૧ કિ.મી. સુધી જવુ પડે છે.

(બ) ૨૬૧ મહોલ્લાના બાળકોને શાળાએ જતાં જુદી જુદી મુશ્કેલી પડે છે. રસ્તો ખરાબ (૨૬૧) ચોમાસામાં રસ્તામાં પાણી ભરાય રહેવુ (૨૭૩) જ્યારે ૩૧૨ મહોલ્લાવાળાને બસની સુવિધા નથી અને ૧૨ ને અન્ય અંતરાય નડે છે.

(૩) ૫૯૧ મહોલ્લામાં પ્રૌઢ શિક્ષણના વર્ગો ચાલતાં નથી.

(૪) ૩૯૯ માં યુવા મંડળ નથી.

(૫) ૫૦૨ માં મહિલા મંડળ નથી.

(૬) ૫૦૦ માં જ્ઞાતિના કોઇ મંડળ નથી.

(૭) માત્ર ૧૩ માં સવૈયાનાથ (હરિજન સંતની પાછળ બનાવેલ મંડળ) મંડળ છે.

(૮) એજ રીતે ૨૫ માં બીજા કોઇ મંડળો છે.

આનો અર્થ એ થયો કે બાલ, યુવા વિકાસ કે સામાજિક સંગઠનના પાયામાં જે કામ કરે છે તેવી સંસ્થા/મંડળો ખૂબજ ઓછા છે. એજ રીતે મહિલા કલ્યાણ કે જાગૃતિ અર્થે બહુ કામ થતુ જણાતુ નથી.

<u>મહોલ્લામાં જાહેર જાજરૂની સગવડતાઓ</u> :

જાજરૂ જવા માટેની વ્યવસ્થા અનુસૂચિત જાતિના મહોલ્લામાં બહુ ઓછી જોવા મળે છે. અગાઉના થયેલા સર્વેક્ષણ કરતાં આમાં બહુ ચિત્ર સારુ જણાતુ નથી.



(૧) ૩૮૭ મહોલ્લાવાળાને જાહેર જાજરૂની સગવડ છે, ૨૮૫ ને આ સગવડતા નથી. જેને કારણે બહાર ખુલ્લામાં હાજતે જવુ પડે છે. નાનાં છોકરાઓ તો ગમે ત્યાં રસ્તા પર બેસી જાય છે, પરંતુ સ્ત્રીઓને તો સવારમાં વહેલાં ઉઠી જનવ્યવહાર શરૂ થયા પેહેલા અથવા તો રાત્રિના મોડેથી હાજતે જવુ પડે છે.

(૨) ૩૮૭ મહોલ્લામાં જ્યાં જાહેર જાજરૂ છે તેમાંથી ૪૧ મહોલ્લાવાળાને તો ડબ્બા જાજરૂ છે. જેનો કાયદાકીય રીતે નિષેધ હોવા છતાં, ૮૪ માં ખાડા જાજરૂ છે જ્યારે ૨૬૨ માં ફ્લશ જાજરૂ છે.

૬૭૨ માંથી ૩૫૫ નુ કહેવુ છે કે જાહેર જાજરૂ પૂરતાં છે. જ્યારે ૩૧૭ મહોલ્લાવાળાને જાહેર જાજરૂ પૂરતા નથી.

(૩) ૩૮૭ માંથી ૨૬૯ જાહેર જાજરૂમાં પાણીના નળ છે. ૧૧૮ માં જાજરૂ સાથે પાણીનુ જોડાણ નથી. ૩૧૩ નુ કહેવુ છે કે જાહેર જાજરૂની બરોબર સફાઇ થાય છે. જ્યારે ૭૪/૩૮૭ નુ કહેવુ છે કે જાજરૂની સફાઇ બરાબર થતી નથી.

જાજરૂની અંગેની ઉપરોકત આંકડાકીય માહિતી છે. પરંતુ વાસ્તવિક રીતે જે જાજરૂ છે તેનુ ચિત્ર ધ્યાનાકર્ષક છે કેમકે જાજરૂ હોય પરંતુ તેને બારણા ન હોય, જે બારણા હોય તે પણ તૂટેલી હાલતમાં (રાજકોટ ટોપખાન વિસ્તાર) તેમાં પાણી આવતુ ન હોય, સફાઇ બરોબર થતી ન હોય વગેરે બાબતો દયા ઉપજાવે તેવી છે. આની સીધી અસરઆરોગ્ય ઉપર થાય છે. અમને લાગે છે કે આ દયનીય અને નર્કાકાર પરિસ્થિતિઓનો જ એક અલગ અભ્યાસ કરવો જોઇએ. કારણ કે શહેરની સફાઇ હરિજન લોકો કરે છે જ્યારે તેમના વિસ્તારમાં તો ચારે બાજુ ગંદકી જ જોવા મળે છે.

<u>મહોલ્લામાં તબીબી કર્મચારીની મુલાકાત</u> :

લોકોની સામાન્ય પ્રકારની આરોગ્યતા જળવાય રહે, તેને દવા વગેરે મળી રહે તે માટે મેલેરીયા કેન્દ્રો શરૂ કરવામાં

આવ્યા છે. જે મેલેરીયા કેન્દ્રના કર્મચારીઓ વિસ્તારે-વિસ્તારે ફરીને કુટુંબે - કુટુંબે ફરીને કુટુંબના સભ્યોના આરોગ્ય અંગેની પૂછપરછ કરે છે. આ સર્વેક્ષણમાં પણ આ અંગે તપાસ કરતા એવું જાણવા મળ્યુ કે ૪૭૭ મહોલ્લામાં આ કર્મચારીઓ મુલાકાત લે છે. જ્યારે ૧૯૫ મહોલ્લાના લોકોએ જણાવ્યુ કે મેલેરીયાના કર્મચારીઓ નિયમિત અને સમયસર મુલાકાત લેતા નથી. જ્યા નિયમિત મુલાકાત લેવાતી નથી તેવા વિસ્તારોમાં બે-ત્રણ માસની નોંધ એક સાથે કરી લેવામાં આવે છે તેવું જાણવા મળ્યુ.

મહોલ્લા માટે જાહેર સુવિધા :

(૧) ૭૯ મહોલ્લામાંથી કોઇને કોઇ મ્યુનિસિપાલિટીના સભ્ય છે.

(૨) ૫૩૦ મહોલ્લાને બસની સુવિધા છે.

(૩) જ્યારે હોસ્પિટલ અંગે પૃચ્છા કરતાં જાણવા મળ્યુ કે ૪૮૮ ને હોસ્પિટલ નજીક છે, ૮૬ ને ૧ કિ.મી. સુધી, ૫૨ ને ૨ કિ.મી. સુધી, અને ૪૬ મહોલ્લાવાળાને હોસ્પિટલ ૨ કિ.મી.થી પણ વધુ દૂર છે.

આમ ઉપરોકત ચિત્ર જોતાં ખ્યાલ આવશે કે સર્વેક્ષણમાં આવરી લીધેલા ગુજરાત રાજ્યના મુખ્ય શહેરો હોવા છતાં પાયાની સુવિધા સંતોષકારક નથી. આ સુવિધા અપૂરતી કે નહિવત છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. અનુસૂચિત જાતિના લોકો સામાન્ય સુવિધાથી વધારે વંચિત છે. મુખ્ય શહેરોના આંકડા જોઇને એવું તો જરૂર લાગે કે નાના ગામડામાં રહેતા હરિજનોની શું સ્થિતિ હશે. પ્રવર્તમાન સમયમાં આ દિશામાં સત્વરે નકકર પગલા લઇ તેઓ પણ સારી રીતે રહી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ તેવું જરૂર કહી શકાય.

સર્વેક્ષણમાં આવરી લીધેલ એક શહેર (રાજકોટ)ની સામાજિક આર્થિક શિક્ષણને લગતા પ્રશ્નો પરિશિષ્ટ-૩૭માં આપવામાં આવ્યા છે. જેને જોતા ખ્યાલ આવશે કે અનુસૂચિત જાતિના કુટુંબ મહોલ્લા અને જૂથલક્ષી માટે ઘણું કામ કરવાનુ બાકી છે.

.......

## પ્રકરણ - :૭:

### આર્થિક-સામાજિક-શિક્ષણ અને આરોગ્ય વિષયક જરૂરિયાતો

આપણે આગળ જોયુ તેમ અનુસૂચિત જાતિના લોકોની આર્થિક સ્થિતિ ઘણીજ નબળી છે. તેઓ અનેક પ્રકારના ધંધા રોજગારમાં પડયાં હોવા છતાં જીવનનિર્વાહ ચલાવવો ઘણો મુશ્કેલ બની ગયો છે. દિન-પ્રતિદિન તેઓના વ્યવસાયમાં પરિવર્તન થતુ જોવા મળે છે. આજે પરંપરાગત ધંધો કરતા હોય તેની સંખ્યા માત્ર ૮.૦૯ ટકા છે. તેઓની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય તે માટે આ સર્વેક્ષણમાં વિવિધ જરૂરિયાતના સંદર્ભમાં પૃચ્છા કરવામાં આવી છે કે જેથી સરકાર દ્વારા તેમના માટે જે જુદી જુદી યોજનાઓ ચાલે છે તેનો વ્યવહારૂ લાભ મળી શકે. તેઓને જરૂરી યોગ્ય સહાય આપવામાં આવે તો પોતાની રીતે ધંધો કરી આર્થિક રીતે ઉંચા આવી શકે.

(૧) વંશ પરંપરાગત ધંધા અંગેની જરૂરિયાત :

આગળ જણાવ્યુ તે પ્રમાણે હાલ વંશ પરંપરાગત ધંધો કરનારની માંગ (૮.૦૯ ટકા) સંખ્યા છે. અનુસૂચિત જાતિના કેટલાક કુટુંબો તેમના પરંપરાગત ધંધામાં ચમારો ચર્મોદ્યોગ સાથે, ભંગી લોકો વાંસ કામ સાથે જોડાયેલા હતા. આ લોકોની મુલાકાત દ્વારા એવું જાણવા મળ્યુ કે જે કુટુંબો આ ધંધા સાથે સંકળાયેલા છે તેઓ હવે લાંબો સમય સુધી આ ધંધા પર રહી શકે તેમ નથી. કારણ કે દિન-પ્રતિદિન આ ધંધામાં ઓટ આવતી જાય છે. આની પાછળ મહત્વનુ કારણ હોય તો તે નાણાંની સગવડતાનો અભાવ, ઘણા આગેવાનો પાસેથી જાણવા મળ્યુ કે આવા ધંધા માટે જો માલ-સામાન ચામડુ પકવવા કુંડની સગવડતા અને નાણાંકીય સવલતો મળે તો કુટુંબનુ ભરણ-પોષણ સારી રીતે થઇ શકે તેમ છે. એટલુ જ નહીં જે કુટુંબોએ પોતાનો વંશ પરંપરાગત ધંધો છોડી દીધો છે તેઓ ફરી પાછાં પોતાના મૂળ ધંધા કરવા પણ ઇચ્છે છે.

સર્વેક્ષણમાં જે ૧૮૪૮ કુટુંબો આ પ્રકારના વંશપરંપરાગત ધંધા સાથે સંકળાયેલા છે તેમને આ ધંધાના પ્રોત્સાહન અને વિકાસ માટે કયા પ્રકારની જરૂરિયાત તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ તપાસમાં આવરી લીધેલા કુલ કુટુંબોમાંથી ૧૮૪૮ કુટુંબોએ વંશપરંપરાગત ધંધા વિકાસ માટે વિવિધ પ્રકારની જરૂરિયાતો દર્શાવી હતી. આ જરૂરિયાતોમાં નાણાકીય સહાય, કાચોમાલ, સાધનો, તાલીમ, માર્ગદર્શન અને વેચાણનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ જરૂરિયાતોમાં અમુક કુટુંબોએ એકથી વધુ પણ જરૂરિયાતો દર્શાવી હોય તેવું પણ બન્યું છે.

તપાસમાં આવરી લીધેલા ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૧૮૪૮ કુટુંબોએ વિવિધ પ્રકારની જરૂરિયાતો દર્શાવી છે. ૫૪૮ (૨૯.૬૫ ટકા) કુટુંબોએ નાણાંની, ૫૩ (૨.૮૬ ટકા) કુટુંબોએ કાચામાલ અંગેની, ૩૯ (૨.૧૧ ટકા) કુટુંબોએ સાધનો, ૭૧ (૩.૮૫ ટકા) કુટુંબોએ તાલીમ, ૧૧૦ (૫.૯૬ ટકા) કુટુંબોએ માર્ગદર્શન અને ૧૯ (૧.૦૩ ટકા) કુટુંબોએ વેચાણની જરૂરિયાત દર્શાવી હતી.

શહેરવાર માહિતીનું પૃથક્કરણ કરતાં જણાયું છે કે આવી જરૂરિયાતો દર્શાવતા ઇસમોની સંખ્યા અમદાવાદ કેન્ટોનમેન્ટ શહેરમાં એક પણ ન હતી. જ્યારે અમદાવાદ (૪૯૮), જામનગર (૧૩), રાજકોટ (૫૩), વડોદરા (૩૦), સુરત (૨૫૪) હતી. શહેરોમાં વિવિધ જરૂરિયાત દર્શાવી હતી.

વંશ પરંપરાગત ધંધાની જરૂરિયાત દર્શાવતી શહેરવાર માહિતી પરિશિષ્ટ-૨૭ માં આપવામાં આવી છે.

(૨) ખેતી વિકાસ અંગેની જરૂરિયાત :

સર્વેક્ષણમાં આવરી લીધેલા ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૨૬ કુટુંબો ખેતીની જમીન ધરાવે છે. જે જમીન વધતા-ઓછા પ્રમાણમાં છે. તપાસ દરમ્યાન એવું જાણવા મળ્યું કે જે લોકો પાસે ખેતીની જમીન છે તેઓ પણ સારી રીતે ખેતી કરી શકતા નથી. તેની પાછળનું કારણ એવું જાણવા મળ્યું કે ખેતી કરવા માટેના જે જરૂરી



સાધનો જોઈએ તેની સંખ્યા ઓછી અથવા તો નહિવત હતી. આથી તપાસમાં ખેતી કરવામાટેના સાધનોની જરૂરિયાત અંગે માહિતી એકત્ર કરવામાં આવી હતી.

તપાસમાં જે કુટુંબો જમીન ધરાવતા નથી તેવા કુટુંબોને નવી જમીન અંગે અને જે કુટુંબો પાસે ખેતી છે તેને કેવા પ્રકારના સાધનો આપવામાં આવે તો સઘન ખેતી કરી ઉત્પાદનમાં વૃદ્ધિ કરી શકે તે અંગેની માહિતી એકત્રી કરતાં જણાયું હતું કે કુલ કુટુંબોમાંથી ૧૪ કુટુંબોએ ખેતી માટેની જમીન, ૨૬ કુટુંબો ખેતી ધરાવે છે તેમાંથી ૧૫ (૫૭.૭૦ ટકા) કુટુંબોએ જમીન સમતળ કરવા, ૬ (૨૩.૦૮ ટકા) કુટુંબોએ પાળા બાંધવા, ૫ (૧૯.૨૩ ટકા) કુટુંબોએ નાળા બાંધવા, ૧૨ (૪૬.૧૬ ટકા) કુટુંબોએ વાડ બનાવવા, ૧૧ (૪૨.૩૧ ટકા) કુટુંબોએ ક્યારી બનાવવા, ૧૪ (૫૩.૮૫ ટકા) કુટુંબોએ બિયારણની જરૂરિયાત, ૧૩ (૫૦.૦૦ ટકા) કુટુંબોએ ખાતરની જરૂરિયાત, ૧૩ (૫૦.૦૦ ટકા) કુટુંબોએ જંતુનાશક દવાની, ૧૪ (૫૩.૮૫ ટકા) કુટુંબોએ જમીનના હપ્તા ભરવા નાણાં, ૧૪ (૫૩.૮૫ ટકા) કુટુંબોએ પાક સંરક્ષણ માટે નિદર્શનની જરૂરિયાત દર્શાવી હતી. ખેતી વિષયક જરૂરિયાતની માહિતી પરિશિષ્ટ-૨૮ માં આપવામાં આવી છે.

ખેતી વિષયક જરૂરિયાત ઉપરાંત ખેતીના સાધનો અંગેની જરૂરિયાત તપાસ દરમ્યાન એકત્ર કરવામાં આવી હતી. આ માહિતી પરથી જોવા મળ્યું કે જે લોકો ખેતી ધરાવે છે તેમાંથી ૬ (૨૩.૦૮ ટકા) કુટુંબોએ લાકડાનું હળ, રાંપ, રાંપડી, સમાર, વાવણિયો, લોખંડનું હળ, પંપો મોધની માંગણી કરી હતી. ૧૧ (૪૨.૩૧ ટકા) કુટુંબોએ ગાડું ૬ (૨૩.૦૮ ટકા) કુટુંબોએ દવા છાંટવા સ્પ્રેયર તથા પંપની જરૂરિયાત દર્શાવી હતી. ખેતીના સાધનોની જરૂરિયાત અંગેની માહિતી પરિશિષ્ટ-૨૯ માં આપવામાં આવી છે.

તપાસ દરમ્યાન સર્વેક્ષણમાં ખેતી માટેના સિંચાઈના સાધનોની જરૂરિયાત અંગેની માહિતી એકત્ર કરતાં એવું જાણવા મળ્યું કે ૨૬ ખેતી કરતાં કુટુંબોમાંથી ૨ (૭.૭૦ ટકા) કુટુંબોએ ઇલેક્ટ્રીક

મોટર પંપ અને ૧ (૩.૮૫ ટકા) કુટુંબે ઓઇલ એન્જીનની જરૂરિયાત દર્શાવી છે. ખેતી માટેના સિંચાઇના સાધનોની જરૂરિયાત દર્શાવતી માહિતી પરિશિષ્ટ-૩૦ માં આપવામાં આવી છે.

શહેરવાર માહિતીનું પૃથ્થકરણ કરતાં એવું જોવા મળ્યું કે નવી ખેતી માટેની જમીનની જરૂરિયાત સુરત શહેરમાં વિશેષતઃ હતી. જ્યારે સૌથી ઓછી વડોદરા શહેરમાં હતી. અમદાવાદ, રાજકોટ, જામનગર શહેરોમાં જમીન અંગે એક પણ કુટુંબે માંગણી કરી ન હતી.

## (૩) શાકભાજી વાવેતર અને ફળાઉ ઝાડની જરૂરિયાત સંબંધી માહિતી :

શાકભાજી અને ફળાઉ ઝાડ ઉગાડવા સંબંધી માહિતી એકત્ર કરતાં જણાવ્યું કે ખેતીની જમીન ધરાવતાં ૨૬ કુટુંબોમાંથી સુરત શહેરના માત્ર ૫ (૧૯.૨૩ ટકા) કુટુંબો શાકભાજીનું વાવેતર કરવા ઇચ્છે છે. આ અંગેની માહિતી પરિશિષ્ટ-૩૧ માં આપવામાં આવી છે.

## (૪) પશુપાલન :

આ સર્વેક્ષણ શહેરી વિસ્તારનું હોય આથી પશુપાલન સંબંધી માહિતી નહિવત છે. આમ છતાં જે માહિતી ઉપલબ્ધ છે તે આ પ્રમાણે છે. અનુસૂચિત જાતિના લોકોનું આર્થિક જીવન જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે કે તેઓની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે. મોટા-ભાગના કુટુંબોને આજે એક કરતાં વધુ વ્યવસાયોનો આશરો લેવો પડે છે. તેમનો મુખ્ય ધંધો આજે મજૂરી થઇ ગયો છે. ઘણા કુટુંબો આર્થિક વૃદ્ધિ-દર માટે પશુપાલન પણ કરે છે. પરંતુ પોતાની આર્થિક સ્થિતિ નબળી હોવાથી પશુપાલનની માવજત સારી રીતે કરી શકતા નથી. તેમનો પરંપરાગત ધંધો દિવસે દિવસે મંદ પડતો જાય છે. આવા સમયે પૂરક રોજી મેળવવા માટે તેમને પશુપાલન અને તેની સાથે સંલગ્ન ઘાસ અને જરૂરી દવા આપવામાં આવે તો આવકમાં વૃદ્ધિ થશે.



તપાસ દરમ્યાન આવરી લીધેલા ૬૧૫૯૫ કુટુંબોને આવકના સાધન તરીકે અથવા તેમની આવકમાં વૃદ્ધિ માટે કોઇ પશુની જરૂર હોય તો તે અંગેની માહિતી એકઠી કરતાં જણાયું કે ૫૧ કુટુંબોએ ગાય, ૪૪ કુટુંબોએ ભેંસ, ૧૭ કુટુંબોએ બળદ, ૧૮૩ કુટુંબોએ મરઘાં-બતકાં, ૮૬ કુટુંબોએ ઊંટ, ૩ કુટુંબોએ પાડાની જરૂરિયાત દર્શાવી હતી.

શહેરવાર પશુપાલનની જરૂરિયાત અંગેની માહિતી પરિશિષ્ટ-૩૨ માં આપવામાં આવી છે.

## (૫) પરિવહનના સાધનોની જરૂર :

તપાસ દરમ્યાન સર્વેક્ષણમાં આવરી લીધેલા કુટુંબોને આવકમાં વધારો થાય તે માટે તેમને કોઇ સાધનની જરૂર છે કે કેમ તેની તપાસ કરતાં પરિવહનથી આવકની વૃદ્ધિ થાય તે માટે જુદી જુદી ૯૨૬૦ જરૂરિયાતો દર્શાવી છે. તેમાં ૨૭૫ (૦.૪૫ ટકા) કુટુંબોએ ઊંટલારી, ૪૦૮ (૦.૬૭ ટકા) કુટુંબોએ બળદગાડું, ૪૮૭૭૮ (૭.૯૨ ટકા) કુટુંબોએ ઓટોરીક્ષા, ૧૦૯૯ (૧.૭૯ ટકા) કુટુંબોએ ટેમ્પો, ૧૫૭૫ (૨.૫૬ ટકા) કુટુંબોએ હાથલારી, ૬૬૪ (૧.૦૮ ટકા) કુટુંબોએ રેંકડી, ૨૪૯ (૦.૪૧ ટકા) કુટુંબોએ પેડલરીક્ષા અને ૧૧૩ (૦.૧૯.. ટકા) કુટુંબોએ ઘોડાગાડીની માંગણી કરી હતી.

શહેરવાર નવા ધંધા અંગેની જરૂરિયાતની માહિતી પરિશિષ્ટ-૩૩ માં આપવામાં આવી છે.

## (૬) નવા ધંધા રોજગાર માટે તાલીમ :

નવા ધંધા રોજગાર ઉપરાંત ઘણી વ્યક્તિઓએ આધુનિક પ્રકારના વ્યવસાય માટેની જરૂરી તાલીમની ઇચ્છા દર્શાવી હતી. આ તાલીમ લેવાની ઇચ્છા ૮૮૯૪ કુટુંબના સભ્યોએ દર્શાવી છે. જેમાંથી ૨૫૯ કડિયાકામ, ૧૫૮ સુથારીકામ, ૨૧૩ વાંસકામ, ૫૧૧ ચર્મોદ્યોગ, ૫૧૧ વણાટકામ, ૩૧૧૩ ભરત-ગૂંથણ, ૨૪ મોલ્ડીંગની તાલીમની ઇચ્છા રાખી હતી. આ અંગેની વિસ્તૃત આંકડાકીય માહિતી પરિશિષ્ટ-૩૪ માં આપવામાં આવી છે.

ઉપરોક્ત આંકડા જોતા એક બાબત તો સ્પષ્ટ રીતે નજરે તરી આવે છે કે હવે અનુસૂચિત જાતિના લોકોમાં તદ્દન આધુનિક પ્રકારનો ધંધો તરફ વળવાનો ઝોક વધ્યો છે. સાથોસાથ ઘણા નવ-યુવાનોએ પોતાના પરંપરાગત ધંધા અંગેની તાલીમની માંગણી કરી છે. આ બધા જ પ્રકારની રોજગાર માટેની તાલીમમાં સીવણકામને અને વાયરમેનને બાદ કરતાં ચર્મોદ્યોગ (૫૧૧) વણાટ (૫૧૧) ની સંખ્યા વિશેષ રહી છે. જે દર્શાવે છે તેઓને હજુ પોતાનો પરંપરાગત ધંધો કરવાની ઇચ્છા છે.

શહેરવાર માહિતીનું પૃથ્થકરણ કરતાં જણાયું કે આવા પ્રકારની તાલીમની જરૂરિયાતની સૌથી વધુ સંખ્યા અમદાવાદ (૫૫૫) જામનગર (૨૬૦) અને વડોદરા (૧૨૧) શહેરોમાં હતી. સૌથી ઓછી સંખ્યા રાજકોટ (૫૩) સુરત (૫૧) અને અમદાવાદ કેન્ટોનમેન્ટ શહેરમાં હતી.

(૭) બેકાર મીલ કામદારોની જરૂરિયાત :

આ સર્વેક્ષણમાં છ શહેરોનો સમાવેશ થાય છે. અમદાવાદ શહેરમાં બેકાર મીલ કામદારોનો પ્રશ્ન ઘણો વિકટ બન્યો છે. તેને ધ્યાનમાં રાખીને બેકાર મીલ કામદારની જરૂરિયાત અંગે માહિતી એકત્રિત કરી હતી, કે જેમાં અમદાવાદ શહેરમાં ખાસ અમુક વિસ્તારની મુલાકાત લીધી અને તેમાંય તેમની જરૂરિયાત અંગે જાણવા મળ્યું હતું કે આ બેકાર મીલ કામદારોએ રીક્ષા, ટેમ્પો, સીવણ, ઇલેક્ટ્રીશીયનના ધંધા માટે, અંબરચરખા, સ્ક્રીન પ્રિન્ટીંગ, ચર્મોદ્યોગ, કાપડની ફેરી, રેડીમેડ કાપડના ધંધા માટે વાયરમેનના ધંધા માટે, ઓટો રીપેરર, કડિયા કામ, સુથારી-કામ, વણાટકામ અને રેડિયો રીપેરરના ધંધા માટે મદદની માંગણીઓ કરી હતી.

(૮) રહેઠાણ અંગેની જરૂરિયાત :

અગાઉ પ્રકરણ-૫ માં આપણે જોયું તેમ અનુસૂચિત જાતિના લોકો માટે રહેઠાણનો પ્રશ્ન ખૂબજ વિકટ છે તપાસ દરમ્યાન રહેઠાણ અંગેની જરૂરિયાત પૂછતાં જાણવા મળ્યું કે કુલ કુટુંબમાંથી



૩૯૯ (૦.૬૫ ટકા) કુટુંબોને ઘરથાળનો પ્લોટો મળ્યા છે. તેમાંથી ૩૭૧ (૯૨.૯૮ ટકા) કુટુંબોએ ઘરથાળના પ્લોટો ઉપર બાંધકામની જરૂરિયાત દર્શાવી હતી. કુલ કુટુંબોમાંથી ૨૯૧૭૧ (૪૨.૪૯ ટકા) કુટુંબોએ નવા મકાનની જરૂરિયાત દર્શાવી હતી. જ્યારે ૧૧૫૧૬ (૧૮.૭૦ ટકા) કુટુંબોએ ભાંગેલ-તૂટેલ હાલતના મકાનને સમારકામ કરવાની જરૂરિયાત દર્શાવી હતી.

આ ઉપરાંત આગળ આપણે જોયું તેમ સામાન્ય સુવિધાઓ જેમકે હવા-ઉજાસ માટેના બારી-બારણા, પાણી, પાણીના નિકાલની વ્યવસ્થા વગેરેનો અભાવ છે. આ બાબતને ધ્યાનમાં રાખી મકાનની અંદર સુવિધા માટે પૂછતાં જાણવા મળ્યું કે તપાસમાં આવરી લીધેલા ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૨૯૯૮૧ (૪૮.૬૮-ટકા) કુટુંબોએ અજવાળિયા, ૨૩૦૭૭ (૩૭.૪૭ ટકા) કુટુંબોએ નળનું જોડાણ, ૨૪૯૯૨ (૪૦.૫૮ ટકા) કુટુંબોએ નિર્ધૂમ ચૂલા, ૨૩૬૮૩ (૩૮.૪૫ ટકા) કુટુંબોએ નાવણિયું ૨૨૩૭૪ (૩૬.૩૩ ટકા) કુટુંબોએ વીજળી, ૨૬૯૭૧ (૪૩.૭૯ ટકા) પાણીના નિકાલની વ્યવસ્થા, ૨૭૫૩૦ (૪૪.૭૦ ટકા) કુટુંબોએ બારી-બારણાં અને ૨૭૦૨૭ (૪૩.૯૫ ટકા) કુટુંબોએ પાણીયારા અંગેની જરૂરિયાત દર્શાવી હતી. શહેરવાર રહેઠાણ અંગેની જરૂરિયાતની માહિતી પરિશિષ્ટ-૩૫ માં આપવામાં આવી છે.

(૯) ખોડ-ખાંપણ અંગેની જરૂરિયાત :

તપાસમાં આવરી લીધેલા કુટુંબોની ૩૨૧૪૬૨ વ્યક્તિઓમાંથી ૯૧૩ (૦.૧૮ ટકા) વ્યક્તિઓ જુદી જુદી ખોડ-ખાંપણ ધરાવતી હતી. આમાંની કેટલીક વ્યક્તિઓ પોતે સ્વનિર્ભર રીતે રહી શકે તે માટે જુદી જુદી જરૂરિયાતો દર્શાવી હતી. આવી કુલ જરૂરિયાતો ૨૩૦ છે. આમાં ૫૩ (૫.૮૧ ટકા) પોતાની અપંગતા માટેના સાધનોની માંગણી કરી હતી. ૮૨ (૮.૯૧ ટકા) ધંધા રોજગાર કરવા માટે નાણાંકીય સહાયની ઇચ્છા રાખી હતી. ૫૩ (૫.૮૧ ટકા) વ્યક્તિઓએ સારવાર માંગી છે. જ્યારે ૪૨ (૪.૬૦ ટકા) વ્યક્તિઓએ વ્યવસાયિક તાલીમની જરૂરિયાત

દર્શાવી હતી. આ ઉપરાંત તપાસ કરતાં જાણવા મળ્યુ કે ૩૬૧૧ (૧.૧૩ ટકા) વ્યક્તિઓએ આરોગ્ય અંગે સારવારની તેમજ ૨૫૫૩ (૦.૮૦ ટકા) વ્યક્તિઓએ દવા ખરીદવા માટે આર્થિક (નાણાકીય) સહાયની જરૂરિયાત દર્શાવી હતી.

શહેરવાર માહિતીનુ પૃથ્થકરણ કરતાં જણાશે કે સૌથી વધુ આવા પ્રકારની જરૂરિયાતો અમદાવાદ અને વડોદરામાં હતી. અને સૌથી ઓછી સુરતમાં હતી. જ્યારે અમદાવાદ કેન્ટોનમેન્ટ, જામનગર, રાજકોટમાં એકપણ વ્યક્તિએ આ અંગેની જરૂરિયાત દર્શાવી ન હતી. દવા માટેની આર્થિક સહાયની માંગણી અમદાવાદ, વડોદરા અને સુરત શહેરમાં હતી. જામનગર, રાજકોટમાં ઓછામાં ઓછી આરોગ્ય અંગે સારવાર અને દવા માટેની સહાયની માંગણી દર્શાવી છે.

ઉપર પ્રમાણેની આરોગ્યની અને તેનાથી જે લોકોને લાભ મળયો છે તેની વિગત જોતાં સ્પષ્ટ થશે કે અનુસૂચિત જાતિના લોકો માટે આ દિશામાં ઘણુ કરવાનુ બાકી છે અને કામની સાથોસાથ એક મહત્વનુ અને પાયાનુ કામ એ કરવાનુ રહે છે કે જેને કારણે આ લોકોનુ સ્વાસ્થ્ય કથળે છે તેમનાથી પણ તેમને બચાવવા સક્રીય પગલા લેવા જોઇએ, ટૂંકમાં, તેઓનુ આરોગ્ય સારુ રહે તે માટે પાયાથી કામ આરંભવુ પડશે કે જેથી ભવિષ્યની પેઢી મહારોગથી બચી શકે.

..........

# પ્રકરણ - :૮:

## છ શહેરોના હરિજનોની સ્થિતિ વિશેનો ચિતાર

### અમદાવાદ શહેર :

### વિસ્તાર :

### ગિરધરનગર :

ગિરધરનગર અમદાવાદ રેલ્વે સ્ટેશનથી ઉત્તર દિશામાં ૪ કિ.મી.ના અંતરે આવેલુ છે. ન્યુ સિવિલ હોસ્પિટલના મુખ્ય રસ્તા પરનો વિસ્તાર છે.

આ વિસ્તારમાં અનુસૂચિત જાતિના રહેઠાણો કુલ ૫દર મહોલ્લામાં આવેલા છે. જેની અંદર ૮ જેટલી હાઉસીંગ સોસાયટીઓનો પણ સમાવેશ થાય છે, ચાર ચાલીઓ છે.

હરિજનોની વસ્તી ઘણી છે. જેમાં કુલ વસ્તીના ચમાર ૪૦ ટકા, નાડિયા ૧૦ ટકા, વણકર ૧૫ ટકા છે અને બાકીના સોલંકી, પરમાર અને અન્ય જ્ઞાતિના લોકો રહે છે.

વિસ્તારના મૂલ્યાંકનના આધારે આંગણવાડી, દવાખાના, પ્રાથમિક તથા માધ્યમિક સ્કૂલની સગવડ છે.

અભ્યાસ કરતાં માલુમ પડ્યુ કે ચમાર જ્ઞાતિના હરિજનો નોકરીમાં વધારે છે. જ્યારે નાડિયા, વણકર, ગરોડા જ્ઞાતિના હરિજનો મજૂરી, મીલ કામદાર, રીક્ષા ચલાવવી વગેરે કામગીરી કરે છે.

અંદાજે ૪૦ ટકા હરિજનો હાઉસીંગ સોસાયટીમાં રહે છે. જેઓની ઘેર રેડિયો, આધુનિક ફર્નિચર, બાથરૂમ વગેરે જોવા મળે છે: શિક્ષણનુ પ્રમાણ આ કુટુંબોમાં ઠીક ઠીક છે. ૧૦ થી ૧૨ ધોરણ સુધી શિક્ષણ લીધા પછી છૂટક મજૂરી કરે છે. અહીં હરિજન કુટુંબો જે ચાલીમાં વસે છે એમના ઘરો સામાન્ય છે. અમુક ઘરોમાં

પ્લાસ્ટિક ચોટાડવામાં આવ્યુ છે. અને એકજ રૂમમાં રસોડુ, રહેવાનું, બાથરૂમ તથા અન્ય સાધનો ગોઠવાય છે.

અહીંની મોટાભાગની વસ્તી સાબરકાંઠા અને મહેસાણામાંથી સ્થળાંતર કરીને સ્થાયી બનેલી છે. આવા ઘરમાં એકાદ વ્યક્તિ કમાય છે અને અન્ય છૂટક મજૂરી કરીને આવક મેળવે છે. આર્થિક રીતે હાઉસીંગ સોસાયટીમાં રહેતા હરિજનો કરતાં ચાલીઓમાં રહેતા હરિજનોના કુટુંબોની પરિસ્થિતિ દયાજનક છે. આ અનાજ વગેરેની ખરીદી કરીને જીવન ગુજારે છે. એ મૂળ ધંધો છોડી મીલ મજૂરી વગેરે કામ કરે છે. હાલના આ વિસ્તારોમાં ઘણા કુટુંબો મિલમાં કામ કરતા કામદારો મીલ બંધ થવાના કારણે બેકાર થયા છે.

ચાલીઓમાં વીજળીના થાંભલા અનિવાર્ય હોવા જોઇએ છતાં થાંભલા પૂરતા નથી. ગટરમાં રહેલુ પાણીનો નિકાલ થવો જોઇએ અને ચોમાસામાં ભરાયેલા પાણીથી મલેરીયા જેવા રોગો થવાનો ભય છે. આ રીતે આ વિસ્તારમાં ઘણી બધી પાયાની જરૂરિયાતોની જે અપૂરતી વ્યવસ્થા છે તેના માટે જરૂરી પગલાં ભરવાની ખાસ જરૂર જણાય છે.

રખિયાલ :

રખિયાલની અંદર હરિજનોની વસ્તી ૨૭ મહોલ્લામાં વહેંચાયેલી છે. અહીં ચમાર, વણકર અને ભંગી જ્ઞાતિના હરિજનો મુખ્યત્વે જોવા મળયાં. મહોલ્લા પ્રમાણે વહેંચણી કરતાં ૧૭ જેટલી ચાલી છે. ત્રણ ઝૂપડપટ્ટીના વિસ્તાર છે. જેમાં અન્ય જાતિના લોકો પણ રહે છે.

રખિયાલ વિસ્તારના હરિજનો અલગ અલગ પ્રકારના કામ કરે છે. જેવા કે મીલમાં, મજૂરી, નોકરી, દરજીકામ, રીક્ષા ભાડે ફેરવવી, કારખાનામાં છૂટક મજૂરી કરવી તેમજ સરકારી ખાતામાં પોલિસ, કસ્ટમ તથા મ્યુનિ. કોર્પોરેશનમાં નોકરી કરે છે. હરિજનોનો ૮૦ ટકા વસવાટ ચાલીઓની અંદર આવેલા છે. ચાલીમાં ઘરો સામાન્ય છે. પાંચ જેટલી ચાલીઓમાં હજી



વીજળીની સગવડ પણ થયેલી નથી. બાકી બીજી ચાલીઓમાં કનેકશન મળયુ છે, પરંતુ વીજળી આપવામાં આવી નથી.

આવક મેળવવા માટે આર્થિક સરકારી મદદ મેળવવા ફોર્મ ભર્યાં છે, પરંતુ કંઇ લાભ મેળવ્યો નથી. ઉપરાંત આવક મેળવવા લારી ચલાવવાનો ધંધો તથા છૂટક મજૂરીમાં ઘણા હરિજનો છે. જે છૂટક આવક પોતાના જીવનનિર્વાહ પૂરતી નથી.

ઉપરાંત ઝૂપડપટ્ટીના વિસ્તારમાં રહેતા હરિજનો માટે કોઇ સગવડ કરી નથી, રોગચાળો ફેલાવાનો ઘણોજ ભય છે. અહીં કાચા રસ્તાઓ છે, રસ્તાની અમુક જગ્યાએથી કચરો ખસેડવામાં પણ આવતો નથી. છાપરાવાળા ઘરોમાં રહેવા માટે ઘણી મુશ્કેલીઓ છે. ચોમાસામાં એમના ઘરોમાં પાણી આવતુ હોય છે. પીવાના પાણી માટે પણ મુશ્કેલી છે. પાણી માટે મ્યુનિ. નળ પણ પૂરતા નથી. આ વિસ્તારમાં પાણીના સ્ટેન્ડની જોગવાઇ કરવી જરૂરી છે.

ઘરે રહેતી સ્ત્રીઓ સીવણકામ, અગરબત્તી બનાવવી, બીડી બનાવવી, ઇલેક્ટ્રીક બટનો ગોઠવવા વગેરે વગેરે ધંધાઓમાં કામ કરે છે. આરોગ્યની સુવિધા માટેના કોઇ લાભ હરિજનોને મળતા નથી. ૧૦ ચાલીઓમાં હાજત (સંડાસ) જવા માટે વ્યવસ્થા નથી. શિક્ષણની દ્રષ્ટિએ બાલવાડી તથા હાઇસ્કૂલ પણ આવેલી છે. હરિજનના બાળકો શિક્ષણ ૧ થી ૭ ધોરણ સુધી લે છે. આગળ બહુ ઓછા અભ્યાસ કરે છે. આ રીતે જોતા આ વિસ્તારમાં પાયાની સુવિધા કરતાં પાયાની મુશ્કેલીઓ (સમસ્યા) ઘણીજ જોવા મળી હતી.

ચમનપુરા :

ચમનપુરાને નવા અને જૂના ચમનપુરા એવા બે ભાગ છે તથા તેને નવા કલાપીનગરના નામે પણ ઓળખાય છે. આ વિસ્તારની સાથે મેઘાણીનગરનો પણ સમાવેશ થાય છે. એ ન્યુ સિવિલની પૂર્વ દિશામાં ૪ કિ.મી. દૂર આવેલુ છે. ચમનપુરાના કુલ ચાર

વિભાગ છે. જે ઉપર દર્શાવવામાં આવ્યા છે. અહીં કુલ વિસ્તારના ૨૧ મહોલ્લાઓમાં હરિજનોની વસ્તી આવેલી છે. જેમાં ચાર જેટલી ચાલીઓ છે. ૧૩ વિકાસ પામતા નવા નગરો છે. બે ટ્રસ્ટ છે, એક આંબેડકર ટ્રસ્ટ તરીકે ઓળખે છે.

અહીં શરૂઆતમાં રસ્તાઓ પાકા જોવા મળ્યા પણ હરિજનવાસમાં પ્રવેશતા રસ્તા કાચા જોવા મળ્યા. આ વિસ્તારમાં યુવા મંડળ, મહિલા મંડળો તથા હાઇસ્કૂલ સુધીનુ શિક્ષણ પણ આપવામાં આવે છે. બાલવાડી તથા આંગણવાડી પણ છે.

ચમનપુરા વિસ્તારના મ્યુનિસિપલ નિરંજનનગરમાં મહોલ્લાની આજુબાજુમાં અન્ય લોકોનુ સામાજિક દબાણ છે. જે જ્ઞાતિમંડળનુ દબાણ છે. ખાસ કરીને વાઘરીઓનુ દબાણ છે. ગામની અંદરના હરિજનવાસમાં વીજળીની સુવિધા નથી. અહીં દરેક જાતના લોકોએ આવીને વસવાટ કરેલો છે. પરિણામે અસ્પૃશ્યતાનુ પ્રમાણ ઓછા-વત્તા પ્રમાણમાં જોવા મળે છે. આ વિસ્તારમાં પાણીનો ગંભીર પ્રશ્ન છે.

અહીં પટેલ, ઠાકોર, બ્રાહ્મણ, હરિજન, ભંગી, વાઘરી તથા અન્ય ઘણી જાતો સ્થાયી થયેલી જોવા મળી હતી. પોસ્ટ, ટેલિગ્રામ ઓફિસ, બજારો, હોટલો, પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ આવેલી છે અને દવાખાના, ખાનગી તથા સરકારી છે. મંદિર મસ્જિદ, લાયબ્રેરી, વોટર વર્કસની સગવડો પણ જોવા મળી છે. અહીંથી હરિજનો નોકરી અને મીલ કામદાર કે કારખાનામાં મજૂરી કરે છે.

રસ્તા પર પાણીની સગવડની જરૂર છે. અહીના હરિજન વાસમાં શિક્ષિત અને અભણ બેકાર છે. અહીં બીજો કોઇ પૂરક ધંધો જોવા મળતો નથી. હરિજનોના નિવાસની બાજુમાં કચરાનો ઉકરડો છે. જે સફાઇ અમુક દિવસોમાં જ થાય છે. ખુલ્લી ગટર લાઇનનો પ્રશ્ન છે. ચોમાસામાં કાદવ થતો હોય છે, તેને માટે પથ્થર ઈંટ પૂરવા અનિવાર્ય રહ્યા છે. હરિજન (ભંગી) રહેઠાણનો પ્રશ્ન છે. એમની વધતી વસ્તી ઉપર નિયંત્રણ પણ હોવુ જોઇએ.



રહેઠાણની જગ્યા પૂરતી નથી. આ રીતે માનવીને શાંતિ માટે ઘર એ અનિવાર્ય છે. તેના માટે યોગ્ય વ્યવસ્થા મહત્વની બની રહે.

<u>કાંકરિયા :</u>

ગુજરાતમાં કાંકરિયાનુ નામ ન સાંભળ્યુ હોય એવુ નથી. કાંકરિયા ઝૂ, બાલવાટિકા, કાંકરિયા તળાવ વિગેરે છે. ઉપરાંત આબાદ ડેરી પણ નજીક છે.

કાંકરિયા વિસ્તારમાં કુલ ૧૭ મહોલ્લાઓ આવેલા છે. જેમાં બે જેટલી ચાલીઓમાં અનુસૂચિત વસે છે અને બાકીના મ્યુ. ક્વાટર્સ, હાઉસીંગ સોસાયટી, તેમજ નવા નગરો ખમાપુરા, મજૂરગામ, માણેકપુરા, ગોહિલનગર અને આર્યનગરોના વિસ્તારમાં હરિજનોની વસ્તી આવેલી છે.

અહીં દવાખાના, અર્ધ સરકારી તથા સરકારી ઓફિસો આવેલી છે. પ્રભાલક્ષ્મી પ્રસૂતિગૃહ આવેલુ છે. આ ઉપરાંત મ્યુ. ના સભ્ય પી. ડી. વાઘેલા, કાન્તીલાલ ચૂનારા, સિરાજુદ્દીન એસ. કાઝી, તથા હીરાચંદ સભ્યો પણ આ વિસ્તારમાં વસે છે.

આ વિસ્તારમાં રહેતા હરિજનો વિવિધ પ્રકારની જ્ઞાતિના રહે છે. આ વિસ્તારમાં જે વણકર, ચૌહાણ, પટણી, જાડેજા, પરમાર, હરિજ, સાંડયા, માવડા, નાયક, ગોહિલ, લડવા, મકવાણા, પથવાં, બેગડા, દૂર્લેશ, શેખા વિગેરે હરિજનોના ઘરો આવેલા છે. પટણી જાતિના હરિજનો મજૂરી, વણકર, પથવા, દૂર્લેશ, શેખા, ચૌહાણ વિગેરે નોકરી કરે છે અને ગોહિલ જ્ઞાતિના હરિજનો કડિયાકામ કરે છે. બાકી જ્ઞાતિ હરિજનો વિવિધ ધંધામાં જોડાયેલા છે.

કાંકરિયા વિસ્તારમાં ગવર્મેન્ટ તરફથી પૂરી સગવડ પ્રાપ્ત કરેલી છે. સુતરિયા મંદિરની ચાલીમાં હરિજનો થોડા પછાત છે. જે લોન માટે માંગણી કરી છે છતાં લોન મળી નથી.

કાંકરિયા વિસ્તારમાં લાઇટ તથા પાણીની સગવડ પૂરી મળી રહે છે. શિક્ષણની દ્રષ્ટિએ પણ હરિજનો આગળ છે. અહીં હરિજનો ઉપર કોઇ અત્યાચાર થયેલ નથી. તથા આભડછેટ પણ જોવા મળ્યુ નહિ, અહીં લોકો નોકરી કે પોતાના અંગત ધંધામાં રોકાયેલા છે.

હરિજનોની વસ્તી પણ વધતી જાય છે. ઘરોમાં રહેતા તેઓ બીજી જગ્યાએ જગ્યા માટે કે મકાનો મેળવવા પ્રયત્ન કરે છે. આર્થિક રીતે તેઓ આગળ પડતા છે. આ વિસ્તારના રહેતા હરિજનો માટે કોઇ મુશ્કેલીના પ્રશ્ન નથી. સોસાયટીમાં વસતા હરિજનો માટે પાણી-વીજળી સમયસર મળી રહે છે. જાજરૂની સગવડ પણ રહેલી છે. જેમાં નિયમિત સફાઇ થતી જોવા મળે છે. આમ છતાં

(૧) વરસાદના કારણે ચોમાસામાં પાણી ભરાઇ રહે છે. જયાં અમુક વિસ્તારમાં ગંદકી ફેલાય છે. જે દૂર કરવી જરૂરી છે.

(૨) હરિજનોની એકંદરે આર્થિક તથા સામાજિક રીતે પછાત નથી.

(૩) ઉકરડા છે જેમાં અમુક સમય પછી કચરો ફેંકી દેવો જરૂરી છે.

<u>વાડજ</u> :

અમદાવાદ શહેરમાં વાડજ વિસ્તારમાં અનુસૂચિત જાતિની વસ્તી આશરે ૩૫ થી ૪૦ હજારની હશે. જેમાં ૧૫ હજાર જેટલા મતદારો છે. આ વિસ્તારમાં સાત સોસાયટીઓ આવેલી છે. જેમાં પાકા મકાનો જોવા મળે છે. વિવિધ પ્રકારની નોકરીમાં તથા સામાન્ય કોન્ટ્રાકટરના ધંધાની સાથે સંકળાયેલા છે. મોહન પુરષોતમની ચાલી, શુકલની ચાલ, ગોપાલનગર, ગોવિંદ પટેલની ચાલ, આ ચાલીઓમાં મોટેભાગે મીલ કામદારો તથા બાંધકામની મજૂરી કરતા કુટુંબો રહે છે. આ ચાલીઓ અને સોસાયટીઓમાં શિક્ષણનુ પ્રમાણ સારૂં જોવા મળે છે. ચમારો પણ રહે છે. ચમારો ચર્મોધોગ સાથે સંકળાયેલા છે. સાથે સાથે



ગાંધીનગર - ઠકકર બાપાનગરમાં બહેનો હાથ સિલાઇ દ્વારા કાપડમાં ફૂલ-વેલ તથા ભરત ગુંથણનો સારો ધંધો વિકાસ પામ્યો છે. એક બહેન વાંધની કલાકારીગીરીના સંદર્ભમાં અમેરિકાનો પ્રવાસ પણ કરી આવ્યાં છે.

આ વિસ્તારમાં ગંદકીનુ પ્રમાણ વધુ જોવા મળ્યુ. નાની-નાની ચાલી ટાઇપની ઓરડીઓ બનાવીને એક નાના રૂમમાં છથી સાત વ્યકિતઓ રહેતી હોય છે. આ વિસ્તારમાં કેટલાક વર્ષતથી પ્રાથમિક જરૂરિયાત અંગે ધ્યાન આપવામાં આવતુ નથી. રબારી-ભરવાડોનો ત્રાસ છે. જે જમીન પર હરિજનોના મકાન છે તે જમીન રબારીઓની છે તેવુ કહેતા અને તેનુ ભાડુ પણ ઉઘરાવતા હતાં. હવે તેઓ ધીમે ધીમે બંધ થઇ ગયા છે. આ વિસ્તાર ખાડા-ટેકરાવાળો છે. ટેકરા ઉપરથી એ લોકોએ નદીના વાંકરાઓમાં પણ છાપરા બનાવવા માંડયા છે. દિન-પ્રતિદિન ઝૂપડપટ્ટીઓનુ પ્રમાણ વધતુ જાય છે.

આ વિસ્તાર (રામદેવપીરનો ટેકરો) ઘણો ઉંચો હોવાથી પાણી ઓછુ મળે છે. પાણીની ગતિ ઘણીજ ધીમી હોય છે. પાણીના નળો ઘેર-ઘેર આપવા માટે તથા જાજરૂ ૨૦/૮૦ મ્યુ.સ્કીમ મુજબ હવે વધુ બનતા જાય છે. જે પોતાના માલિકીના છે તે વિભાગમાં લાઇટના થાંભલા છે. લાઇટ ઘણી ઓછી વ્યકિતને ઘેર છે. ચોમાસામાં પાણીનો ખૂબજ ભય છે. જાહેર જાંજરૂની સગવડ ઓછી હોવાથી લોકો નદી-નાળાનો ઉપયોગ કરે છે. ચોમાસામાં મચ્છર કાદવ-ગંદકી-ઢોરનો ખૂબજ ત્રાસ છે.

<u>દૂધેશ્વર</u> :

દૂધેશ્વર વિસ્તારમાં અનુસૂચિત જાતિના નાના-મોટા ૨૪ વિસ્તાર આવેલા છે. આ વિસ્તારમાં ભંગી મોટેભાગે મ્યુ.કર્મચારી તરીકે સેવા આપે છે. ને બાકીના ચમાર-વણકર જ્ઞાતિના લોકો લારી ફેરવવાનુ-બાંધકામ મજૂરી, મ્યુ. મજૂર તરીકે મજૂરી કરે છે. ફેકટરી કે કારખાનામાં પણ મજૂરી કરે છે. મીલ કામદારો પણ જોવા મળે છે. મકાનની બાબતમાં ખૂબજ ઓછુ જોવા મળે છે.

પાણી-ગટર અને જાજરૂની આ વિસ્તારમાં ખૂબજ મુશ્કેલી છે. લોકોની આ અંગે ઘણી ફરિયાદ હતી. બહેનોના માટે ઘણીજ મુશ્કેલી છે. આ બાબતમાં મ્યુ. પાલિટીમાં ઘણીવાર લખવા છતાં આ બાબતમાં કંઇ થતુ નથી.

આ વિસ્તારમાં ગંદકીનુ પ્રમાણ ખૂબ છે. મ્યુ.પાલિટીના સેવક કોઇ સાફ કરવા આવતુ નથી. ૭૫ ટકા લોકોએ ૨૦/૮૦ સ્કીમનો લાભ લીધો છે. બાકીના લોકો નદીના પટમાં જાય છે. આ રીતે આ વિસ્તારમાં પ્રાથમિક જરૂરિયાતની ઘણીજ મુશ્કેલી
મળી આ મુશ્કેલી માટે અવાર-નવાર લાગતા વળગતા
જોવા/અધિકારીઓને કચેરીઓમાં ફરિયાદ કરી પણ કોઇ ઉપાય થતો નથી. ટૂંકમાં કોઇ સાંભળવા તૈયાર નથી. આજ આ હરિજનોની મજબૂરી છે.

જામનગર શહેર :

વિસ્તાર :

ભીમવાસ :

જામનગરના જૂના રેલ્વે સ્ટેશનની બાજુમાં આવેલ ભીમવાસ મુલાકાત લેતા તેમાં વિસ્તારની આજુબાજુ જામનગર શહેરનુ ગંદુ પાણી તથા વરસાદનુ પાણી બને ભરાયેલા રહે છે. દિવસે પણ મચ્છરનો ખૂબજ ત્રાસ છે. કાચા-પાકા મકાનો અપૂરતી લાઇટની સગવડ ગંદકીનો પાર નહીં, પીવાના પાણી માટે પણ ભારે મુશ્કેલી છે. એવા આ વિસ્તારમાં મેઘવાડ, ચમાર, વણકર જાતિના લોકો રહે છે. તેઓ જાગૃત જણાય છે. વારંવાર વિસ્તારમાં વરસાદના પાણી ભરાવાના કારણે તેમને ઘરવખરી છોડીને બીજે આશરો (સહારો) લેવો પડે છે. ઘણુ નુકશાન વેઠવુ પડે છે. આ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં કોઇ જગ્યાએ રોડ નથી - ગટરની સગવડ નથી. આ વિસ્તારના દલિત પેંથરની પ્રવૃત્તિ ચાલે છે. આ વિસ્તાર માટે વિકટ પ્રશ્નો છે. આ અંગે મ્યુ. પાલિટીએ ત્વરિત પગલાં લેવાં જોઇએ.



ભંગીવાસ :

જામનગરના એક ભંગી વિસ્તારની મુલાકાત લીધી તેમાં એક સોલંકીભાઇ મળયા તેમની સાથે ચર્ચા કરતાં ઘણા મહત્વના મુદ્દાની ચર્ચા થઇ તે આ મુજબ છે.

(૧) નિગમ તરફથી મળતી લોનમાં આવક-મર્યાદા ન હોવી જોઇએ.

(૨) ભંગી કષ્ટમુકિતનુ વલણ કાયદાકીય રીતે ચૂસ્તપણે અમલમાં મૂકાવુ જોઇએ.

(૩) ભંગી જ્ઞાતિના લોકોને ધંધા પરિવર્તન માટે સરકારશ્રી તરફથી શિક્ષિતોને પ્રોત્સાહન આપવુ જોઇએ.

અનેક સૂચનોમાં મહત્વના સૂચનો રહેઠાણને કાયમી ધોરણે ગટર, પાણી, લાઇટ આપવી જોઇએ. હરિજન સોસાયટીને પ્રોત્સાહન આપવુ જોઇએ. હરિજન વિસ્તારમાં રોડ-ગટર, જાજરૂની મુશ્કેલીઓ દૂર કરવી જોઇએ.

વણકર ચમાર-મેઘવાળ જ્ઞાતિના લોકો છૂટક મજૂરી, બાંધકામ મજૂરી અને કારખાનાની મજૂરી કરે છે. નોકરીયાતનુ પ્રમાણ ઘણુ ઓછુ છે. ભંગી જ્ઞાતિમાં પણ શિક્ષણનુ પ્રમાણ ઘણુ ઓછુ છે. શિક્ષણના કારણે નાની ઉંમરે લઘુઉદ્યોગોમાં મજૂરી કરતા હોય છે. જે કારખાનામાં પણ જાય છે. તેમનુ શોષણ થાય છે. તેમને મજૂરીનો દર રૂા. ૫ થી ૧૦ હોય છે. તેમાં સાત આઠ કલાક કામ કરવુ પડતુ હોય છે. તેમને જે કામનુ વળતર મળવુ જોઇએ તે મળતુ નથી. તેમજ કામદારને અકસ્માત થાય તો તેના માટે આ માલિકો કોઇ વળતર આપતા નથી. કેટલાક એસ.એસ.સી., ગ્રેજયુએટ યુવકો બેકાર છે. તેમને નોકરી મળતી નથી. રોજગાર વિનિમય, સમાજ કલ્યાણ ખાતામાં નામ છે. પણ કોઇ જવાબ નથી. આવા યુવકો પણ કારખાનામાં છૂટક મજૂરી કરવા જાય છે.

અનુસૂચિત જાતિમાં મોચી જ્ઞાતિના લોકો વધુ શિક્ષણ રોજગાર મેળવવા તથા જુદા જુદા ધંધાઓની સાથે સંકળાયેલા છે. જેમને અનુસૂચિત જાતિમાં ગણતા હોવા છતાં લાભ મળતા નથી. તેની રજૂઆત તેઓ કરતા હતા. લાભો લેવા અંગે તેવો વારંવાર પત્રવ્યવહાર તેમજ જમીનની માંગણી-નોકરી અંગે રજૂઆત-લોન અંગે રજૂઆત કરે છે: છતાં યોગ્ય જવાબ કાર્યવાહી ખાતાકીય થતી નથી તેની ફરિયાદ કરતા હતાં.

વિસ્તારોમાં મ્યુ. સ્ટાફ ક્વાટર્સમાં ભંગી જ્ઞાતિ-વણકરવાસ તથા ગાંધીનગર શંકર ટેકરી-વલ્લભનગર - શેરી નં.૩૧ જે વિસ્તારોમાં મકાનો જ્યારે બાકીના વિસ્તારોમાં પાકા મકાનો તથા વધુ પડતી ઝૂંપડપટ્ટી જોવા મળી છે: કોઇ વિસ્તારમાં કોઇ જગ્યાએ પાકા રોડ નથી. વિસ્તારમાં ૮૦ ટકા વિસ્તારમાં બસની સગવડ નથી. ૩૦ ટકા લોકોને ઘરવપરાશનું પાણી ઘરના નળ દ્વારા મેળવી, ૭૦ ટકા લોકોને પાણીના સ્ટેન્ડ પપ દ્વારા મેળવે છે: ગંદકીની બાબતમાં છેલ્લા ત્રણ વર્ષથી ૪ વિસ્તારોમાં ખાડા-જાજરૂમાંથી ફલશ-જાજરૂમાં પરિવર્તન કરવામાં આવ્યુ છે. અનુસૂચિત જાતિના ૫૦ વિસ્તારોમાંથી પાંચ-સાત વિસ્તારોમાં જ ખુલ્લી ગટરની વ્યવસ્થા નગરપાલિકા દ્વારા થઇ જે હાલમાં પણ અનુસૂચિત જાતિના વિસ્તારોમાં ગંદકીનું પ્રમાણ ખૂબજ છે. મલેરીયા કોલેરા - ટી.બી. તેમજ કેટલાક જીવલેણ રોગોનું પ્રમાણ પણ છે. જાહેરલાઇટ માટે પણ પૂરતી વ્યવસ્થા નથી. જામનગર શહેરમાં આર્થિક રીતે ઉદ્યોગોનું પ્રમાણ હોવા છતાં અનુસૂચિત જાતિના લોકો માંડ-માંડ પોતાનું ભરણ-પોષણ કરે છે: ૨૫ ટકા લોકો કારખાના તથા અન્ય નોકરી ધંધા સાથે સંકળાયેલા છે: તેમના રહેઠાણો તથા આર્થિક સ્થિતિ સાધારણ રીતે સારી છે:

તેમની કેટલીક સામાજિક રીતરિવાજોમાં ખર્ચ વધુ કરતા હોય છે: જેમાં લગ્ન વખતે મેઘવાડ - ચમાર અને વણકર જ્ઞાતિમાં દહેજ પ્રથાનું પ્રમાણ છે: દિકરીના બાપે દહેજ આપવુ પડે છે. સાથે દાગીના - કપડાં પણ આપવાના હોય છે: જ્યારે મરણ બાબતે સ્ત્રી-પુરૂષ મોટી ઉંમરના હોય તો તેના બારમા વખતે ત્રણથી



સાત જાતની વાનગીઓ બનાવે છે. દીકરીઓને પણ દક્ષિણા આપતા હોય છે. ભજનકિર્તન કરાવતા હોય છે ને બીજે દિવસે પણ જમણવાર કરીને છૂટા પડતા હોય છે. આવા સામાજિક ખર્ચમાં ૯૦ ટકા લોકો દેવું કરીને પણ કરતા હોય છે. લગ્નમાં દારૂનું પ્રમાણ વધારે હોય છે: મહત્વના પીણામાં ગણાય છે. આ રીતે જામનગરની અનુસૂચિત જાતિના પ્રશ્નો-સમસ્યા ઘણી જ જોવા મળી તેમના ખર્ચા ઓછા કરવા જરૂરી છે. સુધરાઇવાળાએ પણ આ વિસ્તારમાં કાળજી લઇને લાઇટ, ગટર, પાણી વગેરેની વ્યવસ્થા આપવી જોઇએ.

<u>રાજકોટ :</u>

<u>વિસ્તાર :</u>

<u>દાસીજીવન પરા :</u>

દાસીજીવન પરા ભક્તિ સ્ટેશન રેલ્વેની બાજુમાં વસેલુ છે: આ વિસ્તારને હમીરપરા તરીકે પણ ઓળખાય છે: અનુસૂચિત જાતિના કુટુંબો સિવાય સોસાયટીમાં સવર્ણ જ્ઞાતિના કુટુંબો વસે છે: દાસીજીવનપરામાં વસતા મોટાભાગના કુટુંબોનો મુખ્ય ધંધો મજૂરી છે. આ પરુ મફતિયા પરા તરીકે પણ ઓળખાય છે. આ વાસના મુખ્ય પ્રશ્નો નીચે મુજબ છે.

દાસીજીવન પરામાં ૫૦ કુટુંબોમાં મફતિયા પરામાં વસે છે. બાકીના પોતાની માલિકીના મકાનમાં રહે છે. મફતિયા પરામાં વસતા કુટુંબોમાં સૌ પ્રથમ પોતાના રહેઠાણની જરૂરિયાત છે. પાણીની પણ વ્યવસ્થા નથી. નજીકના વાસમાંથી સ્ટેન્ડ પોસ્ટ તથા ડંકીએથી પાણી ભરી લાવે છે. આ વિસ્તારમાં કાચા રસ્તા છે. ચોમાસામાં કાદવ થાય છે. વીજળીની પણ દરેક કુટુંબને ત્યાં વ્યવસ્થા નથી. જેમને વીજળી લેવી છે તેમની પાસે મકાન વેરાની પહોંચ ન હોય તો વીજળીનું કનેકશન આપતા નથી કારણ કે આ વિસ્તાર મફતિયા પરા તરીકે ઓળખાય છે. ગટરની પણ વ્યવસ્થા નથી. બાલવાડી પ્રાઇવેટ ચલાવવામાં આવે છે.

તેની કોઇપણ પ્રકારની ગ્રાન્ટ લેવામાં આવતી નથી. બસની સુવિધા ભક્તિ સ્ટેશન સુધી જ છે. આગળ બસની સુવિધા નથી. કુલ ૪૮ જાહેર જાજરૂ છે, પરંતુ તે દૂર હોવાથી લોકો આજુબાજુ ખુલ્લામાં ખેતરમાં સંડાસ જાય છે. બાકીના ૧૫૦ કુટુંબોમાં પાણીની, વીજળી, સંડાસ વગેરેની વ્યવસ્થા છે. ઝૂપડપટ્ટી વિસ્તારમાં જ પાકા સ્લમ્સ કવાર્ટર્સ તૈયાર કરવામાં આવે તો જ ઝૂપડપટ્ટી નાબૂદ થાય: નવા મકાન આપવાથી ઝૂપડપટ્ટી કયારેય નાબૂદ થવાની નથી.

નવા થોરાળા આંબેડકરનગર મેઇન રોડ :

નવા થોરાળા આંબેડકરનગર મેઇન રોડ પર વસેલ છે. કોળી, ભરવાડ, મુસલમાન, મોચી કુટુંબોની બાજુમાં હરિજન કુટુંબો વસે છે: આગળના ભાગે લાઇનબંધ નાના ધંધા માટેના કેબીનો છે. મેઇન રોડ પર વસતા અનુસૂચિત જાતિના લોકોનો મુખ્ય વ્યવસાય મજૂરી છે.

નવા થોરાળા આંબેડકરનગર મેઇન રોડ પર જયાં અનુસૂચિત જાતિના કુટુંબો વસે છે તેની સામેના ભાગમાં સવર્ણ જાતિના લોકોનુ સ્મશાન છે. જયાં મૃતદેહને બાળવામાં આવે છે. મૃતદેહ બળે ત્યારે દુર્ગંધ મારે છે. જે અહીંયા વસતા અનુસૂચિત જાતિના લોકોને યોગ્ય લાગતુ નથી. આ અંગે રાજકોટ મ્યુ.કોર્પો.માં અવારનવાર ફરિયાદ પણ કરેલી છતાં કોઇ કાર્યવાહી થઇ નથી, થઇ હશે તો સવર્ણ લોકો તેમને દાદ આપતા નથી. બીજુ મહોલ્લાની બાજુમાંથી પાણીનો વાંકડો વહે છે. ગટરનુ બધુ ગંદુ પાણી વહેતુ હોવાથી મચ્છર ખૂબજ છે, સ્વચ્છ હવા મળતી નથી. હરિજન સેવક સંઘની વાડી છે પરંતુ હરિજનોને ઉપયોગ માટે આપતા નથી. પાણીની પૂરતી વ્યવસ્થા નથી, સ્ટેન્ડ પોસ્ટ ૧ છે. નવા સ્ટેન્ડ પોસ્ટની જરૂર છે. પાણી પૂરતુ ન મળતુ હોવાથી કૂવેથી પાણી ભરી લાવે છે: ૨૦ કુટુંબોને પાણીના નળની સુવિધા છે. વીજળી દરેક કુટુંબોમાં છે, જાહેર જાજરૂની વ્યવસ્થા નથી માટે ખુલ્લામાં જાજરૂ જાય છે. બાજુના વાંકડામાં પણ જાય છે. નજીકમાં કોઇ હોસ્પિટલની વ્યવસ્થા નથી. મેઇન રોડ હોય બસની સુવિધા છે.



મહાત્મા ગાંધી પ્લોટ :

મહાત્મા ગાંધી પ્લોટ અમદાવાદ રોડ ઉપર બ્રીજની બાજુમાં ડાબી બાજુએ નદી કિનારે વસેલ છે. આ વસાહતમાં વધુ પડતા હરિજન ભંગી કુટુંબો છે. હરિજન ભંગી સિવાય વણકર, ચમાર, વાઘેલા તેમજ મોચી કુટુંબો પણ વસે છે. સવર્ણ જાતિમાં ભરવાડ, આહીર, રબારી, વાળંદ, લુહાણા તેમજ પટેલ છે. મહાત્મા ગાંધી પ્લોટમાં વસતા કુટુંબોનો મુખ્ય વ્યવસાય મજૂરી છે: તેમના મુખ્ય મુખ્ય પ્રશ્નો નીચે મુજબ છે.

મુખ્ય પ્રશ્ન પાણીનો છે. પાણી પુરવઠો જોઇએ એટલો સમય મળતો નથી માટે નદીમાં વહેતુ ગંદા પાણીનો ઉપયોગ કપડાં ધોવા, વાસણ માંજવા તેમજ ન્હાવા માટે પણ ઉપયોગ કરે છે. શહેરની ગટરોનુ પાણી નદીમાં આવે અને આ પાણીનો ઉપયોગ વાસણ માંજવા, ન્હાવા-ધોવામાં થાય ત્યારે સ્વાભાવિકપણે રોગ થવાની શકયતા રહે છે. પાણીના અંગેના આ પ્રશ્નને દૂર કરવા માટે પાણીના ટાંકાની તેમજ નવા સ્ટેન્ડ પોસ્ટની જરૂરિયાત છે. આર્થિક રીતે પગભર કરવા માટે આ વિસ્તારમાં ટાયર કાપવાનો ધંધો ચાલે છે: તેમાં મૂડીરોકાણ કરીને આર્થિક રીતે મદદરૂપ થવાની જરૂરિયાત છે. જાહેર જાજરૂની સગવડ છે, પરંતુ ત્યાં પણ પાણીની મુશ્કેલી, સફાઇ થતી નથી તે માટે નળ તથા નિયમિત સફાઇની જરૂરિયાત છે. કુટુંબનુ કદ મોટુ છે માટે કેટલાક કુટુંબોને નવા રહેઠાણની જરૂરિયાત છે. વસ્તી ગીચ છે, શેરીઓ સાંકડી છે, વીજળીના જોડાણની પણ ૨૦ ટકા કુટુંબોને જરૂરિયાત છે. પાણીના નળ ૭૦ ટકા કુટુંબોને નથી.

મોચીબજાર તથા શ્રધ્ધાનંદ :

તિલકવાસ હરિજન ભંગીવાસની બાજુમાં મોચીબજાર હરિજન વાસ આવેલ છે. તેની થોડેક પાછળના ભાગમાં શ્રધ્ધાનંદ હરિજન વાસ આવેલ છે. આમ તો તિલકવાસ, શ્રધ્ધાનંદ અને મોચી બજાર એકજ ગણવામાં આવે છે. મુખ્યત્વે ત્રણેય વાસમાં હરિજન ભંગી કુટુંબો વસે છે. ધંધો મજૂરી છે. આ વાસની બાજુમાં

સવર્ણ જ્ઞાતિના કુટુંબો જેવા કે લોહાણા, પટેલ, બ્રાહ્મણ, સિંધી, મુસ્લીમ વગેરે છે. મોચીબજાર તથા શ્રદ્ધાનંદ હરિજન વાસના મુખ્ય પ્રશ્નો નીચે મુજબ છે.

ઉપરોક્ત બન્ને વાસમાં હરિજન કુટુંબો પાસે પોતાની જ્ઞાતિની કોઇ વાડી નથી. સામાજિક ધાર્મિક પ્રસંગોએ ખૂબજ મુશ્કેલી પડે છે માટે પોતાના મહોલ્લામાં એક વાડીની જરૂરિયાત છે: મુખ્ય બજાર નજીક હોય, ટ્રાફિક વધુ રહે છે. આ સિવાય પાણી જેટલો સમય મળે છે તે ઓછો છે. પાણીનો સમય વધારવાની જરૂરિયાત છે. જેથી જો કુટુંબો પાસે પોતાના ઘરે પાણીના નળ નથી તેમને પૂરતુ પાણી મળી રહે અથવા તો દરેક કુટુંબને નળ અથવા સ્ટેન્ડ પોસ્ટ આપવા જોઇએ જેથી પાણી વપરાશ પૂરતુ મેળવી શકે. વીજળી લગભગ મોટાભાગના કુટુંબોને છે. જાહેર જાજરૂની વ્યવસ્થા પૂરતી નથી તે હોવી જોઇએ. જ્યારે ઘણા લોકો ખુલ્લી જમીનનો જાહેર જાજરૂ તરીકે ઉપયોગ કરે છે.

જગ્લેશ્વર વિસ્તાર :

જગ્લેશ્વર એ શહેરથી ઘણે દૂર વસેલુ મફતિયા પરા છે. આ મફતિયા પરામાં જુદી જુદી જ્ઞાતિની વસ્તીના લોકો વસે છે. હરિજનોની બાજુમાં પટેલ, ભરવાડ, આર્ય, મુસ્લીમ જ્ઞાતિના લોકો છે. આ વિસ્તારના મુખ્ય પ્રશ્નો નીચે મુજબ છે.

જગ્લેશ્વર મફતિયા પરા હોવાથી રહેઠાણો છે તે બિન-અધિકૃત ગણાય તેમની પોતાની માલિકી નથી માટે રહેઠાણ એ પોતાની માલિકીનુ હોવુ જોઇએ. આ વાસમાં કોઇને ત્યાં પોતાના પાણીના નળ નથી, દરેક કુટુંબ સ્ટેન્ડ પોસ્ટથી પાણી ભરે છે. રસ્તાઓ બધા જ કાચા છે. કાચી ગટર હોવાથી પાણી ગમે ત્યાં ફેલાય છે જેથી ગંદકી કાદવ થાય છે. પાકી ગટરની જરૂર છે: પાણીના નળ દરેક કુટુંબને મળવા જોઇએ. જાહેર જાજરૂની વ્યવસ્થા નથી માટે ખુલ્લામાં જાજરૂ જાય છે. ખુલ્લો વિસ્તાર હોવાથી દિવસે જાજરૂ જવાનુ ખૂબજ મુશ્કેલ છે માટે જાહેર જાજરૂ હોવા જ જોઇએ. મહોલ્લામાં વીજળીની વ્યવસ્થા ધરાવતાં



૫૦ ટકા કુટુંબો છે, બાકીના ૫૦ ટકા કુટુંબો પાસે વીજળીની વ્યવસ્થા નથી. આર્થિક રીતે પછાત છે, મજૂરી મુખ્ય ધંધો છે. માટે આર્થિક રીતે કાયમી રોજગારી મળી રહે તેવા ઉદ્યોગ-ધંધામાં રોજગારી મળી રહે તે માટે ધંધાને લગતી તાલીમ શિક્ષણની વ્યવસ્થા જરૂરી છે. શિક્ષણમાં જોઇએ તો આ વિસ્તારમાં નજીકમાં કોઇ સંસ્થા નથી. બાલવાડીની વ્યવસ્થા નથી માટે બાલમંદિર કે આંગણવાડી હોવી જોઇએ. જેથી બાળકો શાળાએ જતાં થાય તો આગળ શિક્ષણ મેળવશે. દૂર શાળામાં જવાનો હોવાથી બાળકો જતા નથી બસની સુવિધા નથી.

જગ્લેશ્વર મફતિયા પરાના મુખ્ય પ્રશ્નોમાં રહેઠાણ, પાણી, ગટર, જાહેર જાજરૂ, રસ્તા પાકા હોવા જોઇએ. આ સિવાય સૌથી પહેલી જરૂરિયાત શિક્ષણની છે. માટે વિસ્તાર નજીકમાં તેમના વાસમાં શૈક્ષણિક સંસ્થા હોવી જોઇએ.

સર્વોદય સોસાયટી :

નવા થોરાળાની બરાબર સામે સર્વોદય સોસાયટી વસેલી છે: તેની પાછળના ભાગમાં સ્ટીલની ફેક્ટરીઓ છે. બાજુમાં ગુરૂબાલનગર હરિજન વાસ વસેલ છે. સર્વોદય સોસાયટીમાં ઘણી જ્ઞાતિના લોકો મુસ્લીમ, ભરવાડ, આર્ય, કોળી મુખ્ય છે. અનુસૂચિત જ્ઞાતિના મુખ્ય પ્રશ્નો નીચે મુજબ છે.

સર્વોદય સોસાયટીમાં રસ્તાઓ બધા જ કાચા છે. પાણી મુખ્ય રસ્તા પર ફેલાતુ હોય, ગંદકી થાય છે. પીવાના પાણીનો મુખ્ય પ્રશ્ન છે. ઘરના નળો હોય તેવા થોડાક કુટુંબો છે બાકીના સ્ટેન્ડ પોસ્ટ કે પ્રાઇવેટ ફેક્ટરીના નળમાંથી પાણી ભરે છે. નવા સ્ટેન્ડ પોસ્ટની જરૂર છે. વીજળી ધરાવતા ૫૦ ટકા કુટુંબો છે. બાકીના કુટુંબોની વીજળીની વ્યવસ્થા નથી જે મેળવવાની ઇચ્છા રાખે છે, પરંતુ તે આર્થિક રીતે પોષાય તેમ નથી માટે મેળવી શકયા નથી. જાહેર જાજરૂની વ્યવસ્થા નથી. બાજુની સોસાયટીના જાજરૂમાં તથા વોંકળામાં જાજરૂ જાય છે માટે નવા જાહેર જાજરૂ હોવા જોઇએ. સર્વોદય, આરાધાન તથા ગુરૂબાલનગર

સોસાયટી વચ્ચે બાલમંદિરની જરૂરિયાત છે. જેથી બાળકો બાલમંદિરનું શિક્ષણ મેળવી સ્કૂલે જવાની ટેવ પાડી શકે માટે બાલમંદિરની જરૂરિયાત છે. હાઇવે રોડ હોવાથી બસ મળી રહે છે.

નવા થોરાળા તથા ગોકુળપરા :

નવા થોરાળામાં અનુસૂચિત જ્ઞાતિના મુખ્ય ૧૧ વાસો છે. જે બધા નવા થોરાળા તરીકે ઓળખાય છે. આટલા મોટા અનુસૂચિત જ્ઞાતિ ધરાવતા વિસ્તારમાં પોતાની જ્ઞાતિની વાડી નથી. નવા થોરાળા મેઇન રોડ ઉપર હરિજન સેવક નામની સંસ્થા છે, પરંતુ તે ઉપયોગ માટે આપતા નથી માટે સામાજિક-ધાર્મિક પ્રસંગો માટે વાડીની વ્યવસ્થા હોવી જોઇએ. બાલમંદિર પછીના શિક્ષણ પછી અનુસૂચિત જ્ઞાતિના બાળકોને ૧ થી ૨ કિ.મી. દૂર જવું પડે છે તેના કરતાં તેમના જ વાસમાં પ્રાથમિક શાળા હોય તો ઓછી મુશ્કેલીએ બાળકો શાળામાં જઇ શકે અને પ્રાથમિક શિક્ષણ મેળવી શકે તે માટે પ્રાથમિક શાળાની જરૂરિયાત પર ભાર મૂકે છે. પાણીની ધરદીઠ વ્યવસ્થા માટે નળ હોવા જોઇએ જે માત્ર ૨૦ કુટુંબોમાં છે. બાકીના સ્ટેન્ડ પોસ્ટથી પાણી ભરે છે. પરંતુ સમય મર્યાદાને લીધે પાણી પૂરતું ન મળતાં કૂવામાંથી પાણી ભરે છે. પ્રાઇવેટ ડંકીએથી પણ પાણી ભરતાં જોવા મળે છે. જે માટે નવા સ્ટેન્ડ પોસ્ટની માંગણી કરે છે. મહોલ્લાની નિયમિત સફાઇ પણ ઇચ્છે છે. જાહેર જાજરૂ છે પરંતુ પૂરતા ન હોવાથી નવા જાજરૂની વ્યવસ્થા હોવી જોઇએ. જાજરૂ પૂરતા ન હોવાથી વોંકળામાં, નદી કિનારે સંડાસ જાય છે. આમ પાણી સ્વચ્છ મળે તે માટે નવા સ્ટેન્ડ પોસ્ટ તથા ઘરે નળ મળે તે માટે ઇચ્છા રાખે છે: આ વિસ્તારમાં સીટી કે ગામડાની કોઇ બસની સુવિધા નથી. શહેર દૂર હોવાથી બસની વ્યવસ્થા ખાસ જરૂરી છે. જેથી શહેરમાં કામ ધંધો કરતા લોકોને અનુકૂળતા રહે.



વડોદરા :

ગાજરાવાડી :

વડોદરા શહેરમાં ગાજરાવાડી નામનો વિસ્તાર આવેલો છે: જયાં લગભગ ૧૨૫ જેટલા હરિજન કુટુંબો રહે છે. આ સિવાય બીજી કેટલીક જ્ઞાતિના લોકો પણ ત્યાં વસે છે. મુખ્ય માર્ગ પાકો છે પણ જયાં હરિજનોના મહોલ્લાની શરૂઆત થાય છે ત્યાં કાચો રસ્તો છે. ગટરની વ્યવસ્થા નથી. પાણી માટે જે પાઇપ લાઇન નાંખી છે તેને બદલવાની જરૂર છે તેમાં પાણી ઘણું જ ધીમું આવે છે: યુ.સી.ડી. તરફથી ચાલતા પ્રૌઢશિક્ષણના વર્ગો છ મહિનામાં એકાદ વખત ચલાવવામાં આવે છે. પ્રાથમિક શાળામાં જવાના રસ્તામાં પાણી ભરાય જાય છે.

પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા યોગ્ય નથી શિક્ષણ માટે વધુ માર્ગદર્શનની જરૂર છે. આ બાબતમાં હજી પણ અજ્ઞાનતા જોવા મળે છે.

બાવાનપુરા :

આ વિસ્તારમાં લગભગ ૫૮ મકાન હરિજનોના આવેલા છે. તેમાં ૧૮ પાકા મકાન છે, ૪૦ ઝૂપડા છે. મુખ્ય રસ્તા પાકા છે. હરિજનોના વિસ્તાર આગળ કાચા રસ્તા છે. પાકા મકાનમાં પાણીના નળ છે, ઝૂપડામાં રહેતા લોકો જાહેર નળેથી પાણી ભરે છે: ત્રણ ટાઇમ પાણી આવે છે. ૧૭ કુટુંબો નળ ધરાવે છે બાકીના કુટુંબો નળ ધરાવતા નથી. ૧૭ કુટુંબોમાં લાઇટની વ્યવસ્થા છે બાકી ૪૧ કુટુંબોમાં લાઇટની વ્યવસ્થા નથી.

તરસાલી :

આ વિસ્તારમાં આશરે ૫૦૦ કુટુંબનો વસવાટ છે જેમાં રાજપૂત, મુસલમાન, વણકર, ચમાર, પંચાલ, દરજી વગેરે જ્ઞાતિના લોકો રહે છે. આ વિસ્તાર ઘણો જ મોટો તેમજ પ્રખ્યાત છે. અહીં ઝૂપડપટ્ટીનો વિશેષ સંખ્યામાં જોવા મળે છે. આ રીતે જાહેર નળનો ઉપયોગ બધા જ કરે છે. પ્રાથમિક શાળામાં જતાં રસ્તામાં પાણી ભરાઇ રહે છે. વગેરે ઘણી મુશ્કેલી છે. જાજરૂ માટે દૂર

જાહેર રસ્તા પર જવુ પડે છે. ગટર જેવી કોઇ વ્યવસ્થા નથી. આથી ગંદકી પણ ખૂબજ થાય છે.

**જૂની ધડી હરિજનવાસ :**

વડોદરા શહેરમાં પાણીગેટ વિસ્તારમાં આ મહોલ્લો આવેલ છે. આ વિસ્તારમાં લગભગ ૧૫૦ કુટુંબ વસે છે. જેમાં પરમાર, સોલંકી, વણકર જ્ઞાતિના લોકો વસે છે. આ વાસની મુલાકાત દરમ્યાન નીચે મુજબની માહિતી જાણવા મળી.

આ વિસ્તારમાં મ્યુ.કોર્પો.ના ૯૦ કવાર્ટસ છે. તેઓ આર્થિક રીતે સુખી છે. તેઓને પ્રાથમિક જીવન જરૂરિયાતની સગવડો મળેલ છે. પરંતુ જે ઝૂપડપટ્ટી વિસ્તાર છે તેની કેટલીક મુશ્કેલીઓ છે.

**સમસ્યા :**

(૧) પાણીનુ સ્ટેન્ડ પોસ્ટ એકજ છે માટે નવા સ્ટેન્ડ પોસ્ટ બનાવી આપવા જરૂરી છે.

(૨) મહોલ્લામાં લાઇટ નથી માટે લાઇટની સગવડ આપવા બાબત.

(૩) મહોલ્લામાં જાહેર જાજરૂની સગવડ હોવા છતાં તેમાં પાણીના નળ તથા તેની સફાઇ અને તેનુ રીપેરીંગ કામ કરાવવા બાબત.

(૪) મહોલ્લામાં રસ્તો ન હોવાથી નવો રસ્તો બનાવવો જરૂરી છે.

આ વિસ્તારના લોકો મ્યુ.કો.માં સફાઇ સેવક તરીકે કામગીરી બજાવે છે તથા મજૂરી કરતા હોવાથી તેમની આર્થિક સ્થિતિ સામાન્ય જણાઇ.

**બાયોદ જકાતનાકા હરિજન વિસ્તાર :**

વડોદરા શહેરના પૂર્વમાં વાઘોડિયા રોડ ઉપર આવેલ આ વિસ્તાર છે. આ વિસ્તાર વડોદરા શહેરથી લગભગ ૩૦ કિ.મી. દૂર બાયોદ ગામની પાછળ વેકસીન ઇન્ડસ્ટ્રીઝ પાસે



આવેલ છે. આ વિસ્તાર મુખ્ય રસ્તાથી રોડ દ્વારા જોડાયેલ છે. આ વાસમાં ૮૦ કુટુંબની વસ્તી છે. જેમાં સોલંકી, પરમાર વગેરે રહે છે.

**સમસ્યા :** આ વિસ્તારમાં પ્રાથમિક સગવડના અંગેની મુશ્કેલીઓ છે.

(૧) પાણીનુ સ્ટેન્ડ એકજ હોવાથી પાણી માટે મુશ્કેલી પડે છે તેથી નવા સ્ટેન્ડ આપવા જરૂરી છે.

(૨) વાસમાં લાઇટ છે પરંતુ તેનુ ઘરમાં જોડાણ ન હોવાથી તેને આપવુ અંગે.

(૩) વાસમાં ગટર લાઇન ન હોવાથી ગંદકી ખૂબ થાય છે માટે ગટર લાઇન નાખવા બાબત.

(૪) મહોલ્લામાં જાહેર જાજરૂ નવા બાંધવા બાબત.

(૫) મહોલ્લામાં આંગણવાડી, પ્રાથમિક શાળા શરૂ કરવા બાબત.

આ વિસ્તારના લોકો મજૂરી તેમજ સામાન્ય નોકરી કરતા હોવાથી તેમની આર્થિક તેમજ સામાજિક સ્થિતિ ખૂબજ ખરાબ છે.

**યાદવનગર - ઝૂપડપટ્ટી વિસ્તાર :**

વડોદરા શહેરમાં કારેલી બાગ વિસ્તારમાં આ મહોલ્લો આવેલ છે. આ વિસ્તાર એ ઝૂપડપટ્ટી વિસ્તાર છે. તેની આજુબાજુ પટેલ, વાણિયા, બ્રાહ્મણ તથા બીજી ઉજળીયાત કોમની વસ્તી આવેલ છે. યાદવનગરમાં લગભગ ૧૫૦ ઝૂપડા છે. તેમાં હરિજનો શર્મા તથા બીજી કોમ પણ રહે છે.

આ વિસ્તારની મુલાકાત દરમ્યાન જાણવા મળયુ કે અહીંયા પાણી, લાઇટની વ્યવસ્થા હોવા છતાં યાદવનગરમાં રહેતા હરિજનોને આ લાભ મળેલ નથી. મહોલ્લામાં રસ્તા પણ પાકા નથી. તથા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા પણ ન હોવાથી વિસ્તારમાં ગંદકીનુ પ્રમાણ ખૂબજ જોવા મળે છે. તેઓ આર્થિક રીતે પણ ખૂબ ગરીબ છે.

જેતલપુર હરિજન વિસ્તાર :

વડોદરા શહેરમાં રેલ્વે સ્ટેશન પાછળના અલકાપુરી જવાના મુખ્ય માર્ગની બાજુમાં આ વિસ્તાર આવેલ છે. જે સીટીની ખૂબજ નજીકનો વિસ્તાર છે. અહીં હરિજનના ત્રણ વાસ આવેલ છે. જેમાં લગભગ ૭૦ કુટુંબની વસ્તી છે. જેમાં સોલંકી, ચમાર, વણકર, પરમાર મુખ્યત્વે રહે છે. અહીં શ્રી મગનભાઇ સોલંકી તથા વિજયભાઇ સમાજ સેવકની મુલાકાત દરમ્યાન / નીચેની વિગત જાણવા મળી.

આ વિસ્તારમાં વણકરવાસના લોકોની આર્થિક તેમજ સામાજિક સ્થિતિ ખૂબજ સારી છે. પરંતુ હરિજનવાસની મુલાકાત લેતા તેમની નીચે મુજબની મુશ્કેલી જણાઇ.

મુશ્કેલીઓ :

(૧) પીવાના પાણીના સ્ટેન્ડ અંગે.
(૨) લાઇટ કનેકશન અંગે
(૩) મહોલ્લામાં પાકા રસ્તા અંગેના કામો તાકીદે થવા જોઇએ.

આ વિસ્તારના લોકો મોટેભાગે કોર્પોરેશનમાં નોકરી-કરતા હોવાથી સામાન્ય રીતે તેમની આર્થિક સ્થિતિ સારી છે. આ વિસ્તારમાં આંગણવાડી, પુસ્તકાલય જેવી સંસ્થા પણ ચાલે છે.

બકરાવાડી હરિજન વિસ્તાર :

વડોદરા શહેરની મધ્યમાં ન્યાયમંદિરથી પાછળના ભાગમાં બકરાવાડી વિસ્તારમાં હરિજન વાસ આવેલ છે. આ વિસ્તારમાં કુલ સાત હરિજન વાસ આવેલ છે.

(૧) ચમાર વાસ (અવેરવાસ)
(૨) બાવડભાઇના પીઠા પાસે ચમારવાસ
(૩) ઝૂંપડપટ્ટી
(૪) વણકરવાસ નં.૧
(૫) વણકરવાસ નં.૨



(૬) હરિજનવાસ
(૭) નાળિયાવાસ

આમ ઉપરોકત મહોલ્લામાં હરિજન, ચમાર, સોલંકી, પરમાર, નાળિયા વગેરે જ્ઞાતિના લોકો રહે છે. આ વિસ્તારમાં શ્રી હિરાભાઇ સોલંકી સાથે મુલાકાત દરમ્યાન નીચે મુજબની વિગત જાણવા મળી.

આ વિસ્તારમાં વણકર, ચમાર જ્ઞાતિના લોકો આર્થિક રીતે, શૈક્ષણિક રીતે તથા આરોગ્યની દ્રષ્ટિએ સુખી છે.

સમસ્યા : આ વિસ્તારમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં નીચે મુજબની સમસ્યાઓ જણાઇ.

(૧) શૈક્ષણિક સંસ્થા નથી.
(૨) પાણીની સગવડ નથી.
(૩) લાઇટની સગવડ નથી.
(૪) જાહેર જાજરૂની સગવડ નથી.

નાગરવાડા હરિજનવાસ - વણકરવાસ, રોહિતવાસ :

વડોદરા શહેરમાં સીટી વિસ્તારમાં નાગરવાડામાં આ મહોલ્લા આવેલ છે. આ મહોલ્લાની આજુબાજુ પટેલ, વાણિયા, મુસલમાન તથા બીજી જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. આ મહોલ્લાઓમાં હરિજન-પરમાર-સોલંકી, ચમાર, રોહિત તથા કાઠિયાવાડી હરિજનો પણ વસવાટ કરે છે. જયસિંહભાઇ હરિસિંહભાઇ સોલંકીની મુલાકાત દરમ્યાન નીચે મુજબ માહિતી જાણવા મળી.

આ વિસ્તારમાં દરેક જાતની સગવડ જેવી કે -

(૧) પાણી (૨) લાઇટ (૩) ગટર (૪) પાકા રસ્તા
(૫) શૈક્ષણિક સંસ્થા

આમ ઉપરોકત દરેક જાતની સગવડ મ્યુ.કોર્પો.એ આપેલ છે. આ વિસ્તારમાં લોકો આર્થિક રીતે પણ ખૂબ સુખી છે તથા શૈક્ષણિક રીતે, આરોગ્યની દ્રષ્ટિએ પણ ખૂબ આગળ છે.

વારસીયા હરિજન ઝૂપડપટ્ટી :

વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં આ હરિજનવાસ આવેલ છે. આ મહોલ્લામાં હરિજન, વણકર, ભંગી વગેરે જ્ઞાતિના લોકો રહે છે. તેની આજુબાજુ સિંધીની વસ્તી ખૂબજ આવેલ છે. તે વિસ્તારની મુલાકાત દરમ્યાન નીચે મુજબની સમસ્યાઓ જણાઇ.

સમસ્યા :

(૧) જાહેરમાં પાણી ભરવા માટે એકજ સ્ટેન્ડ પોસ્ટ હોવાથી પાણીની ખૂબ તકલીફ પડે છે.

(૨) જાહેર જાજરૂની સગવડ નથી માટે નવા જાજરૂ બનાવવા જરૂરી છે.

(૩) આંગણવાડી / બાલવાડી ન હોવાથી પ્રાથમિક શિક્ષણ અંગે મુશ્કેલી પડે છે.

આ વિસ્તારમાં રસ્તા પાકા છે તથા વિસ્તારના લોકોની આર્થિક સ્થિતિ સામાન્ય જોવા મળી.

સુરત શહેર :

વિસ્તાર :

રાંદેર :

આ વિસ્તારમાં વસતા અનુસૂચિત જાતિની આર્થિક સ્થિતિ એકંદર મધ્ય વર્ગના જેવી જોવા મળી છે. તેમના મકાનોમાં સામાન્ય પાયાની જરૂરિયાતો જોવા મળે છે. જેવી કે લાઇટ, પંખા, ઇસ્ત્રી જેવા સાધનો જોવા મળે છે. આર્થિક રીતે સારી સ્થિતિ તેઓ ધરાવે છે.

એકંદરે સંયુકત કુટુંબો જોવા મળે છે. તેમ છતાં ઘણા વિસ્તારોમાં વિભકત કુટુંબો જોવા મળે છે. એકંદર સામાજિક સંબંધો અરસ-પરસના સુદ્દઢ જોવા મળે છે. અહીંયા સામાજિક સંબંધો વિકસે તેવી પ્રવૃત્તિઓ જેવી કે યુવક મંડળની રચના



થયેલી છે. તદુઉપરાંત ક્રિકેટ કલબો, પુસ્તકાલય જેવી પ્રવૃત્તિઓ ચાલે છે. આ વિસ્તારમાં શિક્ષણમાં ઘણોજ આગળ છે અને દરેક કુટુંબદીઠ ૨ થી ૪ વ્યકિતઓ શિક્ષણ પ્રાપ્ત કરેલુ છે. તદુઉપરાંત આ વિસ્તારમાં ઈંગ્લીશ તથા ગુજરાતી માધ્યમવાળી શાળાઓ પણ છે.

ગોતાલાવાડી :

આ વિસ્તારમાં વસતા અનુસૂચિત જાતિના કુટુંબોમાં કુલ ૫૭૬ કુટુંબો મ્યુનિસિપાલિટીના કર્મચારીઓ છે. તેમની આર્થિક સ્થિતિ મધ્યમ વર્ગ જેવી છે. તેમના મકાનો પાકા છે. અને મ્યુ. કવાર્ટસ મળેલા છે. બાકી રહેતા કુટુંબોની સ્થિતિ જોઇએ તો એકંદરે ગરીબ છે. તેમના મકાનો માટીના અને ઝાડપાનના છાજના છે. સામાન્ય વસ્તુ વસાવી શકવા માટેની શકિતમાન નથી.

આ વિસ્તારમાં સામાજિક પરિસ્થિતિ એકંદરે સુદ્દઢ છે. અહીંયા ક્રિકેટ કલબો, વોલીબોલ જેવી પ્રવૃત્તિ જોવા મળે છે. તેમજ બીજી આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓ કરતા જોવા મળે છે. લગભગ અહીંના દરેક કુટુંબ વિભકત જોવા મળે છે. અહીંયાની શિક્ષણ વિષયક પરિસ્થિતિ પણ સારી જોવા મળે છે. આ વિસ્તારની આજુબાજુ બે ગુજરાતી માધ્યમવાળી સ્કૂલોની સ્થાપના થયેલી છે. તથા તે વિસ્તારમાં આંગણવાડી-બાલવાડી જેવી સંસ્થાઓ ચાલતી જોવા મળે છે. જેથી કહી શકાય કે શિક્ષણ ક્ષેત્રે તેવો પ્રગતિ કરી રહયા છે.

.......

# પ્રકરણ - :૯:

## સારાંશ અને ભલામણો

અગાઉના પ્રકરણોમાં અગભૂત યોજના હેઠળ સર્વેક્ષણમાં આવરી લીધેલા છ શહેરોના ૬૧૫૯૫ કુટુંબોની આર્થિક-સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિ જોઇ. આંકડાકીય માહિતી પરથી એક વાત સ્પષ્ટ છે કે આ શહેરોમાં વસતાં અનુસૂચિત જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ સારી નથી જ, લગભગ મોટાભાગના કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરી રહ્યાં છે. તેમની માથાદીઠ માસિક આવક રૂા. ૪૯ હતી, માથાદીઠ માસિક ખર્ચ રૂા. ૬૩ હતું. કપરી આર્થિક સ્થિતિને લીધે તેમને દેવું કરવું પડે છે: દેવાદાર કુટુંબદીઠ દેવું રૂા. ૧૪૪૦ હતું. તેમનામાં ખાસ કરીને મહાર, સેનવા, નાડી-હાડિયા, ગરોડા-ગરો વગેરેની આર્થિક સ્થિતિ તો ઘણી જ દયાજનક જોવા મળેલી. તેમની શૈક્ષણિક સ્થિતિ પણ સારી નથી. સર્વેક્ષણમાં આવરી લીધેલા શહેરોમાં સાક્ષરતા ૫૬.૬૮ ટકા હતી. એમાંયે પુરૂષોમાં સાક્ષરતા ૬૪ ટકા હતી, જ્યારે સ્ત્રીઓમાં ૪૮ ટકા હતી. આમ સ્ત્રીઓમાં અભણોની સંખ્યા વિશેષ જોવા મળી હતી. પરંતુ શિક્ષણના સ્તરને ધ્યાનમાં લઇએ તો શિક્ષિત વ્યક્તિઓમાંથી ૬૦ ટકા પ્રાથમિક શિક્ષણ સુધી જ પહોંચેલા હતા. વધુ ભણેલાઓની સંખ્યા નજીવી હતી. તદ્ઉપરાંત શહેરવાર શિક્ષણની પરિસ્થિતિમાં પણ ઘણો જ તફાવત જોવા મળયો હતો. તેમના રહેઠાણોની સ્થિતિ પણ દયાજનક હતી. તેમના વસવાટો પણ ગંદા હતા. તેમના મહોલ્લામાં કાચા રસ્તાઓને કારણે બારેમાસ કાદવ રહે છે. જાજરૂ તેમજ પીવાના પાણીની વ્યવસ્થા પણ સાધારણ ઠીક કહેવાય એવી પણ ઘણી ઓછી જોવા મળી હતી. તેમના મહોલ્લામાં અને ઘરોમાં લાઇટની વ્યવસ્થા પણ ઘણી ઓછી જોવા મળી હતી. આમ છેલ્લા ૩૬ વર્ષના આયોજિત વિકાસ અને કેન્દ્ર અને રાજ્ય સરકારની તેમને માટેના અનેક વિકાસ કાર્યક્રમો હોવા છતાં પણ અનુસૂચિત જાતિના લોકોની સ્થિતિ દયાજનક જોવા મળે છે. એવું સર્વેક્ષણ પરથી જાણવા મળે છે.

## ભલામણો :

### પાયાની સવલતોની પૂર્તિ :

### (૧) અભિનવ ગ્રામ નિર્માણ કાર્યક્રમ :

પ્રકરણ-૬માં જોયુ તે પ્રમાણે હરિજનોની વસ્તીવાળા મહોલ્લામાં ગદકી, કાચા રસ્તા તેમજ કાદવ રહે છે. આજુબાજુના વિસ્તારોનુ ગદુ પાણી તેમના નિવાસો આગળ ઠેલવાતુ હોય છે. આ બધા કારણોને લીધે તેઓ અનેક જાતના રોગોમાં ફસાય છે. તેઓની જાજરૂની પણ મોટી સમસ્યા છે. તેમના મહોલ્લામાં જાજરૂનુ પૂરતાં પ્રમાણમાં બાંધકામ, પાણીના નિકાલની વ્યવસ્થા સાથે શેરીઓમાં પથ્થર, ઈંટોની ફરસબંધની, મુખ્ય રસ્તાને જોડતા માર્ગો, પાણી પુરવઠા માટે સ્ટેન્ડ પોસ્ટ તેમજ જ્યાં શકય હોય ત્યાં પાઇપલાઇન દ્વારા પીવાના પાણીની સુવિધા, તેમના મહોલ્લામાં વીજળીના થાંભલા, મકાન પર લાઇટનુ જોડાણ વગેરે કાર્યક્રમોને અગ્રિમતા આપવી જોઇએ. આમ વ્યક્તિલક્ષી અને કુટુંબલક્ષી યોજનાઓની સાથો-સાથ પાયાની સગવડોની પૂર્તિ કરવા પર ભાર મૂકાવો જોઇએ.

### પ્રદુષણ :

હરિજનોની વસતિવાળા મહોલ્લાની આજુબાજુ ઘણી જગ્યાએ ઉદ્યોગો વિકાસ પામી રહયાં છે. આથી વાતાવરણ પ્રદુષિત થાય છે. જે હરિજન લોકો ઉપર માઠી અસર કરે છે. સુરતમાં ઉધના વિસ્તારમાં કારખાના-ફેકટરીને કારણે હરિજન વસવાટમાં , કૂવાના પાણી લાલ, લીલા રગના થઇ ગયાં છે. આજ પાણીનો ઉપયોગ તેઓ ન્હાવા-ધોવા માટે કરે છે. એજ રીતે ઘણા સ્થળોએ ફેકટરીનુ પાણી છોડવામાં આવે છે જે નીચાણવાળા વિસ્તારમાં જતુ હોય છે. હરિજન વસાહતો લગભગ નીચાણમાં જોવા મળી. ટૂકમાં આવા પ્રદુષણથી આ લોકોને છોડાવા જોઇએ. આજ કારણે અનુસૂચિત જાતિના લોકોમાં ક્ષય, કેન્સરનુ પ્રમાણ વિશેષ જોવા મળે છે.



### (૨) ઘરથાળનો પ્લોટ :

સર્વેક્ષણ દરમિયાન જાણવા મળ્યુ કે હરિજનોને ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ જમીનના પ્લોટો આપવામાં આવે છે. શહેરી વિસ્તારમાં આનુ બરોબર અમલીકરણ થયુ હોય તેવુ જોવામાં આવ્યુ નથી. આ કાર્યક્રમને વધુ સઘન બનાવવો જોઇએ. જામનગર, રાજકોટમાં વસતા અનુસૂચિત જાતિના કુટુંબો પાસેથી એવી માહિતી મળી કે એકપણ કુટુંબને આ લાભ મળયો નથી. માટે આ કાર્યક્રમને સઘન બનાવવો જોઇએ.

અમુક શહેરમાંથી એવુ પણ જાણવા મળ્યુ કે સરકારશ્રી દ્વારા સ્લમ્સ કવાર્ટસ બનાવવામાં આવે છે જે શહેરથી દૂરના ભાગમાં બનાવે છે. અનુસૂચિત જાતિના લોકોનો મોટોભાગ મજૂરી કરે છે. જો રહેણાંકના મકાનો દૂર હોય તો ત્યાંથી શહેર સુધી મજૂરી કરવા માટે આવવુ મુશ્કેલ બને. આથી ઘણી જગ્યાએ આવા કવાર્ટસમાં કોઇ રહેવા જતુ નથી અને કવાર્ટસ એમના એમ ખાલી પડી રહે છે. આથી છેલ્લા ઘણા વર્ષોથી અનુસૂચિત જાતિના લોકો જે વિસ્તારમાં રહે છે અને ત્યાં તેના ઝૂપડા છે તે જ સ્થળે કવાર્ટસ બાંધી આપવા જોઇએ.

ઘરથાળનો પ્લોટ જે કુટુંબોને મળયો છે તેમનુ કહેવુ એવુ છે કે આ પ્લોટ શહેરથી ઘણે દૂર છે, કેટલાકનુ કહેવુ છે કે ત્યાં જવા રસ્તો નથી, વળી, અમુકનુ કહેવુ છે કે આ પ્લોટો નાના છે.

આમ એકંદરે જોઇ શકાશે કે ઘરથાળના પ્લોટ ફાળવવાની નીતિ વહીવટના માળખામાં ઉપરથી નીચે આવતાં કેવુ વરવુ અને અસંભવ સ્વરૂપ લે છે તે સર્વેક્ષણથી સ્પષ્ટ થાય છે. ગ્રામ, શહેર, રાજય અને દેશ સ્તરની શક્તિની સંરચના એવી છે કે હરિજનોને માટેની કોઇપણ સારી નીતિ વરવા સ્વરૂપમાં બદલાઇ જાય છે અને હરિજનોને કોઇ ફાયદો થતો નથી. આથી નીતિના અમલીકરણનુ મોનીટરીંગ કરવા માટે ઘણી ઉચ્ચ કક્ષાની સમિતિ દરેક સ્તરે હોવી જોઇએ. તેમને સદૈવ અસરકારકતાથી કામ કરવુ જોઇએ.

**(૩) લાભિતાભિમુખ કાર્યક્રમો :**

સર્વેક્ષણ દરમ્યાન હરિજન કુટુંબોની મુલાકાત લેતા તેમજ હરિજન આગેવાનોની મુલાકાત સાથે પણ જોયુ હતુ કે લાભિતાભિમુખ યોજનાઓ લોકોને પાંગળા બનાવી દે છે. એમના વિશે ખૂબ વિચાર કરીને જ મદદ કરવી જોઇએ. જેની જરૂર વધારે હોય તેને અગ્રિમતા આપવી જોઇએ. સર્વત્ર લાભિતોઓએ અમુક હિસ્સો અવશ્ય આપવો જોઇએ. એવુ ભારપૂર્વક નીતિનિર્ધારણ થવુ જોઇએ. એ વાત એમના મનમાં અને આપણાં નીતિ અને કાર્યક્રમોના માળખામાં વણાય જવી જોઇએ, કે વગર મહેનતનુ આપવુ દેવુ નહીં. કોઇપણ પ્રજાનુ આર્થિક ભવિષ્ય એના પોતાના કાંડાથી જ સર્જાય છે.

**આર્થિક કાર્યક્રમો :**

**ખેતી :**

(૧) સર્વેક્ષણમાં આવરી લીધેલા કુટુંબોમાંથી ૨૬ કુટુંબો જમીન ધરાવતાં હતાં. આ કુટુંબો પોતાની જમીનનુ સારી રીતે જતન કરી શકે અને ખેતીની પ્રવૃત્તિમાંથી સારી આવક મેળવી શકે તે માટે ખેતીના સુધારેલા સાધનો, બિયારણ, સિંચાઇની સગવડ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, બળદ તેમજ બળદગાડાં વગેરે સહાયના દરે પૂરા પાડવાં જોઇએ.

(૨) બળતણની સમસ્યા એ સમગ્ર રાષ્ટ્રની મોટી સમસ્યા છે. શહેરી વિસ્તારમાં પણ બળતણના લાકડાની ઘણી મોટી અછત વર્તાય છે. હરિજન કુટુંબોને ઓછાં મૂલ્યે બળતણની જરૂરિયાતો પૂરી પાડવા માટે ગાંડા બાવળ તેમજ બીજા એવા ઝાડો ઉગાડવા માટે બહેનોની વન ઉછેર સહકારી મંડળી કરવી જોઇએ. ભાઇઓ પણ આમાં સભ્ય બની શકે. આ કામ એક મોટી ઝૂંબેશના રૂપમાં ઉપાડી લેવુ આવશ્યક છે. આ કામ થશે તો તેઓને ઘર બળતણ ઉપરાંત થોડી આવક પણ મળી રહેશે. આને માટે હરિજનોની એનર્જી કો-ઓપરેટીવ કરવી જોઇએ. આનો એક પ્રાયોગિક પ્રોજેકટ આદિવાસી કેન્દ્ર કરવા તૈયાર છે.



શહેરી વિસ્તારથી દૂર આવા બાવળ ઉગાડવા માટે જમીન પણ છે.

**પશુપાલન :**

(૧) પશુપાલન રાજ્યના ખેતી અર્થતંત્રમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. ગુજરાતમાં ડેરી ઉદ્યોગ ઘણો જ વિકસયો છે. લગભગ દરેક જિલ્લામાં ડેરીઓ છે. હરિજન કુટુંબો પણ ગાય અને ભેસ રાખવાની ઇચ્છા રાખે છે. પશુપાલનના ઉદ્યોગમાંથી તેઓ વધુ આવકનુ નિર્માણ કરી શકે તે માટે તેમને ગાય, ભેસો સહાય દરે આપવી જોઇએ.

**મજૂરી :**

સર્વેક્ષણ દ્વારા એવુ જાણવા મળ્યુ કે અનુસૂચિત જાતિના મોટાભાગના (૪૬.૩૫ ટકા) કુટુંબોનો મુખ્ય વ્યવસાય મજૂરી છે. મજૂરીમાં તેઓ ગટર સાફ કરવી, માલ ફેરવવો, કડિયાકામમાં મજૂર તરીકે, ફેકટરી, મીલ, ઘરે - ઘરે વાસણ માંજવા વગેરે પ્રકારની મજૂરીમાં છે. આમાં મીલ સિવાય બીજી બધી સંસ્થા કે જેને ત્યાં તે કામ કરે છે તે અન ઓર્ગેનાઇઝ સંસ્થા છે. જેમાં મજૂરી કરનારના ભલા માટે કશુ હોતુ નથી. સરકારશ્રી તરફથી મજૂરીના દર બધાયા, લઘુતમ વેતન ધારો પસાર કર્યો છે, પરંતુ આ બધા નિયમોનુ પાલન થતુ નથી અને અનુસૂચિત જાતિના લોકોને પૂરેપૂરી મજૂરી મળતી નથી. આમ હોવા છતાં આ કોમ લાચારીને કારણે કશુ બોલી શકતી નથી તો લઘુતમ વેતન ધારાનો કડક અમલ થાય તે જોવાવુ જોઇએ. મજૂરીનુ કામ એ વ્યકિતની શારીરિક શકિત ઉપર આધાર રાખે છે. જ્યારે વ્યકિત ૫૦-૫૫ વર્ષની થાય ત્યાર પછી આવુ કામ કરી શકતી નથી, ત્યારે બીજા ઉપર નિર્ભર રહેવુ પડે છે. તો આવી મજૂરી કરતા લોકોના ભવિષ્ય માટે પણ કંઇક વિચાર કરવો જોઇએ.

સર્વેક્ષણમાં આવરી લીધેલાં શહેરોની તપાસ વખતે એ પણ જાણવા મળ્યુ હતુ કે ઘણા હરિજનો પથ્થર તોડવાની મજૂરી માટે જાય છે. અહીં પણ તેમને પૂરતી મજૂરી મળતી નથી, પથ્થરની

ખાણ પાસે તેમને કોઇપણ પ્રકારની સગવડ આપવામાં આવતી નથી. તેમાં પણ પથ્થરની ખાણમાં કામ કરતી બહેનોને તો લઘુતમ વેતન પણ મળતુ નથી. આમ કાયદાની જોગવાઇ હોવા છતાં તેમનુ શોષણ થાય છે. મજૂરીમાં થતુ શોષણ કોઇપણ ભોગે અટકાવવુ જોઇએ.

આમ ઉપરોક્ત હકીકતોથી એ જોઇ શકાય છે કે મજૂરોની કોઇ સંગઠિત સંસ્થા ન હોવાથી તેમનુ શોષણ થઇ રહયુ છે. આથી મજૂરોનુ શોષણ થતુ અટકે તે માટે આ લોકો જે જે જગ્યાએ મજૂર કામ કરતા હોય તેવી જગ્યાએ સરકારશ્રી, સ્વૈચ્છિક સંસ્થા કે જેના તરફથી મજૂરી માટે બોલાવવામાં આવે તેવા લોકો તરફથી કોઇ મંડળની સ્થાપના કરવી જોઇએ.

ધંધા-ઉદ્યોગ :
---------

(૧) અનુસૂચિત જાતિના લોકોના વંશપરંપરાગત ધંધાઓ વણાટ અને ચર્મકામના ધંધાઓ ભાંગી પડયાં છે. તેમના વંશપરંપરાગત ધંધાઓ ફરીથી સજીવન થાય તે માટે આર્થિક સવલતો પૂરી પાડવી જોઇએ. તેમનો હાથશાળનો પરંપરાગત ઉદ્યોગ એ પૂરક આવકનુ સાધન છે. પરંતુ આજે તેમની મોટાભાગની હાથશાળો સક્રિય નથી અને હાથશાળની સંખ્યામાં ધીમે ધીમે ઘટાડો થઇ રહયો છે. તમામ હાથશાળો ઉત્પાદનની ઇષ્ટમકક્ષા સુધી કામ કરે તે માટે સઘન પ્રયાસો કરવા જોઇએ. હાથશાળો ઘણી જૂની પુરાણી થઇ ગઇ છે. તેના જૂના ભાગો બદલીને નવા ભાગો મૂકીને આધુનિકરણ કરવુ જોઇએ અને વણકરોને વણાટકામમાં છેલ્લામાં છેલ્લી ટેકનીકની તાલીમ આપવી જોઇએ. આમ એકંદરે હાથશાળ ઉદ્યોગનો વિકાસ થાય તે માટે સહાય કરવી જોઇએ. આ દિશામાં હાથશાળ વિકાસ નિગમ, ખાદીગ્રામોદ્યોગ તથા સહકારી મંડળીઓ પણ કાર્ય કરી શકે એમ છે.

(૨) સર્વેક્ષણ કરેલ કેટલાક શહેરોમાં શેતરંજી વણાટ પણ જોવા મળયુ હતુ. શેતરંજી વણાટ એ નવી કામગીરી છે. આની અંદર વધારે કૌશલ્યની જરૂર છે. શેતરંજી વણાટ માટે યુવાનોને તાલીમ



આપવી જોઇએ અને તેના વણાટ કેન્દ્રો શરુ કરવા જોઇએ. આ દ્વારા ઘણાં કુટુંબોને સીધે-સીધી રોજી આપી શકાશે.

(૩) તેમના વંશપરંપરાગત ચર્મઉદ્યોગ પણ નાણાંકીય સહાયને અભાવે ભાંગી પડયો છે. આથી ચર્મઉદ્યોગ વિકાસ ઉપર ખૂબ ધ્યાન આપવુ જોઇએ. અનુસૂચિત જાતિના અમુક લોકો ચામડુ કમાવવાના કામમાં રોકાયેલા છે. સર્વેક્ષણ દરમ્યાન જોવા મળયુ કે કાચા ચામડાના એકત્રીકરણનુ કામ પણ એકદમ અસંગઠિત દશામાં છે. પરંપરાગત પધ્ધતિએ જ બને તેટલા ચામડાં એકઠાં થાય છે. આ એકત્રીકરણ માટે સુચારૂ વ્યવસ્થા કરવા તરફ હવે આપણુ ધ્યાન જવુ જોઇએ. આ ઉદ્યોગનો વિકાસ કરવા નાણાંકીય સહાય આપવી જોઇએ. તેમજ આ ધંધામાં ટેકનીકનુ ધોરણ ઊંચુ લાવવા અને ઓજારોનો ઉપયોગ કરવામાં ચામડુ ઉતારનારા તથા કમાનારા-ઓને તાલીમ આપવી જોઇએ અને ચામડુ એકઠુ કરવાથી માંડી એમાંથી પાકાં ચામડાં બનતા સુધીની જે જે પ્રક્રિયાઓ, પધ્ધતિઓ, રીતો, કરનારાઓ છે તેમનો એક યથાસ્થિત અહેવાલ તૈયાર કરવો જોઇએ. જયાં ચામડુ પકવવાથી માંડી કમાવવાના નાના એકમો શરૂ કરવા જોઇએ. આ ધંધાના વિકાસ માટે ગુજરાત લેધર કોર્પોરેશન અથવા ચર્મકારોની અપેક્ષ સહકારી મંડળીનુ માળખુ બનાવવુ જોઇએ.

(૪) અનુસૂચિત જાતિના લોકોને નાના પાયા પર ઉદ્યોગો શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવુ જોઇએ. ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન અને એવી બીજી ઉદ્યોગોને પ્રોત્સાહન આપનારી સંસ્થાકીય રચનાઓમાં હરિજનો માટે ૭ ટકા રકમ અને ઇન્ડસ્ટ્રીયલ શેડ અનામત રાખવા જોઇએ અને હરિજનો માટે નિયોજકત્વની તાલીમ શરૂ કરવી જોઇએ.

(૫) ઉત્તરપ્રદેશની જેમ હરિજન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સ્થાપવા ઉપર પણ સરકારશ્રીએ વિચાર કરવો જોઇએ, આ એચ.આઇ.ઇ.માં હરિજનો જે કામ પેઢી દર પેઢીથી કરતા આવ્યા છે તેવા ઉદ્યોગોને શરૂ કરાવી દેવા જોઇએ. અમારા સર્વેક્ષણ દરમ્યાન એવા ઘણા હરિજન યુવાનો અમને મળયા કે જેઓ આવા ઔદ્યોગિક સાહસો કરવા તૈયાર હતાં.

(૬) આ ઉપરાંત ઈંટો બનાવવી, પગરખાં બનાવવા, અંબરચરખા, નેતર અને વાંસકામ, નીરો બનાવવો વગેરે મુખ્ય કુટિર ઉદ્યોગો છે. આ ઉદ્યોગો અનુસૂચિત જાતિના લોકોને રોજગારી પૂરી પાડે છે. આ ઉદ્યોગ વિષે તેમને વિસ્તૃત રીતે ખ્યાલ પૂરો પાડવો જોઇએ અને આવા ધંધા રોજગારોને ખાદીગ્રામોદ્યોગ તેમજ રાજ્ય સરકારે સહાય કરવી જોઇએ અને વધુ પ્રોત્સાહન આપવું જોઇએ.

(૭) સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે શહેરોની સુધરાઇમાં ભંગી ઝાડુ વાળવાવાળા હોય છે. કામ પ્રમાણે ઝાડુવાળવાની સંખ્યા ઓછી હોય છે (દા.ત. રાજકોટમાં ૨૦૦૦ ની સામે અંદાજીત ૭૦૦ છે) એને લીધે ઘણીવાર નોકરી કરતાં ભાઇથી જે કામ પુરૂ થઇ શકતુ નથી તે કામ તેને તેના કુટુંબના અન્ય સભ્યોની મદદ વડે કામ કરાવવું પડે છે. તદ્ઉપરાંત આજની મોંઘવારી જોતાં તેમના પગારો પણ ઓછાં જણાય છે. આથી ભંગી ઝાડુ-વાળાઓની સંખ્યા વધારવી જોઇએ અને તેમના પગારની તપાસ માટે એક સમિતિ નીમવી જોઇએ. ઘણા દૈનિક પગારથી હોય છે તેમને કાયમી કરવા જોઇએ.

તેમને વખતસર ડ્રેસ, વરસાદના સાધનો વગેરે આપવા જોઇએ. તેમાં રાજકોટ કોર્પોરેશન તરફથી ૧૯૮૩ થી સફાઇ કામદારોને ડ્રેસ અપાયો નથી તેવું સફાઇકામદારની મુલાકાત દ્વારા જાણવા મળ્યુ. જો આ હકીકત સાચી હોય તો સફાઇ કામદારોને તાકીદે ડ્રેસ વગેરે આપવા જોઇએ.

શહેરના જુદા જુદા વોર્ડ પ્રમાણે સફાઇ કામદારોની નિમણૂંક થાય છે. પરંતુ કામદારે હાજરી પૂરાવવા માટે કોર્પોરેશનમાં તેની શાખા ઓફીસમાં જવુ પડે છે. વળી સફાઇ કામદારોના કામની બે પાળી છે. સવારે અને બપોર તો આ બન્ને સમયે કામે ચઢતા પહેલા અને કામ પૂરૂ કરીને હાજરી પૂરાવી પડે છે. આમ એક દિવસમાં આ લોકોની ચાર વખત હાજરી લેવાય છે. વોર્ડ અને કોર્પોરેશન વચ્ચે અંતર પણ ઘણુ હોય છે. આથી આ બાબતમાં વાસ્તવિકતાને ધ્યાનમાં લઇ નિયમોમાં ફેરફાર કરવા જોઇએ.



એક એવી ફરિયાદ જાણવા મળી કે સફાઇ કામદાર તેને સોંપેલ વોર્ડમાં હાજર ન હોય, સફાઇ કામ કરીને કયાંય આજુબાજુ ગયો હોય તેવા સમયે સુપરવાઇઝર આવે અને સફાઇ કામદાર હાજર ન હોય તો દંડ કરવામાં આવે છે. આ સામે એટલુ જરૂર કહી શકાય કે સફાઇનુ કામ પૂરૂ કરી દીધુ હોય અને કામદાર થોડો આઘોપાછો હોય તો દંડ કરવો વ્યાજબી નથી.

અનુસૂચિત જાતિના લોકોના જે રહેઠાણો જોવા મળયાં તેમાં ભંગી લોકોના રહેઠાણની સ્થિતિ ઘણી જ ખરાબ છે. રહેઠાણની સાથોસાથ મકાનમાં હવા-ઉજાસ વગેરેની સગવડનો અભાવ જોવા મળે છે. ભંગીવાસની આજુબાજુમાં પાયાની સુવિધા પણ ઓછી હતી. આથી સરકારશ્રી દ્વારા રહેઠાણના મકાનો બનાવવામાં આવે ત્યારે અથવા ભંગી લોકો સ્વપ્રયાસથી મકાન બનાવે ત્યારે તેને લોન, સબસીડી અને હાઉસીંગ બોર્ડના મકાન ફાળવવામાં અગ્રિમતા આપવી જોઇએ.

હજુ પણ મહાનગરપાલિકા વિસ્તારમાં ભંગી લોકો માથે મેલુ ઉપાડીને જતાં જોવા મળે છે. કાયદો, દંડ કે કોઇપણ રીતે તત્કાળ આ પરિસ્થિતિ નાબૂદ કરવી જોઇએ.

ભંગી લોકોની મુલાકાત, તેમના વિસ્તારની મુલાકાત અને નિરીક્ષણ દ્વારા ચર્ચા થતાં હવે એવું લાગે છે કે ભંગી કામદારોની સ્થિતિ તપાસવા માટે અને તેઓનુ મૂલ્યાંકન કરવા એક કમિટી મળવી જોઇએ, કારણ કે છેલ્લી કમિટી મળી ગઇ તેને ઘણો સમય થયો. સમયના પ્રવાહ સાથે તેમના પ્રશ્નોમાં પણ હવે ફેરફાર થયા છે. આથી વર્તમાન સ્થિતિમાં એક કમિટી મળવી જોઇએ તેવુ લાગે છે.

(૮) ગુજરાત સરકાર દ્વારા રોજગારલક્ષી કાર્યક્રમો કરવામાં આવે છે. પરંતુ આ કાર્યક્રમોનો લાભ મધ્યમ અને ગરીબ વર્ગ સુધી પહોંચવો જોઇએ તેટલા પ્રમાણમાં પહોંચતો નથી. આની પાછળનુ કોઇ મુખ્ય પરિબળ હોય તો તે કે આવા વ્યવહારૂ કાર્યક્રમ વિષેની માહિતી લોકો સુધી પહોંચતી નથી. આથી અનુસૂચિત જાતિના

વિસ્તારોમાં સંબંધિત અધિકારીઓ દ્વારા શિબિરો ગોઠવવી જોઇએ અને આવી યોજનાનો લાભ કઇ રીતે લઇ શકાય તેનું પૂરતું માર્ગદર્શન આપવું જોઇએ. તો ઘણા લોકો આ યોજનાનો લાભ લઇ શકે અને રોજગારી મેળવી શકે.

આ ઉપરાંત રોજગાર મેળવવા માટે તાલીમ આપવાની સરકારે કરેલ વ્યવસ્થા ઉપરાંત ઘણી વખત એવું બનતું હોય છે કે અભણ કારીગર ખાનગી તાલીમ પામેલ હોય છે. આવા કારીગરને રોજગારી મેળવવા તકલીફ પડે છે. તો આવા ખાનગી તાલીમ પામેલ કારીગરોનો સર્વે કરવો જોઇએ અને તે કુટુંબ માટે રોજી-રોટી કમાય શકે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. આમ સરકારશ્રીએ આ માટેના તાલીમ કેન્દ્રો ખોલવા જોઇએ, બિન અભ્યાસી અને ઓછું ભણેલા માટે પ્રેક્ટીકલ તાલીમ પણ આપવી જોઇએ.

(૯) સારાય દેશમાં અને ખાસ કરીને અમદાવાદ શહેરમાં બેકાર મીલ કામદારનો પ્રશ્ન ધ્યાનાકર્ષક બન્યો છે. જે લોકો છેલ્લા દશ-પંદર કે વીસ વર્ષથી મીલમાં કામ કરતાં હોય તેઓની મીલ અચાનક બંધ થઇ જતાં આજે તદ્દન બેકાર અને અર્ધભૂખ્યા હાલતમાં રહેવું પડે તેવી સ્થિતિ છે. તેમાં પણ બેકાર મીલ કામદારોમાં ૪૫ ટકા જેટલા તો અનુસૂચિત જાતિના સભ્યો છે. આથી હરિજનો માટે આ ઘણો મહત્વનો પ્રશ્ન છે. અમારા રેપીડ સર્વેક્ષણ દ્વારા તેમજ ગાંધીશ્રમ સંસ્થાન દ્વારા થયેલા અભ્યાસમાં અનુસૂચિત જાતિના બેકાર મીલ કામદારોએ જે માંગણીઓ કરી છે તેમાં કાપડની ફેરી કરવી, ચાની લારી, ઓટોરીક્ષા, શાકભાજી અને ફ્રુટની લારી, પાનના ગલ્લા, ઇલેક્ટ્રીકના સાધનોની દુકાન, કરિયાણાની દુકાન, અંબાર ચરખા વગેરે માંગ્યુ છે. કુટુંબના બેકાર સભ્યને શું શું જરૂરિયાત છે તે વિગતે જાણી લઇ આ જરૂરિયાતો પૂરી પાડવા પ્રયાસ કરવો જોઇએ.

રહેઠાણ :

અનુસૂચિત જાતિના કુટુંબો માટે રહેઠાણનો પ્રશ્ન ઘણો જ અગત્યનો છે. તેમના મકાનોની સ્થિતિ સારી નથી. ૪૧ ટકા



જેટલા કુટુંબો ભાડાના મકાનમાં રહે છે. કેટલાક તો માત્ર ઝૂપડપટ્ટીમાં રહે છે. બધા જ શહેરોમાં એવું જોવા મળ્યુ હતુ કે મોટાભાગના કુટુંબો એક જ ઓરડામાં માત-પિતા તેમજ વિવાહિત સંતાનો અને બાળકો સાથે રહેતા હોય છે. કુટુંબના બે-ત્રણ સભ્યોને તો બહાર શેરીમાં સુવું પડે તેવું પણ જાણવા મળ્યું. આમ તેમનો રહેઠાણનો પ્રશ્ન તાકીદે ઉકેલવો જોઇએ. રહેઠાણના પ્લોટ માટે અને મકાન બનાવવા માટે તેમને વધુમાં વધુ સહાય આપવી જોઇએ.

સર્વેક્ષણ કરેલ શહેરના ઝૂપડપટ્ટી વિસ્તારમાં વસતા અનુસૂચિત જાતિના લોકોને પ્રાથમિક સુવિધાથી વંચિત રખાતા હોય તેવું જોવા મળ્યુ. આવા વિસ્તારમાં લાઇટ, પાણી, રસ્તા કે જાહેર જાજરૂની પૂરતી સગવડતા નથી. વીજળી જોડાણ માટે ઘર વેરા પહોંચ માંગવામાં આવે છે જે આ વિસ્તારમાં રહેતા લોકો પાસે નથી. આના માટે સરકાર તરફથી જે સ્લમ ક્વાર્ટસ બનાવવાની યોજના છે તે આવા ઝૂપડપટ્ટી વિસ્તારમાં લાગુ પાડવી જોઇએ. જેથી ઝૂપડપટ્ટી નાબૂદ થઇ જશે. જો સ્લમ ક્વાર્ટસ દૂર બંધાશે તો આવા કુટુંબો રહેવા જશે નહિ, પરંતુ છેલ્લા થોડા વર્ષોથી એ જ વિસ્તારમાં રહેતા હોય એજ સ્થળે મકાન બનાવી આપવામાં આવે તો " એક કાંકરે બે પક્ષી મરશે."

સર્વેક્ષણ દરમિયાન હાઉસીંગ સોસાયટી અંગે તપાસ કરતાં એવું જાણવા મળ્યુ કે રાજકોટ, જામનગરમાં હરિજન કુટુંબો હાઉસીંગ સોસાયટીમાં સભાસદ નથી તો આ શહેરમાં આ કાર્યક્રમને પ્રોત્સાહન આપવું જોઇએ. જે શહેરોમાં આ કામ ચાલે છે તેમાં હરિજન કુટુંબોની સંખ્યા ઓછી છે. તો તેવી જગ્યાએ સભ્યો વધે તે માટેના પ્રયત્નો કરવા જોઇએ.

સ્થળાંતર :

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુલ ૬૧૫૯૫ કુટુંબો હતા. આમાં ૨૨૦૯૧ કુટુંબો તો ગુજરાત બહારથી અને ગુજરાતના જુદા જુદા ગામડામાંથી સ્થળાંતર કરીને આવ્યા છે. સ્થળાંતર કરવા માટે તેઓ વધુ કમાણી થઇ શકે, પ્રગતિ થાય, જીવન-ધોરણ ઉંચુ

આવી શકે વગેરે આશા સાથે શહેરમાં આવ્યા હતા, પરંતુ આજે આવા કુટુંબોમાંથી મોટાભાગનાની સ્થિતિ દયનીય છે. કારણ કે શહેરમાં રહેણાંક માટે મકાનની પૂરતી સગવડ નથી. આવકમાં પણ એકંદર વધારો થયો નથી, કારણ કે અગાઉના ગ્રામ્ય વિસ્તારના સર્વેક્ષણ દરમિયાન કુટુંબદીઠ વાર્ષિક માથાદીઠ આવક (૬૭૪) હતી તેના કરતાં શહેરી વિસ્તારમાં વસતા હરિજન કુટુંબોની વાર્ષિક માથાદીઠ આવક (૭૧૨) માં બહુ મોટો ફેર પડયો નથી, પરંતુ આની સામે જાહેર સુવિધાનો અભાવ, અથાગ પરિશ્રમ કરીને ચલાવાતુ ગુજરાન, ઝૂંપડપટ્ટીમાં વાસ, પ્રદૂષણનો સામનો વગેરે વિકટ સમસ્યાઓનો સામનો કરે છે. આનો અર્થ એ કે સ્થળાંતરથી મોટાભાગનાને લાભ ખાસ થયો નથી. સ્થળાંતરનુ સોસ્યલ કોસ્ટ ઘણું ચૂકવવુ પડે છે. આથી આવી પ્રવૃત્તિને રોકવા માટે પ્રયત્નો કરવા જોઇએ.

સહકાર :

(૧) ગુજરાત રાજ્યમાં સહકારી પ્રવૃત્તિ ઘણાં લાંબા સમયથી છે અને વિકાસની વિવિધ કક્ષામાંથી તે પસાર થયેલી છે. અને સાચા અર્થમાં તે સ્વૈચ્છિક બની છે અને આ પ્રવૃત્તિ અનેક ક્ષેત્રોમાં વિસ્તરી છે: ખાસ કરીને ધિરાણ સહકારી મંડળીઓ, ગ્રાહક સહકારી મંડળીઓ વગેરે જેવી સહકારી પ્રવૃત્તિ અનુસૂચિત જાતિના લોકો માટે લાભદાયી છે.

(૨) શહેરી વિસ્તારમાં કોન્ટ્રાકટરો દ્વારા થતુ મજૂરોનુ શોષણ અટકાવવા તથા તેઓ સારુ વેતન મેળવી શકે તે માટે મજૂરો દ્વારા મજૂર સહકારી મંડળી ઉભી કરવી જોઇએ. તે માટે સરકારશ્રી તરફથી આર્થિક તેમજ અન્ય માર્ગદર્શન પૂરૂ પાડવુ જોઇએ.

શિક્ષણ :

સર્વેક્ષણમાંથી કુલ પુરૂષોમાં શિક્ષણનુ પ્રમાણ ૬૪ ટકા અને સ્ત્રીઓમાં ૪૮ ટકા જોવા મળ્યુ હતુ. આમ શિક્ષણની દ્રષ્ટિએ અન્ય પછાત સમુદાયની સરખામણીમાં હરિજનો આગળ છે એમ



સ્પષ્ટ દેખાઇ આવે છે. શિક્ષિતમાં સ્નાતક અને અનુસ્નાતક સુધી પહોંચેલ સ્ત્રી-પુરૂષનુ પ્રમાણ ગુજરાતના જનરલ શિક્ષણ કરતા ઓછુ છે: છ શહેરોમાંથી કેટલાક શહેરો એવા છે કે જેમાં હરિજનો શિક્ષણની દ્રષ્ટિએ ઘણા પાછળ છે (જામનગર) આ શહેરમાં બીજી દ્રષ્ટિએ પણ હરિજનોની સ્થિતિ તુલનાત્મક રીતે ખરાબ છે. આથી શિક્ષણની પાછળ વધુ ધ્યાન આપવુ જોઇએ. જે શહેરમાં શિક્ષણનુ પ્રમાણ સામાન્ય કરતાં ઓછુ છે તેવા શહેરમાં ઘનિષ્ઠ શિક્ષણ માટે ઝૂંબેશ ઉઠાવવી જોઇએ.

(૨) પુરૂષો કરતાં સ્ત્રીઓમાં શિક્ષણનુ પ્રમાણ ઓછુ છે એવુ સર્વેક્ષણ પરથી દેખાઇ આવે છે. હરિજન બહેનો વધુ પ્રમાણમાં શિક્ષણ લેતી થાય તે માટે તેમને વધુ પ્રોત્સાહન આપવુ જોઇએ.

(૩) સર્વેક્ષણમાં જણાવ્યા મુજબ ૭ થી ૧૪ વર્ષના કુલ ૬૬૮૬૧ બાળકોમાંથી ૭૬૨૬ એટલે કે ૧૧.૪૧ ટકા બાળકો શાળામાં આવતા નથી. આમ સરકારશ્રીના તમામ પ્રયત્નો છતાં ૭ થી ૧૪ વયજૂથના તમામ બાળકોને શાળામાં લાવવાનુ ઘણું મુશ્કેલ છે: શિક્ષણ પરત્વેની આ ઉદાસીનતા માટે આર્થિક સ્થિતિ મુખ્યત્વે જવાબદાર છે. આથી બાળકોમાં શિક્ષણની ભૂખ જાગે તે માટે દરેક શહેરના જુદા જુદા વિસ્તારોમાં હરિજન બાળકો માટે આંગણવાડી અને બાલવાડી રાખવી જોઇએ. તેમને મફત પુસ્તકો અને ગણવેશ આપવા જોઇએ.

(૪) શાળાથી વંચિત બાળકો માટે અશાલેય તથા ઔપચારિક શિક્ષણ કેન્દ્રો ખોલવા જોઇએ અને શિક્ષિત બેરોજગાર યુવકોને આ કાર્યક્રમ હાથ ધરવા પ્રવૃત્ત કરવા જોઇએ.

(૫) સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે હરિજન બાળકો ખાસ કરીને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોમાં નબળા હોય છે. આવા નબળા વિદ્યાર્થીઓ માટે ઉનાળાની રજાઓમાં ખાસ શિક્ષણ વર્ગો શરૂ કરવા જોઇએ. કેટલાક હરિજન વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને કોલેજ કક્ષાએ તેમના અભ્યાસ માટે પાઠ્યપુસ્તકો ખરીદવા માટે શક્તિમાન નથી.

જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો મફત આપવાની વ્યવસ્થા કરવી જોઇએ.

(૬) શહેરી વિસ્તારમાં અનુસૂચિત જાતિના વિસ્તારમાં સ્કૂલો કે બાલમંદિરો દૂર હોય તેવું ઘણા સ્થળે જોવા મળ્યું છે. જે બાલમંદિરો ખાનગી રીતે ચાલે છે તેમાં ફી ઘણી વધારે છે અને ડોનેશન પણ લેવાતું હોય તેવું સાંભળવા મળ્યું . આથી અનુસૂચિત જાતિના વિસ્તારોમાં આંગણવાડી , બાલમંદિર અને પ્રૌઢશિક્ષણના વધુ કેન્દ્રો ખોલવા જોઇએ.

(૭) ગ્રામ્ય વિસ્તારોમાંથી ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓ શહેરમાં આવે છે અને તેઓ છાત્રાલયમાં રહે છે. પરંતુ એવું જોવામાં આવ્યું છે કે છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં સીટોની સંખ્યા ઘણી ઓછી છે. તેમજ ડીગ્રી કોર્ષના વિદ્યાર્થીને આવી છાત્રાલયોમાં પ્રવેશ આપવામાં આવતો નથી. તો શહેરી વિસ્તારમાં છાત્રાલયો, છાત્રાલયમાં વધુ સંખ્યા રાખવી અને ડીગ્રી કોર્ષવાળાને પ્રવેશ વગેરે કરવું ઘણું જ આવશ્યક છે.

(૮) સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ સારું છે. પરંતુ આ શહેરી વિસ્તાર હોવાથી શિક્ષણનું પ્રમાણ વધુ દેખાય છે. પરંતુ એકંદર જોઇએ તો અનુસૂચિત જાતિના લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ( જે રીતે વસતિ વધે છે તે જોતાં ) કે જે સરકારી પ્રયત્નો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને હરિજનોના પોતાના દ્વારા અથાગ પ્રયત્નો નહિ થાય તો પ્રશ્ન જલ્દીથી ઉકલે એમ નથી. સ્વૈચ્છિક સંસ્થાઓ અને હરિજનોના સ્વપ્રયત્નો જ્યાં ચાલુ હોય તેને પ્રોત્સાહિત કરવા જોઇએ. આવશ્યકતા પ્રમાણે નવીન સંસ્થાઓ અને હરિજનોના સ્વપ્રયત્નોને શરૂ કરાવવા માટે કોમ્પોનન્ટ પ્લાનમાં અંતઃસ્થિત વ્યવસ્થા કરી દેવી જોઇએ.

(૯) શૈક્ષણિક અને સામાજિક ઉત્થાનના ભાગરૂપે સૌથી વધુ જરૂરી હરિજન વિસ્તારો અને છાત્રાલયોમાં લાયબ્રેરી અને વધુ મેગેઝીન અને દૈનિક પેપરોની સગવડ આવશ્યક છે. શિક્ષણને લગતા સાહિત્ય દ્વારા માર્ગદર્શન મળી શકે તે હેતુથી દરેક વિસ્તારમાં અને તેની આજુબાજુ લાયબ્રેરી ખોલવી જોઇએ.



(૧૦) સર્વેક્ષણ દ્વારા એ જોવા મળ્યું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને નોકરી મેળવવામાં ઘણી તકલીફ પડે છે. સાથોસાથ એ પણ એક હકીકત છે કે આપણી પાસે શિક્ષિત યુવાનોને નોકરી આપી શકાય તેવી શકયતા નથી. આવા સમયે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્યની સાથે વ્યવસાયલક્ષી શિક્ષણ આપવું જોઇએ.

(૧૧) આગળ જોયું તેમ અનુસૂચિત જાતિના બાળકો ખાસ કરીને અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનના વિષયોમાં થોડા કાચા છે. આથી આવા વિદ્યાર્થીઓ માટે કોચીંગ કલાસ ચલાવવા જોઇએ. તેમની છાત્રાલયો હોય ત્યાં આ સુવિધા વધારે આપવી જોઇએ.

<u>યુવક મંડળો :</u>

(૧) સર્વેક્ષણ કરેલ શહેરોમાં હરિજન યુવક મંડળો જોવા મળ્યા હતાં. જે ઘણું પાયાનું કામ કરતાં હતા. પ્રૌઢશિક્ષણ, આંગણવાડી , બાલવાડી વધારવાના પ્રયત્નો, બુક-બેંક, પુસ્તકાલયો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવતા હતા. અને તેના પરિણામો પણ સારા જોવા મળ્યાં છે. આવા મંડળોને ઉત્તેજન આપવું જોઇએ. અંગભૂત યોજનાના ખર્ચમાં પણ આવા યુવક મંડળો માટે થોડી રકમ ફાળવવી જોઇએ.

(૨) હરિજન યુવક મંડળો પાસે ખાસ અંગભૂત યોજનાનું એમને અનુરૂપ કામ કરાવવું જોઇએ. એથી કામ સારૂં થશે.

(૩) જે વિસ્તારોમાં યુવક મંડળો ન હોય તેવી જગ્યાએ જો કોઇ આવા મંડળો સ્થાપવા ઇચ્છે તો તેને પ્રોત્સાહન આપવું જોઇએ.

<u>ઔષધકીય મદદ :</u>

(૧) સર્વેક્ષણમાં મહાવ્યાધિની પીડાના ઘણા કિસ્સાઓ જોવા મળ્યાં છે. આવા દર્દીઓને પૂરતી સારવાર તેમજ આર્થિક મદદ મળવી જોઇએ. સર્વેક્ષણમાં આવરી લીધેલ શહેરોમાં એવી ઘણી ફરિયાદ મળી છે કે આર્થિક રીતે સમયસર અને યોગ્ય મદદ મળતી નથી. વિશેષતઃ ટી.બી. અને કેન્સરથી પીડાતી વ્યક્તિને

જે નાણાકીય સહાય રૂા. ૫૦/- ( એક વર્ષ સુધી જ) આપવામાં આવે છે તે અપૂરતી છે. આમાં રકમ અને સમયમાં વધારો કરવો જોઇએ.

(૨) અંત્યોદય યોજના કાર્યક્રમ હેઠળ સમાજ કલ્યાણ અને આદિ જાતિ વિકાસ વિભાગ દ્વારા વૃધ્ધ વ્યકિતને પેન્શન આપવાની યોજના છે. તપાસ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે ઘણા કિસ્સાઓમાં વૃધ્ધ માટેનુ પેન્શન આપવામાં આવતુ નથી અને આ અંગે સંબંધકર્તા અધિકારીઓ તરફથી કોઇ સંતોષકારક જવાબ મળતા નથી.

સર્વેક્ષણ પરથી જાણવા મળે છે કે ખોડખાંપણવાળા બાળકોની સંખ્યા પણ વધુ છે. ખોડ-ખાંપણવાળા બાળકોના મા-બાપને આર્થિક બોજો ન પડે તથા ખોડ-ખાંપણવાળાની સુચારૂ સંભાળ લેવાય તથા પોતાની મેળે કંઇ કરતા થાય એ માટે તેવા બાળકોને જે તે સ્કૂલમાં દાખલ કરી દેવા જોઇએ. આના માટે હરિજન મા-બાપોને સમજાવવા જોઇએ અને આ બાળકોને તેવી સંસ્થામાં જલ્દીથી ભરતી કરાવી દેવા જોઇએ.

સામાજિક :

ભારત સરકારના ગૃહમંત્રાલયનો એક નવો અભિગમ છે કે જેમાં અનુસૂચિત જાતિની ત્યકતા કે વિધવા સ્ત્રી જેમાં કુટુંબની વડી હોય તેમને / વધુ અને તરત મદદ કરવી આ મુદ્દામાં સર્વેક્ષણ દ્વારા એવુ જાણવા મળ્યુ કે કુલ કુટુંબોમાંથી ૪.૫૩ ટકા કુટુંબોના વડા તરીકે સ્ત્રીઓ હતી જે ત્યકતા અથવા તો વિધવા હોય શકે. આવા કુટુંબને જરૂરિયાત પૂરી પાડવામાં અગ્રિમતા આપવી જોઇએ.

અસ્પૃશ્યતા :

(૧) પૂ. મહાત્મા ગાંધીના પ્રયત્નોથી શરૂ કરી અસ્પૃશ્યતા અંગેના અનેક કાયદા થયા હોવા છતાં એ એક સત્ય ઘટના છે કે આજે અસ્પૃશ્યતા એનકેન સ્વરૂપે આપણને જોવા મળે છે. એકબીજાને સ્પર્શ કરવાની વાત હતી તેમાં થોડો ફરક પડયો છે, પરંતુ



હરિજનો માટે સ્ટેન્ડ પોસ્ટ ઉપર અલગ નળ મૂકવા, હોટલામાં ચાના કપ હરિજનો માટે અલગ રાખવા વગેરે બાબતો અસ્પૃશ્યતા કેટલી છે એ અંગે ધ્યાન ખેંચે છે. અસ્પૃશ્યતા પળાતી હોય ત્યાં કડકાઇથી કામ કરવુ જોઇએ.

(૨) સામાન્ય રીતે આપણામાં એક એવો ખ્યાલ છે કે અસ્પૃશ્યાની સમસ્યા એ ફકત હરિજનોની જ છે તો આ ભૂલ કરેલી માન્યતા અંગે ફિલ્મ, પ્રચાર, પોસ્ટર વગેરે દ્વારા લોકોમાં સમજણ આપવી જોઇએ કે અસ્પૃશ્યતાનો પ્રશ્ન જેટલો અનુસૂચિત જાતિના લોકોને સ્પર્શે છે તેટલો જ સવર્ણો માટે છે.

(૩) અસ્પૃશ્યતા અંગે દુ:ખ ઉપજાવે તેવી હકીકત તો એ છે કે અનુસૂચિત જાતિમાં જે જે પેટાજ્ઞાતિઓ દા. વણકર, ચમાર, ભંગી વગેરે છે તેમાં પણ ઉંચ-નીચના ભેદભાવ છે. અહીં એ કહેવુ જોશે કે જયાં સુધી અંદરો-અંદરની આ અસ્પૃશ્યતા દૂર નહિ થાય ત્યાં સુધી હરિજનો અને સવર્ણો વચ્ચેની ખાઇ પૂરવી મુશ્કેલ છે. આથી કોઇપણ રીતે અનુસૂચિત જાતિઓ વચ્ચે જે ઉંચ-નીચના અને અસ્પૃશ્યતાના ભેદભાવ છે તેને દૂર કરવા હાલની તકે અનિવાર્ય છે.

ખાસ અંગભૂત યોજનાની વર્ષવાર જોગવાઇ ખર્ચ :

(૧) રાજય સરકારે ૧૯૭૯-૮૦ ના વર્ષ દરમ્યાન સામાન્ય સેકટરમાંથી ૯.૦૬ કરોડની જોગવાઇ સાથે પ્રથમ ખાસ અંગભૂત યોજના ઘડી હતી. ૧૯૮૦-૮૧ ના વર્ષ દરમ્યાન કુટુંબલક્ષી જરૂરિયાતો પર આધારિત કાર્યક્રમ પર ભાર મૂકવા સાથે જોગવાઇ વધારીને રૂા. ૨૩.૮૭ કરોડની કરવામાં આવી હતી. ૧૯૭૯-૮૦ ના વર્ષ અંતે ૫.૦૬ (૫૫.૮૮ ટકા) કરોડ ખર્ચાયા હતા. જયારે ૧૯૮૦-૮૧ ના વર્ષ અંતે રૂા. ૧૩.૫૧ કરોડ ખર્ચાયા હતા. ૧૯૮૧-૮૨ ના વર્ષ માટે ભારત સરકાર દ્વારા ૩૦.૫૩ કરોડની ખાસ અંગભૂત યોજનાની જોગવાઇ મંજૂર થઇ હતી. તેમાંથી ૨૪.૭૮ કરોડની જોગવાઇ અંકિત કરવામાં આવી હતી. જેમાંથી ૧૭.૫૧ કરોડ ખર્ચાયા હતા. ૧૯૮૨-૮૩ ના વર્ષ માટે રૂા. ૨૬.૫૨ કરોડની જોગવાઇ રાખવામાં આવી હતી. જેમાંથી ૨૦.૮૮

કરોડ ખર્ચાયા હતા. ૧૯૮૩-૮૪ ના વર્ષ માટે રૂા. ૨૭.૩૧ કરોડની જોગવાઇ મજૂર થઇ હતી અને એટલા જ પૈસા ખર્ચવા જોઇએ તેવુ નકકી થયુ હતુ. ૧૯૮૪-૮૫ ના વર્ષ માટે રૂા.૨૯.૬૯ કરોડની જોગવાઇ મજૂર કરવામા આવી છે. આ આકડાઓ પરથી જણાય છે કે અગાઉના બે વર્ષમા જે ખર્ચની જોગવાઇ હતી તેમાથી લગભગ ૫૦ ટકા જેટલા નાણા ખર્ચાયા હતા. આમ ૫૦ ટકા જેટલી રકમ વણવપરાયેલી રહી હતી.

આમ આટલી મોટી રકમ વણવપરાયેલી ન રહી જાય તે ખાસ જોવુ જોઇએ અને યોજનાના કાર્યક્રમો પાછળ રકમ ખર્ચાય અને તેનો અમલ થવો જોઇએ. ખાસ અગભૂત યોજના હેઠળ કાર્યક્રમોના અસરકારક અમલ માટે દેખરેખ નિયત્રણ પર જેટલો ભાર મૂકાએ તેટલો ઓછો છે. રાજ્ય સરકારે જિલ્લા કક્ષાએ ખાસ અગભૂત યોજના હેઠળ કાર્યક્રમોના સકલન તથા દેખરેખ નિયત્રણ માટે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી વર્ગ-૧ ની જગ્યાઓ ઉભી કરી છે. આ અધિકારીઓ દ્વારા વિકાસ કાર્યક્રમોનો અમલ ત્વરિત થાય તે જોવુ જોઇએ.

(૨) ખાસ અગભૂત યોજના હેઠળ જે કઇ યોજનાઓનો અમલ કરવાનો હોય તે પહેલા પ્રતિનિધિઓનો સંપર્ક સાધી ચર્ચા કરી અમલ કરવો જોઇએ. જેથી તેમને માટે જે કઇ કરવામા આવે તે બર આવે અને સરકારશ્રીએ તેમના પાછળ કરેલખર્ચનુ મૂલ્ય અકાય, તેમને માટેની વિકાસ યોજના તેમને સાથે રાખીને જ ઘડવી જોઇએ.

(૩) અમોને સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે તેમને માટે જે યોજનાઓ ઘડવામા આવી છે તેનો અમલીકરણ થાય છે ત્યારે ક્યાક ગેરરીતિઓ થાય છે. નિગમના ફોર્મ ભરવાની શરૂઆતથી સહાય પહોચે ત્યા સુધી પૈસા પડાવવામા આવે છે એવુ જાણવા મળ્યુ હતુ. આવુ ન બને તે માટે સતર્કતા વર્તવી અને સખતાઇથી કામ લેવુ.



(૪) અમારા સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે ગામકક્ષાએ તાલુકાકક્ષાએ અને જિલ્લાકક્ષાએ અગભૂત યોજનાનો કાર્યક્રમ સારી રીતે ચાલે છે, અને અધિકારીઓ આ કાર્યક્રમના લાભો સમાજના લોકોને ઝડપથી મળે તે જોવા માટે હરહમેશ ઉત્સુક હોય છે. અધિકારીઓની તેમજ લાભકર્તાઓનો જેની સાથે સીધો સંપર્ક એવા માનદ્ પ્રચારકો ભાઇઓ પણ અનુસૂચિત જાતિના લોકોને જે તે કાર્યક્રમ હેઠળ સહાય મળે તે મેળવી આપવામા સારી રીતે મદદરૂપ બને છે: એવુ અમને અમારા સર્વેક્ષણ દરમ્યાન અનુસૂચિત જાતિના આગેવાનો પાસેથી પણ જાણવા મળ્યુ હતુ. આમ છતા આટલા મોટો કાર્યક્રમ કે જેમા ઘણા નાણા ખર્ચવાના હોય ત્યારે અનુસૂચિત જાતિના અને સરકારી વહીવટી વચ્ચેની સાકળ માત્ર એક માનદ્ પ્રચારક છે. જેની પોતાની સ્થિતિ કાયમી નથી. આ સિવાય લાભિતોનો જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી સાથે કોઇ સીધો સબધ નથી. આથી આટલા મોટા કાર્યક્રમોનો અમલ સારી રીતે થાય તે માટે તાલુકા કક્ષાએ અને જિલ્લાકક્ષાએ આદિવાસી વિસ્તાર પેટાયોજનાની જેમ વ્યવસ્થિત માળખુ ગોઠવવુ જોઇએ.

(૫) તપાસ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે હજુ પણ શહેરના અમુક વિસ્તારોમા તેમને અસ્પૃશ્ય ગણી તેમની સાથે ન છાજે તેવો વ્યવહાર કરવામા આવે છે. તેમને કૂવા પરથી પાણી ભરવા દેવામા નથી આવતુ. બાળકોને સ્કૂલમા પ્રવેશ ન આપે વગેરે. રાજ્યમા અસ્પૃશ્યતા અગેના અનેક કાયદાઓ હોવા છતા તેનો અમલ કડક રીતે થતો નથી. કાયદાનો અમલ કડક રીતે કરવો જોઇએ: આથી એવા સ્થાનનો (જે હવે ઓછા છે અને ઓછા થતા જાય છે) ત્યાના સવર્ણ પ્રજાઓના લોકશિક્ષણનુ કામ પણ કરવુ જોઇએ જેથી લોકોને પણ થાય કે એમની હરિજન પ્રત્યેની વર્તણૂક અન્યાયી છે અને એમને પોતાને પણ હાનિકર્તા છે.

(૬) ખાસ અગભૂત યોજના હેઠળ ૧૯૮૦-૮૧ મા ૨૮૫ ગામોની, ૧૯૮૧-૮૨ મા ૩૧૬ ગામોમા, ૧૯૮૨-૮૩ મા ૪૩૨ ગામોની અને ૧૯૮૩-૮૪ મા ૩૬૧ ગામોની મોજણી કરવામા આવી હતી.

અંગભૂત યોજનાનો આ બધા ગામોમાં અમલ થયો છે કે નહીં તે જોવુ જોઇએ. જે યોજનાનુ અમલીકરણ થયુ તેનુ મૂલ્યાંકન વધુ પ્રમાણમાં કરવુ જોઇએ. આમ તેમના માટે જે કંઇ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે તેનુ દર વર્ષે બૃહદ પ્રમાણમાં મૂલ્યાંકન કરવુ જોઇએ. આવા મૂલ્યાંકન અભ્યાસની જવાબદારી ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં જે "હરિજન સેલ" પ્રસ્થાપિત કર્યો છે તે દ્વારા હાથ ધરાય છે તેને હજુ વધુ વિસ્તારવુ જોઇએ.

(૭) સામાન્ય પ્રજામાં એક એવી છાપ જોવા મળે છે કે સરકારશ્રી યોજનાઓ સારી ઘડે છે, તે માટે નાણાંની ફાળવણી પણ યોગ્ય રીતે કરવામાં આવી હોય છે તેમ છતાં તેનો અમલ બરાબર થતો નથી. જેથી યોજના અમલીકરણના તબક્કે નિષ્ફળ જાય છે. આથી રાજ્ય સરકારે અંગભૂત યોજના હેઠળના વિકાસ કાર્યક્રમોનુ કોઇપણ એક જિલ્લાના પાંચ ગામોનુ પ્રયોગિક ધોરણે અમલીકરણનુ કામ કોઇ સારી સંસ્થાઓને સોંપવુ જોઇએ.

........

## પરિશિષ્ટ - :૧:

### અનુસૂચિત જાતિ અંગભૂત યોજનાના સર્વેક્ષણનુ
### કુટુંબપત્રક

(૧) ઓળખ :

૧:૧ ગામનુ નામ :
૧:૨ કુટુંબપત્રક નંબર :
૧:૩ કુટુંબના વડાનુ પૂરૂ નામ :
૧:૪ જ્ઞાતિ :
૧:૫ પેટાજ્ઞાતિ :
૧:૬ મુખ્ય ધંધો (કોડ)
૧:૭ ગૌણ ધંધો (કોડ)

(૨) કુટુંબની સભ્ય સંખ્યા :

૨:૧ પુરૂષ સંખ્યા :
૨:૨ સ્ત્રી સંખ્યા :
૨:૩ કુલ સંખ્યા :

(૩) સભ્યોનુ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ :

૩:૧ છ વર્ષથી નીચેના : પુ.
૩:૨ છ વર્ષથી નીચેના : સ્ત્રી
૩:૩ છ વર્ષથી નીચેના : કુલ
૩:૪ ૭ થી ૧૪ વર્ષના : પુ.
૩:૫ ૭ થી ૧૪ વર્ષના : સ્ત્રી
૩:૬ ૭ થી ૧૪ વર્ષના : કુલ
૩:૭ ૧૫થી ૨૫ વર્ષના : પુ.
૩:૮ ૧૫થી ૨૫ વર્ષના : સ્ત્રી
૩:૯ ૧૫થી ૨૫ વર્ષના : કુલ
૩:૧૦ ૨૬થી ૫૦ વર્ષના : પુ.
૩:૧૧ ૨૬થી ૫૦ વર્ષના : સ્ત્રી
૩:૧૨ ૨૬થી ૫૦ વર્ષના : કુલ
૩:૧૩ ૫૦ થી ઉપરના : પુ.
૩:૧૪ ૫૦ થી ઉપરના : સ્ત્રી
૩:૧૫ ૫૦ થી ઉપરના : કુલ

(૪) શિક્ષણ :

૪:૧ અભણ : પુ.
૪:૨ અભણ : સ્ત્રી
૪:૩ અભણ : કુલ

૪:૪: પ્રાથમિક શિક્ષણ : પુ.
૪:૫ પ્રાથમિક શિક્ષણ : સ્ત્રી
૪:૬ પ્રાથમિક શિક્ષણ : કુલ
૪:૭ માધ્યમિક શિક્ષણ: પુ.
૪:૮ માધ્યમિક શિક્ષણ: સ્ત્રી
૪:૯ માધ્યમિક શિક્ષણ: કુલ
૪:૧૦ એસ.એસ.સી.પાસ: પુ.
૪:૧૧ એસ.એસ.સી.પાસ: સ્ત્રી
૪:૧૨ એસ.એસ.સી.પાસ: કુલ
૪:૧૩ ગ્રેજ્યુએટ.......: પુ.
૪:૧૪ ગ્રેજ્યુએટ.......: સ્ત્રી
૪:૧૫ ગ્રેજ્યુએટ.......: કુલ
૪:૧૬ પોસ્ટ ગ્રેજ્યુએટ : પુ.
૪:૧૭ પોસ્ટ ગ્રેજ્યુએટ : સ્ત્રી
૪:૧૮ પોસ્ટ ગ્રેજ્યુએટ : કુલ
૪:૧૯ ટેકનીકલ શિક્ષણ લીધેલ : પુ.
૪:૨૦ ટેકનીકલ શિક્ષણ લીધેલ : સ્ત્રી
૪:૨૧ ટેકનીકલ શિક્ષણ લીધેલ : કુલ

(૫) કુટુંબમાં ભણતાં બાળકો :

૫:૧ બાલવાડીમાં ભણતા બાળકોની સંખ્યા :
૫:૨ ૧ થી ૪ ધોરણમાં ભણતાં : પુ.
૫:૩ ૧ થી ૪ ધોરણમાં ભણતાં : સ્ત્રી
૫:૪ ૧ થી ૪ ધોરણમાં ભણતાં : કુલ
૫:૫ ૫ થી ૭ ધોરણમાં ભણતાં : પુ.
૫:૬ ૫ થી ૭ ધોરણમાં ભણતાં : સ્ત્રી
૫:૭ ૫ થી ૭ ધોરણમાં ભણતાં : કુલ
૫:૮ ૮ થી ૧૦ ધોરણમાં ભણતાં : પુ.
૫:૯ ૮ થી ૧૦ ધોરણમાં ભણતાં : સ્ત્રી
૫:૧૦ ૮ થી ૧૦ ધોરણમાં ભણતાં : કુલ
૫:૧૧ ઉચ્ચતર માધ્યમિક......: પુ.
૫:૧૨ ઉચ્ચતર માધ્યમિક......: સ્ત્રી
૫:૧૩ ઉચ્ચતર માધ્યમિક......: કુલ



૫:૧૪ કોલેજમાં ભણતાં : પુ.
૫:૧૫ કોલેજમાં ભણતાં : સ્ત્રી
૫:૧૬ કોલેજમાં ભણતાં : કુલ
૫:૧૭ અનુસ્નાતક શિક્ષણ: પુ.
૫:૧૮ અનુસ્નાતક શિક્ષણ: સ્ત્રી
૫:૧૯ અનુસ્નાતક શિક્ષણ: કુલ
૫:૨૦ ટેકનીકલ શાળામાં ભણતાં : પુ.
૫:૨૧ ટેકનીકલ શાળામાં ભણતાં : સ્ત્રી
૫:૨૨ ટેકનીકલ શાળામાં ભણતાં : કુલ
૫:૨૩ ન ભણતાં બાળકોના કારણો (કોડ)

(૬) આર્થિક પ્રવૃત્તિ :

૬:૧ કમાનાર : પુ.
૬:૨ કમાનાર : સ્ત્રી
૬:૩ કમાનાર : કુલ
૬:૪ નહિ કમાનાર : પુ.
૬:૫ નહિ કમાનાર : સ્ત્રી
૬:૬ નહિ કમાનાર : કુલ
૬:૭ ધો.૧૦ સુધી શિક્ષિત બેકાર : પુ.
૬:૮ ધો.૧૦ સુધી શિક્ષિત બેકાર : સ્ત્રી
૬:૯ ધો.૧૦ સુધી શિક્ષિત બેકાર : કુલ
૬:૧૦ એસ.એસ.સી.પાસ અને કોલેજ સુધી બેકાર : પુ.
૬:૧૧ એસ.એસ.સી.પાસ અને કોલેજ સુધી બેકાર : સ્ત્રી
૬:૧૨ એસ.એસ.સી.પાસ અને કોલેજ સુધી બેકાર : કુલ
૬:૧૩ ગ્રેજ્યુએટ બેકાર : પુ.
૬:૧૪ ગ્રેજ્યુએટ બેકાર : સ્ત્રી
૬:૧૫ ગ્રેજ્યુએટ બેકાર : કુલ

(૭) ધંધો :

૭:૧ વંશ પરંપરાગત ધંધો કરો છો ?

હા / ના

૭:૨ જો "હા" તો કયો ?

૭:૩ આ ધંધાના વિકાસ માટે સહાયની જરૂર છે? હા/ના

૭:૪ જો "હા" તો કઇ ? (કોડ)

(૮) રહેઠાણ :

૮:૧ પોતાની માલિકીનુ મકાન છે? હા/ના

૮:૨ ભાડાના મકાનમાં રહો છો? હા/ના

૮:૩ મકાનનો પ્રકાર (કોડ)

૮:૪ છાજનો પ્રકાર (કોડ)

૮:૫ દિવાલનો પ્રકાર (કોડ)

૮:૬ ઓરડાની સંખ્યા (કોડ)

૮:૭ મકાનમાં જાજરૂ છે? હા/ના

૮:૮ જો "હા" તો પ્રકાર જણાવો. (કોડ)

૮:૯ ઘરમાં નાવણિયુ છે? હા/ના

૮:૧૦ ઘરમાં વીજળી છે? હા/ના

૮:૧૧ ઘરમાં પાણીનો નળ છે? હા/ના

૮:૧૨ પાણીના નિકાલની શી વ્યવસ્થા છે?(વ્યવસ્થા જણાવવી)

૮:૧૩ નિર્ધૂમ ચૂલો છે? હા/ના

૮:૧૪ ઘરથાળનો પ્લોટ મળયો છે? હા/ના

૮:૧૫ જો "હા" તો એ પ્લોટ તમને અનુકૂળ છે? હા/ના

૮:૧૬ જો "ના" તો કારણો જણાવો? (કોડ)

૮:૧૭ ઘરથાળનો પ્લોટ કોણે આપ્યો છે?
કઇ શરત પ્રમાણે?

૮:૧૮ ઘરથાળનો પ્લોટનો ઝઘડો છે? હા/ના

૮:૧૯ ઘરથાળનો પ્લોટ કોઇ ખાલી કરાવવા દબાણ લાવે છે?
હા/ના

(૯)

(૧૦) ખેતી-જમીન :

૧૦:૧ માલિકીની જમીન કેટલી છે? (એકરમાં)

૧૦:૨ બિનમાલિકીની જમીન કેટલી છે? (એકરમાં)

૧૦:૩ પિયતની જમીન કેટલી છે? (એકરમાં)

૧૦:૪ તમે કયા સાધનથી પિયત કરો છો? (કોડ)

૧૦:૫ તમે બીજાની જમીન ભાડે ખેડો છો? હા/ના

૧૦:૬ જો "હા" તો કઇ શરતે?

૧૦:૭ તમે તમારી જમીન બીજાને ભાડે ખેડવા આપી છે?હા/ના

૧૦:૮ જો "હા" તો કઇ શરતે?



૧૦:૯ તમે તમારી જમીન ગીરો આપી છે? હા/ના

૧૦:૧૦ જો "હા" તો(૧)કોને?(૨)કયારે(૩)કેટલી?
(૪)કેટલા રૂપિયામાં?

૧૦:૧૧ તમે કોઇની જમીન ગીરો રાખી છે?

૧૦:૧૨ જો "હા" તો (૧) કોની? (૨) કયારે?
(૩) કેટલી? (૪) કેટલા રૂપિયામાં?

૧૦:૧૩ તમે તમારી જમીન વેચી છે?

૧૦:૧૪ જો "હા" તો (૧) કોને? (૨) કયારે?
(૩) કેટલી? (૪) કેટલા રૂપિયામાં?

૧૦:૧૫ તમારી જમીન પર કોઇ કરજનો બોજો છે?
હા/ના. હા તો રકમ લખવી.

૧૦:૧૬ જો "હા" તો કોનો? (કોડ)(રકમ લખવી).......

૧૦.૧૭ જમીન અંગે તકરાર છે? હા/ના

૧૦.૧૮ જો "હા" તો કઇ બાબતની? (કોડ)

૧૦.૧૯ તમે ગણોતિયા તરીકે જમીન ખેડો છો? હા/ના

૧૦.૨૦ જો "હા" તો ગણોતિયા તરીકે તમારુ નામ
દાખલ થયેલુ છે? હા/ના

૧૦.૨૧ તમારી જમીન કોઇ યોજનામાં સરકારે લીધી છે?હા/ના

૧૦.૨૨ જો "હા" તો કેટલી?
કઇ યોજનામાં?

૧૦.૨૩ સરકાર તરફથી જમીન સાંથણીમાં મળી છે? હા/ના

૧૦.૨૪ જો "હા" તો કેટલી ?

૧૦.૨૫ સરકારે લીધેલી જમીનનુ વળતર તમને મળવુ છે? હા/ના

(૧૧) ખેતીના સાધનો :

૧૧.૧ તમારી માલિકીનો કૂવો છે? હા/ના

૧૧.૨ જો હોય તો કેવો છે? કાચો/પાકો

૧૧.૩ કૂવામાં પિયત થઇ શકે તેટલુ પૂરતુ પાણી રહે છે?હા/ના

૧૧.૪ તમારી પાસે બળદગાડુ છે? હા/ના

૧૧.૫ જો "હા" તો કયુ?
લાકડાના પૈડાવાળુ
ટાયરગાડી

૧૧.૬ તમારી પાસે બળદ છે? હા/ના

૧૧.૭ જો હોય તો કેટલા છે?

૧૧.૮ તમારી પાસે ખેતીના કયા કયા સાધનો છે?

(૧) હળ (૨) રાંપ (૩) રાંપડી (૪) સમાર

(૫) ગાડુ (૬) વાવણીયો (૭) લોખંડનુ હળ

(૮) પંખો (૯) મોઇ (૧૦) અન્ય

(૧૨)

(૧૩) <u>પશુધન</u> :

૧૩.૧ ગાય : (સંખ્યા જણાવવી)

૧૩.૨ ભેંસ : (સંખ્યા જણાવવી)

૧૩.૩ ઘેટાં-બકરાં : (સંખ્યા જણાવવી)

૧૩.૪ મરઘા : (સંખ્યા જણાવવી)

૧૩.૫ ઉંટ : (સંખ્યા જણાવવી)

૧૩.૬ અન્ય : (સંખ્યા જણાવવી)

(૧૪)

(૧૫) <u>મજૂરી</u> :

૧૫:૧ તમે મજૂરી કરો છો? હા/ના

૧૫:૨ જો "હા" તો કયા પ્રકારની? (કોડ)

૧૫:૩ વર્ષદરમ્યાન કેટલો સમય મજૂરી મળી રહે છે? (કોડ)

૧૫:૪ મજૂરીનો દર કેટલો મળે છે? પુરૂષોનો -
(દર લખવો) સ્ત્રીઓનો-
બાળકોનો-

૧૫:૫ મજૂરી કરવા બહારગામ જાઓ છો? હા/ના

૧૫:૬ મજૂરી માટે બહારગામ કયાં જાવ છો? (સ્થળનુ નામ લખવુ)

૧૫:૭ જો "હા" તો કેટલો સમય?

૧૫:૮ બહારગામ મજૂરીએ એકલા જાવ છો? કે કુટુંબ સાથે?

૧૫:૯ મજૂરી માટે અગાઉથી તમે કોઇની સાથે બંધાવ છો? હા/ના

૧૫:૧૦ જેમના સાથે તમે મજૂરી માટે બંધાવ છો તે તમને મજૂરીનો પૂરો દર અને સવલત આપે છે? હા/ના

૧૫:૧૧ બહારગામથી મજૂરીની કેટલી રકમ ઘેર પાછા લઇ આવો છો?

૧૫:૧૨ તમારા કુટુંબના કોઇ સભ્ય પાસેથી વેઠ કરાવવામાં આવે છે? હા/ના

૧૫:૧૩ જો "હા" તો કેવી ?



આવક

(૧૬) <u>વાર્ષિક આવક :(ખર્ચ બાદ કરીને ચોખ્ખી/લખવી)</u>

૧૬:૧ ખેતીની આવક :

૧૬:૨ મજૂરીની આવક:

૧૬:૩ પશુપાલનની આવક:

૧૬:૪ ગૃહઉદ્યોગની આવક:

૧૬:૫ વેપારધંધાની આવક:

૧૬:૬ નોકરીની આવક:

૧૬:૭ અન્ય આવક:

૧૬:૮ કુલ આવક:

(૧૭) <u>વાર્ષિક ખર્ચ</u> :

૧૭:૧ કુટુંબનુ માસિક ખર્ચ :

૧૭:૨ કુટુંબનુ વાર્ષિક ખર્ચ :

૧૭:૩ તમારી બધી આવક તમારા કુટુંબના ભરણ-પોષણ માટે પૂરતી છે? હા/ના

૧૭:૪ કુટુંબનુ માથાદીઠ માસિક ખર્ચ :

૧૭:૫ કુટુંબ ગરીબાઇની રેખા નીચે છે? હા/ના

(૧૮) <u>દેવુ</u> :

૧૮:૧ તમારે દેવુ છે? હા/ના

૧૮:૨ જો હોય તો કોનુ? (રકમ લખવી)

૧. સહકારી મંડળી -
૨. શાહુકાર વેપારી -
૩. સગાં-સબંધી -
૪. બેન્ક -
૫. જમીન વિ.બેન્ક -
૬. સરકારી -
૭. અન્ય -

૧૮:૩ દેવુ કયા હેતુસર કર્યુ છે? (રકમ લખવી)

(૧) ખેતી (૫) વેપાર ધંધો-

(૨) મકાન બાંધકામ- (૬) શિક્ષણ-

(૩) સામાજિક/ધાર્મિક પ્રસંગ- (૭) માંદગી-

(૪) નિભાવ ખર્ચ (૮) ઢોર ખરીદી-

૧૮:૪ દેવુ ભરપાઇ કરવા શુ કરવુ જોઇએ? (કોડ)

(૧૯) <u>આરોગ્ય</u> :

૧૯:૧ કુટુંબમાં કોઇ લાંબી માંદગીથી પિડાય છે? હા/ના

૧૯:૨ જો "હા" તો કઇ (કોડ)

૧૯:૩ માંદગીની સહાયનો લાભ મળે છે? હા/ના

૧૯:૪ લાભ મેળવવા અરજી કરી છે? હા/ના

૧૯:૫ જો લાભ મળયો હોય તો કેટલા રૂપિયા?

૧૯:૬ માતાઓ અને છ વર્ષથી નીચેના બાળકોને પોષક
આહાર યોજનાનો લાભ મળે છે? હા/ના
૧૯:૭ કુટુંબમાં ખોડ-ખાંપણ ધરાવતી વ્યકિત છે? હા/ના
૧૯:૮ જો "હા" તો પ્રકાર જણાવો (કોડ)
૧૯:૯ ખોડખાંપણ અંગે મદદની જરૂર છે? હા/ના
૧૯:૧૦ જો "હા" તો કેવા પ્રકારની? (કોડ)
૧૯:૧૧ આરોગ્ય અંગે સારવારની જરૂર છે? હા/ના
૧૯:૧૨ દવાઓ માટે આર્થિક સહાયની જરૂર છે? હા/ના
૧૯:૧૩ ૧થી ૧૪ વર્ષ સુધીના બાળકો ખોડખાંપણવાળા છે? હા/ના
૧૯:૧૪ જો "હા" તો કેવા પ્રકારની? (કોડ)
૧૯:૧૫ આવા પ્રકારના ખોડખાંપણવાળા બાળકો તે પ્રકારની
શાળાઓમાં (અંધશાળા-બહેરામૂગાની શાળા) જવા
ઇચ્છે છે? હા/ના

(૨૦) આવક વૃધ્ધિ :

૨૦:૧ તમો નવો ધંધો કરવા ઇચ્છો છો? હા/ના
૨૦:૨ જો "હા" તો કયો? (કોડ)
૨૦:૩ તમે કરવા ઇચ્છતા ધંધાની તાલીમ અને
અનુભવ મેળવેલા છે? હા/ના
૨૦:૪ જો "ના" તો તાલીમની જરૂરિયાત છે? હા/ના
૨૦:૫ તમારા ખેતરને નહેરના પાણીનો લાભ મળે તે
માટે શું કરવાની જરૂર છે?
૨૦:૬ નહેરના કાંસને પાકો કરવાની કે પાઇપ લાઇન
નાંખવાની જરૂર છે? હા/ના
૨૦:૭ તમારો ઊભો પાક તમે અગાઉથી સાટી દો છો? હા/ના
૨૦:૮ જો તમારે ત્યાં દૂધ ઉત્પાદન થતુ હોય તો
કોને વેચો છો?(કોડ)
૨૦:૯ દૂધ ઉત્પાદક મંડળીના સભાસદ થવાથી તમોને
શો ફાયદો થયો છે તે જણાવો.

(૨૧) સહકારી મંડળી :

૨૧.૧ તમે કોઇપણ મંડળીના સભાસદ છો? હા/ના
૨૧.૨ જો "હા" તો કઇ મંડળીના? (કોડ)
૨૧.૩ મંડળી તરફથી બીજાઓને મળતા લાભ
તમોને પણ મળે છે? હા/ના



૨૧:૪ મંડળીના સભાસદ થવા માટે આર્થિક
સહાયની જરૂર છે? હા/ના
૨૧:૫ માંગણી પ્રમાણે પૂરતુ અને નિયમિત
ધિરાણ તમોને મળે છે ખરૂં? હા/ના

(૨૨) જીવન-ધોરણનુ સ્તર :(જો "હા" હોય તો સંખ્યા જણાવવી)

૨૨:૧ સ્ટીલના વાસણો હા/ના
૨૨:૨ લાકડાનો પલંગ હા/ના
૨૨:૩ લોખંડનો પલંગ હા/ના
૨૨:૪ પાટીનો ખાટલો હા/ના
૨૨:૫ લાકડાનુ કબાટ હા/ના
૨૨:૬ લોખંડનુ કબાટ હા/ના
૨૨:૭ પ્રાયમસ હા/ના
૨૨:૮ ઇલેકટ્રીક ઇસ્ત્રી હા/ના
૨૨:૯ પંખો હા/ના
૨૨:૧૦ ટયુબ હા/ના
૨૨:૧૧ સીવવાનો સંચો હા/ના
૨૨:૧૨ સાયકલ હા/ના
૨૨:૧૩ કાંડા ઘડિયાળ હા/ના
૨૨:૧૪ દિવાલ ઘડિયાળ હા/ના
૨૨:૧૫ રેડિઓ હા/ના

## અંગભૂત યોજના સર્વેક્ષણ ૧૯૮૨-૮૩

### કુટુંબ પત્રકમાં ઉમેરવાની વિગતોની યાદી

(૫) કુટુંબમાં ભણતા બાળકો :

૫:૨૪ પ્રાથમિક શિક્ષણમાં ભણતા બાળકોને કઇ સગવડો મળે છે?

(૧) સ્કોલરશીપ (૨) પાઠય પુસ્તકો-નોટબુક

(૩) કપડાં (૪) અનાજ સહાય

૫:૨૫ આ સહાય વખતસર મળે છે? હા/ના

(૧૦) ખેતી-જમીન :

૧૦:૨૫ તમોને ખેતી માટેની જમીન કેવી રીતે મળી છે?

૧૦:૨૬ જમીન માલિકીની થાય તે માટે કેટલા હપ્તા બાકી છે?

૧૦:૨૭ હપ્તા ભરવા માટે નાણાંકીય સહાયની જરૂર છે? હા/ના

(૧૨) ૧૨.૨૦ તમારા ખેતર પર વિવિધલક્ષી પાકો/ માટે નિદર્શન કરવા ઇચ્છો છો? હા/ના

૧૨.૨૧ તમારા ખેતર પર પાક સંરક્ષણ માટે નિદર્શન કરવા ઇચ્છો છો? હા/ના

(૨૦) આવક વૃદ્ધિ :

૨૦:૧૦ દૂધ ઉત્પાદક મંડળીના સભાસદ છો? હા/ના

૨૦:૧૧ મંડળી તમારા ઘરનું દૂધ લે છે? હા/ના

(૨૧) સહકારી મંડળી :

૨૧.૧ સહકારી મંડળીના દેવા અંગેના પતાવટ માટે તમને કોઇ સહાય મળી છે? હા/ના

૨૧.૨ જો "હા" તો કઇ.

(ક) લાંબા ગાળાના હપ્તા

(ખ) માફી મળી છે.

(ગ) અન્ય



## અંગભૂત યોજના ૧૯૮૨-૮૩

### કુટુંબ પત્રક-પૂરવણી (જરૂરિયાત અંગે)

(૧) રહેઠાણના મકાનમાં જરૂરિયાત :

૧:૧ અજવાળિયા

૧:૨ નળનું જોડાણ

૧:૩ નિર્ધૂમ ચૂલા

૧:૪ નાવણિયા

૧:૫ પાણીયારું

૧:૬ વીજળી

૧:૭ પાણીના નિકાલની વ્યવસ્થા

૧:૮ બારીબારણાં

૧:૯ અન્ય

(૨) ઘરથાળના પ્લોટ અંગે :

૨:૧ ઘર બાંધવા માટે પ્લોટ મળેલ છે? હા/ના

૨:૨ પ્લોટ મળેલ હોય તો બાંધકામની જરૂરિયાત છે? હા/ના

૨:૩ નવો પ્લોટ જોઇએ છે? હા/ના

૨:૪ નવા મકાનની જરૂરિયાત છે? હા/ના

૨:૫ મકાનનું સમારકામ કરાવવું છે? હા/ના

(૩) ખેતી વિષયક જરૂરિયાત :

૩:૧ જમીન સમતળ કરાવવી છે? હા/ના

૩:૨ પાળા બાંધવા છે? હા/ના

૩:૩ નાળા બાંધવા છે? હા/ના

૩:૪ વાડ બનાવવી છે? હા/ના

૩:૫ ક્યારી બનાવવી છે? હા/ના

૩:૬ ખેતી માટે જમીન જોઇએ છે? હા/ના

૩:૭ બિયારણની જરૂરિયાત છે? હા/ના

૩:૮ ખાતરની જરૂરિયાત છે? હા/ના

૩:૯ જંતુનાશક દવાની જરૂરિયાત છે? હા/ના

(૪) ખેતીના સાધનોમાં જરૂરિયાત શી છે?

| | | |
|---|---|---|
| ૪:૧ લાકડાનું હળ | ૪:૫ વાવણિયો | ૪:૯ બળદગાડું |
| ૪:૨ રાંપ | ૪:૬ લોખંડનું હળ | ૪:૧૦ દવા છાંટવા માટે |
| ૪:૩ રાંપડી | ૪:૭ પંખો | સ્પ્રેયર તથા પંપ |
| ૪:૪ સમાર | ૪:૮ મોઘ | ૪:૧૧ અન્ય |

(૫) કૂવો તથા સિંચાઈના સાધનોની જરૂરિયાત :

૫:૧ નવો કૂવો કરાવવો છે? હા/ના
૫:૨ કૂવો ઊંડો કરાવવો છે? હા/ના
૫:૩ કૂવો મરામત કરાવવો છે? હા/ના
૫:૪ કૂવો પાકો કરાવવો છે? હા/ના
૫:૫ કોસ અથવા રેંહટ જોઈએ? હા/ના
૫:૬ ઇલેક્ટ્રીક મોટર પંપ જોઈએ છે? હા/ના
૫:૭ ઓઈલ એન્જીન જોઈએ છે? હા/ના
૫:૮ સિંચાઈના કૂવા પર વીજળી
જોડાણની જરૂર છે? હા/ના

(૬) ફળઝાડ, શાકભાજી અને વનીકરણની જરૂરિયાત :

૬:૧ શાકભાજીનું વાવેતર કરવું છે?
૬:૨ ફળઝાડ ઉછેર જો કરવો હોય તો કયો?
૬:૩ વાંસ ઉગાડવા છે? હા/ના
૬:૪ જમીનમાં ઘાસચારો ઉગાડવો છે? હા/ના
૬:૫ પોતાની જમીનમાં વનીકરણ કરવું છે? હા/ના

(૭) તમને કોઈ પશુધનની જરૂરિયાત છે? હા/ના

૭:૧ જો "હા" તો કયા પશુની? (કોડ)
૭:૨ ઘાસ અને ખાણ અંગે જરૂરિયાત છે? હા/ના

(૮) વંશ પરંપરાગત કયો ધંધો કરો છો? (વિગત લખવી)

૮:૧ વંશપરંપરાગત ધંધા માટે સહાયતાની જરૂર છે? હા/ના
૮:૨ જો "હા" તો કયા પ્રકારની? (કોડ)



(૯) પરિવહનના ધંધા માટે ભાડેથી ફેરવી રોજી
કમાવવા માટે કોઈ સાધનની જરૂર છે? હા/ના

૯:૧ જો "હા" તો કયા? (કોડ)
૯:૨ હાલના સાધનમાં સુધારણા કરાવવી છે? હા/ના

(૧૦) નવા ધંધા રોજગાર માટે તાલીમની જરૂર છે? હા/ના

૧૦:૧ જો હા તો કયા? (કોડ)

(૧૧) તમે કોઈ નવો ધંધો કરવા ઇચ્છો છો? હા/ના

૧૧:૧ જો "હા" તો કયો? (વિગત લખવી)

(૧૨) ખોડ-ખાંપણ અંગે જરૂરિયાત :

૧૨:૧ ખોડ-ખાંપણ અંગે મદદની જરૂર છે? હા/ના
૧૨:૨ જો "હા" તો કેવા પ્રકારની? (કોડ)

## અગભૂત યોજના :: ૧૯૮૪-૮૫

( કુટુંબ પત્રક - પૂરવણી )

(૨૧) સોસાયટીના મકાનની વિગત :

૨૧.૧ તમે કોઇ હાઉસીંગ સોસાયટીના સભાસદ છો? હા/ના

૨૧.૨ સોસાયટીનું મકાન મળી ગયું છે? હા/ના

૨૧.૩ "ના" તો શા માટે? (કોડ)
(કોડ યાદી પાછળ આપેલ છે.)

(૨૨) શિક્ષિત બેકાર :

૨૨:૧ તમારા કુટુંબમાં કોઇ શિક્ષિત બેકાર છે? હા/ના

૨૨:૨ જો "હા" તો (સંખ્યા જણાવવી)

૨૨:૩ તેઓ કેટલું ભણેલા છે.

૨૨:૩:૧: એસ.એસ.સી.પાસ
૨૨:૩:૨: પી.ટી.સી.પાસ
૨૨:૩:૩: સ્નાતક
૨૨:૩:૪: અનુસ્નાતક
૨૨:૩:૫: ટેકનીકલ શિક્ષણ લીધેલ

૨૨.૪ ભણવા કયારથી છોડી દીધું?

૨૨:૪:૧: છેલ્લા એક વર્ષથી
૨૨:૪:૨: બે વર્ષથી
૨૨:૪:૩: ત્રણ વર્ષથી

૨૨:૫ અભ્યાસ છોડી દેવાનું કારણ

૨૨:૬ તેઓ કયારથી બેકાર છે?

૨૨:૬:૧: છેલ્લા ત્રણ વર્ષથી
૨૨:૬:૨: ત્રણ વર્ષથી વધુ



૨૨:૭ જે બેકાર છે તેમના નામો રોજગાર વિનિમય કચેરીમાં નોંધાવેલ છે? હા/ના

૨૨:૮ જો "હા" તો કેટલા વર્ષથી

૨૨:૮:૧: છેલ્લા ત્રણ વર્ષથી
૨૨:૮:૨: ત્રણ વર્ષથી વધુ

૨૨:૯ રોજગાર કચેરીમાંથી કેટલી વખત ઇન્ટરવ્યુ માટે બોલાવ્યા છે?

૨૨:૯:૧: એકપણ વખત નહિ
૨૨:૯:૨: એક
૨૨:૯:૩: બે
૨૨:૯:૪: ત્રણ
૨૨:૯:૫: ત્રણથી વધુ

૨૨:૧૦ તમારે ધંધો ઉદ્યોગ કરવો છે? હા/ના

૨૨:૧૧ જો "હા" તો કયો? (વિગત લખવી)

(૨૩) સ્થળાંતર કરેલ કુટુંબની વિગત :

૨૩:૧ તમે બહારગામથી આવીને અહીં વસ્યા છો? હા/ના

૨૩:૨ તમારૂં મૂળ વતનકયું?

૨૩:૨:૧: ગામ
૨૩:૨:૨: તાલુકો
૨૩:૨:૩: જિલ્લો
૨૩:૨:૪: રાજ્ય

૨૩:૩ તમે બહારગામ કેટલા વર્ષથી આવ્યા છો.(કોડ)

૨૩:૪ તમે સ્થળાંતરિત થયા એ પહેલા તમારા વતનમાં તમારો ધંધો શું હતો? (કોડ)

૨૩:૫ હાલમાં તમે એકલા રહો છો કે કુટુંબ સહિત?

૨૩:૬ સ્થળાંતર કરવાના કારણો? (કોડ)

(૨૪) પતિ-પત્ની કામ કરતા હોય તો બાળકોની દેખરેખ અંગે :

૨૪:૧ તમારા કુટુંબમાં તમે બન્ને કામ પર જાઓ છો? હા/ના

૨૪:૨ તમારે કેટલા નાના બાળકો છે?

૨૪:૨:૧: ૧

(અ) ઉંમર

૨૪:૨:૨: ૨

(અ)

(બ) ઉંમર

૨૪:૨:૩: ૩

(અ)

(બ) ઉંમર

(ક)

૨૪:૨:૪: ત્રણથી વધુ

(અ)

(બ)

(ક) ઉંમર

(ડ)

(ઇ)

૨૪:૩ તમારા નાના બાળકોની દેખરેખ કોણ રાખે છે? (કોડ)

(૨૫) મીલ ફેકટરી કે કારખાનામાં કામ કરતા સભ્યોની વિગત:

૨૫:૧ તમારા કુટુંબમાંથી કેટલા સભ્યો મીલ/ફેકટરી/કારખાનામાં જાય છે.

